### રિઝર્વ બેન્ક બાદ બેન્કો અને પછી ખુદ સરકાર પણ વ્યાજદર ઘટાડાની દોટમાં સામેલ થશે

# એપ્રિલ માસથી નાની બચતના વ્યાજદરમાં ઘટાડાની તૈયારી

## પોસ્ટઓફિસ સેવિંગ્સ સહિતની બચત યોજનાના વ્યાજદર ૭%ની અંદર લઈ જવા તૈયારીઃ રોકાણકારોની આવક ઘટશેઃ જો કે સુકન્યા સમૃદ્ધિ યોજના-સિનિયર સીટીઝન સેવિંગ્સ સ્કીમમાં વ્યાજદર યથાવત રહે તેવા સંકેત



નવી દિલ્હીઃ રીઝર્વ બેન્કે રેપોરેટમાં ૨૫ બેઝીક પોઈન્ટ ઘટાડતા જ હવે દેશમાં વ્યાજદર ઘટાડાનું વાતાવરણ બનવા લાગ્યુ છે અને આગામી દિવસોમાં ધિરાણ તથા થાપણ બન્નેના વ્યાજદરમાં ઘટાડો કરે પછી ખુદ સરકાર પણ એપ્રિલ ૨૦૨૫થી નાની બચતના વ્યાજદરમાં ઘટાડો કરશે. ટોચના સૂત્રો માને છે કે હજુ આરબીઆઈ આ વર્ષમાં એક કે બે વખત વ્યાજદર ઘટાડશે. ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા કેવી રહે છે તેના પર નજર છે અને બાદમાં બીજુ ફેકટર ચોમાસુ બનશે. રિઝર્વ બેન્ક હવે વ્યાજદર વધારશે નહી તે નિશ્ચિત જણાય છે. તેથી સરકાર માટે પણ નાની બચતના વ્યાજદર ઘટાડાનું કારણ મળી જશે.

નાની બચત યોજનાઓમાં ૭થી૭.૫૦ ટકા આસપાસ અનેક યોજનાઓમાં વ્યાજ મળે છે. જેમાં સિનીયર સીટીઝન માટે ૮.૨% અને સુકન્યા સમૃદ્ધિ યોજનામાં પણ ૮.૨%નો દર છે અને સરકાર આ બન્ને વ્યાજદર યથાવત રાખશે. ઉપરાંત બે વર્ષ અગાઉ ૭.૫%ના દરે અમલમાં મુકાયેલી મહિલા સન્માન યોજનાના નાણા પણ ૩૧ માર્ચ ૨૦૨૬ના રીપેમેન્ટ શરૂ થશે અને બે પુર્વ વ્યાજદરમાં વધુ ઘટાડાનો સંકેત છે અને સરકાર આ યોજના હવે બંધ થાય ત્યાં સુધી ૭.૫% ચુકવશે. સરકારે બજેટમાં નાની બચત યોજનામાં ૩.૪૩ લાખ કરોડનું રોકાણ આવશે તેવો અંદાજ મુકયો છે જે ૨૦૨૪-૨૫માં ૪.૧૨ લાખ કરોડનું હતું.

આમ સરકાર પણ હવે ઉંચા વ્યાજદરમાં સિનારીયો પણ છુટવા માંગે છે અને ઔદ્યોગીક રોકાણ ખર્ચ ભણી જાય તેવું ઈચ્છે છે. આવકવેરામાં પણ જે રીતે વધુ રીજીમ છે તેમાં બચત નહી ખર્ચને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. સરકાર ઈચ્છે છે કે લોકો જ ખર્ચ કરીને અર્થતંત્રનું ઈંધણ પુરુ પાડે તે જરૂર છે તેથી જ હવે વ્યાજદર ઘટાડાના માનસિકતાનો લાભ ઉઠાવશે.

### હાલ કઈ યોજના હેઠળ કેટલું વ્યાજ મળે છે

| | |
|---|---|
| ★ સુકન્યા સમૃદ્ધિ યોજના | ૮.૨% |
| ★ ત્રણ વર્ષ ટર્મ ડિપોઝીટ | ૭.૧% |
| ★ પોષ્ટ ઓફિસ સેવિંગ્સ ખાતા | ૪.૦૦% |
| ★ કિસાન વિકાસ પત્ર | ૭.૫% (૧૧૫ માસ) |
| ★ નેશનલ સેવિંગ્સ સર્ટી | ૭.૭% |
| ★ મંથલી સેવિંગ્સ સ્કીમ | ૭.૪% |
| ★ સિનિયર સીટીઝન સેવિંગ્સ સ્કીમ | ૮.૨% |

## વ્યાજદરમાં ઘટાડાથી ૫૦ લાખની હોમલોન લેનારાને રૂા.૪.૪૦ લાખની બચત થઈ શકશે

મુંબઈ તા.૮ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ પાંચ વર્ષ બાદ રેપોરેટમાં ઘટાડો કર્યાને પગલે હવે લોન સસ્તી થવાનો માર્ગ ખુલ્લી ગયો છે.વ્યાજદરમાં ૦.૨૫ ટકાના ઘટાડાથી ૫૦ લાખની લોન લેનારને રૂા.૪.૪૦ લાખ સુધીની બચત થઈ શકશે.

જાણકારોનાં કહેવા પ્રમાણે ૨૦ વર્ષની મુદત માટે ૫૦ લાખની લોન ૯ ટકાના વ્યાજે લેવામાં આવી હોય તો ૨૪૦ હપ્તામાં કુલ ૫૮ લાખ ચુકવવાનાં થતા હતા. હવે રેપોરેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરાયો છે. બેંકો પણ વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો કાપ મુકે તો વ્યાજ ૮.૭૫ ટકા થઈ જશે. માસીક હપ્તાની રકમ યથાવત રાખવા આવે તો લોનનાં સમયગાળો ઘટીને ૨૩૦ મહિનાનો થઈ જશે અને લોનધારકને રૂા.૪.૪ લાખની બચત થશે. અલબત લોન ધારક પાસે માસીક હપ્તાની રકમ ઘટાડવા મુદત ઘટાડવાનો વિકલ્પ હોય છે વધુ લાભ મેળવવા હપ્તાનો સમયગાળો ઘટાડવાનો વિકલ્પ શ્રેષ્ઠ છે.

રિઝર્વ બેન્કના પગલાથી હોમ વાહન પર્સનલ સહીત તમામ પ્રકારની લોનમાં ગ્રાહકને ફાયદો મળવાની સંભાવના છે. આગામી સમયગાળામાં હજુ વધુ વ્યાજદર ઘટાડાનો ઈન્કાર થઈ શકતો નથી.

# અદાણીએ પ્રેરણાદાયી દાખલો બેસાડયોઃ નાના પુત્રના સાદગીથી લગ્ન કરી ૧૦ હજાર કરોડનું દાન કર્યુ

### દિકરાના લગ્ન સમારોહમાં નામી હસ્તીઓ-નેતાઓ સામેલ નહીં: અમદાવાદમાં જૈન પરંપરાથી લગ્નવિધિ સંપન્નઃ દાનની રકમ સામાજિક કાર્યોમાં વપરાશે

અમદાવાદ તા.૮ દેશના ટોચના અબજોપતિ અદાણી સમૂહના ચેરમેન ગૌતમ અદાણીના નાના પુત્ર જીત અદાણી ગઈકાલે વિવાહના બંધનમાં બંધાયા હતા. અમદાવાદમાં ખૂબ જ સાદગી અને પારંપરિક રીતે થયેલા લગ્નમાં ગૌતમ અદાણીએ સામાજિક કાર્યો માટે ૧૦ હજાર કરોડ રૂપિયાનું દાન જાહેર કર્યુ હતું. ખૂબજ ખર્ચાળ ડેસ્ટીમેશન વેડીંગના સમયમાં અદાણી પરિવારના આ લગ્ન એક ઉદાહરણ માનવામાં આવી રહ્યું છે.

લગ્ન સંપન્ન થયા બાદ અદાણીએ 'એકસ' પર પોસ્ટમાં લખ્યું-



ઈશ્વરના આશીર્વાદથી જીત અને દીવા લગ્નના બંધનમાં બંધાઈ ગયા. આ એક નાનો અને ખાનગી સમારોહ હતો એટલે અમે ઈચ્છવા છતા પણ બધા શુભચિંતકોને આમંત્રિત નહોતા કરી શકયા, એટલે માફી માગું છું. તેમણે લગ્નની તસવીરો શેર કરીને નવ વિવાહિત યુગલ માટે આશીર્વાદ અને પ્રેમ માગ્યો. શાંતિગ્રામમાં જૈન પરંપરા મુજબ આયોજિત વિવાહમાં સીમિત સંખ્યામાં પરિવારના સભ્યો તેમજ મિત્રો સામેલ થયા હતા. કોઈ જાણીતી હસ્તીઓ કે નેતાને નહોતા બોલાવાયા.

### સામાજીક કાર્યોમાં ખર્ચાશે દાનના પૈસા

સૂત્રોએ જણાવ્યું હતું કે ૧૦ હજાર કરોડ રૂપિયા કિફાયતી વિશ્વ સ્તરીય હોસ્પિટલો, મેડિકલ કોલેજો અને ઉચ્ચ સ્તરની ૧૨ સ્કૂલો અને કૌશલ વિકાસ પર ખર્ચવામાં આવશે.




# તાલુકા વિકાસ અધિકારી ચેમ્બરમાં જ રૂા.૧૨૦૦૦ ની લાંચ લેતા રંગે હાથ ઝબ્બે

### પંચાયત ક્ષેત્રમાં ખળભળાટઃ ૬ લાખનુ બિલ પાસ કરવા લાંચ માંગી હતી

અમદાવાદ,તા.૮ તાપી જિલ્લામાં રાજકીય આગેવાનોનો દબદબો છતાં ભ્રષ્ટાચારીઓ બેફામ હોવાનો ઘટસ્ફોટ થયો છે. ટીડીઓ એટલે કલાસ ટુ કહેવાય છતાં લાંચ લેતાં રંગેહાથ ઝડપાઇ ગયા છે. વિકાસના કામ સામે બીલ પાસ કરવા સહી કરવા ટીડીઓએ રૂપિયાની માંગણી કરી હતી. ખબર પણ નહિ હોય અને પોતાની જ ચેમ્બરમાં લાંચ લેતાં ટીડીઓ ડોડીયા રંગેહાથ ઝડપાઈ જતાં સમગ્ર પંચાયત આલમમાં ખળભળાટ મચી ગયો છે. હતો.૧૨,૦૦૦ની લાંચ લેતાં ખુદ ટીડીઓ ઝડપાઇ ગયા હોવાનું વાયુવેગે પ્રસરી જતાં કલાસ ટુ સહિત કલાસ વન કક્ષાના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે. ડોલવણ તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી વિરેન્દ્રસિંહ નટવરસિંહ ડોડિયા ફરજ બજાવી રહ્યા છે. આ ટીડીઓ ડોડીયા સમક્ષ અનેક ફાઇલો સહી માટે આવતી હોય છે ત્યારે પ્રધાનમંત્રી આદી આદર્શ યોજના-૨૦૨૧-૨૨ અંતર્ગત જાહેર શૌચાલય તેમજ આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો-૨૦૨૩-૨૪ યોજના હેઠળ પાણીના કામ કામોની ફાઇલો આવી હતી. આ કામોના નાણાં રૂ.૬,૦૦,૦૦૦/-નુ બિલ પસાર થયેલ પરંતુ આ બિલમાં સહિ કરવાના અવેજ પેટે ડોલવણ ટીડીઓ ડોડીયાએ રૂ.૧૨,૦૦૦/- લાંચ માંગી હતી. જોકે આ લાંચની રકમ ઠેકેદાર/જાગૃત નાગરિક આપવા માંગતા ના હોવાથી તાપી એ.સી.બી. નો સંપર્ક કરી ફરીયાદ આપી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આવેલ ફરિયાદ આધારે તાપી એસીબીની ટીમે સુરત મદદનીશ નિયામકના માર્ગદર્શન હેઠળ લાંચના છટકાનુ આયોજન કર્યું હતુ. આ દરમ્યાન ઠેકેદારે ડોલવણ ટીડીઓને મળતા લાંચ બાબતની હેતુલક્ષી વાતચીત કરતાં અચાનક તાપી એસીબીની ટીમ ત્રાટકી હતી. બરોબર આ સમયે ડોલવણ ટીડીઓ ડોડીયા લાંચની રકમ સ્વીકારતાં પોતાની ચેમ્બરમાં જ પકડાઇ જતાં પગ તળેથી જમીન સરકી જાય તેવી સ્થિતિ બની હતી. એસીબીએ ડોલવણ ટીડીઓને કચેરીમાંથી ભ્રષ્ટાચાર કરતાં/લાંચ લેતાં પકડી લેતાં ડોલવણ સાથે તમામ તાલુકા પંચાયતોમાં અને છેક તાપી જિલ્લા પંચાયત આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
મહા સુદ-૧૨, તા.૯/૨/૨૫, રવિવાર


સૂર્યોદય : ૭-૨૪, સૂર્યાસ્ત : ૬-૩૯, જૈન નવકારશી : ૮.૧૨
રાશિ : મિથુન (ક.છ.ઘ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મકર, મંગળ-મિથુન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મકર, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

### સુવિચાર

કુદરતે બે ગીફટ આપી છે
એક 'પસંદગી' બીજી 'તક', પસંદગી છે સારા જીવન માટે
અને તક છે જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે



### આજનું ચિંતન

#### પરમાત્મા

- પરમાત્મા પાસે કદી ઉમ્મીદ છોડવી નહિ અને દુનિયા પાસે ઉમીદ રાખવી નહીં.
- પરમાત્મા બધાને એક જ માટીના બનાવે છે બસ ફરક માત્ર એટલો છે કે કોઈ બહારથી સુંદર છે તો કોઇ અંદરથી.
- પગથિયા પણ પૂજાય છે, જો પરમાત્મા તરફ જવાના રસ્તે ગોઠવાઇ જાય તો.
- આત્મા પણ અંદર છે, પરમાત્મા પણ અંદર છે અને એ પરમાત્માને મળવાનો રસ્તો પણ અંદર જ છે.
- જે પરમાત્માને દિલ દે છે, પરમાત્મા એને દિલથી દે છે.
- જે દિવસથી આપને એ અનુભવ થાય કે આ બધી દોડધામ વ્યર્થ છે તે દિવસથી આપ એ જગ્યા પર ઉભા છો જયાંથી પરમાત્મા નજીક છે.
- જે સુખ દોડી દોડીને પણ નથી મળતું એ જ સંસાર છે, વગર દોડયે ઘરબેઠા મળી જાય એ જ પરમાત્મા છે.

# માર્ગ અકસ્માતોમાં મૃત્યુદર ઘણો વધારે છે, હેલ્મેટ નિયમોનું સતત-કડક પાલન કરાવો : હાઈકોર્ટ

### ટ્રાફિક પોલીસની કેડર માટે પણ વડી અદાલતનું સૂચન : વધુ લોકો હેલ્મેટ પહેરતા થયાનો સરકારનો દાવો

અમદાવાદ, તા. ૮ ગુજરાત હાઈકોર્ટની એક બેન્ચે મૌખિક રીતે ટિપ્પણી કરી હતી કે અકસ્માતમાં મૃત્યુનું પ્રમાણ ખૂબ વધારે છે અને પરિવારો માટે તે ખૂબ જ કમનસીબ છે કે લોકો અકસ્માતમાં મૃત્યુ પામી રહ્યા છે. મુખ્ય ન્યાયાધીશે તેને 'ખૂબ જ ગંભીર મુદ્દો' ગણાવ્યો. હાઈકોર્ટે રાજ્યને શહેરમાં હેલ્મેટ અને ટ્રાફિક નિયમોના અમલીકરણ માટે કડક, સતત અને કેન્દ્રિત પ્રયાસો કરવા પણ કહ્યું હતું.

આ દરમિયાન, બેન્ચે રાજ્યભરમાં ટ્રાફિક વ્યવસ્થાપનના મુદ્દાઓને ઉકેલવા માટે રાજ્યમાં અલગ ટ્રાફિક પોલીસ દળની શક્યતા શોધવાનું સૂચન પણ કર્યું. હાઈકોર્ટે મૌખિક રીતે એવું સૂચન કર્યું કારણ કે પોલીસ દળમાં અછત છે અને ટ્રાફિકના સારા સંચાલન માટે તે જરૂરી છે.

ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને



જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ડિવિઝન બેન્ચ અમદાવાદમાં ટ્રાફિક વ્યવસ્થાપન, ટ્રાફિક પોલીસની સ્થાપનામાં ખાલી જગ્યાઓ ભરવા, શહેરમાં નબળા અને અપૂરતા રોડ ઈન્ફ્રાસ્ટ્રકચર સંબંધિત સુઓમોટો પીઆઈએલની સુનાવણી કરી રહી હતી.

ચીફ જસ્ટીસમાં સૂચનના જવાબમાં, એડવોકેટ જનરલએ જણાવ્યું હતું કે, 'આપણે તેના પર કંઈક કરવાની જરૂર છે. બે સંભવિત મુદ્દાઓ હોઈ શકે છે કે જો કેડર બનાવવામાં આવે તો પ્રમોશનલ રસ્તાઓ ખૂબ ઓછા થશે, અને લોકો ૫૦-૫૫ વર્ષ પછી થાકી જશે.' ત્યારબાદ કોર્ટે તેમને ટ્રાફિક પોલીસથી સિવિલ પોલીસમાં વારાફરતી મોકલવાનું સૂચન કર્યું.

દરમિયાન, હેલ્મેટ નિયમના અમલીકરણ અંગે, કોર્ટ મિત્રએ અભિપ્રાય આપ્યો કે, 'વધુ સંખ્યામાં લોકો હેલ્મેટ પહેરી રહ્યા છે, તે પ્રયાસો ચાલુ રાખવા જોઈએ. જો લાંબા સમય સુધી તકેદારી રાખવામાં આવે તો તે આદત બની જશે અને તે નાગરિકોની સલામતી માટે છે.'

એજીએ માહિતી આપી કે જાહેર કોર્પોરેશનોમાં ઠરાવો બહાર પાડવામાં આવ્યા છે કે જે કોઈ પણ પ્રવેશ કરી રહ્યું છે તેણે હેલ્મેટ પહેરવું જ જોઈએ. હાઈકોર્ટે કહ્યું કે ''આકસ્મિક મૃત્યુ ખૂબ વધારે છે....જે પરિવારોના લોકો અકસ્માતમાં મૃત્યુ પામી રહ્યા છે તેમના માટે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. તે ખૂબ જ ગંભીર મુદ્દો છે'.

### રાશીફળ

**મેષ :** નોકરીમાં ચીવટ રાખજો, શેરસટામાં જાળવજો, વિદેશ સાથેના બીઝનેસમાં સફળતા મળવાની, પ્રવાસ થાય.
**વૃષભ :** સીઝનલ ધંધામાં અનુકુળતા રહે, લગ્ન જીવનમાં ગેરસમજો ટાળજો, નવા સંબંધો બાબત ઉતાવળ ન કરવી.
**મિથુન :** મહત્વના નિર્ણયો લેવા પડે, ધાર્મિક કાર્યમાં સફળતા, ભાઈ બહેનો સાથે પ્રવાસનું આયોજન થાય.
**કર્ક :** અનુભવોનો લાભ મેળવશો, લખાણ દસ્તાવેજોના કાર્યોમાં સફળતા રહે, સંગીત કલા ક્ષેત્રે ખેંચાણ રહે.
**સિંહ :** વિદેશ વસતા મિત્ર તરફથી આર્થિક લાભ રહે, કાનુની પ્રશ્નોમાં સમાધાન વૃતિ અપનાવો, મિલ્કતથી લાભ.
**કન્યા :** લકઝરી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે, મિત્રો સાથે નાણાકીય બાબતોમાં સતર્કતા રાખવી, પ્રવાસ થાય.
**તુલા :** રાજકીય રીતે કોઈ લાભ મળવાનો, તમારી મહેનત જરૂર તમોને સફળતા તરફ લઈ જશે, ઔદ્યોગિક પ્રગતિ રહે.
**વૃશ્ચિક :** વ્યવસાયને લઈને પ્રવાસ થાય, નોકરીમાં નવી ઓફર બાબત કોઈ ઉતાવળ ન કરવી, માતુશ્રીનો સહકાર રહે.
**ધન :** રોજિંદા કાર્યને વળગી રહેજો, અંધશ્રધ્ધાને જીવનમાં સ્થાન ન આપતા તમારો ચાર્મ સંસ્થાને લાભ અપાવશે.
**મકર :** સામાજિક સ્તરે તમો છવાયેલા રહેવાના, નવી ઓળખાણથી લાભ રહે, યુવા વર્ગને રોમાન્સમાં સફળતા.
**કુંભ :** કારણ વગરનો માનસિક તનાવ રહેવાનો, જેથી આત્મવિશ્વાસ વધારવો, લગ્ન જીવનમાં મતભેદો ટાળવા.
**મીન :** આવક વધારવાના પ્રયત્નો ફળવાના, મિત્રોમાં વધારો થાય, મિલ્કતના પ્રશ્નોમાં કોઈ ઉતાવળ ન કરવી.

# પોઝિટિવ વિચારશૈલીની કમાલ!

અસહયોગની સ્થિતિ હોય તે વખતે સહયોગ કેવી રીતે સંભવ બની શકે?


એક વખતની વાત છે- એક બિમાર જેવી હાલતનો વૃધ્ધ થયેલા ગધેડાને તેના માલિકને હવે પોસાય તેમ ન હતો કારણ કે તે કામ કરતો તેના કરતાં તેને ખાવા વધારે આપવું પડતું હતું. આથી તેમણે યુક્તિ દ્વારા ગધેડાને નજીકના રોડ પર પડતાં એક પાણી વગરના કુવામાં તેને ધકેલી દેવાનું વિચારીને બીજે દિવસે તે કુવા પાસેથી પસાર થાય છે અને ગધેડાને કુવાની નજીક લઈ જઈ એવી રીતે ધક્કો મારી દે છે કે એમ જ લાગે કે તે અકસ્માતે પડી ગયો છે. પછી તે બાજુમાં પડેલી રેતીથી તે કુવો પુરવા લાગે છે. હવે બીજી તરફ ગધેડાને તેના માલિક આ રીતે રેતી નાખતો જોઈને થયું કે મારો શેઠ કેટલો સારો છે કે તે મને મદદ કરવા માટે આ રીતે રેતી અંદર ભરી રહેલ છે અને તે વિચારી જેમ જેમ રેતી અંદર પડતી જાય છે ગધેડો તેના ઢગલા પર ચઢતો જાય અને ઉપર આવતો જાય છે આખરે તે કુવામાંથી બહાર આવી જાય છે. તેના શેઠના હોશ ઉડી જાય છે! આ તે કેવો સહયોગી? કેવી રીતે તે સહયોગી બન્યો? ગધેડાના સકારાત્મક વિચારશૈલીને કારણે! જ્યારે દ્રષ્ટિકોણ સીધો અને સમજ સાથેનો હોય તો કોઈ પણ પરિસ્થિતિ આપણને મદદરૂપ અને સહયોગ આપતી જ જણાય છે આથી ઉલ્ટી પરિસ્થિતિમાં પણ સ્વયંને તે કલ્યાણ માટે જ છે તેવી મનોદશા રાખીને સ્વયંને સ્થિર રાખવાથી સમસ્યા આપોઆપ પલટાય જાય છે અને મદદરૂપ બની જતી હોય છે. છતાંયે એ યાદ રાખીએ કે પોતાનો સ્વાર્થ પુરો થતા જ આપણે કોઈને ત્યજી દેવા તે તો વળી કયાની નીતિ? સહયોગની આશા રાખીએ કે લઈએ, પરંતુ પછી અંતિમ ક્ષણ સુધી તેને નિભાવનાની શક્તિ પણ જોઈશે.

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

મનુષ્ય એકલો રહેવા ટેવાયેલો નથી. જીવનનો સાર પણ એ જ છે એકબીજા સહયોગી બનીને અર્થાત હળીમળીને રહે અને પ્રેમથી રહે. આજે સંબંધો પણ તેની સાથે રાખવાનું લોકો વિચારે છે કે જેનાથી કોઈ પ્રાપ્તિ થતી હોય છે. મદદ પણ તેને જ કરે છે જયાથી ફરી મદદ મળી શકશે. મનુષ્ય એ જ ભૂલી ગયા છે કે જીવન કોઈ રેસ, જુગાર કે હરિફાઈ નથી કે તેમાં એકની હાર પર, બીજો જીતે. જીવન તો એક મધુર સંગીત છે સૌ સાથે, સાથી બનીને હસતા, ગાતા ખુશીથી જીવન જીવે તેવી દુનિયાની ચાહના તો સર્વને છે. એવું જીવન જીવવાનો અધિકાર સર્વને છે. સહયોગના મૂલ્યને ફરી જીવનમાં જાગૃત કરીએ આપણે જે હદની દુનિયા, હદનો સંસાર બનાવીને રહીએ છીએ તેને બદલે સંપી, જંપી(નિરાંતથી)ને સુખમયી જીવન જીવીએ, સારરૂપ જીવન જીવીએ. એ છે જીવન જીવવાની કળા!

આજના સમયે વિદ્યાર્થીઓ કે યુવાઓ, તેઓ ઘણી વખતે કહીએ, જીવનના પ્રારંભે કોઈને કોઈ નિષ્ફળતા મળતા હતાશ થઈ જતા હોય છે. તો કોઈ વળી વધુ દુઃખી થતા પોતાના શરીરનો પણ ત્યાગ કરી દે છે. પરંતુ અનેક અસંભાવનાઓમાં એક આશા સંભાવનાની સફળતા અપાવતી હોય છે. હમેશા પોઝિટિવ માઇન્ડ સેટ રાખવાથી અને ઉમ્મીદ કદી ન છોડવાથી કહેવાય છે કે કુદરત પણ આપણને અવશ્ય સાથ આપે છે. તેવા સમયે સર્વને યાદ કરીશું પરંતુ શું સર્વ આત્માઓને શક્તિ આપનાર, સાચો રાહ બતાવનાર એ સાચા સાથી અને સર્વ શક્તિમાન, સુખોના સાગરને ઘડીવાર માટે પણ યાદ કરીને સર્વસ્વ તેમને સોંપીને કાર્યની શરૂઆત કરીએ છીએ ખરાં? ના. વાસ્તવમાં તેમની શક્તિમાં જ સફળતા છુપાયેલી છે, તે ન ભૂલવું જોઈએ.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત




**આડી ચાવી**
૧. જયા બચ્ચનના સસરા (૯)
૬. જુલ્મ, અત્યાચાર (૨)
૮. ધાર-હિન્દી (૩)
૧૦. ચુંબન (૨)
૧૨. ફર્સ્ટ (૩)
૧૪. દ્વારકાધીશનું એક નામ (૬)
૧૬. સમજદારમાં શું હોય ? (૪)
૧૮. મુસ્લિમ બિરાદરોની પ્રાર્થના (૪)
૨૦. શરીરનું લચકદાર અંગ (૩)
૨૨. દ્રષ્ટિ (૩)
૨૩. હૈદરાબાદના સ્ટુડીયોના સર્જક (૫)
૨૬. પુરૂષ (૨)
૨૭. એક જ અક્ષર આવશે (૩)
૨૮. દિવસના બાર શું હોય ? (૩)
૩૦. ડોકટરની હથોડી (૩)
૩૩. શરીર તૂટી જાય તેવી મહેનત (૪)
૩૫. કુઆના સસરા (૨)
૩૬. સોચ, ખ્યાલ (૩)
૩૮. ઉત્કંઠા (૪)
૪૦. એક ચોઘડિયુ (૨)
૪૨. બે વતા બે (૨)
૪૩. એક શિયાળાનો પાક (૫)
૪૪. સુદ અને ? (૨)
૪૬. ફિલ્મ ... જમીન પર (૨)
૪૮. ઇનાયત રહેમતઅલીનું સંક્ષિપ્ત (૨)
૪૯. સર્વત્ર, બધે જ (૫)
૫૩. નાવલી નદીના કાંઠે વસેલું નગર (૬)
૫૫. સોમ..., શુક્ર..., રવિ... (૨)
૫૬. એનડીટીવીના ડાયનેમિક ન્યુઝ એન્કર (૬)
૫૭. યમદેવ (૨)
૫૯. લસન ઉંધુ લખો (૩)
૬૧. અંગારો (૩)
૬૨. સૂર્ય (૨)
૬૫. ...ચુનરી મેં દાગ (૨)
૬૬. કભી ... કભી પાર (૨)
૬૭. આશ્ચર્ય (૪)
૬૮. ગણેશ (૪)
૬૯. યુધ્ધભૂમિ (૫)

**ઉભી ચાવી**
૧. ગુજરાતી ભાષાના લોકપ્રિય નવલકથાકાર તંત્રી (૮)
૨. ...વેલો (૨)
૩. એક પબ્લીક ટ્રાન્સપોર્ટ (૨)
૪. ભસ્મ થઇ જનારો દેહ (૩)
૫. વેડફાટ (૩)
૭. ગુનેગારને થાય (૨)
૮. સાડીના છેડા માટેનો કાઠિયાવાડી શબ્દ (૩)
૯. કરાર ઉંધુ લખો (૩)
૧૧. ...ણ, ...દાર (૩)
૧૨. મનોરથ, વચન, માનતા (૨)
૧૩. આ ગલે લગ જા ફિલ્મના ડિરેકટર (૮)
૧૫. એક રાગ (૩)
૧૭. ...જમીન અને જોરૂ (૨)
૧૯. ...લી આહટ હોતી હૈ તો દિલ (૨)
૨૧. એક જ અક્ષર આવશે (૭)
૨૩. રિલીફ (૩)
૨૪. હળ ... (૨)
૨૫. આર્ટ (૨)
૨૮. શાયદ-ગુજરાતી (૩)
૨૯. કવિતાના રચયિતા (૨)
૩૧. આમન્યા (૩)
૩૨. વેર ઉંધુ લખો (૨)
૩૪. બીક લગાડતું (૪)
૩૭. અંકલ હિન્દી (૨)
૩૯. સાહિત્ય અંગ્રેજી (૫)
૪૧. ઇશ્ક, પ્રેમ અંગ્રેજી (૨)
૪૫. નેતા : રામવિલાસ ... (૪)
૪૬. સ્ટાર્સ-ગુજરાતી (૨)
૪૭. ...હરણ (૨)
૪૮. સારવાર (૩)
૫૦. એક ડ્રગ્સ (૩)
૫૧. રજાનો વાર (૪)
૫૨. મહાભારતનું કપટી પાત્ર (૩)
૫૩. આ પક્ષી બેલડીમાં જ હોય (૩)
૫૪. જન્માક્ષર (૩)
૫૮. મહોર્મ જોડણી છુટી પાડો (૪)
૬૦. સૈન્ય (૩)
૬૧. સેલેરી (૩)
૬૩. નકલી વાળ (૨)
૬૪. પુણ્યનું વિરોધી (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ચ્ય | વ | ન | પ્રા | શ | | આ | ગ | ગા | ડી |
| | જ | | ગ | ર | મા | ગ | ર | મ | |
| પા | ન | | | મ | ન | | જ | | વા |
| મ | દા | ર | | જ | સ | ત | | ક | લ |
| ર | ર | | મ | ન | રો | | | ર | મ |
| | | પ | | ક | વ | ર | પે | જ | |
| મ | | રિ | | | ર | જા | ઈ | | રા |
| હે | | વ | હા | લ | | | જ | ખ | મ |
| મા | | ર્ત | | હ | લ | ચ | લ | | સે |
| ન | ચ | ન | | સ | | ફ | | જં | તુ |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )








# કાલથી ઈન્ટરનેશનલ એરપોર્ટમાં નવુ ટર્મિનલ કાર્યરતઃ પ્રથમ ફલાઈટનાં પ્રવાસીઓનું સ્વાગત

**૨૩ હજાર ચો.મી.માં તૈયાર થયેલ ટર્મિનલ ડોમેસ્ટિક-ઈન્ટરનેશનલ ફલાઈટ ઓપરેશનને હેન્ડલ કરવા સક્ષમઃ એરોબ્રિજ મારફત મુસાફરો વિમાનમાંથી સીધા ટર્મિનલમાં પ્રવેશ કરી શકશેઃ એરપોર્ટ ઓથોરિટીનાં અધિકારીઓ સાંસદો, એડવાઈઝરી કમીટીના મેમ્બરો એરલાઈન્સ કંપનીના અધિકારીઓની ઉપસ્થિતિમાં ખુલ્લુ મુકાશે**

રાજકોટ,તા.૮

રાજકોટના હિરાસર ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ૨૩ હજાર ચો.મીમાં નવુ અદ્યતન ટર્મિનલ તૈયાર થતા કાલે સવારે ૭.૩૦ કલાકે એરપોર્ટના પ્રોજેકટ સિવિલ જનરલ મેનેજર સુનીલ શર્મા, એરપોર્ટ ડાયરેકટર દિગંત બોરાહ, એરપોર્ટ એડવાઈઝરી કમીટીનાં ચેરમેન અને સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા અને મેમ્બરો, એર ઈન્ડિયા, ઈન્ડિગોના અધિકારીઓની ઉપસ્થિતિમાં નવ નિર્મિત ટર્મિનલને વિધિવત કાર્યાન્વિત કરવામાં આવશે.

કાલ રવિવારે સવારે ૭.૩૦ કલાકે એરઈન્ડિયાની મુંબઈ-રાજકોટની ફલાઈટનું આગમન થતા નવા ટર્મિનલનાં પ્રથમ પ્રવાસીઓનું ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે પુષ્પથી સ્વાગત કરી મોં મીઠા કરાવવામાં આવશે કાલથી તમામ ફલાઈટોનું નવા ટર્મિનલથી કાયમી ધોરણે ઓપરેટ-સંચાલક કરાશે.

વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેકટ હેઠળ હીરાસર સ્થિત ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટને તા.૨૭-૭-૨૦૨૩નાં રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં હસ્તે ઉદ્ઘાટન કરાયા બાદ તા.૧૦ સપ્ટેમ્બર-૨૦૨૩નાં રોજ વિધિવત રીતે એરપોર્ટમાં હવાઈ સેવાનો પ્રારંભ થયો હતો. સાથે ડોમેસ્ટિક હવાઈ સેવા અવિરત શરૂ રહી છે. ડ્રીમ પ્રોજેકટના પ્રથમ તબકકામાં કાર્ગો બિલ્ડીંગમાં હંગામી ધોરણે ટર્મિનલ ઉભુ કરી ડોમેસ્ટિક હવાઈ સેવાનો પ્રારંભ થયો હતો. પોણા બે વર્ષ બાદ ૨૩ હજાર ચો.મી.માં નવુ અદ્યતન નવુ ટર્મિનલ તૈયાર થતા તેનું કાલે રવિવારે સવારે કાર્યરત થનાર છે સાથે તમામ ફલાઈટનું સંચાલન શરૂ થશે.નવુ ટર્મિનલ પીક અવર્સ દરમિયાન ૨૮૦૦ મુસાફરોને સેવા આપવા માટે સંજ્ઞ છે.જેમાં ૭ બોર્ડીંગ ગેટ ૩ ગ્રાઉન્ડ ફલોર બોર્ડીંગ ગેટ દુરથી પાર્ક કરેલા નાના એરક્રાફટના ઉપયોગ માટે બનાવાયા છે. જયારે અન્ય ૪ બોર્ડીંગ ગેટમાં પેસેન્જર બોર્ડીંગ બેઝ સાથે જોડે છે જે એ-૩૨૧ પ્રકારના એરક્રાફટને હેન્ડલ કરવા માટે સક્ષમ છે. હાલ ૪૫૦ મુસાફરો માટેની બેઠક વ્યવસ્થા છે. જરૂર પડયે તેની ક્ષમતા વધારી શકાય એમ છે. ૧૨ ઈમીગ્રેશન કાઉન્ટર અને અરાઈવલ હોલમાં ૧૬ ઈમીગ્રેશન કાઉન્ટર ઉભા કરાયા છે.

બે કસ્ટમ કાઉન્ટર બનાવવામાં આવ્યા છે. જેમાં ચાર સુપ્રિટેન્ડન્ટ અને ૬ ઈન્સ્પેકટર સહિતનો સ્ટાફ ફરજ બજાવશે ઈન્ટરનેશનલ હવાઈ સેવા પુરી પાડવા સક્ષમ ટર્મિનલ કાલે રવિવારે વિધિવત રીતે ખુલ્લુ મુકી કાર્યાન્વિત કરાશે.

એકદમ સાદગીસભર સમારોહમાં કરોડો રૂપિયાના ખર્ચે નવ નિર્મિત ટર્મિનલ કાર્યરત થનાર છે.

આ ટર્મિનલ સ્થળે ગત તા.૫નાં રોજ હોમાત્મક નવચંડી યજ્ઞ સાથે શાસ્ત્રોકત વિધિ સંપન્ન થઈ હતી. નવ નિર્મિત ટર્મિનલને કાર્યરત કરવાની તમામ તૈયાર આખરીઓપ અપાઈ ચુકયો છે.

## એરપોર્ટમાં ૪૮ કલાકથી વિવિધ વિભાગોની શીફટીંગ કામગીરી પુરજોશમાંઃ આજે ઉજાગરો

### એરલાઈન્સ કંપનીનો સ્ટાફ આખી રાત સરસામાન ફેરવશે

રાજકોટ તા.૮

ઈન્ટરનેશનલ એરપોર્ટમાં નવા ટર્મિનલ બિલ્ડીંગ તા.૯ને રવિવારથી કાર્યરત થવા જઈ રહ્યુ છે ત્યારે છેલ્લા બે દિવસથી ઈન્ટરનેશનલ એરપોર્ટમાં વિવિધ વિભાગોની ઓફીસનો સરસામાન ડોકયુમેન્ટ ફાઈલો સહિતની ચીજવસ્તુઓ નવા ટર્મિનલમાં ફાળવાયેલા જગ્યાએ ફેરવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. બીજી તરફ નવા ટર્મિનલને કાલે રવિવારથી ખુલ્લુ મુકવા એરપોર્ટ ઓથોરિટીએ તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. આજે તા.૮ને શનિવારે આખી રાત શીફટીંગની કામગીરીમાં એરલાઈન્સ એજન્સી ઈન્ડીગો અને એર ઈન્ડિયા નિયત સ્થળ ફાળવેલ ઓફિસમાં સરસામાન ફેરવવા તમામ સ્ટાફ રાતભર ઉજાગરો કરશે. પરિણામે સ્ટાફનાં કોલાહલથી નવુ ટર્મિનલ ગુંજી ઉઠશે. અત્રે ઉલ્લેખનીય છે કે દોઢ વર્ષ પહેલા પણ જૂના એરપોર્ટથી નવા એરપોર્ટનાં સ્થળાંતરમાં બે દિવસ સુધી કામગીરી ચાલી હતી. એક દિવસ હવાઈ સેવા પણ બંધ રહી હતી.

## ઈન્ડિગો એરલાઈન્સ કંપનીએ બીડુ ઝડપ્યુઃ દુબઈ ફલાઈટની સેવા

**સંભવિત એરપોર્ટનાં સમર શિડયુલમાં જ ફલાઈટનો સમાવેશઃ દેશનાં મેટ્રો શહેરો સાથે જોડાયેલ રાજકોટ ઈન્ટરનેશનલ કક્ષાએ જોડાશે**

રાજકોટ તા.૮


રાજકોટનાં હીરાસર સ્થિત ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં કસ્ટમ-ઈરીગેશન અને કાર્ગો સેવાને મંજુરી મળવા સાથે કાલથી નવુ ટર્મિનલ શરૂ થનાર છે ત્યારે હવે ઈન્ટરનેશનલ હવાઈ સેવા માટે ઈન્ડિગો એરલાઈન્સ કંપનીએ રાજકોટથી દુબઈ ઈન્ટરનેશનલ સેવા પુરી પાડવા તત્પરતા દાખવી હોવાનુ આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

રાજકોટના એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપોર્ટનો દરજજો મળ્યા બાદ કસ્ટમ-ઈમીગ્રેશન વિભાગો શરૂ કરવા માટે કાઉન્ટરો ઓફિસો તૈયાર કરવામાં આવી છે. ચીફ કમિશ્નર ઓફ કસ્ટમ ગુજરાત ઝોન અમદાવાદની આગેવાનીમાં જામનગર કસ્ટમ વિભાગ દ્વારા જરૂરી નિરીક્ષણ રિપોર્ટીંગ અહેવાલ ન્યુ દિલ્હીને મોકલી દેવાયો છે જેને પણ આગામી દિવસોમાં લીલીઝંડી મળે તેવી શકયતા છે.

આવા સંજોગોમાં રાજકોટ એરપોર્ટની ઈન્ટરનેશનલ હવાઈ સેવા માટે ઈન્ડિગો એરલાઈન્સ કંપનીએ દુબઈની સેવા માટે તત્પરતા દાખવતા આગામી સમર શિડયુલમાં દુબઈની ફલાઈટનું ઉડ્ડયન શરૂ થવાનાં સંજોગો ઉજળા બન્યા છે.

# રેસકોર્સનો સ્વીમીંગ પુલ ચકચકાટ બનશે : રાષ્ટ્રીયકક્ષાના પુલ જેવું બેનમુન કામ

**કંપનીઓના પુલમાં વપરાતી ટાઈલ્સ-પાઈપલાઈનનું કામ કરાયું : શહેરીજનોના સૌથી પ્રિય તરણકુંડનું લંબાયેલું કામ હજુ એપ્રિલ સુધી ચાલશે : ચિલ્ડ્રન પુલ, જીમ રૂમ સહિતના કામને પણ સાથે લઈ લેવા નિર્ણય**



(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ, તા. ૮

શહેરની મધ્યમાં આવેલા અને વર્ષો જુના એવા રેસકોર્સ સંકુલ સ્થિત લોકમાન્ય તિલક સ્વીમીંગ પુલનું પ્રોજેકટ જેવું રીનોવેશન કામ હજુ ચાલી રહ્યું છે અને ઉનાળાના પ્રારંભે આ કામ પુરૂ કરવા અધિકારીઓ પ્રયાસ કરી રહ્યા છે ત્યારે અત્યાર સુધીમાં મુળ કામમાં રહેલું રીનોવેશન ૯૦ ટકાથી વધુ પૂર્ણ થયું છે. આ સૌથી વધુ લોકપ્રિય તરણકુંડ ઓગષ્ટ માસથી બંધ હોય, સેંકડો તરવૈયા પુલ શરૂ થાય તેની પ્રતિક્ષામાં છે. પરંતુ હજુ આ કામમાં ચિલ્ડ્રન શાવર રૂમ, જીમ સહિતના કામનો સમાવેશ કરવાનો હોય, આ પુલ એપ્રિલમાં શરૂ થાય તેમ છે. તે દરમ્યાન અત્યાર સુધી થયેલા કામ પર નજર કરવામાં આવે તો આ પુલ ફરીથી શરૂ થાય ત્યારે રાજકોટનો બેસ્ટ અને નેશનલ લેવલની સુવિધાવાળો પુલ બની રહેવાનો છે તે નકકી છે.

વર્ષો જુના પુલમાં અવારનવાર રીપેરીંગ બાદ અંતે સંપૂર્ણ રીનોવેશનનો નિર્ણય લેવાયો હતો. એક રીતે આ નવો પુલ જ બન્યો છે. આથી લંબાયેલા કામ વચ્ચે પણ આ પુલમાં રાષ્ટ્રીય કક્ષાના પુલમાં ઉપયોગમાં લેવાતી ટાઇલ્સ સહિતની સુવિધાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, વર્ષો સુધી સભ્યોને કોઇ મુશ્કેલી નહીં પડે તેવું તંત્રવાહકો કહી રહ્યા છે.

રેસકોર્સના આ સ્વીમીંગ પુલમાં બાળકોથી માંડી સીનીયર સીટીઝન સભ્ય રહેલા છે. સંપૂર્ણ ગ્રીન કવર જેવા રેસકોર્સની મધ્યમાં આવેલો આ પુલ અંદરથી હિલ સ્ટેશન જેવો લાગતો હોય છે. પરંતુ વર્ષો જુના પુલમાં અવારનવાર ટાઈલ્સ તુટવા અને પાઇપલાઇન સડી જવાના પ્રશ્નો હતા. પુલની કમ્પાઉન્ડ વોલને પણ વધુ મજબુત કરવાની જરૂરીયાત લાગતી હતી. અંતે ગત વર્ષે આ પુલ રીનોવેશન માટે બંધ કરવા નિર્ણય લેવાયો હતો. જે મુખ્ય પુલની તમામ ટાઇલ્સ અને વર્ષોથી ખખડી ગયેલા એમએસના પાઇપ બદલવા નકકી કરીને આ કામના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. તે માટે ૧.૦૭ કરોડનું ખર્ચ મંજૂર કરી ઓગષ્ટથી પુલ બંધ કરાયો હતો. આજ સુધીમાં નેવું ટકા જેટલું કામ પૂર્ણ થયું છે. હવે આ કામ જુદા જુદા કારણોથી લંબાયુ પણ છે.

સ્વીમીંગ પુલ અંદર રહેલી ટાઇલ્સ પાણીના ભારે પ્રેસરના કારણે અવારનવાર તુટતી હોય, સભ્યોને ઇજાના બનાવ પણ બનતા હતા. તરવૈયાઓ અવારનવાર ફરિયાદ કરતા હોય, રીપેરીંગ કરાતું હતું પરંતુ તેનો કાયમી ઉકેલ રીનોવેશનથી શોધવામાં આવ્યો છે. આ પુલમાં કોર્પોરેટ કંપનીઓના પુલમાં વપરાતી ખાસ સ્વીમીંગ પુલ માટેની પીકોલો મોજેક ટાઇલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પૂર્વે પુલ હેઠળના દાયકાઓ જુના સડેલા પાઇપ કાઢીને યુ-પીવીસીની પાઇપલાઇન પાથરવામાં આવી છે. એટલે તેનું ભવિષ્ય પણ લાંબુ થઇ ગયું છે. આ પાઇપ અને ટાઇલ્સ પાથરવાનું કામ પુરૂ થયું છે.

દરમ્યાન આ પુલની સાથે જ ચિલ્ડ્રન પુલ પણ આવેલો છે. નાના બાળકો સાથે આવતા મહિલાઓને બાળકોને જનરલ શાવર રૂમમાં લઇ જવામાં ઘણી વખત સંકોચ અનુભવવો પડે છે. આથી બાળકો માટેનો શાવર રૂમ, સ્વીમીંગ પુલ માટેનું જીમ, હયાત પમ્પીંગ રૂમનું નવું બાંધકામ, ડેકનું વિટ્રીફાઇડ ફલોરીંગ, ટેન્ક સહિતનું કામ સાથોસાથ કરવાનો મત પણ વ્યકત થયો હતો. આથી એક સાથે જ આ કામ થઇ શકે તે માટે ૫૫ લાખ જેટલું કામ ઉમેરવાને અધિકારીઓએ મંજૂરી આપી છે જેની દરખાસ્ત સ્ટે.કમીટીમાં આવે એટલે કુલ ૧.૬૩ કરોડમાં આ કામ થશે.

સ્થાયી સમિતિના ચેરમેન જયમીન ઠાકરે કામ ઝડપી કરવા સાથે ચિલ્ડ્રન પુલ, અન્ય જુદા જુદા રૂમ, જીમના કામ પણ સાથે જ કરી લેવા સૂચના આપી છે. આ પુલ તૈયાર થાય એટલે રાજકોટના તરવૈયાઓને બેનમુન ભેટ મળે તેવી આશા છે. આથી જ આ કામનું ફોલોઅપ સ્ટે.ચેરમેન ખુદ લઇ રહ્યા છે. એપ્રિલમાં આ પુલ શરૂ થાય અને નેશનલ લેવલના પુલમાં હોય તેવી સુવિધા સભ્યોને મળે તે પ્રકારે પુરૂ કામ કરવામાં આવી રહ્યું છે. હાલ મુળ કામ અંતિમ તબકકામાં પહોંચ્યું છે.






## સોનામાં વધુ ૩૦૦ ઉંચકાયા



રાજકોટ, તા.૮

સોનાના ભાવમાં તેજીનો દોર સતત આગળ ધપતો રહ્યો હોય તેમ આજે ભાવ વધુ રૂા.૩૦૦ વધી ગયો હતો. વિશ્વ બજારમાં ભાવ ૨૨૬૨ ડોલરનો હતો.

રાજકોટમાં હાજર સોનુ ૮૭૭૦૦ હતું. વિશ્વબજારમાં ૨૨૬૨ ડોલર તથા કોમોડીટી એક્સચેંજમાં ૮૪૯૦૦નો ભાવ હતો. હાજર ચાંદી, જો કે ૪૫૦ રૂપિયાના ઘટાડાથી ૯૭૭૦૦ હતી. વિશ્વબજારમાં ૩૧.૮૩ ડોલરનો ભાવ હતો.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નવા-નવા નિર્ણયોનો પડઘો રહ્યો છે. આવતા સપ્તાહમાં વધુ દેશો પર ટેરિફ લાદવાની જાહેરાતની પણ અસર વર્તાઇ હતી. સોની વેપારીઓના કહેવા પ્રમાણે વૈશ્વિક ઘટનાક્રમો આવતા દિવસોમાં સોના-ચાંદીનો ટ્રેન્ડ નક્કી કરશે. હજુ ટોન તેજીનો જ છે. ભાવ નવી-નવી ઉંચાઇ સર કરી શકે છે. ડોલર સતત મજબૂત થઇ રહ્યો હોવાનો પણ પડઘો હતો.







ઈશ્વરીયા ગામે પરીમલ સંકુલ ભારતીય વિદ્યાલયની ઘટના

# મંથન રાઠોડ ક્યાં છે કહીં હરીપર પાળના કલ્પેશ લોખીલને છરીના ઘા ઝીંકયાં

## જીવલેણ હુમલો કરનાર થાર ગાડીમાં આવેલા પાંચ અજાણ્યા શખ્સો સામે ગુનો પડધરી પોલીસ મથકે નોંધાયો

રાજકોટ, તા.૮

ઈશ્વરીયા ગામે પરીમલ સંકુલ ભારતીય વિદ્યાલય ખાતે થાર ગાડીમાં આવેલા પાંચ શખ્સે હરીપર પાળના કલ્પેશ લોખીલને આડેધડ છરીના ચાર ઘા ઝીંક્યાં હતા. લોહી લુહાણ હાલતમાં કલ્પેશને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. પડધરી પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

સમગ્ર બનાવ અંગે કલ્પેશ નાગદાન લોખીલ (ઉં.વ.૩૦, રહે. હરીપર પાળ ગામ)એ ફરિયાદમાં જણાવ્યું કે, હું પરીમલ સંકુલ ભારતીય વિદ્યાલય જે ઈશ્વરીયા ગામે આવેલ છે ત્યાં ઈકો કાર ભાડેથી રાખી તેમાં ડ્રાઈવીંગ કરી સ્કુલવાન તરીકે ચલાવાનો વ્યવસાય કરું છું. ગત તા.૬/૨ ના રોજ મારા કાયમી રૂટીન પ્રમાણે વિદ્યાર્થીઓને સ્કૂલ ખાતે સવારના ૭/૪૦ વાગ્યે ઉતારી. મારૂ બાઈક લઇને ઘરે જતો રહેલ. સાડા બારેક વાગ્યે પરત સ્કૂલે આવી ગયો હતો. પોણા એક વાગ્યે એક કાળા કલરની મહીન્દ્રા થાર જેના નંબર જીજે -૦૩- પીડી -૮૮૮ હતા. તે સ્કૂલના દરવાજાની સામે આવીને ઉભી રહેલ. તેમાથી આશરે ૨૦ વર્ષની આસપાસની ઉંમરના પાંચ યુવાન નિચે ઉતરી ત્યાં આંટા મારતા હતા. એક વાગ્યે બાળકો છુટતા આ પાંચેય જણા મારી ઇકો પાર્ક કરેલ હોય ત્યાં સ્કુલના દરવાજાની બાજુમાં આવ્યા. ત્યાં બધા વાહનોમાં ચેક કરતા પુછતા હતા કે, મંથન રાઠોડ ક્યાં છે? મને પૂછેલ કે, વડવાજડીની ગાડી કઇ છે જે થી મેં કહેલ કે વડવાજડી ગામથી વિદ્યાર્થીઓને હું જ લાવુ છું. પણ મંથન રાઠોડ મારી ગાડીમાં આવતો નથી. જેથી મને કહેલ કે મંથનને કહી દેજો કે મંથનને ઘોદા મારીને મારી નાંખવો છે. તેઓ અપશબ્દો બોલતા હોવાથી મેં તેમને કહ્યું કે, વાહનોમાં સ્કૂલની દિકરીઓ તથા નાના બાળકો બેસેલ છે. ગાળો બોલોમાં તમારે જે કોઇ પ્રશ્ન હોય તે બાબતે સ્કૂલમાં ઓફિસમાં જઈને વાત કરી લ્યો. તેઓ ઉશ્કેરાયા અને મને પણ અપશબ્દો કહેવા લાગ્યા. મને ઢીકા પાટુનો માર મારી, પાંચ પૈકી સફેદ કલરનો શર્ટ પહેરેલ યુવાને છરી કાઢી મને છાતીની નીચે, પેટ ઉપર, કમર પાછળ અને કમર નીચે એમાં છરીના ચાર ઘા માર્યા હતા. એક યુવાને બેલ્ટ કાઢી મને માર માર્યો હતો. દેકારો થતા અમારી ઇકોના અન્ય ડ્રાઇવર દોડી આવેલા.

સ્કૂલના શિક્ષકો પણ બહાર આવ્યા હતા. તેઓ મને છોડાવીને સ્કૂલ દરવાજાની અંદર લઈ ગયા. પાંચેય આરોપી યુવાન પોતાની થારમાં જતા રહ્યા. મને વોકહાર્ટ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. બનાવમાં ગંભીર ઈજા થતા વીસ પચીસ દિવસ સુધી હું કોઈ શારીરિક ક્રિયા કરી શકુ તેવી હાલતમાં નથી. હાલ સારવાર ચાલુ છે. પોલીસે અજાણ્યા આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે. પીએસઆઈ વી. કે. સુરાણીએ વધુ તપાસ હાથ ધરી છે.

# કોઠારિયાનો રાજ મેંદપરા અઠંગ તસ્કર નીકળ્યો: હેડ ક્વાર્ટર બાદ રોલક્ષ રોડ પરના મકાનમાં પણ ચોરી કરી

## લાદીકામ કરતાં યુવાન સાથે મિત્રતા કેળવી, ફરિયાદી જમવા ગયા અને આરોપીએ પિતાની એમઓ મુજબ હાથફેરો કરી રૂ.૧.૮૦ લાખની મતા ઉસેડી ગયો: આજીડેમ, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી સહિતની ટીમોએ આરોપીને પકડવા દોડધામ આદરી

રાજકોટ. તા.૮

રોલક્ષ રોડ પર લાદીકામ કરતાં યુવાન મકાનમાં ચોરીની ઘટના સામે આવી હતી. જેમાં કોઠારિયાનો અઠંગ તસ્કર રાજ મેંદપરાએ હાથફેરો કરી રૂ.૧.૮૦ લાખની મતા ચોરી ગયાનું સામે આવતાં પોલીસમાં દોડધામ મચી ગઇ હતી. બનાવ અંગે શહેરમાં રોલેક્ષ રોડ પર ઓમકાર સ્કુલની બાજુમાં આવેલ સ્કાય વ્યુ એપાર્ટમેન્ટમાં રહેતાં પિન્ટુભાઈ વિનોદભાઈ રાઠોડ (ઉ.વ.૩૨) એ નોંધાવેલ ફરીયાદમાં શંકાસ્પદ વ્યક્તિ તરીકે રાજ મનીષ મેંદપરાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ પત્ની અલ્કાબેન અને બે સંતાનો સાથે રહે છે અને તેઓ લાદીકામ કરે છે. ગઈ તા.૧૬/૧૧/૨૦૨૪ બપોરના એક વાગ્યા આસપાસ કામ સબબ કુવાડવા રોડ, ડી-માર્ટ મોલ પાછળ હતો ત્યારે તેમના પત્ની અલ્કાબેનનો ફોન આવેલ કે, આપણા કબાટની તીજોરીમાં રોકડા રૂપીયા તથા ઘરેણા જોવામાં આવતા નથી. જેથી તેઓ તુરત જ ત્યાંથી ઘરે દોડી આવેલ અને પત્નીએ જણાવેલ કે, મારે રૂપીયાની જરૂરત હોય જેથી કબાટની તીજોરીમાં જોતા તીજોરીમાં રાખેલ સોનાની વીંટી નંગ-૩, સોનાનો ચેઈન પેંડલ સાથે નંગ-૧, સોનાનો નાકનો દાણો, સોનાની નથળી અને રોકડા રૂપીયા ૧.૨૨ લાખ મળી કુલ રૂ.૧.૮૦ લાખની ચિજવસ્તુ જોવામાં આવેલ નહી.

જેથી તેઓએ ફ્લેટ નીચે આવેલ અવધ મેડીકલ વાળા ઘનશ્યામભાઈ સહિતના પડોસીને આ બાબતે જાણ કરેલ અને ત્યારબાદ ફ્લેટના સી.સી.ટી.વી. કેમેરા જોતા ગઈ તા.૧૪/૧૧/૨૦૨૪ ના ૦૭:૪૫ થી ૧૦;૧૫ વાગ્યા પરીવારના સભ્યો ફ્લેટનો દરવાજો લોક કરી બહાર જમવા ગયેલ હતા. તે દરમિયાન ફ્લેટ નીચે આવેલ અવધ મેડીકલ સ્ટોર પાસે બેસતા હોય ત્યાં તેમની સાથે બેસતો રાજ મનીશ મેંદપરા નામનો વ્યક્તિ એપાર્ટમેન્ટની લીફ્ટમાં જતો હોવાનું દેખાય આવેલ હતું.

જેથી તેઓએ તપાસ કરેલ અને રાજ મેંદપરા ત્યારબાદ અમોને મળેલ નહી, જેથી તેના ઉપર પૂરેપૂરી શંકા હોય જેથી ફરીયાદ કરેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

ઉલ્લેખનીય છે કે, અગાઉ હેડ ક્વાર્ટરમાં પોલીસ જવાનના ક્વાર્ટરમાં થયેલ લાખો રૂપિયાની મતાની ચોરી પણ રાજ મેંદપરાએ કરી હોવાનું ખુલ્યું હતું અને તે મામલે ગુનો પણ નોંધાયો હતો. હાલ આરોપી પોલીસ પકડથી દૂર છે.

# હરીઓમ શોપિંગ સેન્ટરના માલિક ચંદ્રેશ ચોવટીયાને ચેક રીટર્ન કેસમાં ૧ વર્ષની સજા

રાજકોટ, તા.૮

મોરબી રોડ ઉપર હરીઓમ શોપિંગ સેન્ટરના માલિક ચંદ્રેશ પરબતભાઈ ચોવટિયાને ચેક રિટર્ન કેસમાં કોર્ટે એક વર્ષની સજા અને ૪ લાખનું વળતર ચૂકવા હુકુમ કરેલ છે. આ કેસની વિગત મુજબ, આરોપી ચંદ્રેશ ચોવટિયા મોરબી રોડ પંચવટી ટાઉનશીપમાં હરીઓમ શોપિંગ સેન્ટર દુકાન ધરાવે છે. ફરિયાદી લવજી ટપુભાઈ રૈયાણી દુકાનના ગ્રાહક હોય, બંને વચ્ચે ઓળખાણ થયેલી હતી. ફરિયાદી પાસેથી આરોપીએ ધંધા માટે નાણાની જરૂરિયાત હોવાથી રૂ.૪ લાખ પુરા હાથ ઉછીના લીધા હતા. રકમ પરત માગતા ચેક આપેલો. જે રિટર્ન થતા નોટીસ આપ્યા બાદ કોર્ટમાં ચેક રીટર્નનો કેસ દાખલ કરેલ હતો. જે કેસ ચાલતા ફરિયાદી તરફે બેક સ્ટેટમેન્ટ રીટર્ન રજુ રાખેલા હતા. તેમજ કોર્ટ દ્વારા એવું અવલોકન કરવામાં આવેલ કે રકમની લેતી-દેતી વખત કોઈ લખાણની જરૂરત નથી તેમજ ફરિયાદી પોતાનો કેસ દસ્તાવેજી પુરાવા દ્વારા નિશંક સાબિત કરેલ છે. સુપ્રીમ કોર્ટે, હાઈકોર્ટના જજમેન્ટ ધ્યાને લઈ કોર્ટે આરોપીને એક વર્ષની સજા અને ૪ ચાર લાખ વળતર ચૂકવાનો હુકુમ કરેલ છે. આ કેસમાં ફરિયાદી વતી રાજકોટના એડવોકેટ યોગેશ ઉદાણી, દેવાંગી ઉદાણી, સોનલ ઉદાણી, રોકાયેલ હતા.

કુવાડવા ગામમાં યુવાનના મોત મામલે સપરાધ મનુષ્યવધની કલમ હેઠળ ગુનો નોંધાયો

# મૃતક પૃથ્વી મજાકમાં નિતેષ પર પડતાં છરી પડખા સોસરવી નીકળી ગઈ'તી

## બકાલુ સુધારવાની છરી સાથે રમતો ૧૨ વર્ષીય નિતેષથી રમત રમતમાં લાગેલ ઘા થી ૧૮ વર્ષીય પુત્ર મોતને ભેંટયો: પરિવારજનોએ ફરિયાદની ના પાડતાં કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ ફરીયાદી બન્યાં

રાજકોટ. તા.૦૮

કુવાડવા ગામમાં યુવાનના મોત મામલે સપરાધ મનુષ્યવધની કલમ હેઠળ મૃતકના નાના ભાઈ નિતેષ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. મૃતક પૃથ્વી મજાકમાં નિતેષ પર પડતાં છરી પડખા સોસરવી નીકળી ગઈ હતી. પરિવારજનોએ ફરિયાદની ના પાડતાં કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ ફરીયાદી બન્યાં હતાં અને તપાસનો ધમધમાટ આદર્યો હતો.

બનાવ અંગે કુવાડવા રોડ પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એસ.એસ.રાણેએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નિતેશ નાથા લઢેરનું નામ આપી જણાવ્યું હતું કે, ગઈ તા.૦૬ ના સીવીલ હોસ્પીટલ ચોકી ખાતેથી એએસઆઈ રામસીભાઈ વરૂએ એમએલસી લખાવેલ કે, પૃથ્વીભાઈ નાથાભાઈ લહેર (ઉ.વ.૧૮),(રહે, કુવાડવા ગામ હરીઓમ ચોક) રાત્રીના સાડા આઠેક વાગ્યાની આસપાસ પોતે પોતાના ઘર પાસે હતા ત્યારે તેના ભાઈ નિતીને કોઇ કારણોસર ઝઘડો કરી છરી વડે માર મારતા પડખાના ભાગે ઇજા થતા પ્રથમ સારવાર કુવાડવા સરકારી હોસ્પીટલ બાદ અત્રેની સરકારી હોસ્પીટલમાં લાવતા વોર્ડ સર્જરીમાં દાખલ કરેલ છે.



જે અંગેની આગળ તપાસ હેડ કોન્સ્ટેબલ એસ.આર.કુમારખાણીયાને સોંપલ જેઓએ સિવિલ હોસ્પિટલે દોડી જઈ દર્દીના પિતા નાથાભાઈ વાલજીભાઈ લઢેરનું નિવેદન લેતા તેઓએ પોતાના નિવેદનમાં જણાવેલ કે, ગઇ તા.૦૬ ના સાંજના સાડા આઠેક વાગ્યે હું ઢોલ વગાડી ઘરે આવેલ ત્યારે હું તથા મારી પત્ની તેમજ પરીવારના માણસો ઘરે હતા ત્યારે અમારા ઘરની ઓસરીમાં દિકરો પૃથવી તથા નીતેશ બન્ને મજાક મસ્તી કરતા હતા ત્યારે નાના દિકરા નીતેશના હાથમાં બકાલુ કાપવાની છરી હતી અને મસ્તી કરતા હતા, ત્યારે પૃથ્વી નીતેશ ઉપર પડતા નીતેશના હાથમાં રહેલ છરી પૃથ્વીના કમર ઉપર પાછળના ભાગે ડાબા પડખે લાગી ગયેલ અને લોહી નીકલવા લાગેલ જેથી પત્નિ મંજુલાબેન રાડ પાડેલ કે, પૃથ્વીને છરી લાગી ગયેલ છે જેથી પૃથ્વી પાસે જઈ જોતા છરી લાગેલ હોય અને લોહી નીકળતુ હતું.

જેથી ૧૦૮ માં ફોન કરી કુવાડવા સરકારી હોસ્પીટલમાં દાખલ થયેલ ત્યાથી વધુ સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં આવેલ છીએ હાલ પૃથ્વીની સારવાર ચાલુ છે અને ભાનમાં નથી. તેવું નિવેદન લખાવેલ હતું. તેમજ પોતાના નિવેદનમાં કોઇ પોલીસ ફરીયાદ કે કાર્યવાહી કરવી નહી હોવાનુ જણાવેલ હતું. તેમજ પોલીસ કર્મીએ ઇજાપામનારનું ડી.ડી. લેવા જરૂરી કાર્યવાહી કરેલ હતી.

જે બાદ ગઈકાલે સીવીલ હોસ્પીટલ ચોકીથી એમ.એલ.સી. લખાવેલ જેમા ઈજા પામનાર મરણ ગયેલ જાહેર કરેલ છે, જેથી પીએસઆઇ એમ.જી.સોલંકીને તપાસ સોંપવામાં આવેલ હતી. બાદમાં તપાસકર્તાએ લાશ પરથી ઇન્કવેસ્ટ પંચનામું મેજિસ્ટ્રેટ રૂબરૂ ભરી તેમજ મરણોતર ફોર્મ ભરી પી.એમ. કરાવેલ હતું. મરણ જનારના પિતા નાથાભાઇ વાલજીભાઇ લહેરને ફરીયાદ કરવાનું જણાવતા જણાવેલ કે, મારે આ બાબતે જે કાઈ ફરીયાદ કે નીવેદન લખાવવુ હશે તે મારા દિકરાની અંતીમ વિધી પુર્ણ કરી ત્યાર બાદ હું માફ નિવેદન લખાવવા માટે પોલીસ સ્ટેશન આવીશ હાલ મારે આ બનાવ બાબતે કોઇ ફરીયાદ કરવી નથી.

જે બાદ મરણ જનારની અંતીમ વિધી પુરી થયા બાદ મરણ જનારના પિતા હાજર મળી આવતા ન હોય અને તેઓના સગા સબંધીથી તપાસ કરાવતા તેઓ સંપર્કમાં નહી હોવાનુ જણાવેલ અને તેમનો ફોન સ્વિચ ઓફ કરી દીધેલ હતો. જેથી બનાવ ગંભીર પ્રકારનો હોય અને ફરીયાદ મોડી કરવાથી પુરાવાને નુકશાન થાય તેમ હોય જેથી ફરીયાદ દાખલ કરવા તજવીજ કરવામા આવેલ હતી.વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, હાલ પરિવારજનો આરોપી નાબાલિક હોવાનું અને મનોદિવ્યંગ હોવાનું કથન કરતાં હોવાથી ઝીણવટભરી તપાસ કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# પરિણિતાને ત્રાસ આપ્યાના બનાવમાં પતિ, સાસરિયા સામે કાર્યવાહીનો હુકમ કરતી કોર્ટ

રાજકોટ, તા.૭

પરિણિતાને ત્રાસ આપ્યાના બનાવમાં પતિ, સાસરિયા સામે કોર્ટે કાર્યવાહીનો હુકમ કર્યો છે. ફરીયાદી કાજલબેન શામજીભાઈ પરમારએ સામાવાળાઓ (૧) શામજી માવજી પરમાર (પતિ) (૨) માવજી પરમાર (સસરા) (૩) લીલાબેન (સાસુ) (૪) રાજુભાઈ (દીયર) (૫) પિન્ટુ (દીયર) અને શૈલેષ (દીયર) (રહે- બધા-આંબેડકરનગર, શેરી નં-૧, ગોકુલધામ મેઈન રોડ, રાજકોટ) વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૦૨ મુજબ કોર્ટમાં ફરીયાદ દાખલ કરી અને ઈ.પી.કો. કલમ-૪૯૮(ક) ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ મુજબની ફરીયાદ દાખલ કરેલ હતી.



એડવોકેટ મહેશ પુંધેરા

તપાસ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૨ ની જોગવાઈ મુજબ પોલીસને તપાસ કરી રીપોર્ટ મોકલવાનો આદેશ કરેલ હતો. જે રીપોર્ટ પોલીસે રજુ કરતાં તે રીપોર્ટ વંચાણે લઈ અને અને ફરીયાદી તરફે સી.આર.પી.સી. કલમ-૨૧૦ મુજબ પોલીસ રીપોર્ટ સામે વાંધા રજુ કરેલ અને જે વાંધાઓ તથા વકીલની ધારદાર દલીલોને ધ્યાને લઈ કોર્ટે સામાવાળાઓ વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૦૪ મુજબ આરોપીઓ સામે ગુનો નોંધી અને સામાવાળાઓને સી.આર.પી.સી. કલમ-૨૦૨ મુજબ કેસ દાખલ કરેલ છે. આ કામે ફરીયાદી વતી એડવોકેટ મહેશ એન. પુંધેરા રોકાયેલા હતા.

# કાળીપાટમાં ૩૫ વર્ષીય શૈલેષ મકવાણાનો આપઘાત

રાજકોટ,તા.૮

કાળીપાટમાં રહેતા શૈલેષભાઈ બાબુભાઈ મકવાણા (ઉ.વ.૩૫)નામના યુવાને ગઈકાલે સાંજે પાંચ વાગ્યે આર્થિકભીંસથી કંટાળી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૃતક યુવાન મજુરી કામ કરી ઘરનું ગુજરાન ચલાવતો હતો.તેમને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે.આ બનાવના પગલે પરિવાર આઘાતમાં સરી પડયો છે. આ બનાવની આજીડેમ પોલીસને જાણ કરાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# અવસાન નોંધ

**રાજકોટ:** પરેશભાઈ જમનાદાસ જસાણી (ઉ.૫૫) તે સ્વ. જમનાદાસ દામોદર જસાણીના પુત્ર, ડીમ્પલબેનના પતી, વત્સલભાઈ (રામભાઈ) એડવોકેટ, નીશીબેનના પિતાશ્રી, દિનેશભાઈ, યશવંતભાઈ એડવોકેટ, અનીલભાઈ એડવોકેટ, સ્વ. કિરણભાઈ એડવોકેટ, સ્વ. ભારતીબેન સેજપાલ (મંબઈ), મીનાબેન રેશમીયા (રાજકોટ)ફ, રીટાબેન નથવાણી (મુંબઈ)ના ભાઈ, પ્રતીકભાઈ એડવોકેટ (અમદાવાદ), આશીષભાઈ, ડો. મીતુલભાઈ, જયભાઈ એડવોકેટના કાકા, રાઘવજીભાઈ જમનાદાસ રાજાણી (જનતા રાજાણી ટ્રાન્સપોર્ટ)ના જમાઈ, અનીલભાઈ, અજયભાઈના બનેવીનું તા.૬ના અવસાન થયું છે. બેસણું તા.૮ના ૪થી ૬ રાષ્ટ્રીય શાળા રાજકોટ રાખેલ છે. સસરાપક્ષની સાદડી સાથે છે.

**કોડીનાર:** કોડીનાર નિવાસી નવગામ ભાટીયા ચંદ્રકાંતભાઈ બાબુભાઈ આશર નાનાભાઈ નગીનદાસ આશર પત્ની પ્રીતિબેન (ઉ.૭૦) તે રમાબેન, બેબીબેન, ઈન્દુબેન, જોસનાબેન, કિરણબેન, નયનાબેન, પારકેશભાઈ ભાભી તથા છીદવાડા ખીમજી છગનલાલ ગોકળગાંધીના દીકરીનું તા.૭ના અવસાન થયું છે. ઉઠમણું તા.૮ના સાંજે પાંચ કલાકે સોમનાથ મંદિર કોડીનાર રાખેલ છે.

નવલચંદ કે. વોરા (વાંકાનેર વાળા)ના ધર્મપત્ની સ્વ. સવીતાબેન વોરા (ઉ.૯૪) તે કૌશીક વોરા, રાજેશભાઈ વોરા (વી.કે. જવેલર્સ), રમેશ વોરા, શશીકાંત વોરા (રી.દેના બેંક) પ્રમોદ વોરા (દ્દષ્ટિ કોમ્યુનિકેન) કીરીટ વોરા (અમદાવાદ) સ્વ. પ્રફુલા શાહ (અમદાવાદ) ઈન્દુબેન પરીખ (અમદાવાદ), દક્ષા ચરિષ (વીરમગામ), રીટા શાહ (અમદાવાદ), સ્વ. મીના બહેતા અમદાવાદના માતુશ્રીનું તા.૭ના અવસાન થયું છે. ઉઠમણું તા.૧૦ના ૪થી ૫-૩૦ પંચનાથ મહાદેવ મંદિર રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગં.સ્વ. મંજુલાબેન પ્રિયતમભાઈ આચાર્ય (ઉ.૯૦) તે સ્વ.જયંતભાઈ આચાર્ય (વિરાણી હાઈસ્કૂલ)ના પુત્રવધુ સ્વ. જયશંકર દવેના પુત્રી, સ્વાતિચંદ્ર, વૈભવી, ગૌરવીના માતુશ્રી, શ્રેયા, શુભશ્રી, સત્યમના દાદી, જયેશભાઈ કામદાર, સ્વ. દક્ષાબેન સ્વાતિચંદ્રના સાસુનું તા.૭ના અવસાન થયું છે. બેસણુ તા.૧૦ના ૪-૩૦થી ૬ રાષ્ટ્રીય શાળા હોલ, વિદ્યાનગર રોડ પાસે, રાજકોટ રાખેલ છે.

**રાજકોટ:** મયાકુંવરબેન ધરમશીભાઈ પરમાર તે શશિકાંતભાઈ ધમરશીભાઈ પરમાર, રજનીકાંતભાઈ ધમરશીભાઈ પરમાર, અશોકભાઈ ધમરશીભાઈ પરમાર (ડે.કમીશ્નર ઓફ ઈન્કમ ટેક્ષ-નિવૃત)નાં માતૃશ્રીનું તા.૭ને શુકવારનાં રોજ અવસાન થયેલ છે.સદ્દગતનું બેસણું તા.૧૦ સોમવારે બપોરે ૪ થી ૬ ઓમકારેશ્વર મહાદેવ મંદિર, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી, પારસ કોમ્યુનિટી હોલ પાસે, નિર્મલા કોન્વેન્ટ


## દુ:ખદ અવસાન -બેસણું



સ્વ. પરેશભાઈ જે. જસાણી

સ્વ. તા.૦૬-૦૨-૨૦૨૫, ગુરૂવાર

અમારા લઘુબંધુ પરેશભાઈ જમનાદાસ જસાણી (ઉ. વર્ષ ૫૫) તે સ્વ. જમનાદાસ દામોદર જસાણી ના પુત્ર, તથા ડીમ્પલબેન ના પતી, વત્સલભાઈ (રામભાઈ) એડવોકેટ અને નિશીબેન ના પિતાશ્રી, દિનેશભાઈ, યશવંતભાઈ એડવોકેટ અનિલભાઈ એડવોકેટ, સ્વ. કિરણભાઈ એડવોકેટ, સ્વ. ભારતીબેન સેજપાલ (મુંબઈ), મીનાબેન રેશમીયા (રાજકોટ), રિટાબેન નથવાણી (મુંબઈ) ના ભાઈ, પ્રતિકભાઈ એડવોકેટ (અમદાવાદ), આશિષભાઈ, ડો. મિતુલભાઈ અને જયભાઈ એડવોકેટ ના કાકા, રાઘવજીભાઈ જમનાદાસ રાજાણી (જનતા રાજાણી ટ્રાન્સપોર્ટ) ના જમાઈ તથા અનિલભાઈ રાજાણી, અજયભાઈ રાજાણી ના બનેવી નું તા. ૦૬-૦૨-૨૦૨૫ ગુરૂવારે દુઃખદ અવસાન થયેલ છે.

સદગતનું બેસણું - પ્રાર્થનાસભા

તા.૦૮-૦૨-૨૦૨૫, શનિવાર ના સાંજે ૪ થી ૬

-: સ્થળ :-

રાષ્ટ્રિયશાળા, મનહર પ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે, સસરાપક્ષની સાદડી સાથે રાખેલ છે.

સદગુરૂ ભગવાન શ્રી રણછોડદાસજી બાપૂ ભાઈ પરેશભાઈ ના આત્માને શ્રીચરણોમાં સ્થાન આપે તેવી પ્રભુ પ્રાર્થના...

**શુભકામના સાડી પેલેસ** સર લાખાજીરાજ રોડ, રાજકોટ

**જસાણી એન્ડ કાં.** ટ્રેડમાર્ક એટર્નીઝ એન્ડ અડવોકેટસ અમદાવાદ - રાજકોટ


# લાંચ લેવાના ગુન્હામાં તલાટી કમ મંત્રી જયદીપસિંહ જાડેજાનો જામીન પર છુટકારો

## એક એડવોકેટ દ્વારા એસીબીમાં ફરિયાદ નોંધવાઇ હતી

રાજકોટ, તા.૮

લાંચ લેવાના ગુન્હામાં જેલમાં રહેલા મોરબીના તલાટી કમ મંત્રી જયદીપસિંહ જાડેજાનો ચાર્જશીટ બાદ જામીન પર છુટકારો થયો છે.

કેસની વિગત મુજબ, એક ફરીયાદી એડવોકેટએ મોરબી એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી કે, તા.૮/૧૧/૨૪ ના રોજ તેઓના અરજદાર મીલ્કતના કામે ગામનો નમૂના નં. ૨ મેળવવા માટે તલાટી કમ મંત્રી જયદીપસિંહ કિશોરસિંહ જાડેજા પાસે ગયેલ. તલાટી મંત્રીએ જણાવેલ કે, તમારું ખેડુત ખાતેદારનો પ્રમાણપત્ર મેળવવા વકીલે અરજી કરેલ હતી તે વકીલને મોકલજો. વકીલ જતા આરોપી તલાટીએ ખેડુત ખાતેદારના પ્રમાણપત્ર મેળવવા કરેલ અરજીમાં અભિપ્રાય આપવાના તેની પાસે કેલ્યુલેટરમાં લખી રૂ.૫,૦૦૦ની માંગણી કરેલ. વકીલે વાત ચિતનું રેકોર્ડીંગ કર્યું હતું. તા. ૨૭/૧૧/૨૪ ના રોજ વકીલ તેમના અસીલના કામે ગયેલા ત્યારે પણ તલાટી મંત્રી





જાડેજાએ અગાઉ વાત થયાં મુજબ, રૂ.૫,૦૦૦ની માંગણી કરેલ હતી. વકીલે ઓછું કરવાનું કહેતા છેલ્લા ૪,૦૦૦ નક્કી થયેલા. આ વાતનું વકીલે રેકોર્ડીંગ કરી લીધેલ હતું. એસીબીએ ટ્રેપ ગોઠવતા આરોપી તલાટીએ પોતાના ટેબલના ખાનામાં રકમ મુકવા જણાવતા વકીલે તે ખાનામાં રૂપિયા મુકતા જ એસીબી ત્રાટકી હતી અને લાંચની રકમ કબ્જે કરી આરોપી તલાટીની ધરપકડ કરી હતી. ચાર્જશીટ બાદ જેલ હવાલે રહેલ તલાટી કમ મંત્રીએ જેલમાંથી જ જામીન મેળવવા અરજી કરેલી. મોરબી સેશન્સ અદાલતમાં રેગ્યુલર જામીન અરજી ચાલી જતા આરોપીના વકીલે કરેલી દલીલો અને રજૂ રાખેલા ચુકાદા ધ્યાને લઈ કોર્ટે જામીન મંજુર કરવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ મોરબીના જીતુભા જાડેજા તથા રાજકોટના ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર રોકાયેલ હતા.


## દુ:ખદ અવસાન



રાજકોટ નિવાસી જયેશભાઇ જયંતિલાલ દોશી (ઉ.વર્ષ ૫૮) તે દોશી ધારશી શામજી ઘીવાળા, જયંતિલાલ રતિલાલ દોશીના સુપુત્ર, તે દિવ્યેશભાઇ, કવિતાબેન, લત્તાબેન, જયશ્રીબેન, દક્ષાબેનના ભાઇ તે હિનાબેનના પતિ, તે અંકિત તથા દર્શનના પિતાશ્રી તા.૭-૨-૨૦૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા.૧૦-૨-૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યે મણિયાર દેરાસર (મણીભદ્ર આરાધના ભવન) ખાતે રાખેલ છે.

**- જયેશ સ્ક્રેપ સપ્લાયર્સ**

**- ઓમ એન્ટરપ્રાઈઝ - ઓમકાર પેઈન્ટ્સ**

## દુ:ખદ અવસાન-બેસણું



પૂજ્ય બા

**સ્વ.મયાકુંવરબેન ધરમશીભાઈ પરમાર**

સ્વ.તા.૭-૨-૨૦૨૫

શુક્રવાર, ઉ.વ.૯૯

અમારા માતુશ્રી મયાકુંવરબેન ધરમશીભાઈ પરમાર નું તા.૭-૨-૨૫ ને શુક્રવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના ૐ નમઃ શિવાય

-:: સદ્ગતનું બેસણું ::-

**તા.૧૦-૨-૨૦૨૫ સોમવારે બપોરે ૪ થી ૬**

ઓમકારેશ્વર મહાદેવ મંદિર, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી, પારસ કોમ્યુનિટી હોલ પાસે, નિર્મલા કોન્વેન્ટ સ્કુલ સામે, રાજકોટ

શશિકાંતભાઈ ધરમશીભાઈ પરમાર - ૯૮૨૫૫ ૩૩૨૬૮

રજનીકાંતભાઈ ધરમશીભાઈ પરમાર - ૯૮૯૮૫ ૯૩૪૭૧

અશોકભાઈ ધરમશીભાઈ પરમાર - ૯૪૨૬૪ ૭૭૧૮૧

( ડે.કમીશ્નર ઓફ ઈન્કમ ટેક્ષ-નિવૃત)


# રૂ.૧૦ લાખની લાંચના પ્રકરણમાં મુંબઈના પીઆઇ દિગંબર પગરની ચાર્જશીટ બાદની જામીન અરજી રદ

## ફોન પર થયેલ વાતચીતની સ્પષ્ટતાને ગંભીર પુરાવો ગણતી રાજકોટ સેશન્સ અદાલત

રાજકોટ, તા.૮

રૂ.૧૦ લાખની લાંચના પ્રકરણમાં મુંબઈના પીઆઇ દિગંબર પગરની ચાર્જશીટ બાદની જામીન અરજી કોર્ટે રદ કરી છે. રાજકોટ સેશન્સ અદાલતે ફોન પર થયેલ વાતચીતની સ્પષ્ટતાને ગંભીર પુરાવો ગણ્યો છે.

આ કેસની હકિકત એવા પ્રકારની છે કે, મુંબઈ સ્થિત માટૂંગા પોલીસ સ્ટેશનના પીઆઇ દિગંબર પગરએ રાજકોટના રહેવાસી ફરીયાદીને નોટીસ આપી માટૂંગા પોલીસ સ્ટેશનમાં હાજર થવા જણાવેલ. નોટીસ મળ્યા બાદ પીઆઇના એજન્ટ તરીકે કામ કરતા સહઆરોપી એડવોકેટ જૈવીન સાવલીયાએ ફરીયાદીનો કોન્ટેકટ કરી ઈન્સ્પેકટર સાથે ફોન પર વાતચીત કરાવેલ. રૂ.૧૫ લાખની લાંચની માગણી વાટાઘાટોના અંતે રૂ.૧૦ લાખ ફાઈનલ થયેલ. જે રકમ રેઈડના દિવસે સ્વીકારતા જૈવીન સાવલીયા પકડાઈ ગયેલ. પીઆઇ પગર દોઢ માસ સુધી નાસતો ફરતો રહ્યો. જે પછી એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં જાતે હાજર થઈ ગયેલ. ચાર્જશીટ બાદની જામીન અરજી વખતે પીઆઇ તરફેણ રજુઆત કરવામા આવેલ કે, ચાર્જશીટ રજુ થઈ ગયેલ હોવા છતા તેમની સામે કેસ ચલાવવા માટે તેઓના ઉપરી અધિકારીની કોઈ મંજૂરી મળેલ નથી. રૂ.૧૦ લાખની રકમ પીઆઇએ સ્વીકારેલ નથી. કે તેને મળેલ નથી.



એસ. કે. વોરા એડવોકેટ


જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ રજુઆત કરેલ હતી કે, જુની ફોજદારી કાર્યવાહી સહિતા તા.૦૧/૦૭/૨૦૨૪ થી બિનઅમલી બનેલ છે અને તેની જગ્યાએ નવી ભારતીય નાગરીક સુરક્ષા સહિતા અમલમા આવેલ છે. આ નવા અમલમા આવેલા કાયદાની જોગવાઈ મુજબ કેસ ચલાવવા માટે ૧૨૦-દિવસની અંદર મંજૂરી અંગેનો નિર્ણય ઉપરી અધિકારી દ્વારા કરવામાં ન આવે તો આવી મંજૂરી મળી ગયેલ હોવાની ધારણા થાય છે. આ રીતે ચાર્જશીટ રજુ થયા બાદ પણ આરોપી પીઆઇ સામે કેસ ચલાવવા મંજૂરી ન મળે તો પણ તેઓ સામેનો કેસ ચાલવા પાત્ર છે. આરોપીની જુડીશ્યલ કસ્ટડી ગેરકાનુની કહી શકાય નહી. પીઆઇએ રૂ. ૧૦ લાખની લાંચ સ્વીકારેલ નથી તેમ કહી શકાય નહીં. કારણ કે, કોઈપણ આરોપી વતી તેના એજન્ટે રકમ સ્વીકારેલ હોય તો તેવી લાંચ આરોપીએ ખુદએ સ્વીકારેલ હોવાનુ માનવાને રહે છે. પીઆઇ દરજજાના અધિકારી એક માસ કરતા વધારે સમય સુધી નાસતા ફરતા રહેલ હોય ત્યારે તેઓ જામીન માટે આપોઆપ ગેરલાયક ઠરે છે. સરકાર તરફેની આ તમામ રજુઆતોના અંતે ખાસ અદાલતના જજ વી.એ. રાણાએ આરોપી પોલીસ ઈન્સ્પેકટર પગરની ચાર્જશીટ બાદની જામીન અરજી નામંજૂર કરેલ છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયેલ હતા.

# રાજકોટના જાણીતા એડવોકેટ કાંતિભાઈ સોરઠીયાનું નિધનઃ આવતીકાલે ઉઠમણું તથા પ્રાર્થનાસભા

## કાંતિભાઈ સોરઠીયા અમરેલી જીલ્લાપંચાયતમાં સભ્ય તરીકિ રહી ચુકયા હતા: સમાજમાં આગલું સ્થાન ધરાવતા હતાં.

રાજકોટ,તા.૮

રાજકોટના જાણીતા એડવોકેટ (નોટરી) કાંતિભાઈ ભીખાભાઈ સોરઠીયાનું તા.૭મીના શુક્રવારે હૃદયરોગનો હુમલો આવતા નિધન થયું છે. તેમની વય ૭૧ વર્ષની હતી.મળતા વડો અને સાલસ સ્વભાવના કારણે વકીલ વર્તુળમાં તેઓ પ્રિય હતા.તેમના નિધનથી ન પુરી શકાય તેવી ખોટ પડી છે.કાંતિભાઈ સોરઠીયા વર્ષોથી ભાજપ સાથે સંકળાયેલા હતા. તેઓ અમરેલી જીલ્લા પંચાયતમાં સભ્ય તરીકે રહ્યા હતાં. તેમજ વર્ષો પૂર્વે કુંકાવાવ-બાબરા ધારાસભાની સીટ પર ચુંટણી લડયા હતાં. સમાજમાં તેમનું આગલુ સ્થાન અને પ્રતિષ્ઠા રહી છે. કાંતિલાલ ભીખાલાલ સોરઠીયા તે કિરણબેન સોરઠીયાના પતિ, આશીષ પંકિત, દર્શનના પિતા, યેશા, પિયુષના સસરા, જયવર્ધનના દાદા થતા હતા તેમજ જૈન અગ્રણી હરીશભાઈ દોશી, કાર્તિકભાઈ દોશી તથા ભરતભાઈ દોશીના બનેવી થતા હતાં.



**ઉઠમણું-પ્રાર્થના સભા**

સ્વ.કાંતિભાઈ સોરઠીયાનું ઉઠમણું તા.૯મીના રવિવારે સવારે ૧૦ થી ૧૧ તથા પ્રાર્થના સભા બપોરે ૧૧ થી ૧૨ જનકલ્યાણ હોલ, જન કલ્યાણ સોસાયટી એસ્ટ્રોન ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

**કોલકા**

અમરેલી જીલ્લાના કુંકાવાવ તાલુકાના કોલકા ખાતે સ્વ.કાંતિભાઈ સોરઠીયાનું તા.૧૦મીના સોમવારે સવારે ૯ થી ૧૨ ઉઠમણું રાખેલ છે.

# અવસાન નોંધ

**રાજકોટ:** મધુસુદન મોહનલાલ રાવલ ના ધર્મ પત્ની, સ્વ.ઉષાબેન મધુસુદન રાવલ, તે નીલેશભાઈ રાવલ, જયેશભાઈ રાવલ ના માતૃશ્રી નું તારીખ-૮/૦૨/૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા. ૧૦ સોમવાર ના રોજ અલ્કેશ્વર મહાદેવ મંદિર, અલકાપુરી મેઈન રોડ, સદગુરુ તીર્થ ધામ પાછળ,રૈયા રોડ, રાજકોટ. ખાતે સાંજે - ૪-૦૦ થી:૬-૦૦ રાખેલ છે. નિલેશભાઈ રાવલ ૯૮૨૫૨૩૩૮૭૭

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# રાજકોટની વિજય કોમર્શિયલ બેંકમાં રૂ.૯૩.૧૫ લાખનું દસ કાર લોનનું મસમોટુ કૌભાંડ

**ઓટો બ્રોકર શ્રુજય વોરા અને લક્ષ્યાંક વિઠલાણી આણી ટોળકીનું કારસ્તાનઃ આરોપીએ પરિચિતોના ખોટા ડોક્યુમેન્ટ, આરસી બુક, ઈન્સ્યોરન્સ પોલિસી, કોટેશન રજૂ કરી ૧૦ લોન મંજુર કરાવી લીધી**

**મોરબીની જૈન સાયન્ટિફિક ઉદ્યોગ પેઢીના એકાઉન્ટમાં ૭ કારના રૂ.૬૪.૪૫ લાખ અને રાજકોટની મહાકાલ એન્ટરપ્રાઈઝના ખાતામાં ત્રણ કારના રૂ.૨૮.૭૦ લાખ જમા થયાં**

**ખોટા ડોક્યુમેન્ટમાં નામ ધારકે અરજી કરતાં કૌભાંડ સામે આવ્યુંઃ એ.ડિવિઝન પોલીસે છેતરપીંડી, ફોર્જીંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરીઃ બેંકના અન્ય ઉચ્ચ અધિકારીઓની સંડોવણી હોવાની શંકા ?**

રાજકોટ. તા.૦૮

રાજકોટની વિજય કોમર્શિયલ બેંકમાં રૂ.૯૩.૧૫ લાખનું દસ કાર લોનનું મસમોટુ કૌભાંડ સામે આવતાં ખળભળાટ મચી ગયો હતો. મંગળા રોડ પર આવેલ શાખામાં ઓટો બ્રોકર શ્રુજય વોરા અને લક્ષ્યાંક વિઠલાણીની આણી ટોળકીએ બેંકના મહિલા મેનેજરને અંધારામાં રાખી બેલડીએ પરિચિતોના ખોટા ડોક્યુમેન્ટ, આરસી બુક, ઇન્સ્યોરન્સ પોલિસી, કોટેશન રજૂ કરી ૧૦ લોન મંજુર કરાવી લીધી હતી. ખોટા ડોક્યુમેન્ટમાં નામ ધારકે અરજી કરતાં કૌભાંડ સામે આવ્યું હતું.

બનાવ અંગે રાજકોટમાં મોટા મવા, સ્પીડવેલ પાર્ટી પ્લોટની સામે પેન્ટાગોન ટાવરમાં રહેતાં દુર્ગેશભાઇ વ્રજલાલભાઈ આચાર્ય (ઉ.વ.૪૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે શ્રુજય સંજય વોરા, લક્ષ્યાંક શૈલેષ વિઠલાણી, જૈન સાયન્ટિફિક ઉદ્યોગના ભાગીદારી પેઢીના જવાબદાર વ્યકિતઓ, મહાકાલ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઇટર મીત મહેશ પરમાર, મહિલા બ્રાન્ચ મેનેજર નામ આપતાં એ. ડિવિઝન પોલીસે છેતરપીંડી અને ફોર્જીંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ૨૩ વર્ષથી કનક રોડ ફાયર બ્રિગેડ પાસે આવેલ વિજય કોમર્શીયલ કો. ઓપરેટીવ બેન્કની મેઇન બ્રાન્ચમાં આસિસ્ટન્ટ જનરલ મેનેજર તરીકે ફરજ બજાવે છે. બેંકની રાજકોટ શહેર ખાતે જુદી જુદી ૭ બ્રાન્ચ આવેલ છે.

**જેના નામે લોન થઈ તે લોકોએ અરજી કરી**

આશરે ચારેક માસ પહેલા વિરેન મુકુદરાય પાંઉ તથા સમીરભાઈ સુરેશભાઇ અઢીયાએ એક લેખીત અરજી કરેલ જેની જાણ માટે બેંકને અરજી આપતા જે મેઇન બ્રાન્ચ ખાતે આવેલ જેમા શ્રુજય વોરા અને લક્ષ્યાંક વિઠલાણી સામાવાળા તરીકે નામ હતા. બેંક લોન બાબતેની અરજી આવેલ હતી. જે બાબતે બેંક મારફતે તપાસ કરતા મંગળારોડ શાખામાથી વિરેન મુકુદરાય પાંઉ તથા સમીરભાઈ સુરેશભાઇ અઢીયાએ કાર લોન મેળવેલ હતી, જે કાર લોન બાબતે શાખા મેનેજરને પુછતા તેઓએ જણાવેલ કે, લોન બ્રોકર શ્રુજય વોરા અને લક્ષ્યાંક વિઠલાણીએ બે કાર લોન કરાવેલ છે અને આ સિવાયની અન્ય ૮ કાર લોન પણ તેઓએ કરાવેલ છે.

**તપાસ કરતાં ૧૦ લોન મંજુર કરવામાં આવ્યાનું ખુલ્યું**

બાદમાં મંગળા રોડ શાખા ખાતે તપાસ કરતા મંગળારોડ શાખાના મેનેજરે જુદી જુદી કાર ઉપર લોન આપેલ હોય જેમાં બહારના લોન બ્રોકર તરીકે દેવીકાબેન વસાના પરીચીત શ્રુજય સંજયભાઇ વોરા અને લક્ષ્યાંક વિઠલાણી લોન બ્રોકરનુ કામ કરતાં હતાં. જેથી મંગળારોડ શાખામાંથી રાઠોડ રવજીભાઈ નાથાભાઈએ અલ્ટ્રોઝ સી.એન.જી. કાર રૂ.૧૦ લાખની લોન લીધેલ હતી અને જે તે વખતે આ લોન લગત બેન્ક લોન પોલીસી મુજબના જરૂરી તમામ કાગળો રજુ કરેલ અને જે આધારે લોન ધારકને લોન મંજુર કરવામાં આવેલ હતી.

**સગા-સબંધીઓના નામના ખોટા ડોક્યુમેન્ટ રજૂ કર્યા**

તેમજ ઘંટેશ્વરમાં રહેતાં ગૌસ્વામી દીવ્યાબેન વંસંતજતીએ અલ્ટ્રોઝ કાર રૂ.૯.૭૦ લાખની લોન લીધેલ હતી. નાનામવા મેઈન રોડ પર રહેતાં વિઠલાણી દીપાબેન શૈલેષભાઇએ અલ્ટ્રોઝ કાર રૂ.૯ લાખની લોન લીધેલ હતી. તેમજ મવડી પ્લોટમાં રહેતાં બધેકા ઉદય મનીષભાઇએ અલ્ટ્રોઝ કારની કુલ રૂ.૯.૭૦ લાખની લોન લીધેલ, નાનામવા મેઈન રોડ પર રહેતાં વીઠલાણી વિક્રમ શૈલેષભાઇએ અલટ્રોઝ કારની કુલ રૂ.૯.૩૦ લાખની લોન લીધેલ હતી.

ઉપરાંત મવડી પ્લોટમાં રહેતાં બધેકા નીકીતાબેન મનીષભાઈએ અલ્ટ્રોઝ કારની કુલ રૂ.૯ લાખની લોન લીધેલ હતી. ભોમેશ્વર પ્લોટમાં રહેતાં વેકરીયા દીવાન રાજેશભાઇએ અલ્ટ્રોઝ કારની રૂ.૯ લાખની લોન લીધેલ, કોઠારીયા રોડ પર રણુંજા મંદિર પાછળ રહેતાં અઢીયા સમીર સુરેશભાઇએ અલ્ટ્રોઝ કારની રૂ.૯.૪૫ લાખની લોન લીધેલ હતી. તેમજ અંબીકા ટાઉનશીપમાં રહેતાં પાઉ વિરેન મુકુંદરાયએ અલ્ટ્રોઝ કારની રૂ.૯.૫૦ લાખની લોન લીધેલ અને જામનગર રોડ પર રહેતાં ભોજાણી સોનુબેન મહેશભાઇએ અલ્ટ્રોઝ કારની રૂ.૮.૫૦ લાખની લોન લીધેલ હતી.




તસ્વીર: પંકજ શિશાંગીયા

## ખોટી આરસી બુક ક્યાં બની, RTOમાં તપાસ થાય તો મોટો ઘટસ્ફોટ થવાની શકયતા

રાજકોટ. તા.૮

મંગળા મેઈન રોડ પર આવેલ વિજય કોમર્શિયલ બેંકમાં ૧૦ કાર લોનની કૌભાંડ સામે આવતાં ખળભળાટ મચી ગયો હતો. જે કૌભાંડમાં નકલી આરસી બુકનો પણ ઉપયોગ થયો હોવાનું સામે આવ્યું છે. તો ડુપ્લીકેટ આરસી બુક ક્યાંથી આવી અને ક્યાં બનાવવામાં આવી છે, જે મામલે આરટીઓમાં તપાસ કરવામાં આવે તો પણ મોટું કૌભાંડ બહાર આવી શકે તેમ છે.

## તમામ લોન બ્રાન્ચમાંથી હેડ ઓફિસે અપ્રોવેલ માટે જતી હોઈ તો આમાં લોન મેનેજર પણ શંકામા આવશે..?

રાજકોટ. તા.૮

મંગળા રોડ પરની વિજય કોમર્શિયલ બેંકમાં ૧૦ કાર લોનનું મસમોટું કૌભાંડ સામે આવતાં ચકચાર મચી ગઈ હતી. જેમાં મહિલા બ્રાન્ચ મેનેજરને ટાર્ગેટ કરી ફરીયાદ દાખલ કરાઈ હોવાનું પણ તથ્ય સામે આવી રહ્યું છે. કેમ કે, જે લોન વિજય કોમર્શિયલ બ્રાન્ચમાંથી મંજૂરી માટે બેંકની મુખ્ય શાખામાં અપ્રોવેલ મોકલવામાં આવતી હોય છે, તો શું હેડ ઓફિસના મેનેજર કે લોન વિભાગના અધિકારીઓએ તે કાર લોન બાબતે તપાસ નહીં કરી હોય ? તે પણ સો મણનો સવાલ બનીને ઉભો થયો છે.

**લોન મેનેજરએ પોતાના તરફ આંગળી ન ઉઠે એ માટે શું બ્રાન્ચ મેનેજર પર તમામ દોષનો ટોપલો નાખી દીધો..? પોલીસ તમામ પાસા તપાસે તો અનેકના તપેલા ચડી જશે**

હેડ ઓફિસના મુખ્ય અધિકારી કે લોન મેનેજર દ્વારા પોતના તરફ આંગળી ન ઉઠે માટે તમામ દોષનો ટોપલો બ્રાન્ચના મેનેજર પર નાખી દીધો હોય તેવું પણ સામે આવી રહ્યું હોય તેવુ લાગી રહ્યું છે ? હવે તો આ આખી તપાસમાં પોલીસ જ મહત્વની કલી શોધી શકશે, એ. ડિવિઝન પોલીસના પીઆઈ આર.જી.બારોટ પોતે આ ગુનાની તપાસ કરી રહ્યાં છે, જો તેઓ તટસ્થ તપાસ કરી તમામ પાસા ચકાસી આગળ વધશે તો અનેકના તપેલા ચડી જશે તેવી શકયતા પણ સેવાઈ રહી છે.

ઉપરની તમામ ૧૦ લોન મંગળારોડ શાખાના મેનેજરે મંજુર કરેલ હતી. જે ખરાઇ કરતા ૧૦ લોન ધારકોના કોટેશન મહાકાલ એન્ટરપ્રાઇઝના નામે રૂ.૯૩.૧૫ લાખ બેંક મારફતે મહાકાલ એન્ટરપ્રાઇઝ મોરબીને આરટીજીએસ મારફતે ચુકવાયેલ હોવાનુ લોન ફાઇલો ઉપરથી જણાય આવેલ છે.

બાદમાં ફરિયાદીએ વધું તપાસ કરતા દશ લોકોની કાર લોન પૈકીના ૦૩ લોન ધારકોના રૂ.૨૮.૭૦ લાખ જે રૂપીયા સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાની રેસકોર્સ બ્રાંચમાં મહાકાલ એન્ટર પ્રાઇઝના પ્રોપ.મીત મહેશભાઇ પરમારના ખાતામાં જમા થયેલ હતા. તેમજ દશ લોકોની કાર લોન પૈકીના ૦૭ લોન ધારકોના રૂ.૬૪.૪૫ લાખ યશ બેન્ક મોરબી બ્રાંચમાં જૈન સાઇન્ટીફીક ઉદ્યોગના પ્રોપ. દીપક ચંદુલાલ દોશીના ખાતામાં જમા થયેલ હતા.

**RTO અને ઇન્શ્યુરન્સ કંપનીમાં અલગ અલગ ડોક્યુમેન્ટ રજૂ કર્યા**

બાદમાં મંગળારોડ શાખાના બ્રાંચ મેનેજરે જે ૧૦ લોન ધારકોને કોટેશન મુજબની કાર લોન મંજુર કરવામાં આવેલ હતી. જે તમામ કાર ટાટા કંપની અલ્ટ્રોઝ સીએનજી કાર ઉપર અલગ અલગ રકમની બેંક પોલીસી આધારે લોન આપવામાં આવેલ હતી. તમામ લોનને લગત જરૂરી રેકર્ડ ચકાસણી કરવાની જવાબદારી બેંક મેનેજરની હતી. તેઓએ તેમના મેનેજરના પાવર ડેલીગેશનના આધારે આ લોન પાસ કરેલ હતી. ત્યારબાદ બેંક મારફતે જે તે કોટેશન આધારે લોન મંજુર કરેલ હતી અને જે તે લોન ધારકોએ તેમની કાર લોનની આર.સી.બુક તથા ઇન્સ્યોરન્સની પોલીસીની કોપી આપવાની હોય છે. જે આર.સી.બુકની કોપી જોતા જેમાં જણાવેલ આર.ટી.ઓ. નંબર ઓનલાઇન જોતા જે આધારે કાર રજીસ્ટેશન નંબર તથા કાર માલીકના નામમાં તફાવત જણાય આવેલ હતો.

જેથી કાર લોનના ડોકયુમેન્ટ સાથે કારની આર.સી.બુક રજુ થયેલ હતી તે ખોટી હોવાનુ જણાયેલ તેમજ કાર લોનના ડોકયુમેન્ટ સાથે કાર ઇન્સ્યોરન્સ માટે ઇન્સ્યોરન્સ કંપનીના કાગળો રજુ થયેલ હતા જેથી એસબીઆઈ જનરલ ઇન્સ્યોરન્સમાં ખરાઇ કરાવતા તેઓ તરફથી વળતો જવાબ આવેલ હતો કે, ૧૦ પોલીસી પૈકીની ૯ પોલીસી અમારી ઇન્સ્યોરન્સ કંપનીમાથી ઇસ્યુ થયેલ નથી અને ૧ પોલીસી ઇશ્યુ થયેલ છે તેમા પોલીસ ધારકનુ નામ અલગ છે.

જેથી રજુ થયેલ ઇન્સ્યોરન્સ પોલીસી પણ ખોટી રજુ થયેલ હોવાનુ સામે આવ્યું હતું. મંજુર થયેલ ૧૦ કાર લોનની ખરાઇ કરાવતા તેમાથી પણ ઘણી કાર લોનના હપ્તા સમયસર ભરેલ ન હતા તેમજ મંજુર થયેલ ૧૦ કાર લોનના ડોકયુમેન્ટ ચેક કરતા તે પૈકી કાર ખરીદીના કોટેશનો ચકાસતા તેમા પેમેન્ટ માટેની કોઇપણ બેન્કની માહીતી દર્શાવેલ ન હતી તે કોટેશન ચેક કરવાની જવાબદારી શાખા મેનેજર ની હોય છે જે ચકાસણી થયેલ નથી તેમ છતા ઓનલાઇન પેમેન્ટ/ આર.ટી.જી.એસ.થી ભળતા નામમા કોઇપણ કાર લોન ખાતદારની લેખીત પરવાનગી લીધા વગર શાખા મેનેજરે અન્ય આરોપીઓ સાથે મળી પુર્વ આયોજીત કાવતરૂ રચી ૧૦ કાર લોનની રકમ રૂ.૯૩.૧૫ લાખ બે પેઢીના ખાતામા જમા કરાવી બેંક સાથે ઠગાઈ કરી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# સલાયાના 'આપ'ના ઉમેદવાર સહિત ૧૦ને ૧૦ વર્ષ-અન્ય ૯ને આજીવન કેદની સજા

જામખંભાળીયા/સલાયા તા. ૮

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આજથી આશરે નવ વર્ષ પૂર્વે એક યુવાન પર કરવામાં આવેલા જીવલેણ હુમલા સંદર્ભે સલાયા નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ તેમજ 'આપ'ના વર્તમાન ઉમેદવાર સહિત ૧૦ શખ્સોને ખંભાળિયાની સેશન્સ અદાલતે દસ વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો છે. આ તકરારમાં ક્રોસ ફરિયાદમાં મહિલાઓ સહિત નવ આરોપીઓને અદાલતે આજીવન કેદની સજા ફટકારી છે.

આ સમગ્ર પ્રકરણની વિગત એવી છે કે ખંભાળિયા તાલુકાના સલાયા ગામે ગત તારીખ ૧૩ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ સિદ્દીકભાઈ આદમભાઈ જસરાયા નામના યુવાન સાથે થયેલા ઝઘડામાં તેમને મારી નાખવાના ઈરાદાથી જીવલેણ હુમલો થયો હતો. આ પ્રકરણમાં સામસામા પક્ષે સલાયા મરીન પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ થઈ હતી. જેમાં આઈ.પી.સી. કલમ ૩૦૭ વિગેરે મુજબ સલાયામાં જકાતનાકા પાસે રહેતા અને નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તેમજ આગામી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર એવા સાલેમામદ કરીમ ભગાડ ઉર્ફે સાલુ પટેલ, અસલમ સાલેમામદ કરીમ ભગાડ, સબીર દાઉદ ભગાડ, જાવીદ દાઉદ ભગાડ, અકબર હારુન ભગાડ, બસીર દાઉદ ભગાડ, જાહીર સાલેમામદ કરીમ ભગાડ, અજીજ અબ્દુલ ભગાડ, ફારૂક અબ્દુલભાઈ ભગાડ અને આબીદ અબ્દુલભાઈ ભગાડ નામના કુલ દસ શખ્સો સામે ધોરણસર ફરિયાદ નોંધવામાં આવી હતી.

આ સંદર્ભે તપાસનીસ અધિકારી દ્વારા કરવામાં આવેલી ધોરણસર કાર્યવાહી બાદ અહીંની અદાલતમાં ચાર્જસીટ દાખલ કરવામાં આવ્યું હતું. આ અંગેનો કેસ ખંભાળિયાની પ્રિન્સિપલ સેશન્સ જજ એસ.વી. વ્યાસની અદાલતમાં ચાલી જતા અદાલતે ઉપરોક્ત આરોપીઓને તકસીરવાન ઠેરવી, ૧૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ ભગીરથસિંહ એસ. જાડેજા દ્વારા દલીલો કરવામાં આવી હતી.

**આજીવન કારાવાસ**

આ કેસમાં બોલાચાલી તેમજ મારામારી કરી અને અબ્દુલ બચુ ભગાડ નામના યુવાનને એક્સ.યુ.વી. મોટરકારની ઠોકર મારીને તેમનું મોત નીપજાવવા સબબ સલાયા મરીન પોલીસે સામાપક્ષે પણ ક્રોસ ફરિયાદ નોંધી હતી. જે અંગે કોર્ટ કાર્યવાહી બાદ સરકારી વકીલ કમલેશભાઈ ચંપકલાલ દવે દ્વારા અહીંના પ્રિન્સિપાલ સેશન્સ જજ સમક્ષ કરવામાં આવેલી દલીલોને ધ્યાનમાં લઈને આઈ.પી સી. કલમ ૩૦૨ વિગેરે હેઠળ આરોપી એવા સલાયામાં બંદર રોડ વિસ્તારમાં રહેતા નજીર આદમ જસરાયા, હારૂન આદમ જસરાયા, જુબેર આદમ જસરાયા, નુરમામદ હુસેન જસરાયા, ઉમર હજીસુમાર જસરાયા, તળાવની પાળ પાસે રહેતા ખતીજાબેન અખતર કાસમ સંઘાર, ખારી વિસ્તારમાં રહેતા સુગરાબેન હુસેન ઉમર સંઘાર, બંદર રોડ વિસ્તારમાં રહેતા સીદીક આદમ જસરાયા અને સબીર આદમ જસરાયા નામના કુલ નવ શખ્સોને તકસીરવાન ઠેરવીને આજીવન કેદની સજાનો હુકમ કર્યો હતો. આ સમગ્ર બાબતે નાના એવા સલાયા ગામમાં ભારે ચર્ચા જગાવી છે.

## વાહન ચેકીંગમાં લાખોની મતા સાથે પકડાયેલા બે શખ્સોની પૂછપરછમાં મોટો ઘટસ્ફોટ

# મરણ પથારીએ રહેલા લોકોનાં વીમા ઉતારીને કરોડોનું મહાકૌભાંડ!

**૮ રાજયોમાં પથરાયેલા કૌભાંડમાં 'એજન્ટોની મસમોટી ગેંગ' કાર્યરતઃ સરપંચ-તલાટીમંત્રી-આશાવર્કર તથા વીમા કંપનીના વેરીફીકેશન એજન્ટોની પણ સંડોવણી**


**મૃત્યુ પામેલા લોકોના નામે વીમા ઉતારીને ડેથ સર્ટીફીકેટમાં ચેડા કરીને દાવા પકડાવાના કિસ્સા પણ પ્રકાશમાંઃ પ્રાથમિક તપાસમાં જ કરોડોના કૌભાંડનો નિર્દેશ, વાસ્તવિક આંકડો ખૂબ મોટો હોવાની આશંકા**

મુંબઈ તા.૮

દેશમાં સરકારી-જાહેર ક્ષેત્રની કચેરી એજન્સીઓને સાંકળતા નીતનવા કૌભાંડો બહાર આવતા જ હોય છે. ત્યારે હવે એક નવતર કૌભાંડનો ખુલાસો થયો છે. મરણ પથારીએ રહેલી વ્યકિતનાં વીમા ઉતારીને કરોડોનું મહાકૌભાંડ આચરાયુ છે. આ સમગ્ર કારસ્તાન દેશના આઠ રાજયોમાં પથરાયેલુ હોવાનું અને તેમાં વીમા કંપનીઓથી માંડીને સરકારી કર્મચારીઓની સંડોવણીનો ઘટસ્ફોટ થયો છે.

પોલીસ દ્વારા સંભાલનાકા પરથી પસાર થતી એસયુવી કારમાંથી બે શખ્સોને લાખો રૂપિયાની રોકડ તથા ૧૯ ડેબીટ કાર્ડ સાથે પકડવામાં આવ્યા હતા અને તેમાં આ સમગ્ર સનસનીખેજ કૌભાંડનો ખુલાસો થયો હતો અને તે સાંભળીને ખુદ પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતા.

સમગ્ર કૌભાંડની તપાસ સાથે સંકળાયેલા સીનીયર પોલીસ અધિકારીએ કહ્યું કે સંભાલ નાકેથી પકડાયેલા બે શખ્સો પૈકી ઉતરપ્રદેશનાં વારાણસીનો ઓમકારેશ્વર મિશ્રા દિલ્હીની ઈસ્ટ નામની કંપનીમાં ઈન્વેસ્ટીગેટર તરીકે ફરજ બજાવે છે. જે વિવિધ વીમા કંપનીઓ વતી દાવાની ખરાઈ કરવાની કામગીરી કરે છે.



વીમાધારકનાં મૃત્યુના કિસ્સામાં થતા દાવાનું વેરીફીકિશન કંપની કરે છે. પરંતુ તેઓ આવા કિસ્સામાં કૌભાંડ કરતી હોવાનુ માલુમ પડયુ હતું.

તપાસમાં એવુ ખુલ્યુ છે કે મરણ પથારીએ હોય અથવા કેન્સર-કિડની જેવી બિમારીમાં આખરી સ્ટેજ ધરાવતા હોય અથવા પથારીવશ વૃદ્ધ હોય તેવા દર્દીના પરિવારનો એજન્ટો સંપર્ક કરે છે અને જીવન વીમો ઉતરાવવા માટે ફોસલાવી લે છે તેમના મોત બાદ પરિવારને વીમાની મોટી રકમ મળવાની લાલચ આપે છે અને કેટલાંક કિસ્સામાં તો પ્રારંભિક પ્રિમીયમ ચુકવી દેવાની પણ તૈયારી બતાવે છે. દર્દી વીમાધારકના મૃત્યુના કિસ્સામાં દાવાની મોટાભાગની રકમ એજન્ટો જ હજમ કરી જાય છે કારણ કે પરિવારને વીમાની સાચી રકમ વિશે પણ જાણ હોતી નથી. આઘાતજનક બાબત એ છે કે મૃત લોકોનાં નામે પણ વીમા ઉતરાવીને પણ આ ગેંગ દ્વારા કૌભાંડ આચરવામાં આવ્યુ હતું. બેંકોમાંથી વ્યકિતની માહીતી તફડાવી લેવાયા બાદ ગ્રામ પંચાયતનાં સરપંચ-મંત્રીને સાધીને તેના મારફત ડેથ સર્ટીફીકેટમાં ચેડા કરીને બોગસ દસ્તાવેજોનાં આધારે વીમા પોલીસી બનાવીને વીમાનો દાવો કરવામાં આવે છે.આ પ્રકારનો એક કેસ આગ્રામાંથી મળ્યો છે. ૨૦૨૦ માં મૃત્યુ પામેલ વ્યકિતનું ડેથ સર્ટીફીકિટ ૨૦૨૩ માં ઈસ્યુ કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયતે તે ઈસ્યુ કર્યું હતું.મરણનો સમય ૨૦૨૦ ને બદલે ૨૦૨૩ દર્શાવવામાં આવ્યો હતો.

પોલીસે તપાસના ભાગરૂપે વીમા દાવા ધરાવતા કેટલાંક પરિવારોનો સંપર્ક કર્યો હતો જયારે આ પરિવારોને જીવન વીમા લેવાયા વિશે કોઈ જાણ જ નથી.એટલુ જ નહિં ૮૦ ટકા પરિવારોને વીમા પેટે કોઈ નાણાં જ મળ્યા ન હતા.

તપાસનીસ પોલીસ દ્વારા કેસની તપાસમાં નિલમદેવી નામની આશાકવર્કરની પુછપરછ કરતા કૌભાંડમાં સંડોવણીની કબુલાત આપી હતી તેણીએ કહ્યું કે મૃતક પરિવારને સહાય આપવાનો દાવો રજુ કરીને બે શખ્સોએ પોતાની પાસેથી આરોગ્ય વિભાગનાં ડેટા મેળવ્યા હતા. તેઓએ સરકારના જ કર્મચારીની ઓળખ આપી હતી. દરેક ડેટા દીઠ મને રૂા.૫૦૦૦ આપ્યા હતા. જોકે, ડેટાનું તેઓએ શું કર્યું તેની જાણ નથી.

પોલીસને શંકા છે કે વેરીફીકેશન એજન્સીઓ મારફત જ કૌભાંડ થયા છે અને તે ઉતર પ્રદેશ ઉપરાંત ઉતરાખંડ, ઝારખંડ, મધ્યપ્રદેશ, બિહાર, આસામ તથા દિલ્હીમાં પણ પથરાયેલુ હતું. પોલીસ દ્વારા અત્યાર સુધીમાં ૧૦ વીમા કંપનીઓને નોટીસ ફટકારવામાં આવી છે.તેમાંથી પાંચ કંપનીઓનાં બે વર્ષનાં જ ૧૬૦૦ વીમા દાવા શંકાસ્પદ માલુમ પડયા છે મોટાભાગનાં દાવામાં વીમા લીધાના મહિનાઓમાં જ હૃદયરોગથી મૃત્યુના કારણ દર્શાવાયા છે.

## ૧૦ વીમા કંપનીઓને નોટીસઃ સેંકડો શંકાસ્પદ દાવા પકડાયા

વીમા કૌભાંડમાં ટોચની કંપનીઓને પણ કરોડોનો ચૂનો લગાવવામાં આવ્યાનું બહાર આવ્યું છે. એસબીઆઈ લાઈફમાંથી માત્ર ઉતરપ્રદેશનાં ૭ કરોડના શંકાસ્પદ દાવા મંજુર કરાયા બાદ આઈસીઆઈસીઆઈ પ્રુડેન્સીયલ લાઈફમાંથી ૪.૫ કરોડ કેનેરા એચએસબીસી લાઈફ ઈનસ્યોરન્સમાંથી ૭ કરોડના શંકાસ્પદ દાવા ચુકવાયા હતા. ઈન્ડીયા ફર્સ્ટ લાઈફ ઈસ્યુરન્સમાંથી ૧૦ કરોડની ચુકવણી થઈ છે.

એડીશનલ પોલીસ સુપ્રિટેન્ગડેન્ટ અનુકૃતિ શર્માએ કહ્યું કે ૧૦ વીમા કંપનીઓને નોટીસ આપવામાં આવી છે. અત્યાર સુધીમાં પાંચ કંપનીનાં બે વર્ષના ડેટા મળ્યા છે. તેની ચકાસણીમાં ૧૬૦૦ શંકાસ્પદ દાવા હોવાનું ધ્યાને આવ્યું છે. આ મોટાભાગનાં કિસ્સામાં વીમા ઉતારાયાના અમુક મહિનામાં જ વ્યકિતના મૃત્યુ દર્શાવાયા છે અને તમામમાં કારણ હાર્ટએટેક છે.

## ગેંગની મોડસ ઓપરેન્ડી

- ★ મરણ પથારીએ અથવા પથારીવશ હોય અથવા કેન્સર-કિડનીની લાસ્ટ સ્ટેજની બિમારી ધરાવતા વ્યકિતની માહીતી ગામોના સરપંચ-તલાટીમંત્રી-આશાવર્કર મારફત એકત્રિત કરાય છે
- ★ તબીબી ખર્ચમાં સહાયની વાત કરીને વીમા ઉતરાવવા ફોસલાવાય છે અને લાલચરૂપે પ્રારંભિક પ્રિમીયમ ભરી દેવાય છે
- ★ મૃત વ્યકિતનાં ડેથ સર્ટીફીકિટ મેળવીને વારસદારની બેંક વિગત મેળવીને ગેંગ વીમા દાવો રજુ કરે છે.
- ★ વીમા વેરીફીકિશન એજન્ટો સાથે સાંઠગાંઠ કરીને દાવા મંજુર કરાય છે.
- ★ વીમાધારકનાં પરિવારને નાણાં આપવાનાં બદલે એજન્ટો જ નાણા હજમ કરી જાય છે
- ★ બનાવટી દસ્તાવેજોના આધારે મૃત વ્યકિતના પણ વીમા ઉતરાવીને નાણાની ઉચાપત કરાય છે.

# ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકર સૌરાષ્ટ્રના પ્રવાસે : સ્થાનિક ચૂંટણીઓ અંગે પ્રચાર સમીક્ષા

**ગોંડલમાં રાજકોટ જિલ્લાની બેઠક બાદ જુનાગઢમાં મહાનગરપાલિકાની ચૂંટણી અંગે માર્ગદર્શન આપ્યું**

રાજકોટ, તા. ૮

ગુજરાતમાં યોજાઇ રહેલી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપે ૨૦૦થી વધુ બેઠકો બિનહરીફ કબ્જે કરી લીધી છે અને હવે જુનાગઢ મહાનગરપાલિકા સહિતની ચૂંટણીઓમાં પણ કલીનસ્વીપ કરવા માટે પક્ષના ટોચના નેતાઓના સૌરાષ્ટ્ર અને ગુજરાત પ્રવાસ વધી જશે જેમાં ગઇકાલે પક્ષના સંગઠન મહામંત્રી રત્નાકરે ગોંડલ ખાતે એક બેઠક યોજી હતી અને તેમાં રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ









અંગે સમીક્ષા કરી હતી તેમજ આગામી દિવસોના પ્રચાર-પ્રસાર સહિતના કામો અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. આ બાદ તેઓ જુનાગઢ ખાતે આજે પહોંચ્યા છે અને અહીં પણ પ્રભારી કમલેશ મીરાણી અને પક્ષના અગ્રણીઓ સાથે બેઠકો યોજીને ચૂંટણી અંગે માર્ગદર્શન આપ્યું હતું. રત્નાકર સૌરાષ્ટ્રભરનો પ્રવાસ કરી રહ્યા છે અને તેઓ દરેક જિલ્લાની બેઠકો યોજીને ભાજપનો વિજય નિશ્ચિત કરવા માટે તેઓએ પોતાના પ્રવાસમાં માર્ગદર્શન આપ્યું હતું.

# કેવડાવાડીમાં રહેણાક મકાનમાંથી ૭૫ હજારના દારૂ સાથે ઝડપાયો

**શહેર ક્રાઇમ બ્રાંચે રેઇડ પાડી દારૂનો જથ્થો કબ્જે લીધો**

રાજકોટ, તા.૮

રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચે બાતમી આધારે કેવડાવાડીમાં દરોડો પાડી રહેણાક મકાનમાં છુપાવેલ વિદેશી દારુ સાથે એક શખ્સને ઝડપી લઇ ગુનો નોંધેલ છે.

શહેર ક્રાઇમ બ્રાંચની ટીમના પેટ્રોલીંગમાં કોન્સ. અમીત અગ્રવાત, યુવરાજસિંહ ઝાલા, વિશાલ દવેએ બાતમી આધારે કેવડાવાડી શેરી નં.૪/૨૨ રહેણાક મકાનમાં રેઇડ કરી અલગ અલગ બ્રાન્ડ વિદેશી દારુ કિંમત રૂા.૭૫૬૬૭ અને મોબાઇલ કિંમત રૂા.૭૦૦૦ મળી કુલ રૂા.૮૨૬૬૭ સાથે



છત્રસિંહ પથુભા ઝાલાને ઝડપી લઇ ગુનો નોંધેલ છે. ઝડપાયેલ છત્રસિંહ ઝાલા અગાઉ મોરબી, વાંકાનેર અને રાજકોટના ૪ દારુના ગુનામાં સંડોવણી હોવાનું ખુલ્યું હતું.

રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચ પોલીસ ઇન્સ. એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર, એ.એન. પરમાર તથા સંજય રૂપાપરા, અમીત અગ્રાવત, દિપકભાઇ, યુવરાજસિંહ, મયુર મિયાત્રા, રાજેશ ઝળુ, પ્રદિપસિંહ, અશોક ડાંગર, વિશાલભાઇ દવે કરી હતી.

૪૮૭ ગેરકાયદે ભારતીય વસાહતીઓના ઓર્ડરઃ ૨૯૫નું લીસ્ટ ભારતને મોકલાયું

# અમાનવિય વર્તન... અમેરિકા સમક્ષ ભારતનો વિરોધઃ વધુ ૯૬ પરત આવશે

## મોદીની મુલાકાતમાં પણ મુદ્દો ઉઠાવાશેઃ વિમાન મોકલવા સહિતના વિકલ્પો પર સરકારની વિચારણા



દિલ્હી, તા.૮

અમેરિકાએ ૧૦૪ ગેરકાયદે વસાહતીઓને હાથ-પગ બાંધીને ખૂંખાર કેદીની જેમ પાછા ધકેલ્યાની ઘટનાના તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા જ છે ત્યારે તૂર્તમાં વધુ ૯૬ ભારતીયોને 'ઘરભેગા' કરાવનાર છે. આ સિવાય કુલ ૪૮૭ને પાછા મોકલાશે. અમેરિકાએ જે અપમાનજનક રીતે ભારતીયોને પરત મોકલ્યા છે તે સામે સરકાર દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. ઉપરાંત આવતા સપ્તાહે અમેરિકાના પ્રવાસ દરમ્યાન વડાપ્રધાન મોદી પણ ટ્રમ્પ સમક્ષ આ મુદ્દો ઉઠાવશે.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું કે ભારતે અમેરિકા સામે વિરોધ નોંધાવ્યો જ છે. આ પ્રકારની વર્તણુંક અટકાવી શકાઇ હોત. છેલ્લા ૧૬ વર્ષમાં ૧૫૦૦૦ ગેરકાયદે વસાહતીઓને પાછા મોકલાયા હતા. આ વખતે રાષ્ટ્રીય સુરક્ષાના ભાગરૂપે દેશ નિકાલ કરાયા હોવાથી અમેરિકાએ સૈન્ય વિમાનનો ઉપયોગ કર્યો હતો.

તેઓએ કહ્યું કે અત્યારની સ્થિતિએ ૪૮૭ ભારતીયોને દેશનિકાલના આખરી ઓર્ડર થયા છે તેમાંથી અમેરિકી તંત્રે ૨૯૫ લોકોની વિગતો ભારત સરકારને આપી છે. પ્રારંભિક તબકકે ૨૦૩ની વિગતો મોકલી હતી અને તેમાંથી ૧૦૪ પાછા આવી ગયા છે. બાકીના ૯૯માંથી ૯૬નું વેરીફિકેશન થઇ ગયું છે અને તેઓને હવે ગમે ત્યારે ભારત મોકલી દેવાશે. જો કે, આ સંખ્યામાં વધારો પણ થઇ શકે છે.

તેઓએ કહ્યું કે ભારતીયોને પરત લાવવા માટે સરકાર ખાસ વિમાન મોકલવા વિશે વિચારણા કરી રહ્યા છે. અન્ય વિકલ્પો પણ ચકાસવામાં આવી રહ્યા છે. મેક્સિકો, બ્રાઝીલ તથા કોલંબીયાએ માનવ અધિકાર ભંગનો મુદ્દો આગળ ધરીને સૈન્ય વિમાનની વાત નકારી જ હતી.

ભારત સરકારને અમેરિકાએ જો કે, એમ કહ્યું કે ગેરકાયદે વસાહતીઓના ડીપોર્ટેશનમાં સૌથી ઝડપી કામગીરી માટે સૈન્ય વિમાનનો માર્ગ જ શ્રેષ્ઠ છે અને તેને કારણે સૈન્ય વિમાનનો ઉપયોગ કરાયો હતો.

ગેરકાયદે વસાહતીઓની અમેરિકન નીતિમાં ભારત સહકાર આપતું ન હોવાની છાપ ઉભી થવા નહીં ધ્યે છતાં પરત ફરનારા લોકો ભારતીય નાગરિકો જ છે કે કેમ તેની યોગ્ય ચકાસણી કરશે.

# સરફેશી કેસોમાં શહેર પૂર્વ મામલતદાર કચેરીની હેટ્રીકઃ સતત ત્રીજી મિલ્કત કબ્જે

## બાકી બેન્ક લોનનાં કિસ્સામાં દુધસાગર રોડ ઉપર ફલેટનો કબ્જો લેવાયો

રાજકોટ, તા.૮

સરફેશીનાં કેસોમાં રાજકોટ પૂર્વ મામલતદાર કચેરીએ હેટ્રીક કરી છે અને ગઇકાલે સાંજે સતત ત્રીજા દિવસે બાકી બેન્ક લોનનાં કિસ્સામાં દૂધસાગર રોડ ઉપર ફ્લેટનો કબ્જો લઇ બેન્કને સોંપી દીધો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ તારીખઃ-૦૭/૦૨ ના શુક્રવાર રોજ રાજકોટ કલેકટર પ્રભવ જોશી અને પ્રાંત અધિકારી રાજકોટ શહેર -૧ તથા મામલતદાર એસ. જે. ચાવડા, મામલતદાર, રાજકોટ શહેર(પૂર્વ) ના માર્ગદર્શન હેઠળ સત્યમ શેરસીયા, સર્કલ ઓફિસર દ્વારા ધી સિક્યુરાઈઝેન એક્ટ હેઠળ મિલકત નો કબ્જો લીધો હતો.

તેના માટેની નોટિસ તારીખઃ-૧૬/૦૧/૨૦૨૫ નાયબ મામલતદાર ડી. આર. પુરોહિત દ્વારા તૈયાર કરી મામલતદાર, રાજકોટ શહેર(પૂર્વ) ની સહી કરી બજવેલ હતી.

રાજકોટ નાગરિક સહકારી બેંક લી. દ્વારા ''નારસદા મજીદભાઇ ગુલાબભાઇ'' ની રીધ્ધી સીધ્ધી સોસાયટી, દુધસાગર રોડ, ઉપર આવેલ રાજકોટ શહેરના સીટી સર્વે વોર્ડ નં.૧૨/૧, રેવન્યુ સર્વે નં.૧૬૭/૧૬૮ ઉપર બાંધવામાં આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ૩૦૯- એલઆઇજી ડેરી લેન્ડ સ્કીમ હેઠળ બનાવવામાં આવેલ ફલેટસ પૈકી બીજા માળે આવેલ ફલેટ નં. એલ-૧૨૦૦ કે જેની માપસાઇઝ ૨૮.૯૦ ચો.મી. કે જે રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૮૬૭૫, તા.૨૩-૧૨-૨૦૧૩ થી



મજીદભાઇ ગુલાબભાઇ નરાસડા ના નામે આવેલ છે.

મિલકત ઉપર તા. ૩૧/૧૦/૨૦૧૭ સુધીની બાકી પડતી લહેણી રકમ રૂ. ૫,૦૪,૯૭૯ અને ત્યારબાદના ચડત વ્યાજની રકમની વસુલાત માટે કબજો લેવામાં આવ્યો હતો.

# રાજયનાં બે હજાર RTO અધિકારી-કર્મચારીઓ લડતનાં માર્ગે

## લાંબા સમયથી પેન્ડીંગ ૧૯ પૈકી માત્ર એક જ પ્રશ્ન ઉકેલાયોઃ અનેક રજૂઆત છતા સરકાર દાદ દેતી ન હોય તા.૧૦મીએ 'નો-લોગઈન-ડે' અભિયાનઃ તા.૧૧મીએ માસ સી.એલ. અને તા.૧૫/૨થી બેમુદતી હડતાલનું એલાન

રાજકોટ તા.૮

રાજયનાં આર.ટી.ઓ. વિભાગનાં બે હજાર જેટલા ટેકનીકલ સહિતનાં કર્મચારીઓ અને અધિકારીઓ તેઓનાં પડતર પ્રશ્નો અંગે સરકાર સામે લડતે ચડયા છે અને છેલ્લા બે દિવસથી કાળીપટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે અને હવે તા.૧૦થી લડત ઉગ્ર બનાવવામાં આવનાર છે. તા.૧૦મીએ રાજયભરનાં આર.ટી.ઓ. કર્મચારીઓ ચેક પોઈન્ટ ખાતે પોતાનું કોઈપણ પ્રકારની કામગીરીનું લોગઈન નહી કરી 'નો-લોગઈન-ડે' અભિયાન ચલાવશે, જયારે, તા.૧૧મીએ તમામ ટેકનીકલ કર્મચારીઓ એક દિવસની માસ સી.એલ. ઉપર જશે અને ધારણ-પ્રદર્શન કરશે. આમ છતાં સરકાર પડતર પ્રશ્નો નહી ઉકેલે તો તા.૧૫/૨થી તમામ કર્મચારીઓ બેમુદતી હડતાલ ઉપર ઉતરી જશે.

દરમ્યાન ગુજરાત મોટર વ્હીકલ્સ ડિપાર્ટમેન્ટ ટેકનીકલ ઓફીસર્સ એસોસીએશનનાં હોદેદારોનાં જણાવ્યા મુજબ તાજેતરમાં ગુજરાત મોટર વાહન વિભાગ ટેકનીકલ ઓફિસર્સ





એસોસીએશનની વારંવાર રજુઆતોનો યોગ્ય ઉકેલ ન આવતા સંદર્ભ (૧) અન્વયેના પત્રથી ગાંધીચીંધ્યા માર્ગો આંદોલન કરવાની ફરજ પડી હતી. જેમાં તત્કાલીન અધિક મુખ્ય સચીવ સાથે થયેલ બેઠક અને સરકાર દ્વારા રચવામાં આવેલ સમીતીમાં બતાવેલ હકારાત્મક અભિગમ અને સમાધાન મુજબ એસોસીએશન દ્વારા તમામ કાર્યક્રમો સ્થગીત કરવામાં આવેલા હતા. પરંતુ ત્યારબાદ એસોસીએશન દ્વારા રજુ કરાયેલ ૧૯ મુદ્દાઓમાંથી પ્રોબેશનને લગત એક જ મુદ્દા પરત્વે કાર્યવાહી કરવામાં આવેલ હતી. અન્ય તમામ રજુઆતો પરત્વે આજદિન સુધી યોગ્ય નિરાકરણ કરવામાં આવેલ નથી. આથી આ તમામ પડતર પ્રશ્નો અને રજુઆતો બાબતે યોગ્ય કાર્યવાહી માટે લડત આરંભાઈ છે.

વધુમાં એસોસીએશનનાં હોદ્દેદારોનાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૮માં નિમણુંક પામેલા અધિકારીઓને એપ્રિલ ૨૦૨૪માં પાંચ વર્ષ પુર્ણ થઈ ગયા હતા. ૧૨માંથી ફકત ૪ અધિકારીઓનાં જ પ્રોબેશન પૂર્ણ કરવા આદેશ કરાયો છે અને અન્ય ૮ અધિકારીનાં પ્રોબેશન પૂર્ણ કરાયા નથી.તેમજ સપ્ટેમ્બર ૨૦૨૨માં નિયુકત થયેલા તમામ આરટીઓ ઈન્સ્પેકટરને પણ નિયુક્તિનાં બે વર્ષ થઈ ગયા છતા હજુ સુધી લાંબાગાળાની નિમણુંક અપાઈ નથી.તેમજ છેલ્લા ચાર વર્ષમાં અસંખ્ય અધિકારીઓને સામાન્ય ભુલોમાં/બેનામી/નનામી અરજીઓનાં આધારે/ એજન્ટો અને ટ્રાન્સપોટર્સની બદલાની ભાવનાથી પ્રેરિત અરજીઓના આધારે નોટીસ/ ચાર્જશીટ આપી ખાતાકીય તપાસો આરંભવામાં આવેલ છે. આ બાબતે વારંવાર લેખિત અને મૌખિક રજુઆતો કરવા છતાં આ સમસ્યાનું નિવારણ કરવામાં આવેલ નથી. અગાઉના આંદોલન સમયે થયેલા સમાધાન પરત્વે પણ કોઈ સમીતીની રચના કરી આવા તમામ કેસોની સ્કુટીની કરી નિકાલ કરવામાં આવેલ નથી. આથી આવા તમામ કેસોની સ્કુટીની કરી તાત્કાલિક નિકાલ લાવવાની કાર્યવાહી જરૂરી છે.

# પૂર્વ ઝોનમાં ૨૨.૬૧ કરોડના ખર્ચે નવા રોડ : સોખડા-કુવાડવા રોડ નવો બનશે

## પૂર્વ ઝોનની ૧૮૦ જેટલી સોસાયટીના મુખ્ય, આંતરિક રસ્તાઓ મેટલીંગ અને પેવરથી મઢવા ટેન્ડર પ્રસિધ્ધ : માર્ચ સુધીમાં વર્ક ઓર્ડર આપી દેવાની પણ ગણતરી

રાજકોટ, તા. ૮

૨૦૧૫ની કોર્પો.ની ચૂંટણી વખતે રાજકોટ મહાપાલિકામાં ભળેલા કોઠારીયા સહિતના ઈસ્ટ ઝોનના ઘણા ભાગોમાં હજુ રસ્તા ગટર, લાઇટ સહિતની પ્રાથમિક સુવિધાઓ આપવાનું બાકી છે ત્યારે ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં રહેલા બાકી કામો ઝડપથી દોડાવવા બજેટ સમીક્ષાની મીટીંગમાં પણ સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે સૂચના આપી હતી. આ સાથે પૂર્વ ઝોનના છ વોર્ડના ૧૮૦ રોડના રસ્તા પેવરથી મઢવા ૨૨.૬૧ કરોડના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે.

૨૦૨૪-૨૫ના ગત બજેટમાં પૂર્વ ઝોનમાં રોડ-રસ્તા સહિતના લોકોની પાયાની જરૂરિયાતના કામોની જોગવાઇ કરવામાં આવી હતી. જેથી બજેટમાં ઈસ્ટ ઝોનના ૬ વોર્ડમાં પ્રથમ ટીપી રોડ અને નવી બનેલી સોસાયટીઓના રોડ-રસ્તાઓ તેમજ યુટીલીટી રોડને અગ્રતા આપી ખર્ચની જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ બજેટના આ કામ કાગળમાંથી બહાર આવ્યા ન હોય, પૂર્વ ઝોનના નગરસેવકોએ તાજેતરની ઝોન લેવલની મીટીંગમાં પણ ધ્યાન દોર્યુ હતું આથી ઇસ્ટ ઝોનમાં પેવર અને મેટલીંગ કામ માટેના ટેન્ડર બાંધકામ શાખાએ પ્રસિધ્ધ કર્યા છે.

વોર્ડ નં. ૪, ૫, ૬, ૧૫, ૧૬ અને ૧૮માં મેટલીંગ કામમ માટે ૯.૫૨ કરોડ તેમજ સોસાયટીઓના રસ્તા માટે ૧.૩૫ કરોડ અને પેવર રોડ માટે રૂા. ૧૧.૭૪ કરોડના કામોના ટેન્ડર બહાર પાડીને ભાવ મંગાવવામાં આવ્યા છે.

વોર્ડ નં. ૪, ૫ અને ૬ તેમજ મોરબી રોડની ઉપરના વિસ્તારોમાં રોડ રસ્તાનું ઘણુ કામ બાકી હોય અને નવી બનેલી સોસાયટીઓ તેમજ બાકી રહેલી સોસાયટીઓના મેટલીંગના કામો પૂર્ણ કરવા માટે તેમજ પેચવર્ક થયું હોય તેવા મુખ્યમાર્ગો પર રી-કાર્પેટ કામ હાથ પર લેવામાં આવ્યું છે. પૂરા થઇ રહેલા બજેટમાં બાકી રહી ગયેલા રોડ-રસ્તાના કામોના એક સાથે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. અને આ મુદ્દે ઝડપી પ્રક્રિયા હાથ ધરી સ્ટેન્ડીંગમાં દરખાસ્ત રજૂ કરી માર્ચના અંત પહેલા કામ શરૂ કરાવી દેવા તંત્રની ગણતરી છે.

જે કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં વોર્ડ નં. ૪ માં શિવમ પાર્ક, સુખસાગર સોસાયટી, લાતી પ્લોટ, ગણેશનગર, રોહિદાસપરા, ખોડિયારપરા, ભગવતીપરા, જયપ્રકાશનગર, રિધ્ધિ-સિધ્ધિ સોસાયટી, હરસિદ્ધી સોસાયટી તેમજ લાગુ ટીપી રોડ અને ભગવતીપરા મેઈન રોડ સહિતના મુખ્યમાર્ગો અને સોસાયટીઓમાં મેટલીંગ તથા પેવર કામ કરવામાં આવશે. જયારે નવી બનેલી ૩૦થી વધુ સોસાયટીઓમાં પ્રથમ મેટલીંગ કામ કરી નવા રોડ બનાવવામાં આવશે.

છ વોર્ડમાં સોસાયટીઓ તેમજ મુખ્યમાર્ગો સિવાય સોખડા ચોકડીથી કુવાડવા તરફ જતાં રોડનું નવીનીકરણ કરવામાં આવશે. હાલ આ રસ્તો જર્જરીત હાલતમાં છે. રૂા. ૯.૧૨ કરોડના ખર્ચે સોખડા ચોકડીથી કુવાડવા રોડ સુધીનો નવો ડામર રોડ બનાવવા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ રીતે હવે બે મહિનામાં શકય એટલા વધુ કામોના વર્ક ઓર્ડર આપી દેવા પદાધિકારીઓએ સૂચના આપી છે.





ફેક્ટરીમાં આગ લાગતા દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યાં (તસવીર : જીજ્ઞેશ પ્રજાપતિ)

# ગાદલા બનાવતી ફેક્ટરીમાં આગ : લાખોનું નુકસાન

## બેડી (વાછકપર) ગામે ફેક્ટરી આવેલ છે, ફાયર બ્રિગેડ દોડી ગયું

રાજકોટ, તા.૮

રાજકોટની નજીક મોરબી રોડ પર બેડી (વાછકપર) ગામે ગાદલા બનાવતી ફેક્ટરીમાં આગ ભભૂકી ઉઠી હતી. જેમાં લાખોનું નુકસાન થયું છે.

રાજકોટ - મોરબી રોડ વાછકપર (બેડી) ગામે ફેક્ટરીમાં આગની ઘટના બનતા મોરબી અને રાજકોટથી ફાયર બ્રિગેડની ટીમો દોડી ગઈ હતી.કંપનીનું નામ વોર્થ વિલ લિમિટેડ હોવાનું જાણવા મળ્યું છે. આગનું કારણ જાણી શકાયું નથી. કોટન અને ફોમના ગાદલા બનાવતી કંપની હોય, આગે વિકરાળ રૂપ લીધું હતું. દૂર દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યાં હતા.

# રાજકોટ એસ.ટી.બસપોર્ટ પર લોલંલોલ !

## ત્રણ માસથી રાત્રે ૯ થી સવારે ૫ સુધી જી.પી.એસ.સિસ્ટમ ઠપ્પ થઈ જાય છેઃ મુસાફરોને ભારે હાલાકીઃ કોન્ટ્રાકટર-અધિકારીને પેનલ્ટી ફટકારવા મુસાફરહિત રક્ષક સમિતિની માંગ

રાજકોટ,તા.૮

ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના આગેવાનો જણાવે છે કે રાજ્યના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી અને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના અધિકારીઓ દ્વારા વખતો વખત કહેવામાં આવ્યું છે કે મુસાફરોને એસ.ટી આધુનિક ઇન્સ્ફરાસ્ટ્રકચર સાથે સારી સુવિધા આપવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે. પરંતુ રાજકોટ ઢેબર રોડ પરના એસ.ટી બસ પોર્ટ ના જવાબદાર કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ આ સલાહનો ઉલાળીયો કરી મન ફાવે તે રીતે મન પડે તે રીતે વર્તન કરવામાં આવે છે. કોન્ટ્રાક્ટર અને એસ.ટીના અધિકારીઓની લડાઈમાં મુસાફરોનો ખો નીકળે છે. મુસાફરોને મળતી અસુવિધા બદલ કોન્ટ્રાક્ટરને ત્રણેક વખત દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવી હોવા છતાં સુધારવાનું નામ લેતા નથી.

મુસાફર હિતરક્ષક સમિતિ ને મળેલ ફરિયાદ પરથી રાજકોટ એસ.ટી બસ પોર્ટ માં છેલ્લા બે થી ત્રણ માસથી રાત્રે ૯ થી ૫ સુધી જીપીએસ સિસ્ટમ બંધ કરી દેવામાં આવે છે જે પગલે એસ.ટી બસમાં રહેલ ટીવીની સ્ક્રીનમાં કાળુ ધબ હોય છે. અને પ્લેટફોર્મ નંબર ૨૨ પાસે તો સ્ક્રીન છે જ નહીં સિસ્ટમ બંધ હોવાને પગલે ટ્રાફિક કંટ્રોલર ને અને મુસાફરોને બસનું લોકેશન જાણવા મળતું નથી. જે પગલે છેલ્લા ઘણા સમયથી રાત્રિના સમયે ભારે દેકારો બોલી જાય છે.આ અંગે ટ્રાફિક કંટ્રોલર દ્વારા અધિકારીઓ સમક્ષ અવાર નવાર મૌખિક ફરિયાદો કરવા છતાં જીપીએસ ની સિસ્ટમ કોઈ કારણસર ચાલુ કરવામાં આવતી નથી અને ખામીયુક્ત સેવા મુસાફરોને ભોગવવી પડે છે.રાજ્ય સરકારના પ્રોજેક્ટ દ્વારા



પીપીપી ધોરણે જે બસ સ્ટેશનો કાર્યરત છે તેમાં કોન્ટ્રાક્ટરોની ખુલ્લેઆમ દાદાગીરી હોય છે. સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટમાં રોજબરોજ ૧૫૦૦થી વધુ બસોની અવરજવર રહે છે રાત્રે પણ બસો આવતી હોય ત્યારે જીપીએસ સિસ્ટમ બંધ કરી દેવામાં આવતા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ મુસાફરોએ નોંધવાની ફરિયાદપોથી (પરિશિષ્ટ બ) તારીખ ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ફરિયાદ નંબર ૧૪૩૫૩૬ શ્રી રાત્રે ૧૧:૦૦ કલાકે ગજેન્દ્રસિંહ ઝાલા દ્વારા ફરિયાદ કરવામાં આવી છે.

# કાલથી અંબાજીના શક્તિપીઠ મેળા માટે ૮૮ એક્સ્ટ્રા બસો દોડાવાશે

## ત્રણ દિવસમાં કુલ ૫૦૦ ટ્રીપો દોડશેઃ એસ.ટી.નું આયોજન

રાજકોટ, તા.૮

શક્તિપીઠ અંબાજીધામ ખાતે આવતીકાલથી ૯૧ શક્તિપીઠનો ભવ્ય પરિક્રમા મેળો શરૂ થઇ રહ્યો છે. જેમાં હજારો મુસાફરો રાજ્યભરમાંથી ઉમટશે. આ મુસાફરોની અવર-જવર માટે એસ.ટી. નિગમે ખાસ એકસ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કર્યું છે.

એસ.ટી.ના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ અમદાવાદ, પાલનપુર, મહેસાણા અને હિંમતનગર વિભાગ દ્વારા આવતીકાલ તા.૯થી ૧૧ વચ્ચે એસ.ટી. તંત્ર ૮૮ એક્સ્ટ્રા બસો દોડાવાશે. જ્યારે અંબાજી-૮માં આંતરિક જુદા-જુદા સ્થળે



જવા માટે ૪૪ વધારાની બસો દોડાવાશે.

એસ.ટી. નિગમના સૂત્રોના જણાવ્યા મુજબ આવતીકાલથી શરૂ થઇ રહેલી એકસ્ટ્રા બસો ત્રણ દિવસ દરમ્યાન ૫૦૦થી વધુ વધારાની ટ્રીપોનું સંચાલન કરશે.આ મેળા દરમિયાન યાત્રિકોને કોઇ સમસ્યા ન થાય તે માટે ઉપરોક્ત ચાર એસટી વિભાગોને ઉચ્ચકક્ષાએથી ખાસ સુચનાઓ અપાઇ છે.

# પ્રાંત અધિકારીઓ-મામલતદારોનું કાયમી મુસાફરી ભથ્થુ રદ્દઃ હવે લોગબુક આધારિત વાહનોનો ઉપયોગ કરવો પડશે

## મહેસુલ વિભાગ દ્વારા રાજયભરના કલેકટરોને આદેશઃ અધિકારીઓ દ્વારા કરાતી મુસાફરીનો ઈંધણનો ખર્ચ અને દૈનિક ભથ્થુ જ ચૂકવાશે

રાજકોટ તા.૮

રાજય સરકારના મહેસુલ વિભાગ હેઠળની રાજયની તમામ જીલ્લા કલેકટર કચેરી ખાતે ફરજ બજાવતા પ્રાંત અધિકારીઓ અને મામલત્તદારોને સરકારી કામકાજ માટે ફાળવવામાં આવતા પેટ્રોલ-ડીઝલ સંચાલિત વાહનો માટે અત્યાર સુધી કાયમી મુસાફરી ભથ્થુ ચૂકવવામાં આવતું હતું. તેને રદ્દ કરી અધિકારીઓને હવે લોગબુક આધારિત વાહનોનો ઉપયોગ કરવા રાજયના મહેસુલ વિભાગના સચિવ સચિન પટ્ટવર્ધને આદેશ કરેલ છે.

મહેસુલ વિભાગના સચિવ સચિન પટ્ટવર્ધને આ અંગે જણાવ્યું છે કે રાજયભરની જીલ્લા કલેકટર કચેરીઓ હેઠળ ફરજ બજાવતા પ્રાંત અધિકારીઓ અને મામલતદારોને ચુકવવામાં આવતા કાયમી મુસાફરી ભથ્થાની જગ્યાએ રાજય સરકારના અન્ય અધિકારીઓની જેમ લોગબુક ઉપર લાવવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

જે બાદ મહેસુલ વિભાગનો તા.૧-૧-૨૦૨૨નો ઠરાવ રદ્દ કરી તેની જગ્યાએ પ્રાંત અધિકારીઓ અને મામલત્તદારો કે જેઓને સરકારી કામકાજ અર્થે પેટ્રોલ-ડીઝલ સંચાલિત સરકારી વાહનોના ઉપયોગ કરવાનો થતો હોય તેઓને ચૂકવવામાં આવતા કાયમી મુસાફરી ભથ્થાની જગ્યાએ લોકબુક આધારિત વાહનોનો ઉપયોગ કરવા આદેશ કરાયેલ છે. વધુમાં આ અધિકારીઓ દ્વારા જે મુસાફરી કરવામાં આવે તે માટે પેટ્રોલ કે ડીઝલનો ખરેખર ખર્ચ ઉપરાંત લાગુ પડતા દરે દૈનિક ભથ્થુ ચૂકવવામાં આવશે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજય સરકારના મહેસુલ વિભાગના આ આદેશના પગલે અનઅધિકૃત રીતે વાહનોના થતા ઉપયોગ પર નિયંત્રણ લાગશે.

# રાજકોટ સહિત રાજયની ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યની મુલત્વી રખાયેલી ભરતી પ્રક્રિયા પુનઃ શરૂ કરવા આદેશ

## પસંદગી પામેલા ઉમેદવારોને તા.૨૬ ફેબ્રુ. સુધીમાં હાજર કરી દેવા પણ શિક્ષણાધિકારીઓને તાકીદ કરતા શિક્ષણ નિયામક

રાજકોટ,તા.૮

રાજકોટ સહિત રાજયની ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યની મુલત્વી રખાયેલી ભરતી પ્રક્રિયા પુનઃશરૂ કરવા માટે રાજયના સંયુકત શિક્ષણ નિયામકે આદેશ કરી ઉમેદવારોના ઈન્ટરવ્યુની નવી તારીખ જાહેર કરી દીધી છે.નગરપાલિકાઓની ચૂંટણીની આચારસંહિતાના પગલે ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યની ભરતી પ્રક્રિયા સ્થગીત કરી દેવામાં આવી હતી. પરંતુ ચૂંટણીપંચ દ્વારા મંજૂરી મળતા આચાર્યની મુલત્વી રખાયેલી ભરતી પ્રક્રિયા પુનઃ શરૂ કરવા માટે સંયુકત શિક્ષણ નિયામકે આદેશ કરી આ અંગે રાજકોટ સહિત રાજયભરના શિક્ષણાધિકારીઓને પરિપત્ર ઈશ્યુ કરી દીધા છે.અહી એ ઉલ્લેખનીય છે કે રાજકોટમાં પણ ગ્રાન્ટેડ શાળાઓના ૪૦ થી વધુ આચાર્યોની ભરતી માટે પ્રક્રિયા હાથ ધરાયા બાદ ચૂંટણી આચાર સંહિતાના પગલે સ્થગીત કરી દેવામાં આવી હતી. જો કે હવે આ પ્રક્રિયા આગળ ધપાવવા લીલીઝંડી આપી દેવામાં આવી છે. અંગે રાજયના સંયુકત શિક્ષણ નિયામકે જણાવેલ છે કે આ ભરતી પ્રક્રિયામાં પસંદગી પામનારા ઉમેદવારોને તા.૧૭ થી ૨૬ સુધીમાં નિમણુંક હુકમો આપી તા.૧૭ થી ૨૬ સુધીમાં ઉમેદવારોને શાળાઓમાં આ હાજર કરી દેવાના રહેશે.

### ૧૨ લાખની આવક કરમુક્ત-કર્મચારીઓ માટે નવું પગારપંચ 'માસ્ટર સ્ટ્રોક'

# દિલ્હીમાં 'મોદી કાર્ડ' ચાલ્યું: મધ્યમ વર્ગનું 'દિલ' જીતી સત્તા હાંસલ કરી

## મોદીના નામે ચૂંટણી લડીને વડાપ્રધાનની લોકપ્રિયતાનો લાભ મળ્યો: પાટનગરના પ્રદૂષણ, યમુના મુદ્દો તથા પાયાના પ્રશ્નોનો પ્રચાર 'અસરકારક' નિવડ્યો



નવી દિલ્હી, તા.૮

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી સાથે ભાજપે સપાટો બોલાવી દીધો છે ત્યારે આ પાછળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો માસ્ટર સ્ટ્રોક કામ આવી ગયો હતો. સામાન્ય બજેટમાં ૧૨ લાખ સુધીની આવકને ટેક્સમુક્ત કરી દેવાના મોદી સરકારના નિર્ણયને માસ્ટર સ્ટ્રોક ગણવામાં આવે છે અને તેને કારણે પાટનગરનો આખો રાજકીય ખેલ ઉંધો પડી ગયો હતો.

દિલ્હીની ચૂંટણીમાં તમામ રાજકીય પક્ષોએ વચનોનો પટારો ખોલ્યો હતો. બેરોજગાર યુવાનો તથા મહિલા મતદારો પર ખાસ ફોક્સ કરીને વચન આપવામાં આવ્યા હતા. પરંતુ મોદી સરકારે ચૂંટણી મતદાન પૂર્વે જ સામાન્ય બજેટમાં આવકવેરા પૂર્વે જ સામાન્ય બજેટમાં આવકવેરા મોરચે મોટી રાહત જાહેર કરી દેતા સમગ્ર ખેલ બદલાઇ ગયો હતો. ૧૨ લાખ સુધીની ટેક્સ મુક્તિની જાહેરાતથી મધ્યમ વર્ગની વોટીંગ પેટર્નમાં મોટો બદલાવ થયો હતો અને તેને મોદીનો માસ્ટર સ્ટ્રોક ગણાવામાં આવે છે. અંતિમ ઘડીના ચૂંટણી પ્રચારમાં મોદી તથા અમીત શાહે ટેક્સ છૂટનો મુદ્દો જોરશોરથી ચગાવ્યો હતો. ભાજપ મધ્યમ વર્ગની પાર્ટી હોવાનો પ્રચાર કર્યો હતો.

દિલ્હીના રાજકારણમાં મધ્યમ વર્ગની મોટી અને નિર્ણાયક ભૂમિકા છે. પાટનગરની ૪૫ ટકા વસ્તી રાજકારણ પ્રત્યે ઘણી જાગૃત છે. ભાજપ અને 'આપ' એમ બન્ને પક્ષો મધ્યમ વર્ગના રોલથી સારી રીતે વાકેફ હતા અને એટલે ઢંઢેરામાં મધ્યમ વર્ગ કેન્દ્રીત વચનો આપ્યા હતા. ભાજપ દ્વારા મહિલાઓને રૂા.૨૫૦૦ આપવાનું વચન જાહેર કરાયું હતું તે પાછળનો ઉદ્દેશ પણ મહિલા મતદારોને ખેંચવાનો હતો. વડાપ્રધાન મોદીએ તો એક જાહેરસભામાં એમ પણ કહી દીધું હતું કે ૮ માર્ચ પછી મહિલાઓને આ નાણાં મળવા લાગશે ત્યાર પછી બજેટમાં ૧૨ લાખ સુધીની આવક પર ટેક્સછૂટ અપાતા મધ્યમ વર્ગ વધુ પ્રભાવિત થયો હતો અને સીધી અસર મતદાન તથા આજના પરિણામ પર પડી હતી.

દિલ્હીમાં મતદાન પછી એક્ઝીટ પોલમાં ભાજપની જીત થવાના વર્તારા વ્યક્ત થયા જ હતા એટલું જ નહીં પીપલ્સ ઇન સાઇટ નામની એજન્સીએ તો જીત પાછળ બજેટની ટેક્સ છૂટછાટ મોટું કારણ હોવાનું જાહેર કરી દીધું હતું.

ભાજપને મહારાષ્ટ્ર પછી આ બીજા મહત્વના રાજ્યમાં જીત મળી હોવાથી કેસરીયા છાવણીમાં ખુશીની અભૂતપૂર્વ લહેર સ્વાભાવિક છે. ૨૭ વર્ષ બાદ દિલ્હીમાં ભાજપને સત્તા મળી છે.

દિલ્હીની ચૂંટણીમાં તમામ રાજકીય પક્ષોએ 'રેવડી કલ્ચર' અપનાવ્યું હતું. ત્યારે ભાજપ તરફથી 'મોદીની ગેરંટી'નો પ્રચાર પણ નિર્ણાયક સાબિત થયો હતો. ઉપરાંત સરકારના સુશાસન પ્રતિ પણ વિશ્વાસ દર્શાવ્યો હતો.

દિલ્હીનું શાસન કબ્જે કરવા માટે ભાજપ દ્વારા તમામ તાકાત કામે લગાડી દેવામાં આવી જ હતી. કેન્દ્ર સરકારનો પણ સહયોગ મળ્યો હતો. ઉપ રાજ્યપાલ સાથે 'આપ' સરકારના સતત સંઘર્ષનો પણ લાભ મળ્યો હતો. કેન્દ્ર સરકારે બજેટમાં ૧૨ લાખ સુધીની આવક ટેકસ મુકત કરવાઉપરાંત સરકારી કર્મચારીઓ માટે આઠમા પગારપંચની જાહેરાત કરી હતી તેનો પણ મધ્યમ વર્ગમાં આવતા કર્મચારી વર્ગમાં મોટો પ્રભાવ પડ્યો હતો.

ભાજપ દ્વારા તમામ સ્ટાર પ્રચારકોને મેદાનમાં ઉતારાયાની સાથોસાથ મોદીના નામે જ મત માંગવામાં આવ્યા હતા. વડાપ્રધાન મોદીની લોકપ્રિયતા અકબંધ હોવાનું સ્પષ્ટ હતું અને તેના સહારે મોદી કાર્ડ ચાલ્યું હતું. આ સિવાય પ્રદૂષણ, યમુનાનો મુદ્દો, પાયાના પ્રશ્નોએ 'આપ' સરકારની નિષ્ફળતા જેવા કારણોએ પણ ભાજપ ભજવ્યો હતો.

## કેજરીવાલને હરાવીને 'જાયન્ટ કીલર' બનેલા પ્રવેશસિંઘ વર્મા કોણ છે?



દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં 'આપ'ના ધરખમ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને હરાવીને ભાજપના પ્રવેશ સાહિબસિંઘ વર્મા જાયન્ટ કીલર બન્યા છે. તેઓ દિલ્હીના રાજકીય પરિવારના જ છે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના પૂર્વ નેતા સાહિબસિંઘ વર્માના તેઓ પુત્ર છે તેમના કાકા આઝાદસિંઘ નોર્થ દિલ્હી મ્યુનીસીપલ કોર્પોરેશનના મેયર રહી ચૂક્યા છે.

૧૯૭૭માં જન્મેલા પ્રવેશ વર્માએ દિલ્હીમાંથી જ શિક્ષણ મેળવ્યું હતું. ૨૦૧૩ની ચૂંટણીમાં રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. વિધાનસભામાં જીત મેળવી હતી. ૨૦૧૪માં લોકસભા ચૂંટણીમાં જીત હાંસલ કરી હતી. ૨૦૧૯માં ૫.૭૮ લાખની પ્રચંડ સરસાઇથી વિજેતા બન્યા હતા. ચૂંટણી પૂર્વે તેઓએ 'કેજરીવાલ હટાઓ, દેશ બચાવો' અભિયાન શરૂ કર્યું હતું.

## ઉત્તરપ્રદેશની મિલ્કીપુર પેટા ચૂંટણીમાં ભાજપની જીત : સ.પા. પાસેથી બેઠક આંચકી

### અયોધ્યા લોકસભા બેઠક ગુમાવ્યા બાદ પ્રતિષ્ઠાના જંગ જેવી બેઠક પર યોગી ખુદ કંટ્રોલમાં હતા



લખનૌ, તા. ૮

ઉત્તરપ્રદેશમાં મિલ્કીપુર વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપે આ બેઠક સમાજવાદી પક્ષ પાસેથી આંચકી લીધી છે. અયોધ્યા સંસદીય બેઠક હેઠળ આવતી મિલ્કીપુરની પેટા ચૂંટણી પ્રતિષ્ઠાનો જંગ બની ગઇ છે અને ભાજપના ઉમેદવાર ચંદ્રભાણુ પાસવાનએ સમાજવાદી પક્ષના અજીત પ્રસાદને ૪૨ હજારથી વધુ મતે પરાજય આપ્યો છે. આ બેઠક અગાઉ સમાજવાદી પક્ષ પાસે હતી આ પક્ષના વડા અખિલેશ યાદવે પરાજય સ્વીકારી લીધો છે. આમ ઉત્તરપ્રદેશમાં વધુ એક પેટા ચૂંટણીમાં ભાજપે સપાને મોટો આંચકો આપ્યો છે. રાજયના નાયબ મુખ્યમંત્રી કેશવપ્રસાદ મોર્યાએ આ વિજય ઉપર પક્ષના કાર્યકર્તાઓને અભિનંદન આપતા કહ્યું સમાજવાદી પક્ષ એ હવે સમાપ્ત પક્ષ બની ગયો છે. ૨૦૨૭માં વિપક્ષમાં બેસવાનું નિશ્ચિત છે. જુન માસમાં લોકસભા ચૂંટણીમાં અયોધ્યા સંસદીય બેઠક ભાજપે ગુમાવી હતી. અને તે તેથી આ ચૂંટણી પક્ષ માટે પ્રતિષ્ઠાનો જંગ બની ગઇ હતી અને યોગી આદિત્યનાથ ખુદ પ્રચારમાં ગયા હતા આમ ફરી એક વખત યોગીએ અખિલેશ યાદવને આંચકો આપ્યો છે.

## જનશકિત સર્વોપરિ, વિકાસ જીત્યો, સુશાસન જીત્યું: વડાપ્રધાન મોદી

### દિલ્હીના લોકોનું જીવન ઉત્તમ બનાવવામાં અમે કોઈ કસર નહીં છોડીએ: વડાપ્રધાન

નવીદિલ્હી: દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની જીતને લઈને વડાપ્રધાન મોદીએ પોતાનું રિએકશન આપ્યું હતું કે જનશકિત સર્વોપરિ. તેમણે લખ્યું હતું વિકાસની જીત, સુશાસન જીત્યું.

ભાજપને જીતાડવા માટે મારા વંદન અને અભિનંદન. આપે જે ભરપૂર આશીર્વાદ અને સ્નેહ આપ્યો છે તેના માટે આપ સૌનો હૃદયથી આભાર. દિલ્હીનો ચોતરફ વિકાસ અને અહીંના લોકોનું જીવન ઉત્તમ બનાવવા માટે અમે કોઈ કસર નહીં છોડીએ આ અમારી ગેરંટી છે. આ સાથે જ અમે એ પણ નિશ્ચિત કરશું કે વિકસિત ભારતના નિર્માણમાં દિલ્હીની મહત્વની ભૂમિકા હોય મોદીએ લખ્યું હતું કે મને મારા બધા કાર્યકર્તાઓ પર ખૂબજ ગૌરવ છે, જેમણે આ પ્રચંડ જનાદેશ માટે દિવસ રાત એક કર્યા છે હવે અમે વધુ મજબૂતીથી અમને દિલ્હીવાસીઓની સેવામાં સમર્પિત કરશું.

## ભાજપમાં વિજય ઉજવણી શરૂ: સાંજે ૭-૩૦ કલાકે મોદી વડા મથકે પક્ષના કાર્યકર્તાઓને સંબોધશે

નવી દિલ્હી, તા.૮

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજયને વધાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સાંજે ૭-૩૦ કલાકે પક્ષના વડા મથક ખાતે કાર્યકર્તાઓને સંબોધશે. દરેક ચૂંટણી વિજય બાદ મોદી અને ભાજપનું ટોચનું નેતૃત્વ પક્ષના વડા મથક ખાતે જીતની ઉજવણી કરે છે. અને દિલ્હીમાં પણ ભાજપે ૨૭ વર્ષ બાદ પ્રચંડ વિજય મેળવ્યો છે અને તેની જબરી ઉજવણી શરુ થઇ ગઇ છે. સાંજે ૭-૩૦ કલાકે વડાપ્રધાન મોદી ભાજપ વડા મથકે પહોંચીને તેમાં સામેલ થશે અને કાર્યકર્તાઓને દેશભરમાં સંબોધશે.

## દિલ્હીમાં ભાજપની જીત એ જુઠ સામે સત્યનો વિજય : સોનાની થાળીમાં લોઢાની મેખ હતી તે દુર થઇ છે : વિજય રૂપાણી



રાજકોટ, તા. ૮

દિલ્હીમાં ભાજપના ભવ્ય વિજયને વધાવતા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યુંકે જેરીતે દિલ્હીમાં સતત જુઠનુંશાસન ચલાવાતું હતું તેની સામે સત્યનો વિજય થયો છે. દેશહિતને એક બાજુ મુકીને વોટબેંકની રાજનીતિ અરવિંદકેજરીવાલ અને તેની સરકારે અપનાવી હતી પણ તેમના જુઠાણાના પુલંદાને દિલ્હીની જનતાએ ફગાવી દીધા છે. ૧૦ વર્ષ શાસન કર્યુ પણ ફક્ત વાયદાઓ અને તે પણ જુઠા વાયદાઓના આધારે હવે ભારતમાં શાસન ચાલશે નહીં તે દિલ્હીની જનતાએ નક્કી કરી લીધુ છે. દેશભરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની લોકપ્રિયતાએ જે રીતે શાસનમાં એક નવી સિધ્ધિનું સર્જન કર્યુ છે તેમાં હરિયાણા અને મહારાષ્ટ્રનો વિજય સામેલ છે અને દિલ્હીની સરકાર દેશમાં સોનાના શાસનમાં લોઢાની મેખ જેવી હતી તે દુર થઇ છે. રૂપાણીએ દિલ્હીમાં વિજય બદલ કાર્યકર્તાઓને અભિનંદન આપ્યા હતા.

### ભાજપનો ૨૭ વર્ષનો વનવાસ પૂરો : ૧૯૯૩માં રામ લહેર પર વિજય મેળવ્યો હતો : ૨૦૨૫માં મોદી લહેરએ જીતાડ્યા

## 'આપ' અને કોંગ્રેસના પરાજય પર C.M. ઉમરઅબ્દુલ્લાનો કટાક્ષ : હજુ અંદરોઅંદર લડો



નવી દિલ્હી, તા.૮

૧૯૯૩માં ભાજપે દિલ્હી વિધાનસભામાં જીત મેળવ્યા બાદ પ્રથમ વખત પક્ષએ દિલ્હી પર શાસનની તૈયારી છે અને આજે સાંજે જ દિલ્હીમાં ભાજપ આ ઐતિહાસિક વિજય મનાવશે. ૧૯૯૩માં જયારે દિલ્હીમાં પ્રથમ વખત ચૂંટણી થાય તો ભાજપે રામ મંદિરની લહેરમાં વિજય મેળવ્યો હતો અને આ ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચહેરા પર ભાજપે જીત મેળવી છે. પરંતુ ત્રણ મુખ્યમંત્રી બદલ્યા અને ૧૯૯૮માં કોંગ્રેસે જીત મેળવી લીધી હતી. ૧૫ વર્ષ શિલા દીક્ષિત અને ત્યાર બાદ ત્રણ ટર્મ અરવિંદ કેજરીવાલે શાસન કર્યા બાદ ભાજપનો ૨૭ વર્ષનો વનવાસ પુરો થયો છે. આમ દિલ્હી હવે વધુ એક કેન્દ્ર શાસિત રાજય બન્યું છે. જયાં ભાજપ સતા પર છે. તો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ અલગ અલગ ચૂંટણી લડીને ભાજપ માટે વિજય નિશ્ચિત બનાવ્યો હોવાનું માનવામાં આવે છે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઉમરઅબ્દુલ્લાએ આપ અને કોંગ્રેસના પરાજય પર કટાક્ષ કરતા કહ્યું કે હજુ અંદરોઅંદર લડો અને ભાજપને જીતાડો, એકબીજાને ખત્મ કરવામાં આપણે સ્પર્ધા કરી છે અને દિલ્હીમાં તેનું પરિણામ મળ્યું છે. આમ વિપક્ષમાં લોકસભા ચૂંટણીમાં જે એકતા દર્શાવાઇ તે હવે તૂટી પડી છે તે નિશ્ચિત થયું છે.

## સચિન તેંડુલકરે પરિવાર સાથે રાષ્ટ્રપતિની મુલાકાત લીધી

### તેંડુલકરે પોતાના ઓટોગ્રાફ વાળુ ટેસ્ટજર્સી રાષ્ટ્રપતિને ભેટ આપ્યું



નવીદિલ્હી,તા.૮

ક્રિકેટિંગ-ગોડ સચિન તેન્ડુલકર ગુરુવારે પત્ની અંજલિ અને પુત્રી સારા સાથે પાટનગર દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળ્યો હતો અને તેમને પોતાના ઑટોગ્રાફવાળું ટેસ્ટ જર્સી ગિફ્ટ આપ્યું હતું. સચિન આ પહેલાં ભારતરત્ન તથા ખેલરત્ન સહિતના પ્રતિષ્ઠિત પુરસ્કારો સ્વીકારવા રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લઈ ચૂક્યો હતો, પરંતુ અંગત મહેમાન તરીકે તેની આ પહેલી જ મુલાકાત હતી. એમાં પણ પરિવાર સાથે તે પ્રેસિડન્ટને મળ્યો હતો અને તેમની સાથે ઘણી વાતચીત કરી હતી. ૫૧ વર્ષના સચિને 'રાષ્ટ્રપતિ ભવન વિમર્શ શૃંખલા' હેઠળ થયેલી ચર્ચામાં પોતાની ક્રિકેટ-સફરની તેમ જ એમાં પોતે અપનાવેલા સિદ્ધાંતોની વાત કરી હતી તેમ જ ખાસ કરીને તેણે ૨૦૧૧ના વન-ડેના વર્લ્ડ કપને પોતાની સૌથી મોટી સિદ્ધિ તરીકે ઓળખાવી હતી.

## પગપાળા જતાં રાહદારીઓના મોબાઈલ ઝુંટવી લેતી બેલડી ઝડપાઈ: નવ ચોરાઉ ફોન કબ્જે

### દેવપરા શાક માર્કેટ પાસેથી આરોપીને એલસીબી ઝોન-૧ ની ટીમે દબોચી રૂ.૧.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ તા. ૮

કોઠારીયા રોડ પર સહિતના વિસ્તારમાં પગપાળા જતાં રાહદારીઓના મોબાઈલ ઝુંટવી લેતી બેલડીને નવ ચોરાઉ મોબાઈલ સાથે પોલીસે પકડી પાડી કુલ રૂ.૧.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. વધુ વિગતો મુજબ, એલસીબી ઝોન-૧ ની ટીમના પીએસઆઈ બી. વી. ચુડાસમા, એએસઆઈ મનુરૂપગીરી ગૌસ્વામી, સત્યજીતસિંહ જાડેજા અને દિવ્યરાજસિંહ જાડેજા સહીતનો સ્ટાફ ભકિતનગર વિસ્તારના દેવપરા શાકમાર્કેટ પાસે પેટ્રોલીંગમા હતો ત્યારે શંકાસ્પદ જણાતી જીજે ૨૭ ટીએ ૨૦૪૮ નંબરની રીક્ષાને અટકાવી બે શખ્સોના નામ પુછતા તેઓએ પોતાના નામ સંજય શંકરલાલ રાજાણી (રહે. જંગલેશ્વર શેરી નં ૧૫ મુન્નાભાઇના મકાનમા) અને એજાઝ ફારૂક પરમાર (રહે. મહેશ્વરી સોસાયટી શેરી નં ૨ ભવાની ચોક રાજકોટ) હોવાનુ જણાવ્યુ હતુ.ત્યારબાદ બંને પાસેથી ૯ મોબાઇલ મળી આવ્યા હતા. જે અંગે તેમની પુછપરછ કરતા તેઓએ કોઇ સંતોષકારક જવાબ નહી આપતા બંનેને પોલીસ મથકે લઇ જવાયા હતા અને સઘન પુછપરછ કરતા કબુલાત આપી હતી કે તેઓ રસ્તે ફોન પર વાતચીત કરી પગપાળા જઇ રહેલા લોકોના મોબાઇલ ઝુટવી લેતા હતા. આ સાથે એલસીબી ઝોન ૧ ની ટીમે આરોપી સંજય અને એજાઝ પાસેથી ૯ મોબાઇલ તેમજ ૧ ચોરાઉ રીક્ષા સહીત રૂ. ૧.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપી સંજય અગાઉ જુગાર તેમજ તફડંચીના ગુનામા પોલીસ ચોપડે ચડી ચુક્યો છે.

## બે દિવસથી લાપતા કુવાડવાના યુવાનની તળાવ પાસેથી લાશ મળી, અરેરાટી

રાજકોટ તા.૮

રાજકોટના કુવાડવા ગામે રહેતા સુરેશ વેલજીભાઇ અદગામા (ઉ.વ.૩૫) નામનો યુવાન બે દિવસ પહેલા ઘરેથી લાપતા થયો હતો. તેની ગઇકાલે સાંજે -ગામના તળાવમાંથી લાશ મળી આવતા પોલીસ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસમાંથી જાણવા મળ્યુ હતુ કે, સુરેશના છુટાછેડા થઇ ગયા હતા અને તેમના બંન્ને સંતાન પત્ની સાથે રહેતા હતા. તેમજ પોતે માનસિક બિમાર હોય અને ઘરેથી નીકળી ગયો હતો. યુવાનના મૃત્યુથી પરિવારમાં શોક છવાઇ ગયો છે.

## ગાંધી નિર્વાણ દિવસે પકડાયેલ માંસ ગૌમાંસ હોવાનું ખુલ્યું: ફારૂક મુસાણી સહિત ત્રણની ધરપકડ

### આઈ.પી.મીશન સ્કુલની પાછળ ખાડામાં ગૌરક્ષક અને પોલીસે સંયુક્ત દરોડો પાડ્યો 'તોઃ એફએસએલ રિપોર્ટમાં ધડાકો થતાં પોલીસે કાર્યવાહી કરી આરોપીને એક દિવસના રિમાન્ડ પર લીધા

રાજકોટ. તા.૮

આઈ.પી.મીશન સ્કુલની પાછળ ખાડામાં ગાંધી નિર્વાણ દિવસે ગૌરક્ષક અને પોલીસે સંયુક્ત દરોડો પાડી ૪૦ કિલો માંસ પકડી પાડ્યું હતું. જે મામલે એફએસએલ રિપોર્ટમાં ગૌમાંસ હોવાનું ખુલતાં પોલીસે ફારૂક મુસાણી સહિત ત્રણની ધરપકડ કરી એક દિવસના રીમાન્ડ પર લીધાં હતાં.

બનાવ અંગે એ. ડિવિઝન પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં લાભુભાઇ જતાપરાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ફારૂક ઇબ્રાહિમ મુસાણીનું નામ આપી જણાવ્યું હતું કે, અરજદાર ભાવીનભાઈ ઘીયાડે તા.૩૦/૦૧/૨૦૨૫ ના પોલીસ મથકે આવી જણાવેલ કે, આઈ. પી. મીશન સ્કુલની પાછળ ખાડામાં જય વેલનાથ મકાનની આગળ બે માળના ડેલીવાળા મકાનમાં તથા મકાન આગળ પડેલ રીક્ષામા પશુનું ગેરકાયદેસર રીતનું માસ પડેલ છે. જે આધારે એ.ડીવીઝન પોલીસ મથકના પીઆઈની સુચનાથી પીએસઆઇ કે.એમ.વડનગરા અને ટીમે વેટરની ડોકટરને સાથે રાખી તપાસ કરતા મકાન આગળ એક ઇસમ ઉભો હોય તેનું નામ પૂછતા ફારૂક ઈબ્રાહિબ મુસાણી (રહે, મોચીબજાર ચામડીયા ખાટકીવાસ) હોવાનુ જણાવેલ હતું.

તેની પાસેનુ મકાન ખોલાવી અંદર જોતા મરેલા પશુનું ચામડુ ઉંધુ પડેલ જણાયેલ અને તેના ઉપર છુટા છવાયા માંસના નાના નાના ટુકડા તેમજ કાળા કલરના શીંગડા વાળુ માથુ અને બાજુમાં માંસ કાપવાના છરાઓ પડેલ હતાં. તેમજ મકાનની આગળ એક સી.એન.જી.રીક્ષા પડેલી તેની અંદર પણ માંસના નાના નાના કાપેલા ટુકડાઓ પડેલા હતાં. સાથેના વેટરનરી તબીબે તપાસ કરી તેમાથી સેમ્પલ લઈ એફ.એસ.એલ.માં ગૌમાસ તરીકેનુ પરીક્ષણ કરવા આપેલ હતું. તેમજ ત્યાંથી છરી કબ્જે લીધી હતી.

તેમજ ત્રણ પશુ પાડાઓ રાખવા બાબતે પુછપરછ કરતા કોઇ સંતોષકારક જવાબ આપતા ન હોય તથા પોતાની પાસે અન્ય કોઈ આધાર ના હોય જેથી ત્રણેય પાડાઓ પાંજરાપોળ ખાતે જમા કરાવવા તજવીજ કરેલ હતી. જે બાદ એફએસએલ રિપોર્ટમાં માસના ટુકડા હતા તે ગૌવંશ માંસ હોવાનું ખુલતાં ગુનો નોંધી ૪૦ કિલો ગૌમાંસ કબ્જે કર્યું હતું.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ફારૂક મુસાણીની ધરપકડ કરી પૂછપરછ કરતાં તેની સાથે ગેરકાયદેસર કતલખાનામાં મનાન હારૂન લિંગડિયા (રહે. જંગલેશ્વર) અને આબીદ ઉર્ફે યુનુસ મુસાણી (રહે.ચામડિયાપરા) સાથે હોવાનું ખુલતાં તે બંને આરોપીની પણ ધરપકડ કરી ત્રણેયને કોર્ટમાં રજૂ કરતાં આરોપીના એક દિવસના રિમાન્ડ મંજુર થયાં હતાં.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
| --- | --- |
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૫૦-૨૪૦૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૩૦૦-૨૩૫૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૪૫-૨૧૯૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૯૫-૨૧૪૫ |
| પામોલીયન તેલ | ૨૧૪૫-૨૧૫૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૫૦-૨૧૮૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૧૦-૨૧૩૦ |
| મકાઇ તેલ | ૧૯૬૦-૧૯૮૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૨૦-૨૨૫૦ |
| કોપરેલ | ૩૪૩૦-૩૪૭૦ |
| દિવેલ | ૨૨૨૦-૨૨૩૦ |




### સોનુ-ચાંદી

| | |
| --- | --- |
| સોનુ (૧૦ ગ્રામ) | ૮૭૭૦૦(+૩૦૦) |
| ચાંદી | ૯૭૭૦૦(-૪૫૦) |

## છોટુનગરમાં વાહન બાબતે માથાકૂટ, વકીલને જાનથી મારી નાખવાની ધમકી : પોલીસે ફરિયાદ ન નોંધી

### અમે ગાંધીગ્રામ પોલીસ મથકે ગયા પણ હાજર અધિકારી-કર્મચારીએ ફરિયાદ જ ન લીધી : વકીલોમાં રોષ



રાજકોટ, તા.૮

આજે સવારે છોટુનગરમાં વાહન બાબતે માથાકૂટ થઈ હતી. જેમાં વકીલને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. જોકે પોલીસે ફરિયાદ નોંધી નહોતી જેથી વકીલોમાં રોષ જોવા મળ્યો છે.

રાજકોટમાં કાયદો વ્યવસ્થાને લઈ સવાલો ઉઠે છે. પોલીસનો કોઈ ડર જ ન હોય તેમ હથિયારો કાઢી ધમકીઓ અપાઈ છે. ત્યાં આજે જે કિસ્સો સામે આવ્યો છે તેમાં પણ પોલીસની ઢીલ જોવા મળી રહી છે. એડવોકેટ હરેશભાઈ ચીમનલાલ ભટ્ટએ જણાવ્યું કે, તેઓ ૨૫ વર્ષથી રાજકોટ કોર્ટમાં ક્રિમિનલ પ્રેક્ટિસ કરી રહ્યા છે. આજે સવારે તેઓ ઘરેથી પોતાની કારમાં નીકળેલા તે સમયે છોટુનગર શેરી નંબર ૩માં રોડને અડચણ રૂપ આરોપીઓની ગાડી પડી હતી. ત્યાં એક ટ્રેક્ટર નીકળ્યું અને એડવોકેટ પણ પોતાની કારમાં નીકળ્યા. ત્રણેય વાહન ભેગા થયાં ત્યાં આરોપીઓ ઘરમાંથી નીકળ્યા અને અમારી ગાડી સાથે કેમ કાર અથડાવી તેમ કહીં ઝઘડો કરવા લાગ્યા. એડવોકેટએ કહ્યું કે, ગાડી નથી અથડાઈ છતાં ઝઘડો કરી વકીલની કારમાં ધુંબા મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એડવોકેટ સીધા ગાંધીગ્રામ પોલીસ મથકે ગયા. ત્યાં પોતાની સાથે બનેલ બનાવ બે જગ્યાએ કહ્યો પરંતુ ફરિયાદ નોંધી નહોતી. આ તરફ રાજકોટ બારના ઉપપ્રમુખ સુમિત વોરા સહિતના વકીલો પણ પોલીસ મથકે દોડી આવેલ. આ બનાવ બાદ પોલીસ ફરિયાદ ન લેતી હોવાથી વકીલોમાં રોષ ફેલાયો છે.


## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. માં પ્રીન્સીપલ સીનીયર સીવીલ જજ શ્રી સી.વી. રાણા સાહેબની કોર્ટમાં, દિ.પ.અ.નં.૨૭૯/૨૦૨૫ અરજદાર શ્રી હસમુખભાઈ વસ્તાભાઈ પરમાર, ઉ.વ.૫૩, ધંધો: વેપાર, હીન્દુ: રહે.: શ્રી કૃપા, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી, શેરી નં.૫, નિર્મલા રોડ, રૈયા રોડ, રાજકોટ. વાળાએ ગુજ. હેમીબેન વસ્તાભાઈ પરમારની મીલકત ગુજરાત રાજયના રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના રાજકોટ મ્યુનિ. કોર્પો.ની હદમાં આવતા રાજકોટના રેવન્યુ સર્વે નં.૧૨૫ પૈકીના વોર્ડ નં.૧૨ પૈકી સીટી સર્વે નં.૧૨૭૫/બ-૨૬ પૈકી તથા ટી.પી. સ્કીમ નં.૮, અને ફાઈનલ પ્લોટ નં.૮૯,૯૦ અને ૯૧ પૈકીની પરના પ્લોટ નં.૭/સીની કુલ જમીન ચો.મી.આ. ૬૫-૩૫ બરાબર ચો.વા.આ. ૭૮-૧૬ ઉપરના 'અલ્કા પાર્ક'ના નામથી ઓળખાતા સોસાયટીના પરનું મકાન અમો અરજદારના માતા ગુજ. હેમીબેન વસ્તાભાઈ પરમાર એ તેમના જોગના રજી.વે.દ.નં.૫૬૭૩, તા.૨૬/૦૩/૨૦૦૮ના રોજ જયાબેન અશ્વિનભાઈ મોલીયા પાસેથી ખરીદ કરેલ છે, આમ આ સદરહુ મિલકત ગુજ. હેમીબેન હસમુખભાઈ પરમારની માલીકીની આવેલ છે, તે મીલ્કતનું વારસાઈ સર્ટીફીકેટ મેળવવા તેમના **વકીલ શ્રી સંજય જે.જોષી તથા ત્રિશાલા એસ. જોષી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી દાખલ કરેલ છે, તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તારીખ ૧૦/૦૩/૨૦૨૫ના પહેલા અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા તથા રૂબરૂ હાજર રહેવું નહીં, તેમજ સદરહુ મીલકત સબંધે જો કોઈના વાંધા તકરાર ન હોવાથી અથવા રજુઆત થયેલ ન હોવાના કારણે આગળની કાર્યવાહી માટે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજરોજ તા.૭ માહે ૨ સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (જે.એમ. અંસારી) આસીસ્ટન્ટ | કોર્ટનો સીકકો | (એન.આર. વ્યાસ) રજીસ્ટ્રાર



### ૨૭ વર્ષ બાદ મોદી મંત્રથી દિલ્હીના દિલદિમાગ પર ભાજપનો જાદુ ચાલ્યો

# દિલ્હીમાં કેસરીયુ શાસનઃ કેજરીવાલ-સીસોદીયા બન્ને હાર્યાઃ CM આતિશીની જીતનું આશ્વાસન ઈનામ

## ૭૦ બેઠકોની વિધાનસભામાં ભાજપ ૪૮ આમ આદમી પાર્ટી ૨૨ કોંગ્રેસ સતત ત્રીજી વખત ખાતુ ખોલાવી ન શકી

- ‘આપ’ના સર્જક કેજરીવાલ અને મનીષ સીસોદીયા ખુદની બેઠક બચાવી શકયા નહી
- ટીમ કેજરીવાલના મોટાભાગના સભ્યો હાર્યાઃ ભાજપમાં અનેક દિગ્ગજોની જીત
- કોંગ્રેસના સંદીપ દીક્ષિત– અલ્કા લાંબાની હારઃ છેક ત્રીજા સ્થાને રહ્યા
- ચૂંટણી સમયે આપમાંથી ભાજપમાં ગયેલા કૈલાસ ગેહલોટ– કોંગ્રેસ છોડી કેસરીયા કરનાર હારૂન રશીદ જીતી ગયા

નવી દિલ્હીઃ દેશમાં ૨૦૨૫ની પ્રથમ ચુંટણીમાં દિલ્હી વિધાનસભાની પ્રતિષ્ઠિત ચુંટણીમાં ભાજપે તેના ૨૭ વર્ષના વનવાસનો અંત લાવતા પ્રચંડ જીત સાથે દિલ્હીનું શાસન કર્યુ છે. રાજય વિધાનસભાની ૭૦ બેઠકોમાં ભાજપે ૪૮ બેઠકો પર સરસાઈ મેળવીને જીત નિશ્ચિત કરી છે તો ગત વિધાનસભા ૬૦+ બેઠકો ધરાવતા આમ આદમી પાર્ટીના ત્રણ ટર્મના શાસનનો અંત આવ્યો છે અને ૨૨ બેઠકોથી જ સંતોષ માનવો પડયો છે. ‘આપ’ને એક સૌથી મોટા ફટકામાં પક્ષના સંયોજક અને ત્રણ વખતના મુખ્યમંત્રી તથા શરાબ કાંડમાં જેલમાં ગયા બાદ સી.એમ. પદ છોડનાર અરવિંદ કેજરીવાલ ખુદ નવી દિલ્હીની તેમની પરંપરાગત બેઠક પર ભાજપના પરવેશસિંહ વર્મા સામે ૩૦૦૦ મતે હાર્યા છે અને તેમના ખાસ સાથી તથા પુર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયા જંગપુર બેઠક પર ભાજપના તરવિંદરસિંહ વકીલ સામે ફકત ૫૭૨ મતોએ હાર્યા છે. સીસોદીયા છેલ્લા ત્રણ રાઉન્ડ સુધી આગળ હતા પણ બાદમાં ભાજપે લીડ મેળવી લીધી હતી તો મુખ્યમંત્રી આતિષી એ આમ આદમી પાર્ટીની આબરૂ સાચવી છે. કાલકાજી બેઠક પર તેઓ એક રસાકસીભરી સ્થિતિ બાદ ભાજપના વિવાદાસ્પદ વિધાનો કરીને જાણીતા બનેલા રમેશ બિધુડીને ૯૮૯ મતોએ હરાવવામાં સફળ રહ્યા છે. કોંગ્રેસના સંદીપ દીક્ષિત, અલ્કા લાંબા સહિતના તેના તમામ દિગ્ગજો ચૂંટણી હાર્યા છે અને સતત ત્રીજી વિધાનસભામાં કોંગ્રેસ એક પણ બેઠક જીતી શકી નથી તો ભાજપના મુખ્યમંત્રીપદના દાવેદાર ગણાતા અને હાલની વિધાનસભામાં વિપક્ષના નેતા વિજેન્દર ગુપ્તા રોહિણી દિલ્હીથી ‘આપ’ના પ્રદીપ મિતલથી ૩૬૮૨૨ મતોની લીડ સાથે વિજય નિશ્ચિત કર્યા છે. ‘આપ’ સરકારના સત્યેન્દ્રકુમાર જૈન પણ હાર્યા છે. કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા હારૂન યુસુફ તથા આમ આદમી પાર્ટી છોડી છેલ્લી ઘડીએ ભાજપમાં જનાર કૈલાસ ગેહલોટ પણ જીતના પંથે છે. ‘આપ’ના સોમનાથ ભારતી જે ટીમ કેજરીવાલના સભ્ય પણ હાર્યા છે. આમ શરાબકાંડમાં જેલમાં ગયેલા કેજરીવાલને અદાલતી ચૂકાદો આપે તે પુર્વે જ દિલ્હીની જનતાએ ‘સજા’ આવી છે અને હવે તેમની સામેની કાનૂની મુશ્કેલીઓ વધશે તો બીજી તરફ હરિયાણા મહારાષ્ટ્ર બાદ હવે ભાજપે દિલ્હી કબજે કરીને જીતની હેટ્રીક સર્જી છે.

દિલ્હીમાં છેલ્લા ૩૦ વર્ષમાં પ્રથમ વખત લોકસભા પેટર્નથી જ ભાજપે વિધાનસભામાં વિજય મેળવ્યો છે અને કેજરીવાલ પરાજય સ્વીકારી લીધા છે. તેઓએ જનતાના ચૂકાદાને સ્વીકારવા અને દિલ્હીની જીત માટે ભાજપને અભિનંદન આપ્યા હતા.



### ભાજપ મહિલાને સી.એમ. બનાવવાનું પસંદ કરે તેવી ચર્ચા

# દિલ્હીમાં મુખ્યમંત્રીપદે ૭ નામોઃ વિજેન્દ્ર ગુપ્તા ફેવરીટ

**કેજરીવાલને પરાજીત કરનાર પરવેશ વર્મા પણ રેસમાં; મહિલાઓ બાંસુરી સ્વરાજનું નામ પણ બે–બે પેટાચૂંટણીનું જોખમ લેવું પડે**



નવી દિલ્હીઃ પાટનગર દિલ્હીમાં ભાજપનો વિજય નિશ્ચિત બનતા જ હવે મુખ્યમંત્રી કોણ તેની ચર્ચા શરૂ થઈ છે જેમાં સાત નામો ઉપરાંત અન્ય નામો પણ પક્ષ વિચારણા કરી શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ વિપક્ષના નેતા તરીકે રહેલા પીઢ નેતા વિજેન્દ્ર ગુપ્તાનો દાવો આગળ છે પણ નવી દિલ્હીની બેઠક પર પુર્વ સીએમ અરવિંદ કેજરીવાલને હરાવનાર પરવેશ વર્મા પણ તેનો દાવો રજુ કરશે તેઓ દિલ્હીના પુર્વ મુખ્યમંત્રી સાહિબસિંહ વર્માના પુત્ર છે અને સાંસદ રહી ચૂકયા છે. જો કે ભાજપ આશ્ચર્ય સર્જવા જાણીતુ છે અને તેથી જે નામો ચર્ચામાં ન હોય તે પણ મુખ્યમંત્રીમાં આવી શકે છે. મહિલામાં બાંસુરી સ્વરાજનું નામ છે. જેઓ પુર્વ કેબીનેટ મંત્રી સ્વ. સુષ્મા સ્વરાજના પુત્રી છે અને નવી દિલ્હીના સાંસદ છે. જો કે તેઓને જો મુખ્યમંત્રી બનાવાય તો બે બે પેટાચૂંટણી આવે તેથી તેની શકયતા ઓછી છે. આ ઉપરાંત મહિલામાં શાલીમાર બેઠક જીતેલા રેખા ગુપ્તા, દુષ્યંત ગૌતમ, સાંસદ મનોજ તિવારી અને આશીષ સુદના નામ છે. દિલ્હીમાં ભાજપ હરિયાણા–બિહાર સ્ટાઈલથી નાયબ મુખ્યમંત્રી માટે કોઈને પસંદ કરે છે કે કેમ તે પણ પ્રશ્ન છે.

# દિલ્હીમાં LGએ તમામ અધિકારીઓને એલર્ટ કર્યાઃ ફાઈલો-હાર્ડડિસ્ક લઈ જવા પર રોક

### મંત્રીઓને હવે કચેરીમાં પ્રવેશ આપવામાં નહી આવે

નવી દિલ્હીઃ પાટનગર દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ જીત સાથે ભાજપની સરકાર નિશ્ચિત બનતા જ હવે લેફ. ગવર્નરે એક આદેશમાં દિલ્હી સચીવાલય સહિતની કચેરીઓમાં અધિકારીઓને એલર્ટ પર મુકી લીધા છે અને મંત્રીઓના તેમની કેબીનમાં પ્રવેશ પર હાલ પ્રતિબંધ મુકી દીધો છે તથા કોઈપણ ફાઈલો કોમ્પ્યુટર હાર્ડ ડિસ્ક કે અન્ય કોઈ સાહિત્ય લઈ જવા પર પ્રતિબંધ મુકી દીધો છે અને કોઈ અધિકારીઓને હવે અન્ય આદેશ સુધી દિલ્હી નહી છોડવા પણ જણાવી દેવાયુ છે. સૂત્રોના જણાવ્યા મુજબ આવતીકાલથી દિલ્હીમાં નવી સરકારની રચનાની કામગીરી શરૂ થશે અને આજે સાંજે જ મુખ્યમંત્રી આતિષી રાજીનામુ આપશે. પણ ત્યાં સુધીમાં કોઈ હેરાફેરી ન સર્જાય તે માટે એલજીએ દિલ્હીની તમામ કચેરીઓના અધિકારીઓને એલર્ટ કરી દીધા છે.

# દિલ્હીનાં લોકોએ જૂઠ્ઠાણા, છેતરપિંડી અને ભ્રષ્ટાચારનાં શીશમહલને તોડયો : અમિત શાહ

### અમિત શાહે દિલ્હીની ભવ્ય વિજય માટે દિલ્હી ભાજપનાં તમામ કાર્યકરે, ભાજપનાં રાષ્ટ્રીય અદયક્ષ જે.પી. નડ્ડા અને રાજય પ્રમુખ વિરેન્દ્ર સચદેવાને અભિનંદન પાઠવ્યાં

નવી દિલ્હી,તા.૮

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી પરાજિત થઈ હતી અને ભાજપે મોટો વિજય મેળવ્યો હતો. દિલ્હીમાં વિજય પછી, ભાજપનાં સમર્થકોએ ઉજવણી શરૂ કરી દીધી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે દિલ્હીમાં ભાજપનાં વિજય અંગે પક્ષનાં સમર્થકોને અભિનંદન આપ્યાં છે. તેમણે એક્સ પર ટ્વિટ કર્યું અને લખ્યું કે દિલ્હીનાં હૃદયમાં મોદી છે. તેમણે કહ્યું કે દિલ્હીનાં લોકોએ જૂઠ્ઠાણા, છેતરપિંડી અને ભ્રષ્ટાચારનાં શીશમહલનો નાશ કરીને દિલ્હીને મુક્ત કરવાનું કામ કર્યું છે. તેમણે કહ્યું કે દિલ્હીએ ખોટા વચન આપનારાઓને



આટલો પાઠ ભણાવ્યો છે, જે દેશભરનાં લોકો માટે એક ઉદાહરણ બનશે. તેમણે કહ્યું કે આ જીત દિલ્હીમાં વિકાસ અને વિશ્વાસના નવા યુગની શરૂઆત છે. અમિત શાહે લખ્યું છે કે દિલ્હીમાં જૂઠ્ઠાણાનો અંત આવ્યો છે. મોદીની ગેરંટી અને મોદીની વિકાસ દ્રષ્ટિની જીત થઇ છે. દિલ્હીનાં વિશ્વાસની આ વિજય છે. તેમણે કહ્યું કે આ જનાદેશ માટે દિલ્હીનાં લોકો હાર્દિક આભાર. મોદીજીના નેતૃત્વ હેઠળ, ભાજપ દિલ્હીને તેનાં તમામ વચનો પૂરા કરીને વિશ્વની નંબર ૧ ની રાજધાની બનાવશે. અમિત શાહે કહ્યું કે દિલ્હીનાં લોકોએ કહ્યું કે ખોટા વચનો દ્વારા તેને વારંવાર ગેરમાર્ગે દોરવામાં નહીં આવી શકે. લોકોએ ગંદી યમુના, ગંદા પીવાના પાણી, તૂટેલાં રસ્તાઓ, ઓવરફ્લો ગટરો અને દરેક શેરીમાં ખુલતી દારૂની દુકાનોનો જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે હું દિલ્હીની આ ભવ્ય વિજય માટે દિલ્હી ભાજપનાં તમામ કામદારો, ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા અને રાજ્ય પ્રમુખ વિરેન્દ્ર સચદેવાને દિલથી અભિનંદન આપું છું.

### ‘આપ’ને જીતાડવાની જવાબદારી અમે નહોતી લીધી : કોંગ્રેસે દોષ સ્વીકારવાનો ઈન્કાર કર્યો

# ‘આપ’ના ૧૫ ટકા જેટલા મત ભાજપમાં ટ્રાન્સફર થયા : કોંગ્રેસ ઠેરના ઠેર રહી

### દિલ્હીમાં લોકસભા, ધારાસભા ચૂંટણી સમયે જે ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે મતોની હેરાફેરી થતી હતી તે ભાજપે પોતાની તરફેણમાં કરી : કોંગ્રેસના ફાળે ગત ચૂંટણી જેટલા જ મતો આવ્યા

નવી દિલ્હી, તા. ૮

પાટનગર દિલ્હીની પ્રતિષ્ઠાભરી વિધાનસભા ચૂંટણીમાં ઇન્ડિયા ગઠબંધનના બે સાથી પક્ષો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સામે સામે લડયા અને તેમાં ભાજપે પ્રચંડ જીત મેળવ્યા બાદ કોંગ્રેસે પોતાના ધબડકા માટે જવાબદારી સ્વીકારી પરંતુ ‘આપ’ના પરાજય માટે કોંગ્રેસ જવાબદાર નથી. તેવું વિધાન કર્યુ છે.

પક્ષના પ્રવ્રકતા સુપ્રિય સુનેત્રી એક વાતચીતમાં કહ્યું કે ૧૫ વર્ષ આ રાજયમાં અમારૂ શાસન હતું પણ અમે



આ ચૂંટણીમાં ‘આપ’ના વિજયની જવાબદારી લીધી ન હતી. અમારો ધ્યેય તો કોંગ્રેસને જીતાડવાનો હતો. તેમણે કહ્યું કે અરવિંદ કેજરીવાલ ગોવા, હરીયાણા, ઉતરાખંડ, ગુજરાત તમામ રાજયોમાં કોંગ્રેસ સામે ચૂંટણી લડવા ગયા હતા અને ત્યાં ભાજપ જીત્યુ છે. ત્યારે અમે આમ આદમી પાર્ટીને જવાબદાર ગણાવી ન હતી. કોંગ્રેસ સતત ત્રીજી વખત એક પણ બેઠક જીતવામાં સફળ રહી નથી.

પ્રાથમિક ચિત્ર મુજબ ભાજપ અને આદ આદમી પાર્ટીની ટકકરમાં કોંગ્રેસને જે મતો મળ્યા તે ૪.૨૬ ટકા જેટલા છે અને આમ કોંગ્રેસ ગત ચૂંટણીની આસપાસ જ ઉભી રહી છે. જયારે ભાજપે પ્રથમ વખત આમ આદમી પાર્ટીના ૫૩ ટકા વોટમાં ગાબડુ પાડીને પોતાનો વોટશેર ૫૦ ટકા જેટલો વધારીને સતા કબ્જે કરી છે અને આમ આદમી પાર્ટીનો વોટશેર ૪૦ ટકાની આસપાસ રહે તેવા સંકેત છે. આમ આમ આદમી પાર્ટીના મત ભાજપના ખાતામાં ગયા છે જયારે કોંગ્રેસ ઠેરના ઠેર જેવી સ્થિતિમાં રહી છે.

# કેજરીવાલ-સિસોદીયાનો પરાજય એ દિલ્હીની ચૂંટણીનો સૌથી મોટો અપસેટ



ન્યુ દિલ્હી : રાજધાનીમાં કડક સુરક્ષા વચ્ચે સવારે ૮ વાગ્યે મત ગણતરી શરૂ થઈ. ૭૦ બેઠકો માટે ૬૯૯ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ૫ ફેબ્રુઆરીના રોજ ૧૩ હજારથી વધુ બૂથ પર કુલ ૬૦.૫૪ ટકા મતદાન થયું હતું. સીસીટીવી ઉપરાંત, ગણતરી કેન્દ્રો પર પણ સુપરવાઇઝરોની દેખરેખ હેઠળ નજર રાખવામાં આવી રહી છે.

આમ આદમી પાર્ટીને અહીં મોટો ઝટકો લાગ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી અને આપ ઉમેદવાર અરવિંદ કેજરીવાલ નવી દિલ્હી બેઠક પરથી હારી ગયા છે. ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્માનો વિજય થયો છે. કોંગ્રેસે આ બેઠક પરથી સંદીપ દીક્ષિતને મેદાનમાં ઉતાર્યા હતા.

નવી દિલ્હી બેઠક પરથી ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્માએ કહ્યું, ‘‘હું દિલ્હીના તમામ લોકોને અભિનંદન આપું છું અને તેમનો આભાર માનું છું. દિલ્હીમાં બનનારી આ સરકાર વડા પ્રધાનના વિઝનને દિલ્હીમાં લાવશે. હું આ જીતનો શ્રેય વડા પ્રધાન મોદીને આપું છું. હું દિલ્હીના લોકોનો આભાર માનું છું. આ જીત વડા પ્રધાન મોદી અને દિલ્હીના લોકોની જીત છે.‘‘

### ક્યાં નેતાઓની થઈ જીત કે હાર ?

| | | | |
|---|---|---|---|
| ૧. આતિશી | જીત | આપ | કાલકાજી |
| ૨. સંદીપ ઝા | જીત | આપ | બુરાડી |
| ૩. અરવિંદ કેજરીવાલ | હાર | આપ | ન્યુ દિલ્હી |
| ૪. અરવિંદર સિંહ લવલી | જીત | ભાજપ | ગાંધીનગર |
| ૫. ગોપાલ રાય | જીત | આપ | બાબરપુર |
| ૬. ઇમરાન હુસૈન | જીત | આપ | બલ્લીમારન |
| ૭. મંજીંદર સિંહ સિરસા | જીત | ભાજપ | રાજોરી ગાર્ડન |
| ૮. પ્રવેશ સાહેબ સિંહ વર્મા | જીત | ભાજપ | ન્યુ દિલ્હી |
| ૯. મનીષ સિસોદિયા | હાર | આપ | જંગપુરા |
| ૧૦. અવધ ઓઝા | હાર | આપ | પટપડગંજ |
| ૧૧. સત્યેન્દ્ર જૈન | પાછળ | આપ | શકુર બસ્તી |
| ૧૨. સૌરભ ભારદ્વાજ | હાર | આપ | ગ્રેટર કૈલાશ |
| ૧૩. સોમનાથ ભારતી | હાર | આપ | માલવિયા નગર |
| ૧૪. કૈલાશ ગેહલોત | આગળ | ભાજપ | વિજવાસન |
| ૧૫. રમેશ બિધૂડી | હાર | ભાજપ | કાલકાજી |
| ૧૬. સંદીપ દીક્ષિત | હાર | કોંગ્રેસ | ન્યુ દિલ્હી |
| ૧૭. અલકા લાંબા | હાર | કોંગ્રેસ | કાલકાજી |

અરવિંદ કેજરીવાલે ૨૦૧૩ ની વિધાનસભા ચૂંટણીમાં સતત ત્રણ વખત આ બેઠકનું પ્રતિનિધિત્વ કરનાર સ્વર્ગસ્થ ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતને હરાવીને દિલ્હીમાં સત્તા કબજે કરી હતી. તેમણે સતત ત્રણ વખત આ વિધાનસભાનું પ્રતિનિધિત્વ કર્યું.

**કાલકાજી વિધાનસભા બેઠકઃ**

આપ ઉમેદવાર આતિશીએ કાલકાજી બેઠક પરથી ચૂંટણી જીતી લીધી છે. તેમણે ભાજપના ઉમેદવાર રમેશ બિધુરીને હરાવ્યા છે. તમને જણાવી દઈએ કે કાલકાજી બેઠક સૌથી વધુ ચર્ચિત બેઠકોમાંની એક છે. આ વખતે આમ આદમી પાર્ટીએ કાલકાજી બેઠક પરથી મુખ્યમંત્રી આતિશીને ટિકિટ આપી. જ્યારે કોંગ્રેસે ભૂતપૂર્વ ધારાસભ્ય અલકા લાંબાને મેદાનમાં ઉતાર્યા હતા. આ ચહેરાઓને કારણે, કાલકાજી બેઠક ફરી એકવાર હોટ સીટ બની ગઈ. જ્યારે ભાજપે અહીંથી રમેશ બિધુરીને ટિકિટ આપી. કાલકા બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવેલા બિધુરી પોતાના નિવેદનોને કારણે વિવાદોમાં રહે છે.

**જંગપુરા વિધાનસભા બેઠક :**

આપના ઉમેદવાર મનીષ સિસોદિયા જંગપુરા બેઠક પરથી હારી ગયા છે. અહીંથી ભાજપના ઉમેદવાર તરવિંદર સિંહ મારવાહ જીત્યા છે. હાર બાદ આમ આદમી પાર્ટીના નેતા અને જંગપુરા વિધાનસભા મતવિસ્તારના ઉમેદવાર મનીષ સિસોદિયાએ કહ્યું, ‘‘જંગપુરાના લોકોએ અમને ઘણો પ્રેમ આપ્યો પણ અમે લગભગ ૬૦૦ મતોથી પાછળ રહી ગયા. અમે જીતેલા ઉમેદવારોને અભિનંદન આપીએ છીએ. અમને આશા છે કે તેઓ જંગપુરાના લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવશે.‘‘

**બલ્લીમારન વિધાનસભા બેઠક**

દિલ્હી સરકારમાં વર્તમાન કેબિનેટ મંત્રી ઇમરાન હુસૈન બલ્લીમારન બેઠક પરથી જીત્યા છે. તેમણે ભાજપના ઉમેદવાર કમલ બાગડીને હરાવ્યા છે. ઇમરાન હુસૈન સરકારમાં મંત્રી હોવાને કારણે આ બેઠક પણ હોટ સીટ બની ગઈ છે. હારૂન યુસુફ કોંગ્રેસ તરફથી ચૂંટણી મેદાનમાં છે. હારૂન યુસુફ અગાઉ દિલ્હી સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. તેથી, બધાની નજર આ બેઠકના પરિણામ પર છે.

# કેજરીવાલે મારુ માન્યું નહીં તેનું પરિણામ છેઃ અન્ના હઝારે



મુંબઇ, તા.૮

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો વિજય અને ખાસ કરીને આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલના પરાજય પર તેમના એક સમયના ગુરુ તથા સામાજિક કાર્યકર્તા અન્ના હઝારેએ પ્રતિભાવ આપતા કહ્યું કે અરવિંદ કેજરીવાલ દારુ પર કેન્દ્રીત થઇ ગયા હતા અને તેઓ મનીપાવરને વધુ વ્હાલો ગણ્યો, અગાઉ પણ કેજરીવાલની ટીકા કરી ચૂકેલા અન્ના હઝારે મેં અગાઉ જ કહ્યું હતું કે ઉમેદવારો વર્તન, તેના વિચાર અને વાણી શુધ્ધ હોવા જોઇએ અને કોઇ દાગ હોવો જોઇએ નહીં. લોકોએ તમારામાં વિશ્વાસ મુક્યો તેને સાર્થક કરવો જોઇએ પણ કેજરીવાલે મારુ માન્યું નહીં તેનું આ પરિણામ છે.

# કોંગ્રેસનું ખાતુ ખોલવાની આશા પણ ન રહી

નવી દિલ્હી, તા.૮

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં મત ગણતરીના પ્રારંભમાં કોંગ્રેસ બાદલી બેઠક પર આગળ હતી આ બેઠક પરના ઉમેદવાર દેવેન્દ્ર યાદવ લગભગ પાંચ રાઉન્ડ સુધી આગળ ચાલ્યા હતા પરંતુ બાદમાં ભાજપના દિપક ચૌધરીએ તેના પર સરસાઇ મેળવી લીધી હતી અને આમ આદમી પાર્ટીના અજયસિંહ યાદવ પણ પાછળ રહી ગયા હતા.



અગાઉ અજેશ યાદવે દેવેન્દ્ર યાદવને પરાજિત કર્યા હતા પણ હવે આ બેઠક ભાજપ આંચકી લે તે નિશ્ચિત બન્યું છે.

# સાવત્થી તીર્થધામની ૩૬મી સાલગીરીની ભવ્ય ઉજવણી: ગુરૂભકતો ઉમટી પડયા




સાવત્થી તીર્થધામ (બાવળા) ખાતે આજે સવારે પૂ.આ.ભ.શ્રી જિનચંદ્ર સૂરિજી મ.આ. શ્રી શરદચંદ્રસૂરિજી મ. તથા મુનિ પ્રવર શ્રી અજિતચંદ્ર વિ.મ. આદિની નિશ્રામાં તીર્થની ૩૬મી સાલગીરી ભવ્ય રીતે ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે ધ્વજા રોહણનો વરઘોડો, સત્તરભેદી મહાપૂજા તથા બપોરના સાધર્મિક ભકિતનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે મુંબઈ, અમદાવાદ, રાજકોટ સહિતના ગામો શહેરોમાંથી ગુરૂભકતો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરોકત તસ્વીરમાં પ્રથમ પૂ.ગુરૂ ભગવંતો નજરે પડે છે. બીજી તસ્વીર સત્તરભેદી પૂજા માટેની સામગ્રી નજરે પડે છે. ત્રીજી અને ચોથી તસ્વીરમાં ધજાના લાભાર્થીઓ ધજા સાથે જોવા મળે છે. ઈન્સેટમાં રાજકોટના રાજુભાઈ મહેતા નજરે પડે છે.

## શાંત થવાની કોઈ વિધિનથી, શાંત થવું તે જીવનની દ્રષ્ટિ છે

# કાલાવડ શીતલામાં નવ દિવસની એકાંત મૌન સાધના પૂર્ણ કરતા સદ્ગુરૂદેવ પૂ. પારસ મુનિ: માંગલિક ફરમાવ્યું

રાજકોટ,તા.૮



ગોંડલ સંપ્રદાયનાં મહામંત્ર પ્રભાવક પૂજ્ય ગુરુદેવ શ્રી જગદીશમુનિ મહારાજ સાહેબનાં સુશિષ્ય સદગુરૂદેવ પૂજ્ય શ્રી પારસમુનિ મહારાજ સાહેબ દિવ્ય સાધનાલય કાલાવડ શીતલા માં નવ દિવસ ની એકાંત મૌન ધ્યાન સાધના પૂર્ણ કરી આજ તા.૭/૨/૨૫ નાં રોજ સવારે ૭ કલાકે પ્રથમ દર્શન આપેલ આ અવસરે ગોંડલ સંઘાણી સંપ્રદાયનાં પૂ. ભારતીબાઈ મ.સ. , પૂ. હંસાબાઈ મ.સ. , પૂ. સોનલબાઈ મ.સ. , પૂ. લબ્ધિબાઈ મ.સ. આદિ ઠાણા પધારેલ.

પૂજ્ય ભારતીબાઈ મ.સ. એ શુભેચ્છા પાઠવી. અજયભાઈ ભીમાણી, અશોકભાઈ કોઠારી, નિતિનભાઈ મહેતા, રાકેશભાઈ ડેલીવાળા મેહુલભાઈ રવાણી એ પોતાની અંતરની લાગણીઓ વ્યક્ત કરેલ. ગોંડલ, ધ્રોલ, રાજકોટ, જામનગર, ડોંબીવલી, સુરત થી સાધકો પધારેલ.

સદગુરૂદેવે જણાવેલ કે શાંતિ જોઈએ છે તો શાંતિ પામવાની કોશિશ ન કરો. અશાંતિને સ્વીકારી લો, આપોઆપ શાંતિ પ્રાપ્ત થઈ જશે. પછી દુનિયામાં કોઈ આપને અશાંત નહીં કરી શકે. જો હું અશાંતિ માટે રાજી છું, તો કોણ મને અશાંત કરી શકે. જો હું પ્રતિકૂળ શબ્દ સાંભળવા તૈયાર છું, તો કોણ મારુ અપમાન કરી શકે. હું અશાંતિ માટે રાજી નથી, માટે કોઈપણ મને અશાંત કરી શકે છે.

શાંત થવાની કોઈ વિધિ નથી શાંત થવું તે જીવનની દ્રષ્ટિ છે. કોઈ પદ્ધતિ નથી કે ભગવાનનું નામ જપવાનું ચાલુ કરો અને મન શાંત થઈ જાય. અશાંતિને સ્વીકારી લો, દુ:ખને સ્વીકારી લો, મૃત્યુને સ્વીકારી લો. પછી આપનું કોઈ મૃત્યુ જ નથી, વ્યકિત જેનો સ્વીકાર કરી લે છે તેની પેલે પાર પહોંચી જાય છે.મારું કાંઈ જ નથી, હું કાંઈ જ નથી એ ભાવ આપોઆપ આવશે. કારણકે બુદ્ધિ સૂઈ જાય છે, પછી હું પણુ પણ રહેતું નથી. આત્મા હું અને મારું માં અટકી ગયો છે ત્યાંથી બહાર નીકળી જશે.





# રાજુ એન્જિનિયર્સે ભારતના પ્રથમ મેન્યુ. પાર્ક માટે ભૂમિ પૂજન કરીને વિકાસના નવા અધ્યાયની શરૂઆત કરી

રાજકોટ,તા.૮

ભારતીય ઉદ્યોગ ક્ષેત્રમાં નવી દિશા આપતા રાજૂ એન્જિનિયર્સે વિશાળ આ ૮૦-એકર ના મેન્યુફેક્ચરિંગ પાર્ક માટે ભૂમિ પૂજન કરીને પોતાના મહત્વ કાંક્ષી પ્રોજેક્ટની શરૂઆત કરી છે. આ પાર્ક રાજૂ એન્જિનિયર્સના તમામ મહત્વપૂર્ણ બિઝનેસ વર્ટિકલ્સને એકઠા કરી, એક સંકલિત ઇકોસિસ્ટમ બનાવશે, જેનાથી સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થશે, અનાવશ્યક વ્યય ઘટશે અને સ્થાયી વિકાસને પ્રોત્સાહન મળશે.આ પ્રોજેક્ટ તબક્કાવાર અમલમાં મૂકાશે, જેમાં પ્રાથમિક તબક્કામાં અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જરૂરી સુવિધાઓ અને મુખ્ય ઓપરેશનલ એકમો ની સ્થાપના કરવામાં આવશે. ત્યારબાદ આ પછી એડવાન્સ ટેક્નોલોજી યુનિટ્સ, આર એન્ડ ડી સેન્ટર્સ, અને પર્યાવરણને અનુકૂળ અન્ય વિભાગો નો સંકલન કરવામાં આવશે. અંતિમ તબક્કામાં ૧૦૦% ગ્રીન એનર્જી સાથે દરેક વિભાગનું સંકલન સુનિશ્ચિત કરાશે, જેથી કાર્યક્ષમતામાં વધારો થાય અને સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થશે.

આ ટેક્નોલોજી પાર્કમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે મોટાપાયે રોકાણ કરવાનો મુખ્ય હેતુ પર્યાવરણને અનુકૂળ સ્થિર વિકાસને પ્રોત્સાહિત કરવાનો છે. અહીં લિન મેન્યુફેકચરિંગ સિદ્ધાંતોના અમલથી વ્યય ઘટાડવા, સંસાધનોનો વધુ સાર્થક ઉપયોગ અને પર્યાવરણ ને અનુકુળ કામગીરીને પ્રોત્સાહન આપવામાં આવશે. આ ઉપરાંત, IOT અને અન્ય અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ સ્માર્ટ મશીનો કાર્યક્ષમતા વધારશે, જે આધારિત માહિતીથી પૂર્વાનુમાન જાળવણી થી સંસાધનોના શ્રેષ્ઠ વ્યવસ્થાપનને સુનિશ્ચિત કરશે.આ ટેક્નોલોજી પાર્ક રાજૂ એન્જિનિયર્સ માટે માત્ર વિકાસનો એક પગથિયો નહીં, પરંતુ નવીનતા, કાર્યક્ષમતા અને સ્થાયી વિકાસ તરફ ઉદાત્ત દષ્ટિકોણ ધરાવતું મહત્વપૂર્ણ પગલું છે,'' રાજૂ એન્જિનિયર્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ખુશબૂ ચંદ્રકાંત દોશીએ એમ જણાવ્યું છે.

# સોરઠીયા રજપૂત સમાજ દ્વારા કાલે સમૂહ લગ્નોત્સવ યોજાશે

## ૨૦૦ થી વધુ ગૃહ ઉપયોગી ફ્રીઝ, ટીવી, વોશીંગ મશીન જેવી વસ્તુઓ કરિયાવરમા અપાશે

રાજકોટ,તા.૮

સોરઠીયા રજપૂત સમાજ, રાજકોટ દ્વારા સમાજની ૬ દિકરીઓનો સમૂહ લગ્નોત્સવ અખિલ ગુજરાત સોરઠીયા રજપૂત સમાજના પ્રમુખ વિજયભાઇ ચૌહાણ, સોરઠીયા રજપૂત સમાજ, રાજકોટના પ્રમુખ કાર્તિક ચૌહાણ, અખિલ ગુજરાત સોરઠીયા રજપૂત યુવા શક્તિ ગૃપના પમુખ મુકુન્દભાઇ રાઠોડ, સોરઠીયા રજપૂત યુવા શકિત ગૃપના પ્રમુખ આકાશભાઇ ચૌહાણ તથા સમૂહ લગ્ન સમિતિના અધ્યક્ષ પ્રતાપભાઇ ચૌહાણના માર્ગદર્શન હેઠળ આવતીકાલે રવિવારના રોજ સવારના ૭ થી ૨ દરમ્યાન સાધુ વાસવાણી કુંજ રોડ, રેલનગર, રાજકોટ મુકામે યોજાશે.

૨૦૦ થી વધુ ગૃહ ઉપયોગી ફ્રીઝ, ટીવી, વોશીંગ મશીન જેવી વસ્તુઓ કરિયાવરમા અપાશે.આ કાર્યક્રમમાં વિવિધ રાજકીય, સામાજીક આગેવાનો સહિત સંતો - મહંતો પણ આશિર્વાદ પાઠવવા ઉપસ્થિત રહેનાર છે.સમૂહ લગ્નને સફળ બનાવવા માર્ગદર્શક ટીમના અશોકભાઈ કેશોર, કિશોરભાઇ રાઠોડ, પંકજભાઇ પઢીયાર, પ્રવીણભાઇ સોલંકી, પ્રવીણભાઇ પરમાર, હરનેશભાઈ સોલંકી, અશોકભાઈ ખેર, પ્રવિણભાઈ ચૌહાણ,અરવિંદભાઈ ચૌહાણ, હકાભાઇ ચૌહાણ, અનિલભાઇ બારડ, અશાકભાઇ રાઠાડ, મુકેશભાઈ ચૌહાણ, ગીરીશભાઇ ચૌહાણ, પ્રતાપભાઈ ખેર, હરેશભાઇ રાઠોડ, કિશોરભાઇ ડોડીયા સહિતના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# પ્રગટેશ્વર મહાદેવ ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ જયસુખભાઇ ભટ્ટનો આજે જન્મદિન

રાજકોટ, તા.૮

પ્રગટેશ્વર મહાદેવ ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ જયસુખભાઇ ભટ્ટનો આજે જન્મદિન છે, તેઓ ૮૫વર્ષ પુરા કરી ૮૬ વર્ષમાં પ્રવેશ કરે છે. તેઓશ્રી બ્રહ્મસમાજશ્રી નથુ તુલસી ઔદિચ્ય સમાજનાં પાયાથી અગ્રણ્ય કાર્યકર તેમજ પુર્વ ઉપપ્રમુખ તરીકે સેવા આપી છે.



તેઓ એગ્રી કલ્ચર ડીપાર્ટમેન્ટ અને ગુજ.રાજ્ય જમીન વિકાસ નિગમ લિ.માં પ્રતિનિયુક્તી પર ફરજો બજાવી, વય નિવૃત થયેલ છે. તેઓ એ સેવા દરમિયાન રાજકોટ ડિવિઝનનાં પુર્વ ઉપપ્રમુખ તરીકે તેમજ એગ્રી. ડીપા.માં તેમજ પ્રતિનિયુક્તી પર નિગમનાં મહામંડળના રાજકોટ વિભાગમાં પુર્વ ઉપપ્રમુખ તરીકે સેવા આપેલી છે. આજે તેમના જન્મ દિવસ પર મો.૬૩૫૫૪૫૩૦૮૯ પર શુભકામના મળી રહી છે.

# રવિવારે રાજકોટથી સિદસર સાયકલ યાત્રાનું પ્રસ્થાન થશે

## આ યાત્રામાં ૫૫થી વધુ સાયકલ યાત્રીઓ જોડાશે

રાજકોટ,તા.૮



દર વર્ષેની જેમ આ વર્ષે પણ શ્રી ઉમિયાધામ સાયકલ ગ્રુપ દ્વારા રાજકોટથી સીદસર સાયકલયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. તા.૯/૦૨/૨૦૨૫ રવિવારના રોજ સવારે ૫.૦૦ વાગ્યે ઉમાભવનથી સાયકલયાત્રા પ્રસ્થાન થશે.પ્રથમ સ્ટોપ નિકાવા રાધે હોટલ, બીજો સ્ટોપ સાજડીયાળી પટેલ સમાજ, ત્રીજો સ્ટોપ મોટી પાનેલી પટેલ સમાજ અને છેલ્લો સ્ટોપ ઉમિયાધામ મંદિર રહેશે. આ સાયકલયાત્રામાં ૫૫ થી વધુ ભાઈઓ બહેનો જોડાશે. સાયકલ યાત્રાનો રૂટ કાલાવડ રોડથી નીકાવા થઈ વાયા ભાયાવદરથી સીદસરનો રહેશે. સાયકલયાત્રાના રૂટ ઉપર ચા, ઠંડા-પીણા, નાસ્તાની વ્યવસ્થા રાખેલ છે. સાયકલયાત્રીઓને રસ્તામાં કોઈ અગવડ ન પડે તે માટે મેડીકલ ટીમથી માંડીને સંપૂર્ણ વ્યવસ્થા રાખેલ છે. સાયકલયાત્રીઓનું ઠેરઠેર સ્વાગત કરવામાં આવશે.૧૧૦ કીલોમીટરની આ સાયકલયાત્રાને સફળ બનાવવા કિશોરભાઈ વિરમગામા, મયુરભાઈ વામજા, અમીતભાઈ ટાંક, રાજુભાઈ જુંજા, અમીતભાઈ ભાલોડીયા, નીલ પટેલ, પાર્થ મહેતા, વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# સ્વ. જીતુદાન ગઢવીની તૃતીય વાર્ષિક પુણ્યતિથી નિમીતે ભવ્ય લોકડાયરો યોજાયો

## મેરાણ ગઢવી, અનુભા (બાવળી), પિયુદાન ગઢવી, નિકુલદાન ગઢવી, વિજયાબેન વાઘેલા સહિતના ધુરંધરોએ ડાયરામાં જમાવટ કરી

રાજકોટ, તા.૮

લોકસાહિત્યના જાજરમાન જીવ એવા સ્વ. જીતુદાન ગઢવીની તૃતીય વાર્ષિક પુણ્યતિથી નિમીતે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયરામાં મેરાણ ગઢવી, અનુભા (બાવળી), પિયુદાન ગઢવી, નિકુલદાન ગઢવી, વિજયાબેન વાઘેલા સહિતના દેશવિદેશમાં લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય ખ્યાતનામ ધુરંધરોએ સ્વ. જીતુદાન ગઢવીને હદય પૂર્વક શબ્દ સ્વરૂપે સ્મરણાંજલિ આપી હતી અને ડાયરામાં જમાવટ કરીને લોકોને લોક્સાહિત્ય અને ચારણી સાહિત્યનો અદભૂત રસ પીરસ્યો હતો.

રાજકોટના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે ઉપસ્થિત રહી ડાયરાની મોજ માણી હતી.લોક ડાયરાને પુરૂષોતમ રૂપાલાજી (સાંસદ રાજકોટ), દિલીપભાઇ સંઘાણી (ઈફકો, ચેરમેન), વિજયભાઇ રૂપાણી (પૂર્વ મુખ્યમંત્રી), ઉદયભાઇ કાનગડ (ધારાસભ્ય), નયનાબેન પેઢડીયા (મેયર), નરેન્દ્રસિંહ જાડેજા (ડેપ્યુટી મેયર), જયમીનભાઈ ઠાકર (સ્ટેન્ડીંગ ચેરમેન, રાજકોટ), નીતિનભાઇ ભારદ્વાજ, નરેશભાઇ પટેલ (ખોડલધામ) સહિતનાઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્રનાં નાના એવા ગામ વાંકાનેરમાં સ્વ.હરીસંગભાઇ તથા દોલતબાના કુખે જન્મેલ જીતુદાન ગઢવીનો જન્મ થયેલ, નાનપણથી જ લોકસાહિત્ય અને ચારણી સાહિત્યમાં રૂચી ધરાવતા, એ જમાનામાં કૃષિ ડીપ્લોમાંનુ ભણતર પૂરું કરીને, ૧૭ વર્ષ જેટલો સમય સૌરાષ્ટ્રના જુદા-જુદા ગામડાઓમાં ગ્રામસેવક તરીકે ફરજ બજાવી પણ તેમનો મુળ જીવ લોકસાહિત્ય અને ચારણી સાહિત્યમાં પરોવાયેલ હોવાથી આશરે ૫૦ વર્ષ પહેલા લોકડાયરાની શરૂઆત કરી સમગ્ર વિશ્વમાં ચારણી સાહિત્યને ગુંજતુ કર્યું હતું. સ્વ.જીતુદાન ગઢવીના પુત્ર જયદાન ગઢવીએ જહેમત ઉઠાવી હતી.

# હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટ્સમાં વસંતઋતુના આગમનના રંગારંગ વધામણા

રાજકોટ,તા.૮



ડો. વિવેક હિરાણી, શ્રી અર્જુનલાલ હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટસના મધ્યસ્થ ખંડ ખાતે વસંતોત્સવને અનુલક્ષીને કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કોલેજના ટ્રસ્ટી ડો. તર્જની હિરાણી, ઇન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. ભારતીબેન રાઠોડ, કોલેજના પત્રકારત્વ વિભાગના વડા ડો. કાંતિ ઠેસિયા, વિઝીટીંગ ફેકલ્ટી કમલેશભાઈ પંડ્યા તેમજ વિશાળ સંખ્યામાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.વસંતોત્સવ નિમિતે કોલેજમાં એક રંગારંગ કાર્યક્રમ પણ યોજાયો હતો. જે અંતર્ગત કોલેજના ગાયન વિભાગના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ 'નીલ સરસ્વતી સ્ત્રોત' રજૂ કર્યું હતું, જેમાં હેમાદ્રી મહેતાએ હાર્મોનિયમ પર તેમજ યશવી પારેખે પખવાજ સંગત કરી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ રાગ બસંતમાં નિબદ્ધ સરસ્વતી વંદના પણ રજૂ કરી હતી.

# ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દાંતની બત્રીસીનો કેમ્પ

રાજકોટ,તા.૮

શિવાનંદ ભવન'' ૬/૯ જંકશન પ્લોટ, સુખસાગર પાન પાસે રાજકોટ ખાતે દર મંગળવારે સવારે ૯ થી ૧૦ દંત ચિકિત્સા કેમ્પ અને દાંત ની બત્રીસી નો કેમ્પ દિવ્ય જીવન સંઘ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ના સંયુક્ત ઉમે યોજાશે.કેમ્પ માં ડો.જયસુખભાઈ મકવાણા, ડો.સંજય અગ્રવાત, ડો.ઉષા ધાયલ,ડો. અભિજા બેનશ્રી તેમજ મોનિકા ભટ્ટ જાગૃતિ ચૌહાણ સેવા આપશે. દાંત ના દર્દી ને તપાસી જાલંધર બંધ વડે ઈન્જેકશન વગર દાંત વિના મુલ્યે કાઢી આપશે. અને જરૂરી દવા પણ આપવામાં આવશે.

# આવતીકાલે વજન, બ્લડ પ્રેશર તેમજ ડાયાબિટીસ ચેક અપ કેમ્પનું આયોજન

રાજકોટ,તા.૮

ગુજરાત રાજય યોગ બોર્ડ આયોજિત નિશુલ્ક યોગ કક્ષા યોગ કોચ પારૂલ દેસાઈના યોગ ટ્રેનર ભાવિની મહેશભાઇ ચૌહાણ દ્વારા આ વિસ્તારના સમગ્ર રહેવાસીઓ માટે રિનલ ઈન્ડિયા ફાઉન્ડેશન તેમજ આત્મજા વૃંદ ના સંયુક્ત ઉપક્રમે વજન, બ્લડ પ્રેશર તેમજ ડાયાબિટીસ ચેક અપ કેમ્પનું આયોજન આવતીકાલે સવારે ૭:૧૫ થી ૮.૩૦ સુધી શંખેશ્વર મહાદેવ, સુભાષનગર મેઈન રોડ, સિટી સેન્ટર નજીક, રૈયા રોડ ખાતે કરવામાં આવ્યું છે.

## સોમવારે ભવ્ય રીતે ઉજવાશે જન્મ જયંતિ

# વિશ્વકર્મા પ્રભુજી સર્વ શકિતમાન અને ગુણોના ભંડાર છે : તેના ગુણાનુવાદ, પુરાણ અને શાસ્ત્રો તેમજ ઉપનિષદોએ ગાયા છે

**પ્રાસંગિક**
પ્રવીણ ગજ્જર
(તંત્રી, વિશ્વકર્મા વિશ્વ)



સમગ્ર સૃષ્ટિના સર્જક વિશ્વકર્મા પ્રભુજી છે. જેનો આરંભ કે અંત નથી અને જે અનાદિ છે તેવા વિશ્વકર્મા પ્રભુજીના નેત્રો સદાય દયાથી ભરેલા છે. વિશ્વકર્મા પ્રભુજી ત્રણેય લોકનું સંચાલન કરે છે.

વિશ્વકર્મા પ્રભુજી સર્વ શકિતમાન અને ગુણોના ભંડાર છે અને તેના ગુણાનુવાદ વેદ, પુરાણ અને શાસ્ત્રો તેમજ ઉપનિષદોએ ગાયા છે.

આ કલિ કાળમાં જ્ઞાન-વિજ્ઞાન અને ઔદ્યોગિક પ્રગતિ તેમજ શિલ્પ, કલા, કૌશલ્ય વગેરેમાં ઉન્નતિ માટે પ્રભુ વિશ્વકર્માની પૂજા સર્વોપરિ છે. એટલે તો વિશ્વના નકશામાં રહેલા તમામ દેશો પ્રાંત-પ્રદેશમાં પ્રભુ વિશ્વકર્મા જયંતીનો ઉત્સવ મહાઉત્સવ તરીકે ઉજવાય છે.

આપણા ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાન, મહારાષ્ટ્રમાં વિશ્વકર્મા જયંતીનો ઉત્સવ મહાસુદ-૧૩ના દિવસે ઉજવાય છે. ગુજરાતમાં ગુર્જર સુતાર પંચાલ (લુહાર સુથાર) વૈશ્ય સુથાર, મેવાડા સુથાર, કડિયા, સલાટ, સોમપુરા વગેરે વિશ્વકર્મા વંશીઓ મહાસુદ તેરસના દિવસે પ્રભુ વિશ્વકર્માની મહાપુજા, સમુહ ભોજન, લોકડાયરો વગેરે જેવા કાર્યક્રમો તથા અમુક પ્રાંતમાં આ દિવસે સમુહ લગ્નોત્સવ તથા મહાઆરતી અને શોભાયાત્રા જેવા કાર્યક્રમો પણ યોજવામાં આવે છે અને સર્વે વિશ્વકર્મા પરિવાર આખો દિવસ આનંદ, ઉત્સવમાં વિતાવે છે. આમ ગુજરાતમાં મહાસુદ તેરસના દિવસે વિશ્વકર્મા જયંતી ઉજવે છે. આજ દિવસે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના અમુક પ્રાંતોમાં પણ વિશ્વકર્મા જયંતી મનાવવામાં આવે છે. જેના રાજસ્થાનના વંશ સુથાર ભાઇઓ દ્વારા વિશ્વકર્મા જયંતીના ઉત્સવ નિમિત્તે મહાસુદ ૫ થી મહાસુદ ૧૩ સુધી વિશ્વકર્મા કથાનું પણ અમુક સ્થાનો પર આયોજન કરવામાં આવે છે. તેમજ મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશના અમુક પ્રાંતોમાં આ દિવસે વિશ્વકર્મા રથ બનાવી શોભાયાત્રારૂપે ગામમાં ફેરવવામાં આવે છે.

આ ઉપરાંત પંજાબ, બિહાર, આસામ, પશ્ચિમ ઉત્તરપ્રદેશ, હરિયાણા, દિલ્હી, મેઘાલય આદિ રાજયોમાં વિશ્વકર્મા જયંતી ૧૭ સપ્ટેમ્બરના રોજ અંગ્રેજી તારીખ પ્રમાણે ઉજવાય છે.

વિશ્વકર્માવંશીઓ જે દરેક રાજયમાં અલગ અલગ ઓળખથી ઓળખાય છે જેમ કે પંજાબમાં જાંગિડ અને રામગઢિયા, બિહારમાં ધીમાન, ઓઝા, મૈથિલ તો દિલ્હી અને હરિયાણામાં અટાલિકાકાર અને શર્મા તરીકે જાણીતા છે તેઓ ૧૭ સપ્ટેમ્બરના રોજ સવારથી જ પોતાના ઘરમાં પ્રભુ વિશ્વકર્માનું સ્થાપન કરી પૂજા અર્ચના ધામધુમપૂર્વક પોતાના સગા-સંબંધી સાથે મળીને કરે છે. ત્યારબાદ પ્રભુની વિશાળ શોભાયાત્રાના રૂપમાં બધા એક જગ્યા પર ભેગા મળી પોતાના ઘરે કરેલ પુજા સ્થાન લઇને આવે છે. ત્યાં પ્રભુ વિશ્વકર્માજીનો હોમાત્મક યજ્ઞ કરે છે અને સાંસ્કૃતિક કાર્યક્રમ અને સમુહ ભોજન લે છે.

આ ઉપરાંત ૧૭ સપ્ટેમ્બરના રોજ નેપાળ, લંડન, યુરોપીય દેશો, રશિયા આફ્રિકા આદિ દેશોમાં પણ વિશ્વકર્મા જયંતીનો ઉત્સવ ધામધુમપૂર્વક યોજાય છે. એ દેશોમાં વિશ્વકર્મા વંશી પીંગટકર્મા, શ્વેતકર્મા અને શ્યામ કર્મા તરીકે પ્રસિદ્ધ છે. તેઓ એ દિવસે પ્રભુની મહાઆરતી અને મહાપુજાનો કાર્યક્રમ પોતાના ઔદ્યોગિક એકમોમાં રાખે છે અને એ દિવસે સમુહ ભોજન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

ભાદરવા સુદ એકમથી નોમ સુધી નવ દિવસનો વિશ્વકર્માનો ઉત્સવ શ્રીલંકાને પૂર્વ બંગાળ વગેરે પ્રાંતોમાં ધામધુમથી ઉજવાય છે. આ ઉત્સવ પૂર્વબંગાળ, મદ્રાસ અને શ્રીલંકામાં કર્મકાર તરીકે ઓળખાતા વિશ્વકર્મા વંશીઓ ઉજવે છે. આ ઉત્સવ દરમ્યાન એ લોકો વિશ્વકર્માની માટી કે પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિ બનાવી પોતાના ઘર કે ઔદ્યોગિક વસાહતમાં સ્થાપના કરાવે છે અને નવ દિવસ સુધી દરરોજ પુજા, યજ્ઞ, આરતી કરી પ્રભુને ફળ-ફુલ ઇત્યાદિ અર્પણ કરે છે. દરેક ઘેર-ઘેર એ દિવસોમાં દીવાળી જેવો ઉત્સવ હોય છે. શહેર, ગલી, ઘર રોશનીથી શણગારે છે અને દરરોજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરે છે. આપણે જેમ નવરાત્રિ ઉત્સવ મનાવીએ એવી રીતે એ લોકો વિશ્વકર્માની પ્રતિમાઓનું પવિત્ર જળમાં વિસર્જન કરે છે અને પોતાના સગા-સંબંધી વગેરે સાથે સમુહભોજન કરે છે. સમગ્ર દેશમાં ઉજવાતી વિશ્વકર્મા જયંતીમાં બંગાળી બાબુઓની વિશ્વકર્મા જયંતીનો ઉત્સવ સૌથી વધુ શ્રદ્ધાપૂર્વક થતો ઉત્સવ છે.

આ ઉપરાંત પંજાબ અને ઉત્તર પ્રદેશઅને રાજસ્થાનના અમુક ભાગોમાં કારતક સુદ એકમનો દિવસ ત્વષ્ટાસ્વરૂપ વિશ્વકર્મા પ્રભુના ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે એ દિવસોમાં જાંગિડ, રામગઢિયા, ધીમાન, મૈથિલ અને માલવીયા વગેરે વિશ્વકર્માવંશીઓ પોતાના ઘેરઅને કારખાનામાં ઓજાર અને મશીનરીની પુજા કરે છે અને પ્રભુ વિશ્વકર્માની પુજા કથા વગેરે કરી ઉત્સવ ઉજવે છે.

શ્રદ્ધા-વિશ્વાસથી શાસ્ત્રોત્કત વિધિ-વિધાનથી જે શ્રદ્ધાળુ પ્રભુ વિશ્વકર્માની ઉપાસના કરે તો પ્રભુ કૃપાથી એની તમામ કામનાઓ પૂર્ણ થાય છે.



## નેમઆર્ટસ-રાજકોટ તથા રામકૃષ્ણ મઠ દ્વારા

# અમદાવાદમાં સ્વામી વિવેકાનંદનું દ્વીઅંકી નાટક અરાઈઝ અવેઈક ભજવાયું

રાજકોટ,તા.૮

નેમ આર્ટસ, રાજકોટ, રામકૃષ્ણ મઠ, અમદાવાદ, સંસ્કારધામ અને ભારતમાતા મંદિર, સાણંદના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી સ્વામી વિવેકાનંદના જીવન દર્શન અને યુવાનોમાં વ્યસનમુક્તિ અને ચારિત્ર્ય ઘડતર માટે પ્રેરણા પૂરી પાડતા સામાજિક દ્વિઅંકી નાટક 'અરાઈઝ! અવેઈક!' નું ભવ્ય આયોજન વંદના હોલ, સંસ્કારધામ કેમ્પસ, ઘુમા-સાણંદ રોડ, બોપલ, અમદાવાદ ખાતે સવારે સાડા નવ કલાકે થયું હતું.

કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલાં રામકૃષ્ણ મઠ, અમદાવાદના અધ્યક્ષ સ્વામી પ્રભુસેવાનંદજી મહારાજ સંસ્કારધામના ચેરમેન ડો. આર.કે.શાહ,દસ્કોઈના ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસભાઈ પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે વિવિધ સ્પર્ધાના વિજેતાઓને પણ પુરસ્કારો વ્દેસ્ન્માંનીત કરવામાં આવ્યાં હતા.

મનીષ પારેખ લિખિત, દિગ્દર્શિત અને અભિનિત આ નાટકમાં વીસથી વધુ કલાકાર-કસબીઓ જોડાયેલા હતા.આ નાટક મલ્ટીમીડિયા ટેકનોલોજી અને અનુભવી કલાકારમંડળીના પ્રભાવશાળી અભિનય દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું, જે યુવા પેઢી માટે એક ઉંડો સંદેશ આપી ગયો.



# સૌરાષ્ટ્ર ઝોન આંતરકોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટમાં એવીપીટીઆઈ ચેમ્પિયન બની

રાજકોટ,તા.૮

ત્રણ ફેબ્રુઆરીથી સાત ફેબ્રુઆરી દરમિયાન બીએચ ગાર્ડી કોલેજ ખાતે જીટીયુ દ્વારા આયોજિત સૌરાષ્ટ્ર ઝોનની આંતર કોલેજ સીઝન ક્રિકેટ ટુર્નામેન્ટમાં એવીપીટીઆઇ રાજકોટે શાનદાર પ્રદર્શન કરી ચેમ્પિયનશિપ જીતી છે.

એવીપીટીઆઇ રાજકોટ અને સરકારી પોલિટેકનિક જામનગર વચ્ચે રમાયેલી ફાઇનલ મેચ અત્યંત રોમાંચક રહી હતી. જેમાં એવીપીટીઆઇ રાજકોટે સરકારી પોલિટેકનિક જામનગરને ૬૫ રનોથી હરાવી વિજય મેળવ્યો હતો.

એવીપીટીઆઇની જીતમાં દેવાંગ નારણકાને મેન ઓફ ધ મેચ અને મેન ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યા હતા. તેણે સમગ્ર ટુર્નામેન્ટમાં ૧૮૦ રન અને ૭ વિકેટ ઝડપી હતી.



# વોર્ડ નં.૨ની યોગેશ્વર સોસાયટીમાં ડામર રી-કાર્પેટ કામ શરૂ કરાયું

વોર્ડ નં.૨માં એરપોર્ટ રોડ પર આવેલ યોગેશ્વર સોસાયટી શેરીઓમાં ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત ૬૯-વિધાનસભા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા તેમજ વોર્ડ નં.૨ના કોર્પોરેટર મીનાબા જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહામંત્રી કૌશિકભાઈ અઢિયા, પ્રિતેશભાઈ પોપટ, રાજેશભાઈ પારેખ, અજયસિંહ જાડેજા, પુષ્પકભાઈ જૈન, જયસુખભાઈ પરમાર, છેલભાઈ રાવલ,પલ્લવીબેન ચૌહાણ, દિપાબેન કાચા, અમીબેન પારેખ, વૈશાલીબેન, પાર્વતીબેન દોશી, ફાલ્ગુનીબા ઝાલા, કુનદબેન બદરકિયા, જસુમતીબેન વસાણી વગેરે હાજર રહ્યા હતા.

### હાલના ઈન્કમટેક્સ એક્ટ કરતા નવો કાનૂન પડધો હશે

# આવકવેરા કાનૂનમાં ધરખમ ફેરફાર: કેબીનેટની મંજુરી

નવી દિલ્હી: બજેટ બાદ જેની સૌથી વધુ ચર્ચા છે તે નવા ઈન્કમટેક્સ બિલને ગઈકાલે કેન્દ્રીય કેબીનેટે મંજુરી આપી દીધી છે અને તે આગામી સપ્તાહમાં સંસદમાં રજુ થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદ હેઠળની કેન્દ્રીય કેબીનેટની બેઠકમાં મંજુરી બાદ સંસદમાં પણ નવો ખરડો રજુ થયા બાદ તે સંસદીય સમીતીને વિચારણા માટે મોકલાશે. નાણામંત્રી નિર્મલા સીતારામને તેમના બજેટ ભાષણમાં જ આ નવા આવકવેરા બિલનો સંકેત આપી દીધો હતો. અગાઉ આવકવેરા કાનૂનમાં સુધારા માટે એક કમીટી બનાવાઈ હતી જેમાં અલગ અલગ પેટા કમીટી પણ હતી અને તેની પાસે ૬૧૦૦થી વધુ પ્રસ્તાવો આવ્યા હતા જેના પછી સમગ્ર ખરડો તૈયાર કરવામાં આવ્યા છે જેનો મુળ હેતુ સમગ્ર આવકવેરા કાનૂનને અત્યંત સરળ અને સ્પષ્ટ વ્યાખ્યા સાથે બનાવવાનો છે જેથી તેમાં કાનૂની વિવાદો જે દર વર્ષે મોટી સંખ્યામાં થાય છે. કરદાતા અને સરકાર એક બાદ એક સ્તરે કાનૂની લડાઈ લડે છે અને સરકારનું જંગી લેણું અટવાઈ પડે છે તે તમામને હવે ભૂતકાળ

**સમગ્ર કાનૂનમાં જટીલતા, બેવડા અર્થઘટન, વિરોધાભાસી જોગવાઈ દુર કરી અત્યંત સરળ કાનૂન તૈયાર: સંસદમાં રજુ કરાશે**

બનાવવાનો છે.

જો કે આવકવેરાના આ કાનૂનમાં કોઈ ટેક્ષ ફેરફાર નહી હોય સરકારનો દાવો છે કે હાલના કાનૂન કરતા તે ૫૦% ટુંકો હશે.

હાલના કાનૂનમાં અલગ અલગ ટેક્ષ પેયર વર્ગને




અલગ અલગ અને ગુંચવણભરી જોગવાઈઓ લાગુ પડે છે તેના બદલે મોટા ભાગની

**આવકવેરા નોટીફીકેશન પરિપત્ર ઈશ્યુ કરવા માટે પણ ખાસ ગાઈડલાઈન: રેસીડેન્સ સહિતના સ્ટેટસમાં પણ ફેરફાર: ટેક્સ કપાત ભૂતકાળ બની જશે**

જોગવાઈઓ એક સમાન હશે અને સિંગલ ટેક્ષ રીજીમ વ્યવસ્થા હશે. ઉપરાંત હાલના કાનૂનમાં અનેક નાણાકીય વ્યવહારો જે નેગેટીવ ઝોનમાં છે તે ઘટાડાશે.

સમગ્ર કાયદાની ભાષા કોઈ રીતે ગુંચવણભરી કે એકથી વધુ અર્થ નીકળી શકે તેવી નહી હોય અને અનેક જોગવાઈઓ જે એકબીજાને વિરોધાભાસી અર્થઘટન કરતી હોય તે પણ દુર કરાશે. ઉપરાંત આવકવેરા વિભાગ જે વારંવાર પરિપત્ર કે નોટીફીકેશન ઈસ્યુ કરે છે તેના પર પણ નિયંત્રણ આવી જશે. એક સામાન્ય કરદાતાને પોતાના રિટર્ન ફાઈલ કરવા માટે ટેક્ષ કન્સલ્ટન્ટ પાસે જવુ પડે નહી તે નિશ્ચિત કરવા સરકાર માંગે છે.

આ ઉપરાંત સરકાર મહતમ ટેક્ષ કપાત કે ટેક્ષ રાહત પાછી ખેચવા માંગે છે તેથી તે માટે પ્રથમથી જ નવા રીજીમને ઉતેજન આપવામાં આવી રહ્યુ છે પણ તેની સાથે આવકવેરાનું કલેકશન ઘટે નહી અને કરચોરી તે ઉતેજન ન મળે તેવી જોગવાઈ હશે.

હાલની રેસીડેન્સીયલ, નોન રેસીડેન્સીયલ, રેસીડેન્સીયલ બટ નોટ ઓર્ડીનરી રેસીડેન્સ આ તમામ પ્રકારની જોગવાઈઓ પણ વધુ સ્પષ્ટ થશે જેથી જેમાં એનઆરઆઈ બની ઘરઆંગણે મોટા ટેક્ષ લાભો ઉઠાવે છે. તેઓને પણ સીધી લાઈનમાં લવાશે.

# માર્ચમાં સળંગ બે દિવસની બેન્ક હડતાળ : ૨૨થી ૨૬ માર્ચ-૪ દિવસ કામકાજ ખોરવાશે

### ફાઈવ-ડે વિક સહિતની માંગણીઓ પર દબાણ લાવવા બેન્ક યુનિયનનું એલાન

રાજકોટ, તા. ૮

બેંક ખાતાધારકોને માર્ચમાં સતત ચાર દિવસ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે, કારણ કે બેંક યુનિયનોએ હડતાળની જાહેરાત કરી છે. યુનિયનોએ સપ્તાહના પાંચ દિવસ કામકાજ અને તમામ કેડરમાં પર્યાપ્ત ભરતી સહિત વિવિધ માંગો મુદ્દે રાષ્ટ્રવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. નવ બેંકોના કર્મચારી સંઘોના સંયુક્ત સંગઠન યુનાઈટેડ ફોરમ ઑફ બેંક યુનિયન્સની હડતાળના ઉદ્દેશ્યમાં જાહેર ક્ષેત્રની બેંકોમાં કર્મચારી-અધિકારી નિદેશકોની ભરતી કરવાની પણ માંગ છે.

સંગઠને નિવેદનમાં કહ્યું છે કે, 'અમે યોગ્ય ચર્ચા-વિચારણા કર્યા બાદ ૨૪ અને ૨૫ માર્ચે સતત બે દિવસ હડતાલ સાથે આંદોલન કાર્યક્રમ યોજવાનો નિર્ણય લીધો છે. નાણાંકીય સેવા વિભાગે




પ્રદર્શનની સમીક્ષા કરવા તેમજ પ્રદર્શન આધારે પ્રોત્સાહન આપવાનો તાજેતરમાં જ નિર્દેશ આપ્યો છે, જેને પરત લેવામાં આવે. આવા નિર્દેશ નોકરીની સુરક્ષા માટે ખતરા સમાન છે અને કર્મચારીઓ વચ્ચે વિભાજન ઉભું કરે છે.

યુએફબીયુએ આક્ષેપ કર્યો છે કે, નીતિ વિષયક બાબતોમાં જાહેર ક્ષેત્રની બેંકોના માઈક્રો-મેનેજમેન્ટ સંબંધિત DFS દ્વારા બોર્ડની સ્વાયત્તતા નબળી પડી છે, જેમાં ભારતીય બેંક સંઘ પાસે બાકી રહેલા પ્રશ્નોના નિરાકરણની માંગ પણ કરવામાં આવી છે અને સરકારી કર્મચારીઓ માટેની યોજનાની તર્જ પર ગ્રેચ્યુઈટી એક્ટમાં સુધારો કરીને તેની મર્યાદા વધારીને રૂ.૨૫ લાખ કરવામાં આવે અને આવકવેરામાંથી મુક્તિની પણ માંગ કરાઈ છે.

યુએફબીયુના સભ્યોમાં ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન, ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કોન્ફેડરેશન, નેશનલ કોન્ફેડરેશન ઓફ બેંક એમ્પ્લોઈઝ, ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ એસોસિએશન અને બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન ઓફ ઈન્ડિયાનો સમાવેશ થાય છે. બેંક યુનિયનોએ વિવિધ માંગોને લઈ ૨૪ અને ૨૫ માર્ચે બેંક હડતાળની જાહેરાત કરી છે. આ ઉપરાંત ૨૨ માર્ચે ચોથો શનિવાર અને ૨૩ માર્ચે રવિવાર આવે છે. આમ માર્ચમાં બે રજા અને બે દિવસની હડતાળના કારણે સતત ચાર દિવસ બેંક બંધ રહી શકે છે, જેના કારણે અનેક ખાતાધારકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

# ટ્રમ્પ વિશ્વને વધુ આંચકો આપશે: આવતા સપ્તાહે વધુ દેશો પર 'ટેરિફ' ઝીંકવાની જાહેરાત



વોશિંગ્ટન : રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે તેઓ આવતાં અઠવાડિયે ઘણાં દેશો પર ટેરિફની જાહેરાત કરશે. તેમણે કહ્યું કે આ વધારાનો ટેરિફ દેશની બજેટ ખાધને ભરવામાં મદદ કરી શકે છે.

ટ્રમ્પે કહ્યું ન હતું કે કયાં દેશો પર તે ટેરિફ લગાવશે પરંતુ તેમણે સંકેત આપ્યો કે તે એક વ્યાપક પ્રયાસ હશે જે યુ.એસ. બજેટની સમસ્યાઓ હલ કરવામાં પણ મદદ કરી શકે. આ પગલું ટ્રમ્પનાં ચૂંટણી વચનને પૂર્ણ કરશે જેમાં અમેરિકન આયાત પર ટેરિફ લાદવામાં આવશે, જે વ્યવસાયિક ભાગીદાર દેશોએ અમેરિકન નિકાસ પર મૂકતાં ટેરિફની બરાબર હશે.

ટ્રમ્પ અને તેનાં ટોચનાં સાથીઓએ કહ્યું છે કે તેઓ ટ્રમ્પનાં ૨૦૧૭ ના કર ઘટાડાને વધારવા માટે વિદેશી આયાત પર ઉચ્ચ ટેરિફનો ઉપયોગ કરવાની યોજના બનાવી રહ્યાં છે, જે યુ.એસ.ના દેવામાં ટ્રિલિયન ડોલરનો ઉમેરો કરી શકે છે.

ટ્રમ્પે શનિવારે કેનેડા અને મેક્સિકો પર ૨૫ ટકાના ટેરિફની ઘોષણા કરી હતી પરંતુ રોકાણકારો પાસેથી નકારાત્મક પ્રતિસાદ બાદ તેમને બંધ કર્યો છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ચીનથી આયાત કરેલાં માલ પર ટેરિફ લાદવાનો આદેશ બંધ કર્યો હતો.

ગુરુવારે ટ્રમ્પનાં યુ.એસ.ના વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીરે જણાવ્યું હતું કે જો અન્ય દેશો યુ.એસ.ના બજારમાં પ્રવેશ જાળવી રાખવા માંગતા હોય તો તેમણે યુ.એસ.ની નિકાસ પર ટેરિફ ઘટાડવાની જરૂર પડશે

તેમણે કહ્યું કે અન્ય દેશોને સમજાવવાની જરૂર છે કે જો તેઓ યુનાઈટેડ સ્ટેટ્સની બજારમાં પ્રવેશ કરવા માંગતાં હોય, તો તેમણે ટેરિફ ઘટાડવા પર વિચાર કરવો પડશે.

# ઠંડીમાં ફરી રાહત : તાપમાન ઉંચકાયુ

### નલિયામાં ૧૧, રાજકોટ, અમરેલી, ભુજમાં ૧૩ અને જામનગરમાં ૧૬ ડિગ્રી

રાજકોટ, તા. ૮

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજરોજ ફરી ઠંડીમાં રાહત થવા પામી હતી અને સવારનાં તાપમાનમાં વધારો થયો હતો. આજે સવારે નલિયામાં ૧૧ ડિગ્રી, રાજકોટમાં ૧૩.૪, પોરબંદરમાં ૧૭.૧, વેરાવળમાં ૧૮.૪ તેમજ અમદાવાદ ખાતે ૧૬.૧, અમરેલીમાં ૧૩.૬, વડોદરામાં ૧૫.૬, ભાવનગરમાં ૧૫.૪, ભુજમાં ૧૩.૮ ડિગ્રી અને ડિસામાં ૧૨.૬, દિવમાં ૧૬.૬, દ્વારકામાં ૧૯.૧, ગાંધીનગરમાં ૧૪.૮, કંડલામાં ૧૫.૪ તથા ઓખામાં ૨૦.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

ઉપરાંત જામનગર શહેરના તાપમાનમાં સતત વધઘટ રહે છે છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનમાં ૧ ડિગ્રીના વધારા સાથે પારો ૧૬ ડિગ્રી પહોંચ્યો હતો.જ્યારે મહતમ તાપમાનમાં સીધો ૩ ડિગ્રી વધતા ૩૦.૬ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે પવનની ગતિમાં ૨ કિમીના ઘટાડા સાથે ૭.૧ કિમિ પ્રતિકલાક ઝડપ નોંધાઇ હતી.

આમ પરોઢિયે ઠડીનું મોજું અને બપોરે ગરમીનો અહેસાસ લોકો અનુભવી રહ્યા છે.

### ધરપકડના મામલે સુપ્રિમ કોર્ટનો મહત્વનો ફેસલો

# આરોપીને ધરપકડનું કારણ બતાવવું પડશે, નહીં તો છોડી દેવો પડશે: સુપ્રિમ કોર્ટ



નવી દિલ્હી તા.૮

સુપ્રિમ કોર્ટે ધરપકડને લઈને મહત્વનો ફેંસલો આપ્યો છે.કોર્ટે જણાવ્યું છે કે જો ધરપકડ વખતે આરોપીને કારણ ન બતાવવામાં આવે અને બંધારણીય જોગવાઈનો ભંગ કરવામાં આવે તો આ કાર્યવાહી ગેરકાયદે માનવામાં આવશે. સાથે સાથે આરોપીને જામીન કે પછી મુકિત આપી શકાય છે.

**સ્પષ્ટ ભાષામાં કારણ બતાવો:**

સુપ્રિમ કોર્ટના જજ એ.એસ.ઓકાની આગેવાની બેન્ચે શુક્રવારે કહ્યું હતું કે બંધારણની ધારા ૨૨ (૧) અંતર્ગત ધરપકડ કરાયેલ વ્યકિતને ધરપકડના કારણોની સ્પષ્ટ જાણકારી આપવી અનિવાર્ય છે. જો આમ ન થઈ શકે તો આરોપીને તરત છોડી દેવામાં આવી શકાય છે. ભલે અન્ય કાનુની જોગવાઈ જામીનથી રોકતા હોય.

ધરપકડ થયેલી વ્યકિત ધારા ૨૨ (૧) ના ભંગની ફરિયાદ કરે છે તો તપાસ એજન્સી પર એ જવાબદારી રહેશે કે તે એ સાબિત કરે કે કાયદાની પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યુ છે.

**કયાં થઈ ધરપકડ, પરિવારને બતાવવું જરૂરી:**

કોર્ટે તેના ફેસલામાં એમ પણ કહ્યુ કે સીઆરપીસીની ધારા ૫૦ અંતર્ગત ધરપકડ થયેલ વ્યકિતના મિત્રો, સબંધીઓ કે નોમિનેટેડ વ્યકિતઓને ધરપકડના સ્થળની સૂચના આપવી પણ અનિવાર્ય છે.આ જોગવાઈ એ નિશ્ચિત કરવા માટે છે કે ધરપકડ થયેલી વ્યકિત કાનુની મદદ લઈ શકે અને તેને લાપતા થવાથી બચાવી શકાય. સુપ્રિમ કોર્ટે આ ફેસલો વિહાનકુમાર દ્વારા દાખલ અપીલ પર સંભળાવ્યો હતો. તેણે પંજાબ તેમજ હરિયાણા હાઈકોર્ટનાં ફેસલાને પડકાર્યો હતો તેના પર છેતરપીંડીનો આરોપ હતો કોર્ટે જાણ્યું કે ધરપકડના કારણની માહિતી તેને નહોતી આપવામાં આવેલી જેના કારણે હાઈકોર્ટનો ફેસલો રદ કરાયો હતો અને આરોપીને તાત્કાલીક છોડી દેવાનો આદેશ અપાયો છે.

# હવે અમેરિકાથી બ્રિટીશ રાજકુમાર પ્રિન્સ હેરી પણ ડિપોર્ટ થશે? જુની ફાઈલ ખોલશે ટ્રમ્પ

### પ્રિન્સ હેરી તેની અમેરિકન પત્ની સાથે અમેરિકામાં રહે છે

વોશિંગ્ટન,(અમેરિકા) તા.૮

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ડિપોર્ટેશન લિસ્ટમાં હવે બ્રિટિશ રાજકુમાર હેરીનું નામ જોડાઈ શકે છે. ટ્રમ્પે પાંચ મહિના પહેલાં બંધ થઇ ગયેલાં હેરીના વીઝા કેસને ફરી ખોલવાનો આદેશ કર્યો છે. હેરીએ વીઝા મેળવવા માટે ખોટી સૂચના આપી હોવાના મામલે ગુનેગાર સાબિત થાય તો ટમ્પ તેમને ડિપોર્ટ કરી શકે છે. જો આવું થયું તો હેરી ટ્રમ્પના કાર્યકાળમાં ડિપોર્ટ થનારા પહેલાં ઇન્ડીવિઝ્યુઅલ હશે. ટ્રમ્પે પહેલાં જ કહી દીધું છે કે, હેરી અને તેમની પત્ની મેગન મર્કેલને કોઈ છૂટ નહીં આપવામાં આવે.




નોંધનીય છે કે, મેગન અમેરિકન નાગરિક છે, હેરી તેમની સાથે અમેરિકામાં રહે છે.આ મામલો હેરીની આત્મકથા 'સ્પેયર' સાથે જોડાયેલો છે. જેમાં તેમણે કિશોરાવસ્થામાં ડ્રગ્સ લેવાની કબૂલાત કરી હતી. હેરીએ અમેરિકાના વીઝા લેતા સમયે આ વાત છુપાવી હતી. આ મુદ્દો બનતાની સાથે જ દક્ષિણપંથી સંગઠન હેરિટેજ ફાઉન્ડેશને તેમનો કેસ ફરી ખોલવાની અરજી દાખલ કરી દીધી છે.

# દિલ્હીના દિલમાં મોદીજી: હર્ષ સંઘવી

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ દિલ્હીના વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીત પર કહ્યું કે, આજનો દિવસ ખાસ છે. કારણ કે દિલ્હીવાસીઓએ દેશનું દિલ જીતી લીધું. દિલ્હીના દિલમાં મોદીજી છે. મોદીજીની આગેવાનીમાં દેશ વિકાસ કરી રહ્યો છે. દિલ્હીના લોકોએ ડબલ એન્જિન સરકાર માટે રેકોર્ડ મતદાન કરી જીત અપાવી છે. દિલ્હીના લોકોએ એવા લોકોને મત આપ્યો નથી જેમણે સેનાને લઈને સવાલ ઉઠાવ્યા હતા. જેમને લોકોની આસ્થા પર શંકા કરી હતી, એવા લોકોની અહીં જગ્યા નથી. હવે દિલ્હીના લોકોને ડબલ એન્જિનની સરકાર મળશે. દિલ્હીવાસીઓએ આજે દેશભરના લોકોનું દિલ જીતી લીધું છે. દિલ્હીના લોકોને આજાદી મળી છે અને સમગ્ર દેશમાં ખુશીનો માહોલ છે.

## સોશિયલ મીડિયામાં મીમ્સ વાયરલ ઉઠો, સુનીતા, શીશ મહલ ખાલી કરને કા ટાઈમ આ ગયા..

નવીદિલ્હી: આજે દિલ્હી વિધાનસભામાં ચૂંટણીના પરિણામો જાહેર થઈ રહ્યા છે. જેમાં કોંગ્રેસનું તો નામું નખાઈ ગયું છે. હરિફાઈ ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે હતી, જેમાં ભાજપે આમ આદમી પાટીને ધોબી પછાડ આપી છે. ચૂંટણીમાં 'આપ'ની હારને પગલે સોશિયલ મીડિયામાં મીમ્સ વાયરલ થઈ રહ્યા છે, જેમાં 'મુગલ એ આઝમ'ના દિલીપકુમાર અને મધુ બાલાની તસ્વીરને લઈને એક યુઝર કોમેન્ટ કરી લખ્યું છે- ઉઠો, સુનીતા શીશ મહલ ખાલી કરને કા સમય આ ગયા..!

## અહંકાર તો રાવણનો પણ નહોતો ટકયો: સ્વાતિ માલીવાલનું ટવીટ

નવીદિલ્હી:

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને મળેલી પછડાટ પર આમ આદમી પાર્ટીની પૂર્વ નેતા અને મહિલા નેતા સ્વાતિ માલિવાલે ટવીટ પર પ્રતિક્રિયા લખી છે. સ્વાતિ માલિવાલે લખ્યું છે- અહંકાર તો રાવણનો પણ નહોતો ટકયો. ઉલ્લેખનીય છે કે સ્વાતિ માલિવાલને આમ આદમી પાર્ટીના નેતાએ માર માર્યાના બનાવે દેશમાં વિવાદ ઉભો કર્યો હતો.

# અમદાવાદના સાબરમતી મેટ્રો સ્ટેશન પાસે આગ: દોડધામ

### લોકોમાં નાસભાગ: ફાયર અધિકારીઓ સ્થળ પર દોડયા



અમદાવાદ,તા.૮

શહેરમાં સાબરમતી મેટ્રો સ્ટેશન પાસે અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી છે. મેટ્રોની કામગીરી દરમિયાન આગ લાગતા લોકોમાં નાસભાગ થઈ હતી. બાંધકામના લાકડાઓમાં અચાનક આગ લાગતા લોકો પોતાનો જીવ બચાવવા નાસભાગ કરતા જોવા મળ્યા છે. ૧૪ ફાયર ફાયટર અને અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યાં છે.વધુ વિગતો મેળવાઈ રહી છે.

# અમેરિકામાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ સાથે અમાનવીય વર્તનથી ટ્રમ્પ સરકાર ઘેરાઈ: દુનિયાભરમાં ટિકા

### હજારો ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને જેલમાં હાથકડી-બેડી પહેરાવી અપમાનિત કરાતા હોવાના આરોપો

વોશિંગ્ટન (અમેરિકા), તા.૮

અમેરિકાની જેલમાં ગેરકાયદે ઈમિગ્રેશનને રાખવામાં આવી રહ્યા છે અને તેમની સાથે ખરાબ વ્યવહારના કારણે ટ્રમ્પ સરકાર ઘેરાઇ છે.

કેદીઓની સંખ્યા જોતા સંઘીય જેલ બ્યુરોએ પોતાના અનેક કર્મચારીઓને વિભિન્ન જેલોમાં સ્થળાંતરિત કરવામાં આવી રહ્યા છે. ન્યાય વિભાગ અંતર્ગત આવનારા સંઘીય જેલ બ્યુરોમાં ૩૦ હજારથી વધુ કર્મચારીઓ છે.

અમેરિકાનું ટ્રમ્પ પ્રશાસન ગેરકાયદે ઈમિગ્રેન્ટ્સને નિર્વાસિત કરતા પહેલા સંઘીય જેલમાં રાખી રહ્યું છે.

જો કે બ્યુરોએ કેદીઓની સંખ્યા બતાવવાનો ઈન્કાર કર્યો હતો. અહેવાલો મુજબ ઈમિગ્રેન્ટ્સને લોસ એન્જલ્સ, મિયામી, અટલાન્ટા, કંસાસ વગેરેની સંઘીય જેલમાં રાખવામાં આવી રહ્યા છે.



અમેરિકામાં એક કરોડથી ગેરકાયદે ઈમિગ્રેન્ટ્સ છે. જેમાંથી લાખો લોકોને ડિપોર્ટ કરવાની વાત ટ્રમ્પ પ્રશાસને કરી છે. ટ્રમ્પ પ્રશાસન સામે ગેરકાયદે ઈમગ્રેન્ટ્સ સાથે ખરાબ વ્યવહારનો આરોપ લાગ્યો છે. તેમને હાથપગમાં હાથકડી-બેડીઓ નાખીને જેલમાં રાખવામાં આવે છે. કેદીઓએ પર્યાપ્ત ચિકિત્સા કે સારસંભાળ ન આપવાનો આરોપ લાગ્યો છે.

# તેલંગાણાના જાનૈયાઓને મોજ પડી ગઈ! ભોજનમાં દારૂની બોટલો પીરસાઈ

### વીડિયો વાયરલ થતા યુઝર્સની રસપ્રદ કોમેન્ટ: શું તેલંગાણામાં લોકો ઓછુ પાણી અને વધુ દારૂ પીવે છે?

નવીદિલ્હી,તા.૮

તાજેતરમાં ટ્વિટર એકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે. વીડિયો સાથે લખ્યું હતું- 'તેલંગાણાના લગ્ન આવા હોય છે!' જોકે, આ લગ્ન તેલંગાણાના છે કે નહીં તે સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું નથી. આ એક વાયરલ વીડિયો છે,આ વીડિયો ખૂબ જ રમુજી છે, તેથી જ તે ચર્ચામાં છે.

ભારતના અલગ અલગ ભાગોમાં લગ્નના રિવાજો ખૂબ જ અલગ છે. કેટલીક જગ્યાએ લોકોને બેઠા બેઠા ભોજન પીરસવામાં આવે છે, જ્યારે કેટલીક જગ્યાએ લોકો બુફે શૈલીમાં ભોજન લે છે. તાજેતરમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં લોકો લગ્ન સમારોહમાં જમવા બેઠા હોય તેવા જોવા મળે છે. આ લોકો ટેબલ અને ખુરશીઓ પર બેઠા છે. તેમની સામે એક કાગળની પ્લેટ રાખવામાં આવે છે જેના પર ભોજન પીરસવાનું હોય છે. પરંતુ ભોજન પહેલાં, પ્લેટમાં દારૂની બોટલ પીરસવામાં આવે છે, જેને જોઈને લોકો ખૂબ જ આશ્ચર્યચકિત થઈ જાય છે.




વ્યક્તિને લાગે છે કે તે બોક્સમાંથી પુરી કે પાપડ જેવી કોઈ ખાદ્ય વસ્તુ કાઢીને પ્લેટમાં મૂકવા જઈ રહ્યો છે. પણ તે માણસ દારૂની બોટલ કાઢે છે અને

વીડિયો સાથે લખ્યું હતું- 'તેલંગાણાના લગ્ન આવા હોય છે!' જોકે, આ લગ્ન તેલંગાણાના છે કે નહીં તે સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું નથી. આ વીડિયોમાં લોકો ખુરશીઓ પર બેઠા છે અને તેમની સામે ટેબલ પર કાગળની પ્લેટો રાખવામાં આવી છે. તે પ્લેટો પર પ્લાસ્ટિકના ચશ્મા પણ મૂકવામાં આવે છે. એક માણસ હાથમાં કાર્ડબોર્ડ બોક્સ લઈને દરેક મહેમાન પાસે જઈ રહ્યો છે અને વીડિયો જોનાર પ્લેટમાં મૂકે છે. આ રીતે તે બધાને કાચની બોટલો વહેંચે છે. આ વીડિયોને લગભગ ૪ લાખ વ્યૂઝ મળ્યા છે જ્યારે ઘણા લોકોએ કોમેન્ટ કરીને પોતાની પ્રતિક્રિયા આપી છે. એકે કહ્યું - હવે નાસ્તો પીરસવામાં આવશે! એકે કહ્યું કે તેને આ તેલુગુ સંસ્કૃતિ નથી લાગી. એક વ્યક્તિએ પૂછ્યું કે શું તેલંગાણામાં લોકો ઓછું પાણી અને વધુ દારૂ પીવે છે? એકે કહ્યું, નાસ્તો, બરફ, સોડા અને પાણી ક્યાં છે? આ ભારત પાછું લઈ જાઓ!

# પાકિસ્તાનને આંચકો : સઈમ અયુબ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર

### ઓપનિંગ બેટ્સમેન સઈમ અયુબને પગની ઘૂંટીના ફ્રેક્ચરથી સાજા થવામાં ઓછામાં ઓછા ૧૦ અઠવાડિયા લાગશે

કરાચી: પાકિસ્તાનનાં ઓપનિંગ બેટ્સમેન સઈમ અયુબને પગની ઘૂંટીની ઈજાથી સાજાં થવામાં ઓછામાં ઓછા ૧૦ અઠવાડિયા આરામ કરવો પડશે, જેનાથી તે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી સત્તાવાર રીતે બહાર થયો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડએ શુક્રવારે કહ્યું હતું કે સઈમની પગની ઘૂંટીના ફ્રેક્ચર થયું છે અને તે ઇંગ્લેન્ડમાં મેડિકલ ટીમની દેખરેખ હેઠળ સાજો થઈ રહ્યો છે. તેને જાન્યુઆરીમાં દક્ષિણ આફ્રિકામાં આ ઈજા થઈ હતી. પીસીવીએ જણાવ્યું હતું કે, એમઆરઆઈ સ્કેન, એક્સ -રે અને મેડિકલ રીપોર્ટ અનુસાર ઇજામાંથી તેને સંપૂર્ણ રીતે સાજાં થતાં ૧૦ અઠવાડિયાનો સમય લાગશે. પાકિસ્તાને ચેમ્પિયન્સ ટ્રોફી બાદ માર્ચમાં ન્યુઝીલેન્ડનો પ્રવાસ કરવાનો છે. જ્યાં ટીમને પાંચ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય અને ત્રણ વનડે મેચ રમવાનાં છે.



પીસીવીએ જણાવ્યું હતું કે, ન્યુઝીલેન્ડના આ પ્રવાસ માટેની સઈમ ઉપલબ્ધતા તેમની બધી ફિટનેસ તપાસ અને તબીબી તપાસની રીપોર્ટ અનુસાર નક્કી થશે.

**ચેમ્પિયન્સ ટ્રોફીનું એન્થમ લોંચ :-**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ શુક્રવારે પ્રખ્યાત ગાયક આતિફ અસલમ દ્વારા ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું સત્તાવાર ગીત 'જીતો બાજી ખેલ કે' લોન્ચ કર્યું છે. ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂ થવામાં હવે થોડાં દિવસો બાકી છે, તેથી આ ગીતનાં રીલીઝ થવાની ૧૫ મેચોની આ ઇવેન્ટ વધુ રોમાંચક બનશે.

# અમિતાભની રહસ્યમય પોસ્ટથી ચાહકોની ચિંતા વધી- પૂછયું -શું થયું સાહેબ ?

### તમે તો સુપરસ્ટાર છો, આવું ન કહો ફેન્સનું રિએકશન

મુંબઈ,તા.૮

બોલીવુડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર હંમેશા કંઈક ને કંઈક શેર કરતા રહેતા હોય છે. તેઓ હંમેશા સોશિયલ મીડિયા દ્વારા તેમના ફેન્સના સંપર્કમાં રહેવાનું પસંદ કરે છે. તાજેતરમાં જ તેમણે એક એવી પોસ્ટ કરી જેને જોઈને ચાહકોની ચિંતા વધી ગઈ અને તેમણે પૂછવાનું શરૂ કરી દીધું કે આવું લખવા પાછળનું કારણ શું છે? વાત એમ બની હતી કે બીગ બીએ રોજની જેમ શુક્રવારે રાતે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ મૂકી હતી. શુક્રવારે રાતે તેમણે જે પોસ્ટ મૂકી તેમાં તેમણે લખ્યું હતું કે, T-5281 જવાનો સમય. જેનો અર્થ એવો થતો હતો કે હવે જવાનો સમય આવી ગયો છે.



તેમની આ પોસ્ટ રહસ્યમય હતી, જેના કારણે તેમના ચાહકો ચિંતામાં મુકાઈ ગયા હતા અને પ્રશ્ન પૂછવા લાગ્યા હતા. એક ચાહકે પૂછ્યું હતું કે, 'શું થયું સાહેબ?', તો વળી બીજાએ લખ્યું હતું કે, 'સાહેબ આવું ન કહો' અન્ય એકે લખ્યું હતું કે, 'સર, તમે તો સુપરસ્ટાર છો. આવું નહીં કહો,' તેમના બીજા એક ફેને લખ્યું હતું કે, 'હમણાં નહીં સાહેબ'. ચાહકોની પોસ્ટ પરની આવી ટિપ્પણીઓ જોઈને અંદાજ લગાવી શકાય છે કે લોકો તેમને કેટલો પ્રેમ કરે છે.

નોંધનીય છે કે સિનિયર બચ્ચન તેમના પુત્ર અભિષેકની ઘણી નજીક છે અને અનન્ય ઈમોશનલ બોન્ડ શેર કરે છે. હાલમાં જ તેમણે પુત્ર અભિષેક બચ્ચનનો જન્મદિવસ ઉજવ્યો હતો. તેમણે તેમના બ્લોગ પર એક ભાવનાત્મક પોસ્ટ લખી હતી અને અભિષેકના જન્મ સમયનો જુનો ફોટો પણ શેર કર્યો હતો.

અમિતાભ બચ્ચનના પ્રોફેશનલ ફ્રન્ટ વિશે વાત કરીએ તો હાલમાં તો તેઓ 'કૌન બનેગા કરોડપતિ -૧૬' હોસ્ટ કરી રહ્યા છે. છેલ્લે તેઓ ૨૦૨૪માં રજનીકાંત અભિનીત ફિલ્મ 'વેટ્ટિયન'માં જોવા મળ્યા હતા. તેમણે કોઇ નવી ફિલ્મની જાહેરાત કરી નથી, પણ એમ માનવામાં આવે છે કે તેઓ નિતેશ તિવારીની 'રામાયણ'માં જોવા મળશે.

મદનમોહન હવેલીના ઉપક્રમે ગો.શ્રી વ્રજેશકુમારજી મ.ની અધ્યક્ષતામાં

# સોમવારથી ત્રણ દિવસ શાસ્ત્રી મેદાન ખાતે વિરાટ લક્ષ્મી-નૃસિંહ મહાયજ્ઞનો પ્રારંભઃ કાલે ભવ્ય શોભાયાત્રા

## આવતીકાલે લક્ષ્મીવાડી હવેલીથી સાંજે શોભાયાત્રાનો પ્રારંભ, મુખ્ય માર્ગો પરથી પસાર થઈને શાસ્ત્રી મેદાનમાં સંપન્ન થશે, તૈયારીઓ પુરજોશમાં

રાજકોટ તા.૮

લક્ષ્મીવાડી હવેલીના ગો.શ્રી વ્રજેશકુમારજી મ., ગો.શ્રી અનિરૂધ્ધકુમારજી તથા ગો.શ્રી રશેષકુમારજીના સાંનિધ્યમાં આગામી તા.૧૦થી ૧૨ શાસ્ત્રી મેદાન ખાતે વિરાટ લક્ષ્મી-નૃસિંહ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. વિશાળ યજ્ઞશાળામાં ૧૦૦ કુંડી વેદી તૈયાર કરવામાં આવી છે. વલ્લભકુળના આચાર્યો, તથા બાળકો માટે સ્ટેજ સાથેનો ડોમ, વિવિધ મનોરથ માટેનો ડોમ એમ ત્રણ વિશાળ ડોમ તૈયાર કરાયા છે. વૈષ્ણવ મંડાણ (ભોજન ગૃહ)નું કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે.

દ્વારકેશ ગ્રુપના મનસુખભાઈ સાવલીયાના માર્ગદર્શન હેઠળ તથા આયોજન સમિતિના પ્રમુખ તેમજ દ્વારકેશ ગ્રુપના જીતુભાઈ સાવલીયા તથા અન્ય ભાઈ બહેનો સેવા આપી રહ્યા છે.







### શાસ્ત્રી મેદાનમાં વિશાળ યજ્ઞશાળાનો ડોમ, વિવિધ મનોરથ માટેનો ડોમ તથા વલ્લભકુળના આચાર્યો, બાલકો માટેનો ડોમ તૈયાર કરાયો છે

આવતીકાલ તા.૯મીના રવિવારે સાંજે શ્રી મદનમોહનજીની હવેલી લક્ષ્મીવાડી રોડથી શોભાયાત્રાનો પ્રારંભ થશે. જેમાં ૨૫૨ કળશધારી બહેનો, નાસિક બેન્ડ, સાફાધારી વૈષ્ણવો, કીર્તન મંડળી, રાસ મંડળી, વાહનો વગેરે જોડાશે આ શોભાયાત્રા વાજતે ગાજતે મુખ્ય માર્ગો પરથી પસાર થઈને શાસ્ત્રી મેદાન ખાતે સંપન્ન થશે તેમજ યજ્ઞ સ્થળે શ્રી નૃસિંહના સ્વરૂપનું સ્થાપન થશે.

**વિરાટ લક્ષ્મી-નૃસિંહ મહાયજ્ઞ**

તા.૧૦મીના સોમવારે યજ્ઞશાળામાં યજ્ઞનો પ્રારંભ થશે. સવારે ૧૦થી ૧ તથા બપોરના ૨થી ૫ એમ બે સત્ર થશે. સાંજે ૭ પછી ફૂલફાગ મનોરથના દર્શન થશે. તા.૧૧ના સવાર-બપોરના બે સત્ર યજ્ઞ, સાંજે ૭ વાગે વિવાહ ખેલ મનોરથ દર્શન, તા.૧૨ના બુધવારે સવાર બપોરના બે સત્ર યજ્ઞ, સાંજે ૭ બાદ છાક મનોરથ દર્શન થશે. તથા સાંજે યજ્ઞની પૂર્ણાહુતિ થશે.


તા.૧૩મીના રાત્રે નવ વાગે પ્રખ્યાત કલાકાર શેખર ગઢવી તથા આદિત્ય ગઢવી દ્વારા 'કસુંબલ ડાયરો'નું આયોજન કરાયું છે.

વિરાટ લક્ષ્મી-નૃસિંહ મહાયજ્ઞ શાળામાં પરિક્રમા માર્ગ અવિરત ખૂલ્લો રહેશે. મુખ્ય મનોરથી ધારાસભ્ય જયેશ રાદડીયા છે તેમ જીતુભાઈ સાવલીયાએ જણાવેલ છે.

મહાયજ્ઞ સમય દરમિયાન સપ્તમ પીઠાધિશ્વરની શ્રી,પૂ.પા.ગો.શ્રી ઘનશ્યામલાલજી મહારાજનો પ્રાગટય ઉત્સવ તા.૧૦ને સોમવારે મનાવવામાં આવશે. પ્રાગટય ઉત્સવને અનુલક્ષીને સોમવારે રાત્રે ૯ વાગ્યે વધાઈ-કીર્તન તથા દિલીપભાઈ વેજાભાઈ વાળાના રાસનો ક્રમ રાખેલ છે તથા મંગળવારે રાત્રે ૯ વાગ્યે કમલેશભાઈ બાંગાવારાના રાસનો ક્રમ તેમજ બુધવારે રાત્રે હોલી રસિયાનો ક્રમ પ્રખર કિર્તનકારો હરેશભાઈ રાજપરા, મહેશભાઈ વાગડીયા, ઘનશ્યામભાઈ ધીણોજા વિગેરે દ્વારા રાખવામાં આવેલ છે.

જિનશાસન પ્રભાવક આ.ભ.પૂ.શ્રી જયશેખરસૂરિજી મ.આદિની પાવન નિશ્રામાં

# સોમવારે નવગ્રહ જિનાલયમાં 'ૐ પુણ્યાહં'ના નાદ સાથે પરમાત્માની જાજરમાન પ્રતિષ્ઠા



### આવતીકાલે દીક્ષા કલ્યાણક વિધાન, દીક્ષા કલ્યાણકનો વરઘોડો, વિનિતા નગરીમાં માતા-પિતા, રાજકુમારી-કુલમહત્તરા દ્વારા હૃદયવેધક ઉદ્‌બોધનઃ પરમાત્માની દીક્ષા વિધિ, મધ્યરાત્રીના અધિવાસના વિધાન, આદિનાથ પરમાત્મા આદિ જિનબિંબોની અંજનશલાકા-પ્રાણ પ્રતિષ્ઠા વિધાનઃ મંગળવારના દ્વારોદ્‌ઘાટન સાથે મહોત્સવનું સમાપન

રાજકોટ તા.૮

જિનશાસન પ્રભાવક આચાર્ય ભગવંત પૂ.શ્રી જયશેખરસૂરિજી મ. આદિની પાવન નિશ્રામાં અવધ રોડ પર જયાનંદ ધામ નવગ્રહ જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ ધર્મોલ્લાસ સાથે ઉજવાઈ રહ્યો છે.

ગત તા.૧લી ફેબ્રુઆરીથી પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થયો હતો દરરોજ વિશેષ પાંચ કલ્યાણકની ઉજવણીનો પ્રારંભ થયો છે.

ગઈકાલે બપોર બાદ નૂતન નવગ્રહ જિનાલયમાં નૂતન જિનબિંબો ઉપર ૧૯ અભિષેક મંગળ વિધાન સંપન્ન થયેલ.

આજે પ્રતિષ્ઠા મહોત્સવના આઠમાં દિવસે સ્ટેજ કાર્યક્રમમાં પરમાત્માનો લગ્ન મહોત્સવ, મામેરૂ, રાજ્યાભિષેક, મહોત્સવ મંત્રી વિધાન, શ્રી વિનિતા નગરીમાં ભગવાનના મામા-મામી મામેરૂ સાથે આગમન થયેલ. તેમજ ભગવાનના સાસુ-સસરાના આગમનનો પ્રસંગ રજુ થયો હતો. વેવાઈ- વેવાણોનું વિશિષ્ટ મિલન-બાદશાહી સ્વાગત કરાયું હતું અને પરમાત્માનો લગ્નોત્સવ અનેરા ઉલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો.

ત્યારબાદ પરમાત્માનો રાજયાભિષેકનો પ્રસંગ, રાજ્યારોહણ, પરમાત્માની બહેન રાજકન્યા, રાજકુમારી દ્વારા રાજતિલક, રાજય શાસનની ઉદ્‌ઘોષણા, નગરશેઠ, મહામંત્રી, સેનાપતિ, નાણામંત્રી વગેરેની સોગંધવિધિ બાદ નવકાંતિ દેવોનું આગમન અને પરમાત્માને દીક્ષા તથા વર્ષીદાન માટે વિનંતી કરી હતી. આ બધા પ્રસંગોની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. વિવિધ પાત્રોમાં લાભાર્થી પરિવારોના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.









આવતીકાલ તા.૯મીના રવિવારના સ્ટેજ પ્રોગ્રામમાં દીક્ષા કલ્યાણક વિધાનનો પ્રસંગ ઉજવાશે. પરમાત્માની દીક્ષા કલ્યાણકનો વરઘોડો વાજતે ગાજતે નીકળશે. વિનીતા નગરીમાં માતા પિતા, રાજકુમારી, રાકુલમહત્તરા, દ્વારા હૃદયવેધક ઉદ્‌બોધન, પરમાત્માની દીક્ષા વિધિ થશે અંજન ઘૂંટવાનું તથા અંજન વહોરાવવાનું મંગળ વિધાન થશે.

આવતીકાલે મધ્ય રાત્રીના આચાર્ય ભગવંત શ્રી જયશેખરસૂરિજી મ.ની નિશ્રામાં શુભમુહૂર્તે શ્રી અધિવાસના વિધાન થશે. આ પ્રસંગે માત્ર આચાર્ય ભગવંતની જ ઉપસ્થિતિ રહે છે અને તેઓ જ અંજન કરી શકે છે. શુભ લગ્ને, શુભ નવ માસે શ્રી આદિનાથ પરમાત્મા આદિ જિન બિંબોની અંજનશલાકા પ્રાણ પ્રતિષ્ઠા મંગળ વિધાન થશે.

**સોમવારે પ્રતિષ્ઠા**

સોમવારના 'ઓમ પુણ્યાહં પુણ્યાહં' પ્રિયંતામ, પ્રિયંતામ'ના ગગનભેદી સ્વરો સાથે શુભ મુહૂર્તે પરમાત્માની પ્રતિષ્ઠા થશે. સવારે અંજન થયેલ પ્રતિમાજીઓના શ્રી સકલ સંઘને પ્રથમ દર્શનનો લાભ મળશે. સમવસરણ ધર્મદેશના, નિર્વાણ કલ્યાણકના ૧૦૮ અભિષેક મંગળ વિધાન થશે. તેમજ નૂતન ધ્વજદંડ કળશ સ્થાપના કરાશે તેમજ બપોરના નૂતન નવગ્રહ જિનાલયમાં અષ્ટોતર બૃહદ, શાંતિ સ્નાત્ર મહાવિધાન થશે. જેના લાભાર્થી વસંતબેન રતિલાલ શાહ પરિવાર છે તથા સંપૂર્ણ દિવસના સ્વામિ વાત્સલ્યના લાભાર્થી સાકરબેન વેજાભાઈ સામતભાઈ રાવલીયા (કેતનભાઈ, નમ્રતાબેન, કું. સાનવી, કુ. જસ્વી, કુ. નિહારિકા) પરિવાર તથા ભૂમિબેન સચીનભાઈ ખંધાર (અમેરિકા), વિવાન ખંધાર તથા આલીશા ખંધાર વગેરે છે તેમ કાલાવડ મૂ.પૂ. જૈન સંઘના મહેશભાઈ મણિયાર, વિપુલભાઈ દોશી તથા નીતેશભાઈ શાહે જણાવેલ છે.

તા.૧૧મીના મંગળવારે વહેલી સવારે શુભ મુહૂર્તે દ્વારોદ્‌ઘાટનનો કાર્યક્રમ યોજાશે.





# કષ્ટભંજન દેવ દાદાને દિવ્ય શણગારઃ હજારો ભકતોએ કર્યા દર્શન

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૮ને શનિવારના રોજ શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને ગુલાબ-સેવંતીના મીક્સ ફુલોનો દિવ્ય શણગાર કરાયો હતો તેમજ સુખડીનો અન્નકૂટ ધરાવાયો હતો. આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા સવારે ૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી દ્વારા કરવામાં આવી હતી. દાદાના સિંહાસને આજે સેવંતીના રંગબેરંગી ફુલનો શણગાર કરાયો છે.મંદિર પરિસરમાં આવેલ યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે દાદાને કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને શનિવાર અને અગિયારસ નિમિત્તે મલખમલના કાપડમાં બનેલા જરી સ્ટોનના ભરતવાળા દાદાને પહેરાવાયા છે. આ વાઘા ચાર દિવસની મહેનતે ૨ કારીગરોએ વડોદરામાં બનવ્યા છે. ૧૦૮ સુખડી અગિયારસ અને શનિવાર હરિભકત તરફથી હનુમાનજીને અર્પણ કરાઈ છે. હીરાજડિત ચાંદીનો ૧.૫ કિલોનો મુગટ પણ દાદાને પહેરાવાયો છે. આંકડાનો હાર છે. જેમાં વાદળી રંગથી રામ લખેલું છે. આ હાર બગસરાથી એક હરિભક્તે મોકલ્યો છે. દાદાના શણગાર-આરતી-દર્શનનો અમૂલ્ય લ્હાવો અનેક ભકતોએ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

## મારવાડી યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

મારવાડી યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન દ્વારા ''હેલ્થકેર અને મેડિકલ ઈમેજિંગ માટે અહ માં એડવાન્સમેન્ટ્સ'' વિષય પર એક સપ્તાહના ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું તા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ થી તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ માં ભારતભરમાંથી કુલ ૩૭૭ ફેકલ્ટી મેમ્બરે ભાગ લીધો હતો.

# કુવાડવા રોડ અને કણકોટ રોડની બે ટાઉનશીપમાં પાંચ કવાર્ટર સીલ કરાયા

## વધુ આવાસ યોજનાઓમાંથી ભાડુતો પકડાતા કડક કાર્યવાહી

રાજકોટ, તા. ૮

મહાપાલિકાની જુદી જુદી આવાસ યોજનાઓમાં ભાડુતોને પકડીને કડક કાર્યવાહી કરવા ચેકીંગ ચાલુ રહ્યું છે. તેમાં વધુ પાંચ આવાસમાંથી ભાડુતો પકડાતા આ આવાસો સીલ કરવામાં આવ્યા છે.

આ અંગે મનપા આવાસ યોજના વિભાગે જાહેર કરેલી માહિતી મુજબ વિભાગની ટીમ દ્વારા કુવાડવા રોડ પર આવેલ શ્રી ઉધમસિંહ ટાઉનશીપ અને મવડી કણકોટ ઉપર આવેલ શ્રી ક્રિષ્ના ટાઉનશીપમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું. આ પૈકીની કુવાડવા રોડની ટાઉનશીપમાં ચાર અને મવડી કણકોટ રોડની ટાઉનશીપમાં એક પરિવાર મુળ લાભાર્થીને બદલે રહેતા હોવાનું બહાર આવ્યું હતું. આથી આ આવાસ ખાલી કરાવી સીલ મારવામાં આવ્યા છે.



સીલ કરાયેલા આવાસના લાભાર્થીઓ સામે કડક કાર્યવાહી કરવા તેમના જવાબો લેવામાં આવે છે. તો અનેક સાઇટ પર આ રીતે યોજનાનો લાભ લેતા વ્યકિતઓ દ્વારા ધંધાદારી પ્રવૃતિ કરાતી હોય, અલગ અલગ ટાઉનશીપમાં ચેકીંગ ઝુંબેશ ચાલુ રાખવામાં આવ્યું છે.



રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષિકા વનિતા રાઠોડ દ્વારા

# માઁ આનંદમયી કન્યા વિદ્યાલયના બોર્ડ વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી મોટીવેશનલ સ્પીચ અપાઈ

રાજકોટ, તા.૮

આગામી તા.૨૪ ફેબ્રુઆરીથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થશે. જેને અનુલક્ષીને મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિતમાં આનંદમયી કન્યા વિદ્યાલયમાં ધો. ૧૦ અને ૧૨ ની વિદ્યાર્થીઓને પરીક્ષા પૂર્વે પરીક્ષા માટે પ્રોત્સાહિત કરવા માટે પીએમ વિનોબા ભાવે પ્રાથમિક શાળા નં. ૯૩ના આચાર્ય તથા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષકા વનિતાબેન રાઠોડના મોટીવેશનલ સ્પીચનું આયોજન કરવામાં આવ્યું હતું. વનિતાબેન રાઠોડ દ્વારા વિદ્યાર્થીનીઓને પરીક્ષા પૂર્વે વાંચન પ્રત્યે વાળવા, વહેલી સવારનાં પાંચથી સાત દરમિયાન વાંચેલુ લાંબાગાળા સુધી યાદ રહે છે. એકાગ્રતાથી વાંચન કરવું આ ઉપરાંત ઝડપથી વાંચન કઈ રીતે કરવું? ટાઈમ ટેબલ બનાવી અને સમયબધ્ધ આયોજન સાથે બધા જ વિષયોને ન્યાય મળી રહે, એ રીતે તૈયારી કરવી. માઁ આનંદમયી કન્યા વિદ્યાલયના આચાર્ય લીનાબેન ત્રિવેદી દ્વારા વનિતાબેન રાઠોડનો આભાર માની અભિવાદન કરવામાં આવ્યું. વનિતાબેન રાઠોડ હાલ રેપિડ રીડીંગની ટેકનીક શીખવી રહ્યા છે. જેના દ્વારા ખૂબ ઝડપથી એક અઠવાડિયામાં એક પુસ્તક કેવી રીતે વાંચીને યાદ રાખી શકાય એ શીખવી રહ્યા છે.

# આજે વેરાવળ-રાજકોટ લોકલ ટ્રેન રી-શેડ્યુલ

## ભકિતનગર સેકશનમાં બ્લોકથી સોમ-મંગળ ટ્રેન રદ્દ

રાજકોટ,તા.૮

રાજકોટ-ભકિતનગર સેકશનમાં બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોને અસર થશે.પશ્ચિમ રેલ્વેના રાજકોટ-ભક્તિનગર સેક્શનમાં રોડ અંડર બ્રિજના બાંધકામ માટે એન્જિનિયરિંગ વિભાગ દ્વારા બ્લોક લેવામાં આવશે, જેના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો થશે. વિગતોફ નીચે મુજબ છે.

રદ કરાયેલી ટ્રેનોમાં (૧) ટ્રેન નંબર ૫૯૪૨૪ વેરાવળ-રાજકોટ લોકલ ૧૦.૦૨.૨૦૨૫ના રોજ રદ (૨) ટ્રેન નંબર ૫૯૪૨૩ રાજકોટ-વેરાવળ લોકલ ૧૧.૦૨.૨૦૨૫ ના રોજ રદ રહેશે.

રીશેડ્યુલ કરેલ ટ્રેનોમાં (૧)ટ્રેન



નં. ૫૯૪૨૪ વેરાવળ-રાજકોટ લોકલ ૦૮.૦૨.૨૦૨૫ ના રોજ વેરાવળથી ૨ કલાક મોડી ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે. આ ટ્રેન વેરાવળથી ૦૮.૦૨.૨૦૨૫ ના રોજ તેના નિર્ધારિત સમય ૧૭.૦૦ કલાકને બદલે ૧૯.૦૦ કલાકે ઉપડશે.ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

રાષ્ટ્રસંત પૂ. નમ્રમુનિ મ.ની પ્રેરણાથી

# પરમધામ(મુંબઈ)માં આવતીકાલે પશુ ચિકિત્સા કેમ્પનું આયોજન



રાજકોટ, તા. ૮

જગતના સમગ્ર જીવોની ખેવના માટે પુરૂષાર્થશીલ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી ૯વિં ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી પરમધામના આંગણે નિઃશુલ્ક પશુચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવશે. જેના અંતર્ગત અબોલ પ્રાણીઓ, જે પોતાની પીડા-વેદનાને વ્યક્ત કરવા અસમર્થ છે, તેમના દર્દની દવા અને સર્જરી કરીને, મહારાષ્ટ્ર સરકારના પશુપાલન વિભાગના સહયોગથી અર્હમ યુવા સેવા ગ્રુપ એવમ ઓલ્વેઝ એનિમલ કેર સેન્ટર દ્વારા પ્રાણીઓના સારવારનું આયોજન કરવામાં આવશે.આ કેમ્પમાં મુખ્યત્વે શીંગડાનું કેન્સર, પેટમાંથી પ્લાસ્ટિક દૂર કરવા, આંખનું કેન્સર, પૂંછડીનું કેન્સર, પગની નસની સર્જરી, પેટમાંથી પ્લાસ્ટિક દૂર કરવા, હરણિયા, કેનાઇન સેક્સ્યુઅલી ટ્રાન્સમિટેડ ડિસીઝ, ત્વચા કેન્સર અને ગરદનના ગાંઠની સર્જરી માટે યોજવામાં આવેલ છે.

આ કેમ્પમાં સેવા સંપૂર્ણપણે નિઃશુલ્ક છે, નિષ્ણાંત સર્જનો દ્વારા ઉચ્ચ ગુણવત્તાની શસ્ત્રક્રિયા અને સારવાર, જરૂરિયાતમંદ પ્રાણીઓ માટે ઉત્તમ સુવિધાઓ, કેલ્શિયમયુકત મીઠાના મિશ્રણનું મફત વિતરણ અને પ્રાણીઓ માટે ચારાની વ્યવસ્થા, શસ્ત્રક્રિયા પછી જરૂર પડવાથી વધુ સારવાર, પ્રાણીઓ માટે રહેવાની વ્યવસ્થા વગેરે ઉપલબ્ધ રહેશે.



# આહિર કુમાર છાત્રાલય માટે લાખાભાઇ જારીયા પરિવાર દ્વારા ૪૧ લાખનું દાન

આહીર સમાજના ભામાશા અને મોરબી શહેર ભાજપના પુર્વ પ્રમુખ લાખાભાઈ જારીયા ના ધર્મપત્ની શ્રીમતી પુરીબહેન લાખાભાઈ જારીયા નુ તાજેતરમાં અવસાન થતાં તેમના પૂણ્ય સ્મરણાર્થે લાખાભાઈ મગનભાઈ જારીયા પરીવાર દ્વારા શ્રીયદુનંદન આહીર કુમાર છાત્રાલયના નિર્માણાર્થે ૪૧ લાખ નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ તકે અશ્વિનભાઈ જારીયા, ભુપતભાઈ જારીયા, હેમંતભાઈ કુંભરવાડીયા, યશભાઈ જારીયા, ધ્રુવભાઈ જારીયા હાજર રહેલ હતા. કેળવણી મંડળના પ્રમુખ બાબુભાઈ સબાડ તથા હોદેદારો રાજુભાઈ બોરીચા,દેવદાનભાઈ જારીયા, રતિભાઈ ખુંગલાએ જારીયા પરીવાર નો આભાર માન્યો છે.

આવતીકાલે થેલેસેમિયા પીડિત બાળકોના લાભાર્થે

# અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન

રાજકોટ, તા.૮

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા સિવિલ હોસ્પીટલમાં લોહીની ખૂબ જ જરુરીયાત અનુસંધાને અને થેલેસેમિયા પીડિત બાળકોના લાભાર્થે મેગા બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવ્યો છે.

અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા કાલે સવારે ૧૦ કલાકે ઉવસગ્ગહરં સાધના ભવન, ૪ આફ્રિકા કોલોની, ૧૫૦ ફૂટ રીંગ રોડ, પાણીના ટાંકા પાછળ, રાજકોટ ખાતે આ મહાદાની રક્તદાન પર્વ ઉજવવા જઇ રહ્યું છે. જેઓને લોહીની સતત જરૂર રહે છે તેવા સરકારી હોસ્પિટલના થેલેસેમિયા પીડિતો અને દર્દીઓ માટે આ રક્તદાન કેમ્પનું આયોજન થયું છે.

વ્યવસ્થાના ભાગરૂપે નમ્ર અપીલ કરવામાં આવે છે કે આ મોબાઇલ નં. ૭૦૧૬૩ ૫૬૨૩૭ ઉપર રક્તદાન કરવા આવો તે પહેલા ફોન, મેસેજ કે વોટ્સએપ મેસેજ દ્વારા રજીસ્ટ્રેશન કરાવી શકો છો.

# સંકલ્પ સિધ્ધ હનુમાનજી મહારાજને દિવ્ય શણગાર

કાલાવડ રોડ રાજકોટ સ્થિત શ્રી સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિરે સંકલ્પ સિધ્ધ હનુમાનજી મહારાજને દિવ્ય શણગાર કરવામાં આવ્યા છે. સાંજે સંધ્યા આરતીમાં ભાવિકો દાદાના દર્શન અને આરતીનો લાભ લઈ ધન્યતા અનુભવે છે.



# બાલાજી હનુમાનજી મહારાજને આજે રંગબેરંગી પુષ્પોનો શણગાર

રાજકોટ, તા.૮

બાલાજી હનુમાનજી મંદિર ખાતે આજે હનુમાનજી મહારાજને રંગબેરંગી પુષ્પોનો દિવ્ય અલૌકિક અને અદભૂત શણગાર કરાયો છે જેના દર્શન કરી ભકતોએ ધન્યતાની અનુભૂતિ કરી છે. આજે દાદાની રાજોપચાર પધ્ધતિથી થતી સંધ્યા આરતીનો લાભ ભાવિકો લેશે તેમ બાલાજી હનુમાનજી મંદિરની યાદીમાં જણાવાયું છે.



# ચૂંટણી વર્ષમાં પ્રજા પર સૂચવાયેલો ૧૫૦ કરોડનો કરબોજ ફગાવવા નિર્ણય

## મેયર બંગલે મળેલી ચૂંટાયેલા પ્રતિનિધિની મિટીંગમાં બજેટને અંતિમ ઓપ અપાઈ ગયાના નિર્દેશ: બાકીના કામના ટેન્ડર, ગ્રાન્ટના કામો ધડાધડ કરવા અધિકારીઓને સૂચના

રાજકોટ, તા. ૮

મ્યુનિ. કોર્પોરેશનનું નવા નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ આવતા સપ્તાહે શાસકો મંજૂર કરવાના છે ત્યારે આજે મેયર બંગલા ખાતે પદાધિકારીઓ, અધિકારીઓ, પ્રમુખ સહિતના હોદ્દેદારોની મીટીંગ મળી હતી જેમાં કમિશ્નરે સુચવેલા ૧૫૦ કરોડના નવા કરબોજને રદ કરવા હાઈકમાન્ડને વિશ્વાસમાં લઈ નિર્ણય લેવાયાનું વિશ્વાસ પાત્ર સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

આ બેઠકમાં અધિકારીઓને પણ હાજર રાખવામાં આવ્યા હતા. બજેટ અંગે પ્રજાલક્ષી નિર્ણય લેવાની ચર્ચા સાથે ચૂંટણી વર્ષમાં અધિકારીઓને સમય મર્યાદામાં કામના ટેન્ડર પ્રસિધ્ધ કરવા અને કામો શરૂ કરવા સૂચના આપવામાં આવી છે.

આજે મેયર બંગલા ખાતે મ્યુનિ. પદાધિકારીઓ અને અધિકારીઓની મીટીંગ રાખવામાં આવી હતી. ભાજપ પ્રમુખ મુકેશ દોશી પણ ઉપસ્થિત રહ્યા હતા. નવા અને ચૂંટણી વર્ષના બજેટમાં કમિશ્નરે ૧૫૦ કરોડના કરવેરા વધારવા દરખાસ્ત મૂકી છે જેમાં નવા ફાયર ટેકસનો પણ સમાવેશ થાય છે. આ મામલે સ્ટે. કમીટીએ બે દિવસ પહેલા અભ્યાસ પૂર્ણ કરી લીધો છે. હવે સાંસદ, ધારાસભ્યો, સંગઠનના હોદ્દેદારો અને મુખ્ય પદાધિકારીઓની સંકલનમાં અંતિમ ચર્ચા કરવા આજે મીટીંગ બોલાવવામાં આવી હતી જેમાં નીતિ નકકી કરી લેવામાં આવી છે. હવે આવતા સપ્તાહના પ્રારંભે શાસકો બજેટ મંજૂર કરશે જેમાં કેટલીક લોકોને લાગુ પડતી નવી યોજના પણ જોડવામાં આવે તેવા નિર્દેશ છે.



રાજકોટ મહાપાલિકાના બજેટમાં નવો ૫૫ કરોડનો ફાયર ટેકસ, ગાર્બેજ કલેકશનમાં ૫૫ કરોડ અને મિલ્કત વેરામાં ૪૦ કરોડનો વેરો વધારવા ભલામણ કરવામાં આવી છે. પરંતુ મેયર બંગલે મળેલી સંકલનમાં ચૂંટણી વર્ષમાં પ્રજા પર આવો કોઈ કરબોજ ન વધારવા નિર્ણય લેવાઈ ગયાનું ઉચ્ચ સૂત્રમાંથી જાણવા મળ્યું છે. આ અંગે પ્રદેશ ભાજપ સુધી સંકલન કરવામાં આવ્યું છે.

ચાલુ નાણાંકીય વર્ષનું બજેટ ૬૫ ટકા સુધી પહોંચ્યુ છે ત્યારે પુરા થઇ રહેલા ૨૦૨૪-૨૫ના અંદાજપત્રનો રીવાઇઝ અંદાજ ૨૮૩૧.૯૧ કરોડ મૂકવામાં આવ્યો છે. આ અંદાજપત્રમાં રાજકોટના મિલ્કત ધારકો પર ગાર્બેજ કલેકશન, પ્રોપર્ટી ટેકસમાં વધારો કરવા સાથે અગાઉ કાર્પેટ એરીયાના અમલ સાથે નાબુદ થયેલો ફાયર ટેકસ ફરી દાખલ કરવામાં આવ્યો છે. ઘરે ઘરે કચરા એકત્રીકરણનો ચાર્જ રહેણાંકમાં રૂા. ૩૬૫ અને બિનરહેણાંકમાં ૧૪૬૦ છે. હવે તે રહેણાંકમાં રૂા. ૧૪૬૦ અને બિન રહેણાંક ૨૯૨૦ કરવા પ્રસ્તાવ મૂકાયો છે. મિલ્કત વેરામાં પ્રતિ ચો.મી. દર રૂા. ૧૧માંથી રહેણાંકમાં રૂા. ૧૫ અને બિનરહેણાંકમાં રૂા. ૨૫માંથી રૂા. ૩૦ કરવા દરખાસ્ત કરાઇ છે. ચાલુ વર્ષથી પ્રથમ વખત ફાયર ટેકસ લાગુ કરાશે જેનો દર રહેણાંકમાં રૂા. ૧૫ અને બિનરહેણાંકમાં રૂા. ૨૫ હશે. આ તમામ કરવેરા વધારા સાથે રૂા.૧૫૦ કરોડની વધારાની આવક ઉભી કરવા અંદાજ મૂકાયો છે.

આ સાથે મેયક બંગલે મળેલી આ મીટીંગમાં ચૂંટાયેલા લોકોને એલર્ટ મોડમાં રહેવા સૂચના અપાઇ છે. અધિકારીઓને પણ ચાલુ અને બાકી કામો ઝડપથી પૂરા કરવા સૂચના અપાઇ છે. ચાલુ નાણાકીય વર્ષના બજેટના ઘણા કામો પણ હજુ બાકી છે. આથી પદાધિકારીઓએ શકય એટલા કામો હાથ પર લઇને ટેન્ડર બહાર પાડવા અને વર્ક ઓર્ડર પણ આપવા પ્રયાસ કરવા સૂચના અપાઇ છે. રાજકોટમાં કટારીયા ચોક બ્રીજનું સૌથી મોટુ કામ મંજૂર થયું છે. જેના ખાતમુહૂર્તની તૈયારી પણ હવે કરવાની છે. ખાસ કરીને સાંસદો, ધારાસભ્યો અને કોર્પોરેટરોએ પોતાની ગ્રાન્ટમાંથી સૂચવેલા કામો ઝડપથી કરવા તાકીદ કરાઇ છે.

તાજેતરમાં કોર્પોરેટરોની ઝોન કક્ષાની મીટીંગમાં પણ ચૂંટાયેલા લોકોની ગ્રાન્ટના કામો થતા ન હોવાની ફરિયાદો રજૂ થઇ હતી. આથી હવે આ કામો પર ધ્યાન આપવા અધિકારીઓને જણાવવામાં આવ્યું છે.

### શેઠનગર પાસે બે દિવસ પહેલાં થયેલ મહિલાના મોતના બનાવમાં હત્યા થયાનો ઘટસ્ફોટ

# ભાવના વાજેલીયાએ દારૂના પૈસા આપવાની ના પાડતાં પતિએ ધોકા ફટકારી પતાવી દીધી' તી

## બે વર્ષ પહેલા પતિ ગુમાવનાર દેવીપૂજક પરિણીતાએ સાત દિવસ પહેલા જ દિયરવટુ કર્યુ હતું, બંને સાથે દારૂના ઠેકા પર ગયાં ત્યાં જ ઝઘડો થયો 'તો: મહિલાએ સારવારમાં દમ તોડતાં પોલીસે ફોરેન્સિક પીએમ કરાવતાં માથામાં ગંભીર ઈજા થઈ હોવાનું ખુલ્યું, પીઆઈ મેઘાણી અને ટીમે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધવા તજવીજ આદરી: આરોપી પતિ ગાયબ

રાજકોટ.તા.૮

જામનગર રોડ પર શેઠનગર સામે ઝૂપડપટ્ટીમાં રહેતી ૩૦ વર્ષિય ભાવનાબેન અરજણ વાજેલીયા ગઇકાલે બપોર બાદ ઝૂપડામાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. અહિ તેણીને તબિબે મૃત જાહેર કરતાં મૃતકની હત્યા થયાનો આક્ષેપ તેણીની માતાએ કરતાં દોડી આવેલ ગાંધીગ્રામ પોલીસના સ્ટાફે મૃતદેહનું ફોરેન્સિક પીએમ કરાવ્યું હતું. જેમના પ્રાથમિક રિપોર્ટમાં મહિલાને માથામાં ગંભીર ઈજા પહોંચતા થયાનું સામે આવતાં હત્યાની કલમ હેઠળ ગુનો નોંધવા તજવીજ આદરી હતી.

ભાવનાબેનના પતિનું બે વર્ષ પહેલા અવસાન થયા બાદ હજુ સાત દિવસ પહેલા જ તેણીએ દિયરવટુ કર્યુ હતું. બીજા પતિએ દારૂના પૈસા મામલે માથાકુટ કરી ધોકાના ઘા ફટકારી હત્યા કર્યાનું સામે આવ્યું હતું. પરમ દિવસે ભાવનાબેનને અકસ્માતમાં ઇજા થયાની સારવાર સાથે દાખલ કરાયેલ, પછી રજા લઇ લીધી હતી. ગઇકાલે ફરીથી તેણીને બેભાન હાલતમાં લાવવામાં આવી હતી અને મૃત જાહેર કરાઇ હતી.જાણવા મળ્યા મુજબ શેઠનગર સામે રહેતી ભાવનાબેન અરજણભાઇ વાજેલિયા (ઉ.વ.૩૦)ને ગઇકાલે સાંજે ચારેક વાગ્યે બેભાન હાલતમાં હોસ્પિટલમાં ખસેડાઇ હતી. તેણી ઘરે બેભાન થઇ ગયાનું જણાવાયું હતું. તબિબે તેણીને મૃત જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં પીઆઇ એસ.આર.મેઘાણી પીએસઆઇ પી.જી. રોહડીયા, રાઇટર અમિતભાઇ કોરાટ સહિતનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસે તપાસ કરતાં મૃતક ભાવનાબેનના શરીર પર ઈજાના કેટલાક નિશાન હતા, પરંતુ તે નિશાન તાજા છે કે જૂના તે સ્પષ્ટ ન થતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું હતું. બીજી તરફ ભાવનાબેનના માતા જીવતીબેન કવાભાઇ વાજેલિયાએ ચોંકાવનારો આક્ષેપ કર્યો હતો કે, મારી દિકરી ભાવનાબેનના લગ્ન અરજણ વાજેલિયા સાથે થયા હતા અને તેને સંતાનમાં બે પુત્ર છે, પતિ અરજણનું બે વર્ષ પહેલા બીમારીથી મૃત્યુ થયું હતું. સાત દિવસ પહેલા જ ભાવનાબેનું દિયરવટુ અરજણના ભાઇ હિરા સાથે કરવામાં આવ્યું હતું, હિરો વાજેલિયા પણ પરિણીત છે અને તેને સંતાનમાં એક પુત્રી છે. એક વર્ષ પહેલા તેના એક પુત્રનું મૃત્યુ થયું હતું. જીવતીબેને વધુમાં કહ્યું હતું કે બુધવારે હિરો અને મારી દિકરી ભાવનાબેન દારૂ પીવા ગયા હતા અને ભાવનાબેને દારૂના પૈસા આપવાની ના કહેતા હિરો ઉશ્કેરાયો હતો અને તેણે ધોકાના આડેધડ ઘા ભાવનાને માર્યા હતા.પરમ દિવસે ભાવનાબેનને હોસ્પિટલમાં ખસેડાઇ હતી ત્યારે તેણી ઇજાગ્રસ્ત હોઇ અકસ્માતમાં ઇજા થયાનું કહેવાયું હતું. પ્રાથમિક સારવાર બાદ રજા લીધી હતી અને ગઇકાલે ફરી બેભાન હાલતમાં સિવિલમાં લાવવામાં આવી ત્યારે તેણીને મૃત જાહેર કરાઇ હતી. હીરો આ બનાવ પછી ગાયબ હોઇ હત્યાની શંકા દ્રઢ બની હતી. જો કે ફોરેન્સિક પોસ્ટમોર્ટમનો રિપોર્ટમાં માથામાં ઈજા થયાનું સામે આવતાં પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધવા તજવીજ આદરી છે અને આરોપીને પણ હસ્તગત કરવાં ચક્રો ગતિમાન કર્યા છે.

# અગ્નિકાંડ : મંજુર થયેલ જામીન અરજી રદ કરાવવા સરકાર સુપ્રીમમાં નહીં જાય તો પીડિત પરિવાર જશે

## હાઈકોર્ટ દ્વારા રાજકોટ મનપાના ત્રણ એન્જીનીયર એટીપીઓ રાજેશ મકવાણા, ગૌતમ જોષી, આસી. એન્જી. જયદીપ ચૌધરીની જામીન અરજી મંજુર કરાઈ હતી

રાજકોટ, તા.૮

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં હાઇકોર્ટમાં ત્રણ આરોપીની મંજુર થયેલ જામીન અરજી રદ કરાવવા

સરકાર સુપ્રીમમાં નહીં જાય તો પીડિત પરિવાર સુપ્રીમ કોર્ટનાં દ્વાર ખખડાવશે. ઉલ્લેખનીય છે કે, હાઇકોર્ટ દ્વારા રાજકોટ મનપાના ત્રણ એન્જીનીયર એટીપીઓ રાજેશ મકવાણા, ગૌતમ જોષી, આસી. એન્જી. જયદીપ ચૌધરીની જામીન અરજી મંજુર કરાઈ હતી.સમગ્ર વિગત જોઈએ તો તા.૨૫ મે ૨૦૨૪ની સાંજે રાજકોટના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા ૨૭ લોકોના મોત થયા હતા અને ત્રણેક લોકોને ઇજા થઇ હતી. જે અંગે પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધી હતી. આ બનાવમાં ૧૬ આરોપી સામે ગુનો દાખલ થયો છે. જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો (૧) ધવલ ભરત ઠકકર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર), રેસવે એન્ટરપ્રાઇઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, (૩) કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, (૪) પ્રકાશચંદ કન્હેયાલાલ હીરન, (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, (૬) રાહુલ લલીતભાઇ રાઠોડ, ગેમઝોન મેનેજર (૭) નીતિન મહાવીરપ્રસાદ લોઢાજૈન, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર (૮) મનસુખભાઇ ધનજીભાઇ સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ (૯) ગૌતમ દેવશંકરભાઇ જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ (૧૦) મુકેશભાઇ રામજીભાઇ મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર (૧૧) રોહીતભાઇ આસમલભાઇ વિગોરા, ટીપી શાખાના એન્જીનીયર અને એટીપીઓ (૧૨) જયદીપ બાલુભાઈ ચૌધરી (૧૩) રાજેશભાઇ નરશીભાઇ મકવાણા, ચીફ ફાયર ઓફિસર (૧૪) ઇલેશ વાલાભાઈ ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર (૧૫) ભીખા જીવાભાઈ ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર (૧૬) મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો છે. જેમાં અગ્નિકાંડના બનાવમાં પ્રકાશચંદ કન્હેયાલાલ હીરનનું મોત થયું હતું. જેથી બાકીના ૧૫ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ બાદ જેલ હવાલે છે. દરમિયાન આ કેસમાં ચાર્જશીટ થયા બાદ જમીન માલિક અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, ફાયર ઓફિસર ઇલેશ ખેર, ચીફ ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠીયા, આસી. ટાઉન પ્લાનિંગ ઓફિસર રાજેશ મકવાણા, ગૌતમ જોષી, આસી. એન્જીનીયર જયદિપ ચૌધરીએ સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર થતાં ગુજરાત હાઇકોર્ટમાં રેગ્યુલર જામીન મેળવવા અરજી કરી હતી. જેમાં એટીપી રાજેશ મકવાણા, ગૌતમ જોષી અને એન્જીનીયર જયદીપ ચૌધરીની જામીન અરજી હાઇકોર્ટે મંજુર કરતો હુકમ કર્યો હતો. જે પછી મૃતકોના પરિવાર દ્વારા આ જામીન અરજી રદ કરાવવા સરકાર સુપ્રીમ કોર્ટમાં જશે તેવી આશા છે. હાલમાં પીડિત પરિવારના વકીલ નરેન્દ્રસિંહ આર. જાડેજાએ જણાવ્યું કે, હાઇકોર્ટના જામીનના હુકમ બાદ હજુ આ જામીન રદ કરાવવા સરકાર પક્ષે સુપ્રીમ કોર્ટમાં કોઈ અરજી કરાઈ હોય તેવું ધ્યાને આવેલ નથી. જેથી પીડિત પરિવાર દ્વારા વિચારણા ચાલી રહી છે કે, જો સરકાર પક્ષે ત્રણેય એન્જીનીયરની જામીન અરજી રદ કરવા સુપ્રીમ કોર્ટમાં કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવે તો પીડિત પરિવારો પોતાના પ્રાવેટ વકીલ રાખી સુપ્રીમ કોર્ટ સુધી જશે.

### ઠેબાએ એસીબી કેસમાં હાઈકોર્ટમાં જામીન અરજી કરી: સોમવારે સુનાવણી

આ તરફ અગ્નિકાંડ કેસના આરોપી તત્કાલિન ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા જીવા ઠેબા સામે અપ્રમાણસર મિલ્કતનો કેસ પણ છે. રાજકોટ એસીબી પોલીસ મથકે તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. જે પછી એસીબી કેસમાં તેણે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી જે રદ થઈ હતી. હવે તેણે એસીબી કેસમાં હાઇકોર્ટમાં જામીન અરજી કરી છે. જેની સુનાવણી સોમવારે છે.


## નયન પબ્લીસીટી

સોરઠીયાવાડી ચોક કોર્નર, રાજકોટ

દરેક પ્રકારની ટચૂકડી જા.ખ. માટે મળો:
મહેશભાઈ - મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭/૯૭૩૭૪૮૦૨૪૮

**જાહેરાત માટે મળો**
દરેક છાપામાં ટચુકડી, શ્રધ્ધાંજલી, ડીસ્પ્લે વગેરે જાહેરાત આપવા માટે મળો. નયન બુક સ્ટોલ એન્ડ પબ્લીસીટી, સોરઠીયાવાડી ચોક (કોર્નર) રાજકોટ મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭

**વાહનો વેચવાના છે**
વિદેશ જવાનું હોવાથી હોન્ડા શાઈન મોડલ ૨૦૧૬,૧૨૦૦૦ કિ.મી. ચાલેલ, સુપર સ્પ્લેન્ડર ૮૦૦૦ કિ.મી. ચાલેલ, ૨૦૧૪ મોડલ એસ.એસ.સુઝુકી ૨૦,૦૦૦ કિ.મી. ચાલેલ, ૨૦૧૪ મોડલ બધા રાજકોટ પાર્સિંગ, વન ઓનર મળો. તુલસી ભુવન, ગુરૂપ્રસાદ ચોક, હરસિધ્ધિ ડેરી પાછળ, રાજકોટ.

**આયુર્વેદિક ઉપચાર**
સાયટીકા, કમર, ગોઠણ, સોજા, હરસ, પથરી, ડાયાબીટીસ માટે મળો. ૯૮૨૪૮ ૬૦૨૯૯

**દુકાન વેચવાની છે**
કોઠારીયા રોડ, પંડયા સેલ્સ, દેવપરા માર્બલ, ફર્નિચર મો. ૯૭૩૭૮ ૪૮૩૦૦

**ફલેટ ભાડે દેવાનો**
૧ બેડ, હોલ, કીચન, કોઠારીયા રોડ, મો. ૯૮૨૪૨ ૯૨૭૫૪

**માણસ જોઈએ છે**
હાર્ડવેરના શોરૂમમાં કામ કરી શકે તેવા ઉંમર ૧૮ થી ૩૫ વર્ષ શ્રી રામ હાર્ડવેર, કેનાલ રોડ મો. ૯૮૨૫૯ ૯૭૬૪૦

**તાત્કાલિક માણસો જોઈએ છે**
ગોંડલમાં પ્રોપર્ટી સર્વેના કામ માટે (પાર્ટ / ફુલ ટાઇમ) ભરતી ચાલુ છે સંપર્ક કરો ૮૦૦૦૯૧૬૦૭૦

**કોમ્પ્યુટર ટેબલ વે.છે**
નવા જેવા, છ નંગ કસમાં ૯૮૯૮૫ ૮૩૭૯૮

**જોઈએ છે**
જેન્ટસ દરજી કામના આલ્ટરમેન શુટ, શેરવાનીના ભાડાના શો રૂમ માટે તથા ઝભ્ભાના ફીટીંગ તથા નવું જુનુ કામ કરી શકે તેવા પગાર ૨૦ હજાર ઉંમર ૫૦ની અંદર સમય ૯ થી ૯ મો. ૯૮૨૪૨ ૪૦૧૨૫, મો. ૯૨૭૪૫ ૦૦૪૦૦

**કસમાં ફલેટ વેચવાનો છે**
૧ બીએચકે, લક્ષ્મીવાડી-૪, કિં. ૧૪, મો. ૯૮૨૪૨ ૨૭૪૭૭

**મકાન વેચવાનું છે**
અલય ગાર્ડન્સ ૧૫૦ ફૂટ રિંગ રોડ વાવડી ૩ બીએચકે બીમ કોલમ ૧૦૦ વાર ગેસ લાઈન પાણી ની લાઈન બોર પ્રાઈમ લોકેશન પટેલ એરીયા ગેટ પેક સોસાયટી ૨૪×૭ સિકયોરિટી, મો. ૮૧૬૦૦ ૩૮૩૭૨

**વેચવાની આપવાની છે**
શોપ નંબર-૫, ૧૨૨ ફૂટ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નંબર-૬, ૧૨૨ ફૂટ ગ્રાઉન્ડ ફ્લોર વિકસીત એરિયામાં દરેક ધંધાને અનુરૂપ ટોપ લેન્ડ રેસિડન્સી પાટીદાર ચોક, ૯૮૨૪૨ ૩૦૫૧૨ રાજુ ભાઈ૯૯૨૪૦ ૧૧૧૫૪ વિપુલ ભાઈ

**ઓફિસ વેચવાની છે**
૧૫૦ ફૂટ, ફર્નિચર સાથે, કાલાવડ રોડ ૯૮૯૮૫ ૮૩૭૯૮.

**ભાડે આપવાની છે**
શોપ નંબર-૫, ૧૨૨ ફૂટ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નંબર-૬, ૧૨૨ ફૂટ ગ્રાઉન્ડ ફ્લોર વિકસીત એરિયામાં દરેક ધંધાને અનુરૂપ ટોપ લેન્ડ રેસિડન્સી પાટીદાર ચોક, ૯૮૨૪૨ ૩૦૫૧૨ રાજુ ભાઈ ૯૯૨૪૦ ૧૧૧૫૪ વિપુલ ભાઈ

**જૂનું મકાન વેચવાનું છે**
૧૬૦ વાર ૩૬×૩૬ લંબચોરસ ૧૦/૧ ગાયકવાડી પ્લોટ સરકારી ગોડાઉન સામે શ્રી નાથજી કૃપા મોં ૯૮૨૪૨ ૩૦૫૧૨ રાજુભાઈ ૯૦૯૯૯ ૦૯૭૧૪ પરેશભાઈ

**ગાયત્રી ૨×૨ સ્લીપર બસ**
૧૧ જયોર્તિલીંગ દક્ષિણભારત દિવસ ૩૫ રેલવે થી કલકતા, ગંગાસાગર, જગનાથપુરી, ચંપારણ્ય,કમખીયા , દાર્જીલિંગ દિવસ ૧૩/૧૭ રેલવે દક્ષિણ ભારત સાથે કેરલ દિવસ ૨૦ ઉપડશે ૨૮/૨, ૮/૨, ૩/૩, ૧૫/૩, હસુભાઈ ભટ્ટ ૯૪૦૯૨ ૬૩૯૩૯

**ગાયત્રી સ્પે કુંભ સ્નાન**
નોન સ્ટોપ સ્લીપર બસ ઉજેજન,ચિત્રકૂટ અલ્હાબાદ દિવસ ૬ ઉપડશે ૯/૨, ૧૬/૨, ૨૨/૨, ૨૩/૨ હસુંભાઈ ભટ્ટ ૯૪૦૯૨ ૬૩૯૩૯

**દુકાન વેચવાની છે**
દરેક ધંધાને લાયક બે દુકાન ,ડબલ શટર બંને દુકાન સાઈઝ ૮×૩૩ સદગુરૂ કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર રૈયા રોડ, બંને દુકાનની કિં ૫૫મો ૯૮૭૯૩ ૨૭૩૪૦ દલાલભાઈ આવકાર્ય છે

**ફલેટ વેચવાના છે**
૧૦૩૦ કારપેટ ૩ બીએચકે સેમીફર લીસ્ટ ગેસ લાઇન વેસ્ટ ઓપન ગીત ગુજરી સોસાયટી મેઇન રોડ એરોડ્રામ પાસે ૯૮૯૮૧ ૮૦૨૦૪.

**જય બજરંગ ફ્લોર**
એન્ડ મસાલા મીલ- ચણા, તુવેર, મગ, અડદની ચોખ્ખી દાળ બનાવી આપશુ, માંડવી ફોલી આપશુ, સિંધાલુ હીંગ દળી આપશુ, સાકર દળી આપશુ- ૯૩૨૭૩ ૦૮૭૫૬.

**વેગન આર વેચવાની છે**
૨૦૧૧ મોડલ, પેટ્રોલ સીએનજી સારી કન્ડીશન ૯૮૯૮૫ ૮૩૭૯૮.

**ફક્ત રઘુવંશી**
જ્ઞાતિજનો માટેજ (શ્રી રઘુવંશી યાત્રા પ્રવાસ) વેકેશનમાં હરિદ્વાર, ઋષિકેશ સાથે હિમાલયના ચારધામ યાત્રા- ગંગોત્રી, યમનોત્રી, બદ્રીનાથ, કેદારનાથ-રહેવા, જમવા સાથેનો પ્રવાસ, ઉપડશે- ૧૫-૦૫, દિવસ- ૧૬, બુકીંગ છેલ્લી તા.૨૫-૦૧, નીતિનભાઇ સામાણી- ૯૩૧૩૭ ૫૪૫૪૮.

**આપના ધંધાકીય વિકાસ માટે ટચુકડી જાહેરાત આપી આપના ધંધાનો વિકાસ**

## સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

**વેચવાનું છે**

**જયશ્રી મોમાઈ એસ્ટેટ બંગલા વેચવાના છે**
પંચવટી સોસાયટીમાં ૩૦૦=વાર મેઈન રોડ, ૩૦૦= વાર= ૨૭૦=વાર
**એસ્ટ્રોન સોસાયટીમાં**
૪૦૦=વાર બંગલો વેચવાનો છે. ભાવ=૧૭૦
**વિદ્યાકુંજ સોસાયટીમાં**
મેઈન રોડ, ૬૦૦=વાર=૩૦૦ = વાર
**શ્રી હરિહર સોસાયટીમાં**
૩૩૩=વાર, બંગલો વેચવાનો છે
**ઈન્દ્રપ્રસ્થમાં**
૪૦૫=વાર, ૧૫૦=વાર= ૨૫૫ વાર
**નુતનનગરમાં**
૨૮૦=વાર, ૨૭૦=વાર=મેઈન રોડ બંગલો વેચવાનો છે

**ભકિતનગર સોસાયટીમાં**
૩૩૦=વાર મકાન વેચવાના છે, ૩૦૦=વાર=૧૬૩=વાર
**વેચવાના છે બંગલા**
જનતા સોસાયટીમાં ૨૩૫=વાર =ભાવ ૧૮૦, ૪૭૫=વાર= ભાવ ૧૨૫
**અનુપ સોસાયટીમાં**
૨૦૦=વાર ૩૦×૬૦
**ગુજરાત હાઉસીંગમાં**
૭૦૦=વાર=૭૦×૯૦
**બ્રો. સોની જેન્તીભાઈ**
૯૧૫૭૦ ૪૫૯૦૯ (દલાલ માફ)

રેલનગરમાં દુકાન સાથેનું કોર્નર ઉપરનું મકાન વેચવાનું છે, ૪ બેડ રૂમ, હોલ, કીચન + ફિકસ ફર્નિચર સાથે, જગ્યા-૯૪ વાર, કિં. ૮૦,૦૦,૦૦૦/- મો. ૮૫૧૧૮ ૦૨૭૯૦ (૭૮૬૦)

**પ્રાઈમ લોકેશનવાળા મોટા મકાનો વેચવાના છે**
રાજકોટના હાર્દસમા વિસ્તાર (૧) ભકિતનગર સ્ટેશન પ્લોટ ૧૧/૧૨-અના ખુણાવાળુ મકાન તથા (૨) કરણસિંહજી રોડ અને કેનાલ રોડના ખુણાવાળુ મકાન આ બંને મકાનો દરેક ધંધાને અનુરૂપ હોય વેચવાના છે તો રસ ધરાવનાર વ્યકિતઓએ મો. નં. ૯૮૨૪૯ ૪૧૭૯૮ ઉપર સંપર્ક કરવો. (વી/વી)

**ફલેટ વેચવાનો છે**
શ્રીજી કોમ્પલેક્ષ, બે બેડ, હોલ, કી, ૬૫૦ કાર્પેટ, ફિકસ ફર્નિ. ૩જા માળે, લીફટ, સોલાર, ટોપ કંડીશન, બજરંગવાડી શેરી નં. ૧ મો. ૯૫૫૮૧ ૪૦૦૭૪

**વેચવાના છે પ્લોટ**
મોરબી રોડ, હડાળામાં ૨૩૨, સુહાગનગરમાં મોકાનો પ્લોટ, વાંકાનેર રોડ, આગણી પીપળીયા જેન્ટીંગ, શફારીમાં કિંમતી પ્લોટ મો. ૯૯૭૯૭ ૦૩૩૪૮ (મહાદેવ)

**વેચવાનું છે**
કેનાલ રોડ ટચ, દુકાન તથા અગાશી આપવાનું છે. મો. ૯૮૨૫૩ ૨૫૨૫૪

**પ્રોપર્ટી પોઈન્ટ**
બ્રોકર અભિષેક લે-વેચ-ભાડે-૯૫૮૬૦૦૭૦૭૮

**બેસ્ટ ફલેટ વેચવાનો છે**
સાધુવાસવાણી મેન રોડ કોપરસ્ટોન હાઈરાઈઝ આશરે ૨૦૦૦ કાર્પેટ ૪ બેડ હોલ કિચન ફર્નિચર અલગથી સર્વન્ટ રૂમ એમેનિટીઝ વિશાળ પાર્કિંગ કિં. ૧.૭૦.કરોડ

**પ્લોટ વેચવાનો છે**
અમદાવાદ રોડ હીરાસર એરપોર્ટ પાછળ વેલીવ્યુહમાં ૫૦૨ વારના ૩૧૦૦ ફાઈનલ (SS)

**આશિયાના પ્રોપર્ટીઝ**
૯૪૦૮૧ ૩૧૩૩૯

- નવયુગ સોસાયટી, રૈયા રોડમાં ૧૬૦ વારનું મકાન, ૨ બીએચકે વેચવાનું / ભાડે આપવાનું છે. જમીનના ભાવે
- યુનિ. રોડ / કાલાવડ રોડની વચ્ચે ૧૦૦ ફુટની દુકાન વેચવાની છે
- અલય પાર્ક, નાના મૌવા રોડ પર ૧૦૩ વારનું મકાન, ૩ બીએચકે વેચવાનું છે.
- નાના મૌવા રોડ પર ૩ બીએચકેનો ફલેટ, ૭૫૦ કાર્પેટ એકદમ કસમાં
- ૧૯૪ ફુટની નવી જ ઓફિસ વેચવાની / ભાડે આપવાની છે, પીઓપી, ફર્નિશ્ડ, વોશરૂમ, અમીન રોડ ટચ, બીઝનેસ સેન્ટ્રેમમાં
- રૈયા રોડ સેલસ હોસ્પિટલ પાસે, ૬૯૦ કાર્પેટની તદન નવી જ ઓફિસ વેચવાની છે
- અનંતા સોસાયટી, આત્મિય કોલેજની પાસે, ૧૫૦ વારનો પ્લોટ તથા ૧૧૦ વારનું મકાન
- એરપોર્ટ પર પેટ્રીયા હોટેલની સામે ૧૧૫ વારનું જુનુ મકાન, કોમર્શિયલ થાય તેવું (૭૮૬૩)

**જોઈએ છે**

**માણસો જોઈએ છે**
હાર્ડવેરનાં શોરૂમમાં કામ કરી શકે તેવા માણસો, વર્ષ ૧૮ થી ૪૦, રૂબરૂ મળો : શ્રી રામકૃષ્ણ હાર્ડવેર, કેનાલ રોડ, રાજકોટ. સંપર્ક : ૯૯૭૯૦ ૧૨૮૭૪ (૭૮૬૨)

**વિઝન ગ્રાફિકસ**
૪/૧૨-ભકિતનગર સ્ટેશન પ્લોટ, રાજકોટ. મો. ૯૨૬૫૭ ૨૪૫૫૩

**જોઈએ છે**
જોઈએ છે
લેડીઝ સ્ટાફ, હોસ્પીટલ તથા મેડીકલ સ્ટોર માટે, દેવર્ષ હોસ્પીટલ, મંગળા મેઈન રોડ, રાજકોટ.


# રણજી કવાર્ટર ફાઈનલ: ગુજરાત સામે સૌરાષ્ટ્રના ૪ વિકેટે ૧૩૯ રન

## ચિરાગ જાનીના ૬૯: હાર્વિક, ચેતેશ્વર, શેલ્ડન લાંબુ ટકી ન શકયા

રાજકોટ તા.૮

રણજી ટ્રોફીમાં આજે ગુજરાત સામેના મેચમાં સૌરાષ્ટ્રની ટીમ મજબૂત દેખાવ કર્યો હતો અને છેલ્લા સમાચાર મળ્યા ત્યારે ચાર વિકેટે ૧૩૯ રન બનાવ્યાહતા. ગુજરાતના કપ્તાને ટોસ જીતીને સૌરાષ્ટ્રને પ્રથમ દાવ લેવા મેદાને ઉતાર્યુ હતું. હાર્વિક દેસાઈ તથા ચિરાગ જાનીની ઓપનીંગ જોડીએ સંભાળભરી રમત સાથે જુમલો ૪૫ પર પહોંચાડયો ત્યારે હાર્વિક ૨૨ રને આઉટ થયો હતો. ચિરાગ સાથે ચેતેશ્વર પુજારાએ ૫૦ રનની ભાગીદારી કરી હતી ત્યારે પુજારા ૨૬ રને આઉટ થયો હતો. આ પછી શેલ્ડન જેકશન પણ લાંબુ ટકી શકયો ન હતો અને ૧૪ રને લેગબીફોર થયો હતો. એક છેડો સાચવીને ઉભેલો ચિરાગ જાની ૬૯ રને આઉટ થયો હતો તેણે ૧૪૮ દડામાં એક છગ્ગા અને ૧૧ ચોકકા સાથે ૬૯ રન કર્યા હતા. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે સૌરાષ્ટ્રના ચાર વિકેટે ૧૩૯ રન થયા હતા. અર્પિત વસાવડા ૩ રને તથા પ્રેરક માંકડ ૦ રને દાવમાં હતા. ગુજરાત વતી સિધ્ધાર્થ દેસાઈએ બે તથા ચિંતન ગાજા તથા અર્જન નાગવાસવાલાએ એક એક વિકેટ લીધી હતી.

# સિવિલમાં 'ઉંદર પકડો અભિયાન': પાંજરા મુકાયા: ૫૦થી વધુ મૂષક પુરાયા

## મીડિયામાં અહેવાલો પ્રગટ થતા તંત્ર સફાળુ જાગ્યું હતું, પાંજરે પુરાયેલા ઉંદરોને શહેર બહાર સીમ વિસ્તારમાં છોડી દેવામાં આવે છે



રાજકોટ, તા.૮

સૌરાષ્ટ્રની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ઉંદરોનો ત્રાસ વધતા હવે પાંજરા મુકાયા છે. ગઈકાલે ૩૦ જેટલાં પાંજરા મુકાયા હતા ૫૦ જેટલાં ઉંદર પકડાયા છે.

સમગ્ર વિગત જોઈએ તો, આજે સિવિલ હોસ્પિટલની નવી બિલ્ડીંગ પીએમએસએસવાય ખાતેનો એક વીડિયો સોશ્યલ મીડિયામાં ફરતો થયો હતો. જેમાં હોસ્પિટલમાં દર્દીઓના બેડ પાસે જ ઉંદરો આંટા મારતા જોવા મળ્યાં હતા. સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટની સિવિલ હોસ્પિટલ અવારનવાર કોઈને કોઈ બાબતે વિવાદમાં આવતી હોય છે. ઉંદરોનો ત્રાસ હોવાનું સામે આવ્યું હતું. જેમાં ઉંદરો ફ્રૂટ સહિતનો સામાન ખરાબ કરવાની સાથે લોકોને બટકા ભરતા હોવાનો આરોપ દર્દીઓ દ્વારા લગાવવામાં આવ્યો હતો. દર્દીઓએ કહ્યું હતું કે, દિવસના નહીં પણ રાત્રિના સમયે ઉંદરો આવી જાય છે. ફળ ફ્રૂટ કાંઈ પણ ખાવાનું પડ્યું હોય તેને ખરાબ કરે છે. આ તરફ હોસ્પિટલ તંત્ર તરફથી જાણવા મળેલ છે કે, ઉંદર અને મચ્છરનો ઉપદ્રવ અટકાવવા એજન્સીને અગાઉથી જ કામ અપાઈ ગયું છે પણ એજન્સી હજુ કામ કરવા આવી નહોતી. આરએમઓ ડો.ચાવડાએ કહ્યું કે, ગઈકાલે પીએમએસએસવાય કેમ્પસમાં ૩૦ પાંજરા મુકાયા. જેમાં કાલે જ ૪૦ જેટલાં ઉંદર પકડાયા હતા. હજુ પાંજરા રખાયા છે. ઉંદર પકડવા જે એજન્સીને કામ આપ્યું હતું. તે એજન્સી રાજ્યભરમાં આ કામ કરે છે. તેને બીજે કામ ચાલતું હોવાથી અહીં આવમાં સમય માંગ્યો હતો. આગામી સમયમાં આ કામગીરી ચાલી રહેશે. ઉંદર, ઉધઈ, વંદા સહિતના જીવ - જંતુનો ઉપદ્રવ ન રહે અને દર્દીઓને પરેશાની ન પડે તે માટે તંત્ર કામગીરી કરી રહ્યું છે.

### સીટીઝન્સ બેંકના સ્થાપક-પ્રાણેતા અશ્વિનભાઈ મહેતાના પત્ની

# રસિલાબેન મહેતાનું નિધન: સાંજે અંતિમયાત્રા



રાજકોટ તા.૮

સીટીઝન્સ કો.ઓ. બેંકના સ્થાપક તથા સમાજના અગ્રાણી સ્વ. અશ્વિનભાઈ મહેતાના પત્ની રસિલાબેન મહેતાનું આજે બપોરે નિધન થતા મિત્રો, સ્નેહીજનોમાં શોકનું મોજું ફેલાયું છે. રસિલાબેન ઘણા સમયથી બીમાર રહેતા હતા. તેમની વય ૮૦ વર્ષ આસપાસની હતી.

આજે સાંજે પાંચ વાગે સ્વ. રસિલાબેન મહેતાની અંતિમયાત્રા હોલીસેન્ટ સ્કૂલ સામેની શેરી, 'પરિશ્રમ' કાલાવડ રોડ, નાલંદા સોસાયટી ખાતેથી નીકળીને રૈયા રોડ સ્મશાન ગૃહે જશે.

સ્વ. રસિલાબેન મહેતા તે સલીલભાઈ તથા સીટીઝન્સ બેંકના મેનેજીંગ ડીરેકટર હાલિતભાઈના માતુશ્રી તથા રાગિણીબેન તથા ગીતાબેનના સાસુ થતા હતા. મનન, ચિંતન, આયુષી, ઈશુના દાદી થતા હતા.

સાંજ સમાચાર

ટચુકડી જાહેર-ખબર

# શ્રી મોદી એસ્ટેટ ®

MODI ESTATE

## શેઠનગર, જામનગર રોડ, રાજકોટ - મો : ૯૫૧૦૧૦૧૦૪૪

**અંજની સોસાયટી**
સૌરભ સોસાયટીની સામે, પ્રગતિ સોસાયટીની બાજુમાં ૩૦×૬૦=૧૯૬ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૫૦૦૦

**ગ્લોબલ ગ્રીન**
ઈશ્વરીયા-૧૮, ૧૭૬ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૨૦૦૦

**હિલવ્યુ પાર્ક**
ઈશ્વરીયા સર્વે નં., ૫૧૧ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૦૦૦

**બાલાજી ઈન્ડસ્ટ્રી**
રીબડા, ૪૬૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૫૦૦૦

**માધાપર સર્વે નં. ૧૧**
સ્વામીનારાયણ મંદિર પાસે, ૧૨૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૦,૦૦૦

**વર્ધમાન નગર**
ઘંટેશ્વર-૧૪૦, ૨૯૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ - ૩૬,૦૦૦

### કાલાવડ રોડ

**શિવભૂમિ-સી**
ઢોકળીયા- ૧૪૪, ૪૩૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૦૦૦

**હિલવ્યુ પાર્ક**
ઈશ્વરીયા, ૫૧૧ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૮૦૦૦

**અવધ પાર્ક**
હરિપર-૫૬/૧/૬, ૧૧૭૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૦૦૦૦

**રૂબિપાર્ક**
વિરડાવાજડી-૧૨૦, ૫૧૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૮૦૦૦

**જે.કે.ગ્રીન**
બાલસર-૬૯, ૧૭૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૨૦૦૦

**ચિત્રકુટ પાર્ક**
વિરડા વાજડી- ૧૦૮, ૨૨૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ - ૧૪,૦૦૦

**શ્યામ વાટિકા-૨**
ઢોળકીયા- ૧૨૫/૩, ૯૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫૦૦

**આસોપાલવ પાર્ક**
વિરડા વાજડી- ૫૬૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૨૦૦૦

**દર્શન પાર્ક**
કણકોટ-૧૩૧ પૈકી, ૨૧૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૪૫૦૦

**અતિથિ પાર્ક**
મોટામવા-૭૯, ૨૫૬ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫૦૦૦

**ગુરૂદેવ પાર્ક**
ઈશ્વરીયા-૭૭/પી૧, ૧૦૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૯૦૦૦

**સંજય વાટિકા**
મુંજકા, ૧૦૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૦,૦૦૦

**રાધે ગોલ રેસીડેન્સી**
આણંદપર, ૧૭૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૯૦૦

### સીટી વિસ્તાર

**શ્રેયાંશ સોસાયટી**
બિગબાઈટ પાસે, ૫૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧ લાખ

**તિરૂપતિનગર**
રૈયા રોડ, ૧૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૨૦૦૦

**પરિમલ સોસાયટી**
એસએનકે સ્કુલ પાસે, ૧૫૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૦૦૦૦

**શ્યામ પાર્ક**
યુનિવર્સિટી રોડ, ૧૧૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૧૦૦૦

**જીવનનગર**
રૈયા ચોકડી પાસે, ૨૧૩ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫૦૦૦

**નિરંજની સોસાયટી**
રૈયા રોડ, ૧૪૬ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૫૦૦૦

**કલ્યાણ પાર્ક**
નાનામવા-૧૬, ૯૯ વાર પ્લોટ વેચવાનો છે. કિંમત-૧ કરોડ

**માસ્તર સોસાયટી**
સોરઠીયાવાડી સર્કલ, ૨૯૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૦૦૦૦

**રામ અમર સોસાયટી**
મોટા મવા, ૧૫૪ વાર પ્લોટ વેચવાનો છે. કિંમત-૭૦ લાખ

**કલ્યાણ હા. સોસાયટી**
મંગળા રોડથી જતા, ૧૦૮ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૫૦૦૦

**હરિનગર**
રવિરત્ન પાર્ક પાસે, ૩૨૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫૦૦૦

**યોગીનગર**
રૈયા ચોકડી, ૧૩૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૫૦૦૦

**ભીડભંજન**
રૈયા-૮૧ પૈકી, ૧૫૦ વાર પ્લોટ વેચવાનો છે. કિંમત-૫૮ લાખ

**અર્ચના પાર્ક**
યુનિવર્સિટી રોડ, ૨૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૯૦૦૦૦

**નવયુગ સોસાયટી**
એરપોર્ટ રોડ, ૧૫૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૫૦૦૦

**વિદ્યુતનગર**
રાજકોટ-૪૩૮ પૈકી, ૮૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૧૫ લાખ

### ઈન્ડસ્ટ્રીયલ

**અવધ ઈન્ડસ્ટ્રીયલ ઝોન**
અનિયાલા-૭૦ પૈકી ૧, ૭૩૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૧,૦૦૦

**વેરાવળ-૨૬૮ પૈકી**
તા. કોટડા સાંગાણી, ૨૦૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત- ૧.૫૦ કરોડ

**માલીયાસણ**
કુવાડવા ગ્રીનલેન્ડ થી ૬ કિ.મી. ૩૦૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૧૦૦૦

**ખેરવા**
તા. વાંકાનેર, ૨૦૪૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૫૦૦

**મેટોડા-૬૩૪**
તા. પડધરી, ૧૧૨૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૦,૫૦૦

**સરદાર ઈન્ડસ્ટ્રીયલ**
પડવલા-૧૩૭, ૯૧૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૨૦૦૦

**ગૌતમ ઈન્ડસ્ટ્રીયલ**
પડવલા, ૧૦૧૯ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૧,૦૦૦

**તિરૂપતિ પાર્ક**
ગોંડલ ચોકડી, ૧૩૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૧૦ લાખ

### જમીન

**સરપદડ**
તા. પડધરી, ૩ એકર ૮૦ ગુંઠા જમીન વેચવાની છે. ભાવ- ૧.૨૫ કરોડ (એકર)

**ખેરડી**
૩.૫૦ એકર, જમીન વેચવાની છે. ભાવ-૧.૨૦ કરોડ (એકર)

**મુંગા વાવડી**
૫.૫૦ એકર, ૮ ગુંઠા જમીન વેચવાની છે. ભાવ-૧.૪૫ કરોડ (એકર)

**ખિમાણી સણોસરા**
તા. કાલાવડ, ૫.૧૨ ગુંઠા જમીન વેચવાની છે. ભાવ-૬૫ લાખ (એકર)

**દેવગામ**
૪ એકર ૩૨ ગુંઠા, જમીન વેચવાની છે. ભાવ-૧.૬૦ કરોડ (એકર)

**મિતાણા**
તા. ટંકારા, ૧.૫૦ એકર જમીન વેચવાની છે. કિંમત-૧.૫૦ કરોડ

### જામનગર રોડ

**સિલ્વર સ્પેશ**
તરઘડી-૪૨/૩, ૧૦૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૯૦૦૦

**માધાપર-૧૧**
સ્વામીનારાયણ મંદિર પાસે, ૧૨૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૦,૦૦૦

**બાલાજી પાર્ક**
પડધરી, ૮૬ વાર પ્લોટ વેચવાનો છે. કિંમત ૫ લાખ

**આકાશવાણી પાર્ક**
તરઘડી-૩૩૨, ૧૪૯ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦૦૦

**શિવ પાર્ક**
તરઘડી-૨૬૧, ૧૨૬૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૧,૦૦૦

**યાગરાજ**
ગોકુલ મથુરા પાછળ, ૫૫૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૦,૦૦૦

**ગ્લોરીયસ ગોલ્ડ**
ન્યારા-૧૭૨, ૧૨૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૩,૫૦૦

**ગ્લોરીયસ પર્લ**
ન્યારા-૧૫૯, ૧૫૩ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૪,૫૦૦

### મોરબી રોડ

**જલિયાણ પાર્ક**
હડાળા-૨૦૪, ૧૬૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦૦૦

**સદગુરૂનગર**
રતનપર-૧૪૨, ૨૦૮ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ - ૧૧,૦૦૦

**ગિરિરાજ પાર્ક**
હડાળા-૧૪૦, ૨૪૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૩૦૦

### કુવાડવા રોડ

**માધવ વાટિકા**
રાણપુર ગામ, ૧૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૧,૦૦૦

**ગોપાલ રેસીડેન્સી**
ખેરવા-૨૫૭, ૨૦૬ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦૦૦

**ગુરૂકૃપા પાર્ક**
ખિજડીયા, ૧૭૨ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦૦૦

## ફાસ્ટ પેમેન્ટથી પ્લોટ વેચવા માટે મળો

# સમાપન પહેલા જ કુંભમેળામાં ૪૨ કરોડથી વધુ આસ્થાળુઓએ ડૂબકી લગાવી



## મહાકુંભના હજુ ૧૮ દિવસ બાકી છે ત્યારે સંગમમાં શ્રદ્ધાળુઓની ડૂબકી લગાવનારાઓની સંખ્યા ૫૦ કરોડને પાર પહોંચી જશે

પ્રયાગરાજ તા.૮

મહાકુંભમાં અત્યાર સુધીમાં ૪૦ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ આસ્થાની ડુબકી લગાવી લીધી છે. હજુ મહાકુંભ પૂરો થવાને ૧૯ દિવસ બાકી છે. મહાકુંભ પૂરો થાય ત્યાં સુધીમાં ડુબકી લગાવનારાઓનો આંકડો ૫૦ કરોડને પાર કરી જવાની સંભાવના છે.

ગઈકાલે શુક્રવારે સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૪૨.૭ કરોડ લોકો ત્રિવેણી સંગમમાં આસ્થાની ડુબકી લગાવી ચૂક્યા હતા.

પ્રયાગરાજમાં ત્રણેય અમૃત સ્નાન પર્વ-મકર સંક્રાંતિ, મૌની અમાસ અને વસંત પંચમી બાદ પછી પણ શ્રદ્ધાળુઓ અને સ્નાનાર્થીઓના જોશ અને ઉત્સાહમાં કોઈ કમી નથી આવી. દરરોજ લાખો લોકો દેશ-વિદેશથી તીર્થરાજ પહોંચી રહ્યા છે.

વસંત પંચમીના અંતિમ અમૃત સ્નાન પર્વ પછી પણ કરોડો શ્રદ્ધાળુઓ સંગમમાં સ્નાન માટે પહોંચી રહ્યા છે.

સ્નાનાર્થીઓમાં ૧૦ લાખ કલ્પવાસીઓની સાથે સાથે દેશ વિદેશથી આવેલા સાધુ સંતો શ્રદ્ધાળુઓ સામેલ હતા.

**મૌની અમાસે સર્વાધિક ૮ કરોડ શ્રધ્ધાળુઓનું સ્નાન**

અત્યાર સુધીના સ્નાનાર્થીઓનું વિશ્લેષણ કરીએ સર્વાધિક ૮ કરોડ શ્રધ્ધાળુઓએ મૌની અમાસે સ્નાન કર્યુ હતું. જયારે ૩.૫ કરોડ શ્રધ્ધાળુઓએ મકર સંક્રાંતિના પર્વે અમૃત સ્નાન કર્યુ હતું. એક ફેબ્રુઆરી અને ૩૦ જાન્યુઆરીએ બે બે કરોડને પાર અને પોષ પૂર્ણિમાએ ૧.૭ કરોડ શ્રધ્ધાળુઓએ પુણ્યની ડુબકી લગાવી હતી. આ ઉપરાંત વસંત પંચમીએ ૨.૫૭ કરોડ શ્રધ્ધાળુઓએ ત્રિવેણીમાં આસ્થાની ડુબકી લગાવી હતી.

**વડાપ્રધાન મોદી સહિતની હસ્તીઓએ કુંભ સ્નાન કર્યુ**

મહાકુંભમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, વડાપ્રધાન મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથસિંહ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ (મંત્રી મંડળ સહિત) સંગમમાં ડુબકી લગાવી ચૂકયા છે. રાજયપાલ આનંદીબેન પટેલ, હરિયાણાના સીએમ નાયબસિંહ સૈની, મણીપુરના સીએમ એન.બિરેનસિંહ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ. કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતના નામો પણ લીસ્ટમાં છે.

**બોલિવુડની હસ્તીઓએ પણ કુંભસ્નાન કર્યુ**

સાંસદ એકટ્રેસ હેમામાલિની, ભોજપુરી એકટર સાંસદ રવિકિશન, પૂર્વ સાંસદ દિનેશલાલ યાદવ, નિરહુઆ, બોલીવુડ એકટ્રેસ ભાગ્યશ્રી, એકટર અનુપમ ખેર, મિલીંદ સોમલા સપાના અધ્યક્ષ અખિલેશ યાદવ સંગમમાં સ્નાન કરી ચૂકયા છે.

આ ઉપરાંત ઓલમ્પીક મેડલીસ્ટ સાઈના નેહવાલ, એકટ્રેસ મમતા કુલકર્ણી કવિ કુમાર વિશ્વાસ, ક્રિકેટર સુરેશ રૈના, આંતરરાષ્ટ્રીય રેસલર ખલી, કોરિયોગ્રાફર રેમો ડિસૂઝા, બોલીવુડ એકટ્રેસ ઈશા ગુપ્તા, વગેરે કુંભસ્નાન કરી ચૂકયા છે.

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૧૦મી ફેબ્રુઆરીએ પવિત્ર ડુબકી લગાવશે**

આગામી ૧૦મી ફેબ્રુઆરીએ દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સંગમમાં શ્રદ્ધાની ડુબકી લગાવશે.



## મહાકુંભમાં સંગમ સ્થળે જાણે આસ્થાળુઓનું સુનામી!

મહાકુંભમાં ભાવિકોનો પ્રવાહ અવિરત વહી રહ્યો છે, અત્યાર સુધીમાં ૪૨ કરોડથી વધુ આસ્થાળુઓએ કુંભસ્નાન કરી લીધું છે. આજે સવારે જ માનવ મહેરામણ સંગમ ઘાટે પહોંચ્યો હતો. જ્યાં જગ્યા મળી ત્યાં પુણ્ય સ્નાનનું સુખ મેળવ્યું હતું હજુ બે અમૃત સ્નાન બાકી છે જેમાં મોટી સંખ્યામાં આસ્થાળુઓ ઉમટી પડવાની સંભાવના છે.

## બિહારનાં રાજયપાલ આરીફ મોહમ્મદખાન મહાકુંભ પહોંચ્યાઃ બોટીંગનો આનંદ લીધો

### મહાકુંભમાં બધા ભેદભાવ ખતમ થઈ જાય છે, અહી માનવ જ માધવનું રૂપ છેઃ ગવર્નર



નવી દિલ્હી તા.૮

બિહારનાં રાજયપાલ આરીફ મોહમ્મદખાન ઉતર પ્રદેશનાં પ્રયાગરાજમાં આયોજીત મહાકુંભ-૨૦૨૫ માં આવી પહોંચ્યા હતા. અહીં તેમણે બોટીંગનો આનંદ લીધો હતો.

આ તકે તેમણે જણાવ્યું હતું કે આપણે હંમેશા ધ્યાન રાખવુ જોઈએ કે ભારતની સંસ્કૃતિ સનાતન આદર્શનો એક આત્મા છે. અહી બધા ભેદભાવ ખતમ થઈ જાય છે.

આપણી સંસ્કૃતિ કહે છે કે કોઈપણ વ્યકિતને તેના દિવ્ય સ્વરૂપમાં જુઓ માનવ જ માધવનું રૂપ છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે મહાકુંભમાં સનાતન સંસ્કૃતિની એકતા સ્પષ્ટ રૂપથી જોવા મળે છે. ભારતનો વારસો આદર્શ અને મુલ્યોને જીવંત રાખવા જરૂરી છે.



## હવે એરપોર્ટથી સંગમ તટ પર પહોંચવા હેલિકોપ્ટર સર્વિસ શરૂ

### એક ડગલું પણ ચાલ્યા વગર સીધા લગાવો ડૂબકી

પ્રયાગરાજઃ મહાકુંભમાં આવનારા શ્રધ્ધાળુઓ માટે ખૂબ જ સારા સમાચાર છે. હવે તેઓ હેલિકોપ્ટર દ્વારા પ્રયાગરાજ એરપોર્ટથી સીધા ત્રિવેણી સંગમ પહોંચી શકે છે. મહાકુંભમાં ઉત્તર પ્રદેશ ઇકો ટૂરિઝમ ડેવલપમેન્ટ બોર્ડ અને ફ્લાય શરૂ કરવામાં આવી છે. હેલિકોપ્ટર સર્વિસ લીધા બાદ સંગમ સુધી પહોંચવા માટે અનેક કિલોમીટર સુધી ચાલીને નહીં જવું પડે.

આ હેલિકોપ્ટર પ્રયાગરાજ એરપોર્ટથી ઉડશે અને સીધું જ ત્રિવેણી સંગમ નજીક બોટ-કલબ પર બનેલા હેલિપેડ પર ઉતરશે. આ દરમ્યાન તમે આકાશમાં મહાકુંભની ભવ્યતા અને દિવ્યતાનો આકાશી નઝારો પણ નિહાળી શકશો. હેલિપેડથી ઉતર્યા બાદ તમને બોટ-કલબથી બોટ ઉપલબ્ધ કરાવવામાં આવશે જે તમને સંગમ સુધી લઇ જશે. સંગમમાં ડૂબકી લગાવ્યા બાદ તમને એ જ બોટ હેલિકોપ્ટર પર પરત લઇ આવશે. હેલિકોપ્ટર તમને ફરી પ્રયાગરાજ એરપોર્ટ પર ઉતારી દેશે.

**કેટલો ખર્ચ થશે?**

સમગ્ર પેકેજનો ખર્ચ ૩૫,૦૦૦ રૂપિયા પ્રતિ વ્યકિત હશે, જેના માધ્યમથી શ્રધ્ધાળુ સંગમમાં ચાલ્યા વગર જ સીધા પહોંચીને સ્નાન કરી શકશે. ખાસ કરીને વૃધ્ધો અને દિવ્યાંગો માટે સંગમ પહોંચવું ખૂબ જ મુશ્કેલ બની જાય છે. એથી આ પધ્ધતિ ખૂબ જ સુલભ અને સરળ હશે. હાલ ઘણા લોકો હેલિકોપ્ટર સર્વિસનો ઉપયોગ કરી રહ્યા છે અને સંગમમાં સ્નાન કરીને ધન્યતા અનુભવી રહ્યા છે. રાઇડ્સ સતત ચાલી રહી છે. તમે ઇચ્છો તો ૪-૫ કલાકમાં જ સંગમમાં સ્નાન કરીને પરત ફરી શકો છો. ૩૫,૦૦૦ રૂપિયામાં એરપોર્ટથી સંગમ સુધીની તમામ જવાબદારી કંપની દ્વારા ઉઠાવાઇ રહી છે.

## મહાકુંભમાં ભકતોની સંખ્યામાં લગાતાર વધારો : નવાં પુલથી નૈની સુધી ૫ કિમીનો ટ્રાફિકજામ

### નાગવાસુકીના મંદિર તરફથી મોટી સંખ્યામાં ભક્તો સેક્ટર ૧૮, ૧૯ તરફ આગળ વધી રહ્યાં : શાસ્ત્રી પુલ પર બેરીકેડિંગ

પ્રયાગરાજ : વસંત પંચમી બાદ મેળામાં લગાતાર ભક્તોની ભીડ વધી છે. આને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્રે વ્યવસ્થામાં કેટલાક ફેરફારો કર્યા છે. આજે પણ, સામાન્ય ભક્તો સાથે કેટલાક વિદેશી અને રાજકીય અતિથિઓએ સંગમમાં ડૂબકી લગાવી હતી.



યુપીનાં રાયબરેલીમાં આજકાલ લખનઉ-પ્રાયાગરાજ એનએચ હાઇવે પર બછરાવાંથી ટોલ પ્લાઝા સુધી આખા દિવસ દરમિયાન ટ્રાફિક જામ રહ્યો છે. મોટી સંખ્યામાં ભક્તો કે પ્રયાગરાજ મહાકુંભમાં સ્નાન કરવા આવી રહ્યાં છે જેથી મોટી સંખ્યામાં જામ થઈ રહ્યો છે. આને કારણે, શનિવારે સવારે ૫ વાગ્યાથી અહીં ૧૦ કિલોમીટરનો જામ થયો હતો. આ તમામ ભીડ મોટી સંખ્યામાં ખાનગી વાહનો દ્વારા મહાકુંભમાં સ્નાન કરવા જઈ રહી છે. પોલીસ પંકજ કુમાર દરગીએ જણાવ્યું હતું કે મહાકુંભમાં શાહી સ્નાન માટે લોકો ખાનગી વાહનો દ્વારા પ્રયાગરાજ જઈ રહ્યાં છે, જેનાં કારણે આ ૧૦ કિલોમીટરનો ટ્રાફિક જામ થયો છે.

નાગવાસુકીના મંદિર તરફથી મોટી સંખ્યામાં ભક્તો સેક્ટર ૧૮, ૧૯ તરફ આગળ વધી રહ્યાં છે. બ્રિજ નંબર ૧૩ પર પોલીસ સતત ચેતવણી આપી રહી છે કે ઘાટ પર ભીડ વધી રહી છે. તેથી સ્નાન કરો અને તરત જ પાછા ફરો. લાખો ભક્તો દરરોજ મહાકુંભમાં પહોંચે છે. નાગ વસુકી મંદિર તરફના ચાર રસ્તા પરથી ભક્તોની લાંબી કતારો વધી રહી છે.

## આપણા ગુજરાતીઓને ગરબા તો યાદ આવે જ.....

### મહાકુંભમાં ડૂબકી બાદ 'ગરબા' રમતા ગુજજુઓ !!



સોશ્યલ મીડિયા પર એક વિડિયો વાઈલ થયો છે. જેમાં જોઈ શકાય છે કે કેટલાક ગુજરાતીઓ મહાકુંભમાં ત્રિવેણી સંગમમાં 'કૃષ્ણ ભગવાન હાલ્યા....' ગાતાં-ગાતાં ગરબા રમી રહ્યા છે.

## મહાકુંભમાં 'સાધુ-ક્રિકેટ' પણ.....



મહાકુંભમાં સંગમ તટપર સાધુઓ ક્રિકેટ રમતા હોય એવો વિડિયો વાયરલ થયો છે.

## કરોડો એન્ડ્રોઇડ યુઝર્સ માટે સરકારની મોટી ચેતવણી : ગમે ત્યારે તમારો ફોન હેક થઇ શકે

### ભારતીય કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમએ અહેવાલ આપ્યો છે કે એન્ડ્રોઇડ ૧૨ અને ત્યારબાદના સોફ્ટવેરમાં ખામીઓ છે

નવી દિલ્હી,તા.૮

ભારતનાં ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે એન્ડ્રોઇડ વપરાશકર્તાઓ માટે ચેતવણી જારી કરી છે, જેમાં અનેક સુરક્ષા ભૂલોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભારતીય કમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમે મંત્રાલયનાં સહયોગથી અહેવાલ આપ્યો છે કે એન્ડ્રોઇડ ૧૨ અને ત્યારબાદના સોફ્ટવેરને અસર થઈ છે. આ ચેતવણીમાં જણાવાયું છે કે આ વપરાશકર્તાઓને ગંભીર સાયબર એટેકનો સામનો કરવો પડી શકે છે. સરકારી એજન્સીએ કહ્યું કે એન્ડ્રોઇડ પર આમાંની ઘણી નબળાઇઓ ફ્રેમવર્કમાં બગને કારણે છે, પરંતુ ચિપસેટને કારણે પણ બગ હોઈ શકે છે.

**સુરક્ષા ખામીઓને કારણે સાયબર એટેકનો ખતરો :-**

સર્ટ-ઇનએ કહ્યું કે "એન્ડ્રોઇડમાં ઘણી ખામીઓ નોંધાઈ છે, જેમાં હેકર સંવેદનશીલ માહિતી મેળવવા, ડિવાઇસ પર નિયંત્રણ મેળવવા, મનસ્વી રીતે કોડમાં ફેરફાર કરવા અથવા ટાર્ગેટ સિસ્ટમ ઉપર ડિનાયલ ઓફ



સર્વિસ જેવી પરિસ્થિતિઓનું સર્જન કરી શકે છે. આ ચેતવણીને સુરક્ષાનાં મુદ્દાઓમાં સૌથી ગંભીર માનવામાં આવે છે. એજન્સીએ સ્પષ્ટતા કરી હતી કે ખામીઓનો લાભ લઈને હેકર્સ ઉપકરણને ઘણું નુકસાન પહોંચાડી શકે છે.

**સલામતી કેવી રીતે સુનિશ્ચિત કરવી ? :-**

સર્ટ-ઇનએ એન્ડ્રોઇડ ૧૨,૧૩,૧૪,૧૫,ના વપરાશકર્તાઓને કોઈપણ સંભવિત સાયબર એટેકને ટાળવા માટે તરત જ તેમનાં ઉપકરણોને અપડેટ કરવાની સલાહ આપી છે. આ સિવાય, નીચે આપેલ વિગતો પર સાવચેતી રાખવાની પણ સલાહ આપવામાં આવી છે :-

**સોફ્ટવેર અપડેટ કરો :-**

તમારા ઉપકરણનાં સોફ્ટવેર અપડેટ્સને નિયમિતપણે તપાસો અને અપડેટ રાખો.

**શંકાસ્પદ લિંકસને ટાળો :-**

કોઈપણ શંકાસ્પદ લિંક પર ક્લિક કરવાનું અથવા પ્રમાણિત એપ્લિકેશનો વિના એપ ડાઉનલોડ કરવાનું ટાળો. ફક્ત ગૂગલ પ્લે સ્ટોરથી એપ્લિકેશનો ઇન્સ્ટોલ કરો.

**મજબૂત પાસવર્ડનો ઉપયોગ કરો :-**

તમારા ગુગલ એકાઉન્ટ અને અન્ય એકાઉન્ટ્સ માટે અનોખો અને મજબૂત પાસવર્ડ્સ સેટ કરો.

**ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન લાગું કરો :-**

વધારાની સલામતી માટે ટુ-ફેકટર ઓથેન્ટિકેશનને ઓન કરો.

**એપ્લિકેશનની પરમિશનની સમીક્ષા કરો :-**

ખાતરી કરો કે ઇન્સ્ટોલ કરેલી એપ્લિકેશનો ફક્ત જરૂરી ડેટા સુધી જ પહોંચી શકે અને વધારાની પરમિશનનો બંધ કરો.

**ફિશિંગ એટેકને ટાળો :-**

પુષ્ટિ વિના અજ્ઞાત અથવા શંકાસ્પદ ઇમેઇલ્સ અને સંદેશાઓમાં આપેલી માહિતી શેર કરશો નહીં.

## દિકરાનાં લગ્નની બારાતમાં ચાર ચાંદ લગાવવા પિતાએ બોલાવી રશિયન ડાન્સરો



લખનૌ,તા.૮

દીકરાનાં લગ્નની બારાતને ચાર ચાંદ લગાવવા અને તેને સરપ્રાઈઝ આપવા માટે પિતાએ વરઘોડામાં નાચવા માટે રશિયાથી ૨૦ ડાન્સર્સ બોલાવી એનો વિડીયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થયો છે.ભવ્ય વરઘોડામાં અક્ષિત કી બારાત લખેલું છે અને બંન્ને બાજુલાલ છત્રવાળા લેમ્પ લઈને માણસો ચાલી રહ્યા છે.વરરાજા અક્ષિત વિન્ટેજ લાલ ઓપન કારમાં ઉભો છે.અને કારની આજુબાજુ ગોલ્ડન સિલ્વર ચળકતા ઉત્તેજક બોલ્ડ ડ્રેસ પહેરીને હાથમાં ચળકતી નિયોન ટયુબ્સ લઈને બ્યુટિફુલ રશિયન ડાન્સર્સ ઈન્ડિયન ગીતો આખા રસ્તે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. પિતાએ પોતાના દીકરાને રાજી રાખવા માટે ૨૦ રશિયન યુવતીઓને ઠૂમકા લગાવવા બોલાવી હતી.

## નવા જમાનાની ચવાઈ ગયેલી લવ સ્ટોરી એટલે 'લવયાપા': સ્ક્રીનપ્લે પણ ઠેકાણા વિનાનો!



### જુનૈદ ખાન અને ખુશી કપૂરને હજુ અભિનય માટે મહેનત કરવાની જરૂર

તા.૮

ફિલ્મોમાં પ્યાર મોહબ્બની વાર્તા તો સદીઓથી ચાલી આવે છે. પછી સિનેમાની દુનિયામાં, પ્રેમ હંમેશાં ખીલત રહે છે. આ મહિનો પ્રેમનો મહિનો છે અને વેલેન્ટાઇન વીક શરૂ થવાનું છે. આવી સ્થિતિમાં, આમિર ખાનનાં પુત્ર જુનેદ ખાન અને શ્રીદેવી અને બોની કપૂરની નાની પુત્રી ખુશી કપૂરને જેન ઝેડની લવસ્ટોરી કહેવામાં આવે છે. આ બંનેની ફિલ્મ લવયાપાએ થિયેટરોમાં આવી ગઈ છે. આ ફિલ્મ ૨૦૨૨ ની તમિળ સુપરહિટ ફિલ્મ લવ ટુડેની રિમેક છે. ફિલ્મ લવ ટુડે, ફક્ત પાંચ કરોડનાં બજેટમાં બની હતી અને ૧૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી.

ફિલ્મની વાર્તા પ્રમાણે એક આઇટી કંપનીમાં કામ કરતાં ગૌરવ (જુનૈદ ખાન) અને વાની (ખુશી કપૂર), એકબીજાને પ્રેમ કરે છે. ખુશીના પિતા (આશુતોષ રાણા) ખૂબ જ સખત સ્વભાવના વ્યક્તિ છે જે તેની બંને પુત્રીઓને કડક શિસ્તમાં રાખે છે. તે વહેલી તકે વાનીના લગ્ન કરવા માંગે છે. જ્યારે વાની ગૌરવને તેના પરિવારના સભ્યો સાથે લગ્નની વાત કરવા કહે છે, ત્યારે તે તેની બહેન કિરણના લગ્ન સુધી રાહ જોવાનું કહે છે.

આ દરમિયાન, વાની ગૌરવને તેનાં પિતાને સાથે મળાવે છે. તેનાં પિતા વાની અને ગૌરવને એક દિવસ માટે એકબીજાનો ફોન બદલવા કહે છે. તે સ્પષ્ટ છે કે આને કારણે વાની અને ગૌરવને એકબીજાની જીંદગીના રહસ્યો જાણવા મળે છે, જે તે સમય સુધી છુપાયેલાં હતાં. શું ગૌરવ અને વાનીની લવ સ્ટોરી અંત સુધી પહોંચે છે ? આ જાણવા માટે, તમારે સિનેમા હોલમાં જવું પડશે.

અદ્વૈત ચંદને નવાં જમાનાની લવ સ્ટોરીને અલગ અંદાજમાં રજૂ કરી છે જેનું જીવન ફોનની આસપાસ ફરે છે. પરંતુ વાર્તા અને પટકથાની નબળાઇને કારણે, તે તેમાં સંપૂર્ણ સફળતા મેળવી શક્યાં નથી. ફિલ્મની વાર્તા શરૂઆતમાં સામાન્ય લવ સ્ટોરી જેવી જ લાગે છે. પરંતુ ઈન્ટરવેલ પહેલાં, ત્યાં વળાંક આવે છે જે વાર્તાને પાટા પરથી ઉતારી દે છે. તે જ સમયે, બીજા ભાગમાં, વાર્તા દમ તોડવા લાગે છે અને પહેલાંથી આપણે જાણતાં હોય તે જાતનો ફિલ્મનો અંત આવે છે. વાર્તાની થીમ સારી હતી, પરંતુ સ્ક્રિપ્ટ પર સખત મહેનત ન કરવાને કારણે જરા પણ મજા આવતી નથી. જો મહત્વપૂર્ણ વિષય પર બનેલી આ ફિલ્મની વાર્તા અને પટકથા પર થોડી વધુ મહેનત કરી હોત, તો ફિલ્મ વધુ સારી બનાવી શકાય હોત. ફિલ્મનું સંગીત સામાન્ય છે, તેથી સિનેમેટોગ્રાફી ઠીકઠીક છે.

જો આપણે અભિનય વિશે વાત કરીએ, તો પછી જુનેદ ખાન અને ખુશી કપૂર બંનેને સ્ક્રીન પર લાંબી ઈનિંગ્સ રમવા માટે સખત મહેનત કરવાની જરૂર છે. જુનેદ જેમણે ઓટીટી પર ગયાં વર્ષે આવેલી મહારાજ ફિલ્મ સાથે સિનેમામાં ડેબ્યુ કર્યુ હતું, તે મોટી સ્ક્રીન પર તેની અસર છોડી શક્યો નહીં. તે જ સમયે, ખુશી, જેમણે ઓટીટી પર ફિલ્મ આર્ચીઝ સાથે પ્રવેશ કર્યો હતો, તેની પાસે ભલે એક પછી એક પ્રોજેક્ટ હોઈ શકે છે, પરંતુ તેને જાહનવીની જેમ સખત મહેનત કરવાની જરૂર છે.

**ફિલ્મ શા માટે જોવી જોઈએ**

વધુ સારું રહેશે કે તમે આ ફિલ્મ જોવા માટે તમારો સમય અને પૈસા ખર્ચવાને બદલે આ ફિલ્મની ઓટીટી પર આવવાની રાહ જુઓ.

| | | |
|---|---|---|
| રેટિંગ | : | ૫ માંથી ૨ સ્ટાર |
| કલાકારો | : | જુનૈદ ખાન, ખુશી કપૂર, આશુતોષ રાણા |
| ડિરેક્ટર | : | અદ્વૈત ચંદન |
| અવધિ | : | ૨ કલાક ૧૮ મિનિટ |
| શૈલી | : | કોમેડી, ડ્રામા, રોમાંસ |



## રેકોર્ડ બ્રેકિંગ કિંમત માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

### બ્રાઝિલના પશુ મેળામાં જેની કિંમત રૂા.૪૦ કરોડ બોલાઇ તે નેલ્લોર નસલની ગાયને 'મિસ સાઉથ અમેરિકા'નો ખિતાબ

તેલંગણઃ બ્રાઝિલના મીનસ ગેરે નામના રાજ્યમાં યોજાયેલી પશુઓની લિલામીમાં નેલ્લોર નસલની ગાય (લગભગ ૪૦ કરોડ રૂપિયા)માં ખરીદવામાં આવી છે. અત્યાર સુધી દુનિયામાં સૌથી મોંઘી વેચાયેલી ભારતીય નેલ્લોર નસલની આ ગાયને એની રેકોર્ડ બ્રેકિંગ કિંમત માટે ગિનેસ વર્લ્ડ રેકોર્ડર્સમાં સ્થાન મળ્યું છે. વિયાટિના-૧૯નું વજન ૧૧૦૧ કિલો જ છે એની જ નસલની ગાયના એવરેજ વજન કરતાં બમણું છે. ચેમ્પિયન્સ ઓફ વર્લ્ડ પ્રતિયોગિતામાં આ ગાયને 'મિસ સાઉથ અમેરિકા'નો ખિતાબ પણ મળ્યો છે. એના ભ્રૂણ દુનિયાભરમાં પશુઓના પ્રજનન કાર્યક્રમમાં ઉત્તમ નસલનું સર્જન કરવા માટે નિકાસ કરવામાં આવે છે. ગાયોની એકદમ ઉત્તમ નસલ ગણાતી નેલ્લોર નસલ મૂળ ભારતની આંધ્ર પ્રદેશ અને તેલંગણની છે અને એને ઓન્ગોલ નસલ પણ કહેવામાં આવે છે. આ નસલની ખાસિયત એની અનુકુલનશીલતા અને અતિશય ગરમી સહન કરવાની શક્તિ છે. આ સાથે એની રોગપ્રતિકારક ક્ષમતા મજબૂત હોય છે એથી આફ્રિકા અને સાઉથ અમેરિકા જેવા ઉષ્ણ કટિબંધમાં આવેલા દેશોમાં એની વિશેષ ડિમાન્ડ રહે છે. ઓછામાં ઓછી દેખભાળ સાથે એકદમ કપરા સંજોગોમાં જીવિત રહેવાની આ નસલની ક્ષમતા એને વધુ ખાસ બનાવે છે. નેલ્લોર નસલની ગાયની શારિરીક બનાવટ પણ એકદમ આકર્ષક હોય છે. સફેદ ફરવાળી લટકતી ચામડી, ઉંચી ખડતલ કાયા, પીઠ પર ઉભરેલી ખૂંધ એને ખૂબસુરત બનાવે છે. ઢીલી ત્વચાને લીધે ગરમી દૂર કરવામાં મદદ મળે છે. ખૂંધમાં જમા થયેલી ચરબી ભોજનની કમી હોય ત્યારે એને પોષણ આપે છે. નેલ્લોર નસલની ગાયોએ પ્રભાવશાળી માંસપેશીઓ ઉચ્ચતમ પ્રજનનક્ષમતાને કારણે બ્રાઝિલમાં પશુધનની ઉત્પાદકતા વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.



## ૫૭ માસના લાંબા ઇન્તજારથી અનેક વખત આવતી ખુશી પણ અનેક વખત ઉમંગ જગાડતી નથી

# બજેટ પછી રેટ કટ પણ શા માટે મુડ સુધારી ન શકયો ?

**મોદી સરકારે મીડલ કલાસને ધ્યાનમાં રાખીને બજેટમાં જબરા આવકવેરા સુધારા કર્યા અને તેમાં પણ શેરબજારને બહુ મજા ન આવી હવે રેટ કટ જે છેલ્લો ડોમેસ્ટીક ઇવેન્ટ હતો તેમાં પણ ૨૫ બેઝીક પોઇન્ટનો ઘટાડો માર્કેટને કોઇ બુસ્ટર ડોઝ આપી નથી ગયો તેવું જણાય છે, સૌની નજર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા પર છે, ટ્રમ્પ શું ભારતને મેકસીકો અને કેનેડાની હરોળમાં બેસાડી છે કે ચીન સામે બેલેન્સ કરવા ભારતને ખાસ સ્થાન આપશે તેના પર અર્થતંત્રની નજર છે**

૫૭ માસની લાંબી રાહ જોયા બાદ આખરે રીઝર્વ બેન્કે રેટ કટમાં ૨૫ બેઝીક પોઇન્ટ ઘટાડીને છેલ્લા ૨૪ માસથી જે સ્થગિતતા હતી તેનો અંત લાવ્યો છે અને તેની સાથે હવે ભારતીય અર્થતંત્રમાં અત્યાર સુધી ફુગાવાની જે ચિંતા આરબીઆઇ કરતું હતું તેના બદલે વિકાસની ચિંતા કરશે તેવો સંકેત આપ્યો છે. વાસ્તવમાં દુનિયાના અનેક દેશોએ લાંબા સમય પૂર્વે રેટ કટ શરૂ કરી દીધુ હતું પરંતુ ભારતમાં ફુગાવાની ચિંતાએ આરબીઆઇના હાથ બાંધી રાખ્યા હતા અને તે સમયે જ આવેલા બજેટમાં જે રીતે લોકોની ખર્ચ કરવા માટે વધુ નાણા આપીને સરકારએ આર્થિક ગતિવિધિ વધારવા જે પ્રયત્ન શરૂ કર્યા છે તે પછી રીઝર્વ બેન્ક જો રેટ કટ ન કરે તો સરકારની કવાયત સામે પ્રશ્ન ઉભા થઇ શકતા હતા અને તેથી આ રેટ કટ અત્યંત સ્વાભાવિક હતો ગઇકાલે શેરબજારે આરબીઆઇના નિર્ણય નોનઇવેન્ટ તરીકે લીધુ તે પછી હવે માર્કેટને આગળ વધવા માટે છેલ્લી આશા તા. ૧૩ ફેબ્રુઆરીની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા સિવાય ભાગ્યે જ કહી રહ્યું છે. એક તરફ જોઇએ તો બજેટમાં સરકારે અંદાજે રૂા. ૧ લાખ કરોડની રાહત આપી છે અને બેક ટુ બેક આરબીઆઇ રેટ કટથી બેન્કો પણ તેને ફોલોઅપ કરે અને વ્યાજદર ઘટાડે તો ઇએમઆઇમાં કેટલી રાહત મળશે તેની ગણતરી શરૂ થઇ ગઇ છે. પરંતુ શું ખરેખર બેન્કો તેને ફોલો કરશે. જોકે અત્યાર સુધી વ્યાજદર વધારવામાં બેન્કો આરબીઆઇથી આગળ વધી ગઇ છે. પણ રીઝર્વ બેન્કના ગઇકાલના રેટ કટની સાથે અનેક પ્રશ્નો પણ સર્જાયા છે અને શેર માર્કેટ પણ તેનો જવાબ હજુ શોધી શકયુ નથી અને તેથી જ જેમ બજેટ પણ માર્કેટનો મુડ સુધારી ન શકયો તે રીતે રેટ કટ પણ ઉત્સાહ લાવી શકયો નથી તે વાસ્તવિકતા છે.

સૌથી પ્રથમ તો અત્યાર સુધી આરબીઆઇ વ્યાજદર ઘટાડતી ન હતી તેનું મુખ્ય કારણ ફુગાવો હતો અને વધતી જતી એ ભલે મોદી સરકારે પોલીટીકલી રીતે ડિસ્કાઉન્ટ કરી દેતી હોય પરંતુ આરબીઆઇ તેમ કરી ન શકે કારણ કે તે એક જવાબદાર નાણાકીય સંસ્થા છે અને ભુતકાળમાં પણ સરકાર અને રીઝર્વ બેન્ક વચ્ચે વ્યાજદર ઘટાડવા અંગે અનેક વખત છાણાખુણે ટકકર થઇ છે. પણ સંજય મલહોત્રાની નિયુકિતએ દર્શાવ્યું હતું કે ૨૫ બેઝીક પોઇન્ટનો ઘટાડો આવી રહ્યો છે. રીઝર્વ બેન્કે તેના જ ગઇકાલના જ અનુમાનમાં ફુગાવો ૪.૨થી ૪.૮ ટકા રહેશે

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

તેવું અંદાજ મુકયો છે પણ રેકોર્ડ અલગ બાબત કહે છે. છેલ્લા ૧૦૨ મહિનામાં ફકત ૧૩ મહિના જ ફુગાવો ૪ ટકા રહ્યો છે અને કવાર્ટરની ગણતરી કરો તો આરબીઆઇનો આ અંદાજ કેટલો સાચો પડશે તે જ સૌથી મોટો પ્રશ્ન છે. વાસ્તવમાં ચોમાસુ સારૂ ગયું છે અને શિયાળો પણ ધાર્યા કરતા સારો જતા રવિપાકને વધુ સારા ઉત્પાદનનો અંદાજ છે. અને તેના કારણે ફુગાવો ઘટશે તેવું માનવામાં આવે છે. ખાસ કરીને ખાદ્ય ફુગાવો હજુ પણ ચિંતા છે. તેથી આરબીઆઇ જેના પર આધાર રાખે છે તે ફુગાવો કેટલો મચક આપશે તે મોટો પ્રશ્ન છે.

મહત્વનું એ છે કે આરબીઆઇના પગલે બેન્કો વ્યાજદર ઘટાડે તો ફલોટીંગ રેટ પર ધિરાણ લેનારને ફાયદો થશે. ગઇકાલે જ ઓટો સ્ટોકમાં થોડી તેજી જોવા મળી પરંતુ હજુ બહારી પરીબળો એ સૌથી મોટો પ્રશ્ન છે. આ ઉપરાંત આરબીઆઇએ જે રીતે લીકવીડીટી માટે પ્રયત્ન કર્યા પણ બજાર તે ખાઇ ગઇ છે તેવું જણાય છે. ખાસ કરીને ટ્રમ્પ ફેકટર એ સૌથી મહત્વનું બની રહ્યું છે અને ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપાર સમતુલા એ ભારત તરફ ઢળે છે હવે જો ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની ઓરજીનલ ફોર્મ્યુલાને વળગી રહે અને જે દેશો અમેરિકામાં વધુ નિકાસ કરે છે અને અમેરિકી ઉત્પાદનો ઓછા ખરીદે છે તેમના પર ટેરીફ ઝીકયા મુદ્દે ભારતને જો કેનેડા અને મેકસીકોની લાકડીએ હાકે તો ભારત માટે મુશ્કેલી બનશે જોકે મોદી સરકારે અગાઉથી લચીલુ વલણ અપનાવ્યું છે અને બેજટમાં તો અમેરિકી આયાતો માટે દરવાજા ખોલી રહી છે તે સંકેત આપી દીધો છે. હવે તા.૧૩ની વડાપ્રધાન મોદીની વોશિંગ્ટન યાત્રા તેમાં કેટલી મહત્વની ભૂમિકા ભજવી શકશે તે પ્રશ્ન છે. સૌથી મહત્વની બાબત એ છે કે ટ્રમ્પ ચીન સાથે કેવા સંબંધો રાખવા માંગે તે ભારત અને ચીન બંનેને એક સાથે એક જ લાકડીએ હાકી શકે નહીં અને તેથી જ આ ફેકટર ભારતના તરફેણમાં છે. અને જો ભારતને થોડી પણ રાહત આપશે તો દેશના અર્થતંત્ર માટે એક મોટુ વિઘ્ન દુર થઇ જશે તે નિશ્ચિત છે.

બજારને ઘટવા માટે વારંવાર એક કારણ આપવામાં આવે છે કે એફઆઇઆઇ કે વિદેશી સંસ્થાકિય રોકાણકારો પોતે નાણા ખેંચી રહ્યા છે. જાન્યુઆરી માસમાં જ રૂા. ૮૭૩૭૫ કરોડનું એફઆઇઆઇ રોકાણ પાછુ ખેંચાયુ અને ફેબ્રુઆરીમાં તા.૬ સુધીમાં જ રૂા. ૯૭૦૯ કરોડની રકમ એફઆઇઆઇએ પરત ખેંચી છે હવે આ પ્રવાહ જયાં સુધી ન અટકે ત્યાં સુધી માર્કેટ માટે બાઉન્સ બેક થવું અઘરૂ બની જશે તે વાસ્તવિકતા છે. રૂપિયો પણ ઘટી રહ્યો છે અને તમામ એ સલાહ આપે છે કે રીઝર્વ બેન્કે તેમાં દખલ કરવી જોઇએ નહીં. રૂપિયાનું ફ્રી ફોલ ૯૦ની સપાટી પણ કુદાવે અને ૯૫ સુધી જાય તેવી પણ શકયતા દર્શાવાઇ રહી છે જેથી ભારતની આયાત મોંઘી બનશે તે નિશ્ચિત છે અને તે ફુગાવાને વકરાવી શકે છે.

શેરબજારમાં ઘણા સમયથી આઇપીઓની ધુમ હતી પણ જે રીતે વિકાસ દરને વેગ મળતી નથી તેનું મુખ્ય કારણ ખાનગી મુડી રોકાણ રોકતું નથી તે દર્શાવાઇ છે તે આઇપીઓ આવ્યા છે તે પણ રસપ્રદ ચિત્ર આપે છે વાસ્તવમાં ૭૦ ટકા આઇપીઓ ઓફર ઓફ સેલ એટલે કે પ્રમોટરે પોતાનું હોલ્ડીંગ વેચ્યુ છે એટલે કે પ્રમોટરે રોકડી કરી છે તે અન્યત્ર રોકાયા નથી કા દેશ બહાર ગયા છે કા લકઝરી આવાસો સહિતમાં કે તેવી રીતે રોકાયા છે. આ એક ટ્રેન્ડ એ સૌથી મહત્વનો છે. આઇપીઓ અને ઇન્વેસ્ટમેન્ટ તે વ્યાખ્યા ફરી ગઇ છે તે પણ મહત્વનું છે.

અને સૌથી છેલ્લે ચિંતા એ છે કે મ્યુચ્યુલ ફંડ રોકાણ કે જેને છેલ્લા ૨૦ વર્ષમાં ખાસ કરીને સ્મોલકેપ અને મીડકેપમાં મોટુ વળતર આપ્યું છે અને લોકોને તે માર્ગે પણ શેરબજારમાં રોકાણ કરવા માટે આકર્ષે છે તે હવે નેગેટીવ રીટર્ન બાજુ જઇ રહ્યા છે. છેલ્લા છ મહિનામાં ૧૯ સ્મોલકેપ ફંડ ૧૦ થી ૧૮ ટકા ઘટયા આ જ રીતે અન્ય સ્કીમમાં પણ વળતર ઘટવા લાગ્યું અને તેથી મ્યુચ્યુઅલ ફંડ રોકાણકાર કેટલી રાહ જોશે તે પ્રશ્ન છે તેમની મુડીમાં જો રેડ નિશાની આવવા મંડે તો કદાચ પૈસા પાછા ખેંચાઇ જાય અને એક વખત જો મ્યુચ્યુઅલ ફંડમાંથી નાણા ખેંચાવવાનું શરૂ થશે તો કદાચ માર્કેટ માટે વધુ ૧-૨ રેટ કટ પણ કેટલી રાહત આપશે તે પ્રશ્ન છે.

**સંભવ છે જેની બહુ ચર્ચા છે તે ઇએમઆઇ ઘટવાનું પણ તાત્કાલીક ન બને, શેરબજારમાં જોઇએ તો વિદેશી રોકાણકારોનું વેચાણ જાન્યુઆરી માસમાં પણ ૮૭ હજાર કરોડથી વધી ગયું છે જે દર્શાવે છે કે ભારતમાં ટુંક સમયમાં આ ફલો રીબાઉન્ડ નહીં થાય, સૌથી મોટો પ્રશ્ન મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોને છે જેનું છેલ્લા એક વર્ષનું રોકાણ રેડ થવા લાગ્યું છે અને તે કેટલી વખત રાહ જોશે તે પ્રશ્ન છે ઉપરાંત ફિકસ ડિપોઝીટના વ્યાજદર ઘટે તો બેન્કોમાં પણ થાપણો ફરી બિનઆકર્ષક થશે, આઇપીઓમાં નાણાની બૌછાર થઇ પણ મોટા ભાગના ઓફર ઓફ સેલ હતા એટલે કે પ્રમોટર પોતાના નાણા લઇ ગયા, ફરી રોકતા નથી તે દર્શાવે છે કે ઉદ્યોગ જગતમાં પણ આશંકા છે**



**સૌપ્રથમ તો આરબીઆઇ પાછળ વર્ષ બાદ ફુગાવાને બદલે આર્થિક વૃદ્ધિની ચિંતા કરી છે પણ તે દબાતા સુરે ફુગાવો હજુ સમસ્યા છે જ તેવું પણ કહે છે, રસપ્રદ ગણિત એ છે કે છેલ્લા ૧૦૨ મહિનામાં ફકત ૧૩ મહિના જ ફુગાવો ૪ ટકાની આસપાસ રહ્યો છે અને આરબીઆઇ સમગ્ર દાવ તેના પર રમી રહી છે, વાસ્તવમાં ભારતમાં ફુગાવો વધવા માટે અનેક ફેકટર કામ કરે છે, ખાસ કરીને જિયો પોલીટીકલ સ્થિતિ ભારતની આયાત-નિકાસને અસર કરશે, ગગડતો રૂપિયો ૯૫ સુધી જાય તેવી પણ શકયતા દર્શાવાય રહી છે અને મોંઘી આયાત તેમજ ઘર આંગણે મુડી રોકાણની ચિંતા એ ઔદ્યોગિક વાતાવરણ પર સુધારી નહીં શકે, બજેટે જે પૈસા છુટા કર્યા છે તે કેવી અસર લાવે છે તે મહત્વનું બનશે**

# કોહલી માટે શ્રેયસ અય્યરનું પત્તું કપાશે ?

## વાઈસ-કેપ્ટન ગિલે કહ્યું, વિરાટ હવે રમવા માટે ફિટ : કોહલી ઘૂંટણમાં સોજો હોવાને કારણે પ્રથમ મેચની બહાર હતો

કટક,તા.૮

વિરાટ કોહલી રવિવારે બારાબતી સ્ટેડિયમ ખાતે યોજાનારી બીજી વનડેમાં રમવા માટે સંપૂર્ણ રીતે ફિટ છે. જમણાં ઘૂંટણમાં સોજો હોવાને કારણે તે ગુરુવારે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ મેચમાં રમ્યો ન હતો. તેની જગ્યાએ છેલ્લી ઘડીએ શ્રેયસ અય્યરને લેવામાં આવ્યો હતો. શ્રેયસે મેચ વિજેતા ઈનિંગ્સ રમી હતી. હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું તેઓને કોહલી અથવા કોઈ બીજા માટે બાકાત રાખવામાં આવશે. નાગપુરની વિજેતા ટીમમાં પરિવર્તન થવાની ખાતરી છે.

ભારતીય વાઇસ -કેપ્ટન શુભમન ગિલ શુક્રવારે કોહલીની ફિટનેસ વિશેની ચર્ચાઓને ફગાવી દીધી હતી. તેણે કહ્યુ કે કોહલીની ઈજા ગંભીર નથી. તેણે બુધવારે સારી રીતે પ્રેક્ટિસ કરી હતી પરંતુ ગુરુવારે સવારે તેનાં ઘૂંટણમાં થોડો સોજો આવી ગયો હતો. તે ચોક્કસપણે બીજી વનડેમાં પરત ફરશે. જો કે, કોહલીની ઈજાએ ભારતીય ટીમ મેનેજમેન્ટ માટે ચિંતા ઉભી કરી છે.ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં, ટીમ પાસે પ્રેક્ટિસ અને ટીમ સંયોજનો તૈયાર કરવા માટે આ શ્રેણી છે. આ ત્રણ મેચ સાથે, ભારતીય ટીમ આઈસીસીની આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ માટેની તેમની તૈયારીઓને મજબૂત બનાવવા માટે કોઈ કસર છોડવા માંગશે નહીં. કોહલી થોડાં સમયથી રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. આને કારણે, તેનાં ભવિષ્ય વિશે સવાલો ઉભા થયાં છે. તે વહેલી તકે મોટી ઈનિંગ્સ રમીને અટકળો બંધ કરવા માંગશે. તેણે ઓગસ્ટમાં શ્રીલંકા સામે છેલ્લી વનડે રમી હતી.



### શ્રેયસને રમવાની વાત આગલી રાત્રે કહેવાઈ હતી

શ્રેયસે કહ્યું કે મારી પ્રથમ વનડે રમવાની પાછળ એક રમુજી વાર્તા છે. હું મેચની આગલી રાતે ફિલ્મ જોઈ રહ્યો હતો. મને કહેવામાં આવ્યું કે હું પ્લેઈંગ ૧૧ માં નથી. તેથી હું આખી રાત ફિલ્મ જોવાનો હતો, પછી કેપ્ટનનો ફોન આવ્યો. તેમણે કહ્યું કે મને તક મળી શકે છે, કારણ કે વિરાટનાં ઘૂંટણમાં સોજો છે. શ્રેયસે કહ્યું કે આ સાંભળીને, હું મારા રૂમમાં ગયો અને સૂઈ ગયો. તેમણે એમ પણ કહ્યું કે યશસ્વીને પહેલાથી જ ટીમમાં જગ્યા મળી ગઈ હતી. શ્રેયસે મેચમાં ૫૯ રનની ઈનિંગ્સ રમી અને ગિલ સાથે ત્રીજી વિકેટ માટે શાનદાર ભાગીદારી કરીને ટીમની જીતનો પાયો નાખ્યો હતો.

### શ્રેયસને ટીમમાં કાયમી સ્થાન ન મળતાં પોન્ટિંગ હેરાન

ઓસ્ટ્રેલિયન દિગ્ગજ ખેલાડી રિકી પોટીંગ હેરાન છે કે શ્રેયસને ભારતની વ્હાઇટ બોલ ટીમમાં કાયમી સ્થાન આપવામાં આવ્યું નથી. તેમણે કહ્યું કે શ્રેયસ પાસે ધીમી પિચ પર સ્પિનરો પર પ્રભુત્વ મેળવવાની ક્ષમતા છે. તેમણે આઈસીસી સમીક્ષામાં કહ્યું કે, મને થોડું આશ્ચર્ય થાય છે કે તે છેલ્લાં કેટલાક વર્ષોથી ભારતીય ટીમની બહાર છે. તેણે ભારતમાં ૨૦૨૩ માં વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. પોન્ટિંગે કહ્યુ કે મને લાગ્યું કે તેનું ટીમમાં સ્થાન લગભગ નકકી જ છે. જો કે, તેને ફરીથી થોડી ઈજા થઈ અને પીઠની ઇજાને કારણે તે ટીમની બહાર હતો. પોન્ટિંગે કહ્યું કે શ્રેયસ ધીમી વિકેટ પર સ્પિન બોલિંગ ખૂબ જ સારી રીતે રમે છે. પંજાબ કિંગ્સ કોચ પોન્ટિંગે આગામી આઈપીએલ સત્ર માટે ૨૬.૭૫ કરોડ રૂપિયામાં અય્યરને ખરીદ્યો હતો.

### શુભમન સદી વિશે વિચારતો ન હતો

પ્રથમ વનડેમાં ૮૭ રનની વિજેતા ઇનિંગ્સ રમનારા શુભમન ગિલે કહ્યુ કે''ના, હું મારી સદી વિશે વિચારતો ન હતો.'' હું ફિલ્ડરો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો હતો અને તે મુજબ મારો શોટ રમી રહ્યો હતો. હું બોલર પર પ્રભુત્વ મેળવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેમણે કહ્યું કે ઇંગ્લેન્ડ સામેની શ્રેણીમાં ત્રીજા નંબર પર બેટિંગ કરવામાં તેમણે કોઈ સમસ્યા નથી.

તેને કહ્યું, હું ટેસ્ટમાં ત્રીજા નંબર પર બેટિંગ કરું છું, તેથી મારે વધારે બેસવાની જરૂર નહોતી. ત્રીજા નંબર પર બેટિંગ ખૂબ જ પડકારજનક છે કારણ કે રમતની પરિસ્થિતિ અનુસાર રમવું પડે છે.

# સ્મિથ ૩૬ મી સદી ફટકારી દ્રવિડ અને જો રૂટની બરાબરી પર પહોંચ્યો

ગોલ :

ઓસ્ટ્રેલિયન બેટ્સમેન સ્ટીવ સ્મિથે ૩૬ મી સદી ફટકારીને ભારતીય દિગ્ગજ ખેલાડી રાહુલ દ્રવિડ અને જો રૂટની ૩૬ સદીની બરાબરી કરી હતી. તેણે શુક્રવારે શ્રીલંકા સામે ૧૨૦ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. તેણે એલેક્સ કેરી સાથે ત્રીજી વિકેટે ૨૩૯ રનની ભાગીદારી કરી હતી. આ સાથે, બીજી ટેસ્ટના બીજા દિવસે સ્ટમ્પ સુધી ઓસ્ટ્રેલિયાએ ત્રણ વિકેટે ૩૩૦ રન બનાવ્યાં હતાં.

ઓસ્ટ્રેલિયાએ આ રીતે ૭૩ રનની લીડ મેળવી છે અને હજી સાત વિકેટ બાકી છે. સ્મિથે ૨૩૯ બોલની ઈનિંગ્સમાં નવ ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો.



તે જ સમયે, કેરીએ ૧૫૬ બોલમાં ૧૩ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતાં. કેરીએ તેની કારકિર્દીની બીજી ટેસ્ટ સદી પૂર્ણ કરી છે. ઓસ્ટ્રેલિયાએ ૩૭ રન પર બે વિકેટ ગુમાવી હતી. ત્યારબાદ સ્મિથે ખ્વાજા સાથે ત્રીજી વિકેટ માટે મહત્વપૂર્ણ ૫૪ રનની ભાગીદારી કરી હતી.

પ્રથમ મેચમાં ઓસ્ટ્રેલિયાની મોટી જીતમાં ડબલ સદી બનાવનાર ખ્વાજા સ્પિન સામે મજબૂત દેખાતો હતો. પરંતુ પુલ શોટ રમવાનાં પ્રયાસમાં તે આઉટ થયો હતો.

તે સમયે સ્મિથ ૨૪ રન પર હતો. અગાઉ શ્રીલંકાની ટીમ પ્રથમ ઈનિંગ્સમાં ૨૫૭ રન બનાવ્યાં હતાં. મિશેલ સ્ટાર્ક, મેથ્યુ અને લિયોને ત્રણ ત્રણ વિકેટો લીધી હતી.

### કાંગારૂ બેટ્સમેને સચિન, સંગાકારાને પાછળ છોડયાં

સ્મિથે સૌથી વધુ સદી ફટકારનાર પાંચમાં ખેલાડી બન્યાં છે. તેણે ૨૦૬ મી ઇનિંગ્સમાં ૩૬ મી સદી ફટકારી જે બીજી સૌથી ઝડપી સદી હતી. તેણે સચિન ૨૧૮ ઈનિંગ્સ અને સંગાકર ૨૧૦ ઈનિંગ્સમાં ૩૬ મી સદીના રેકોર્ડ ને પાછળ છોડી દીધો છે. હવે પોન્ટિંગ ૨૦૦ ઈનિંગ્સમાં ૩૬ સદી સાથે તેમની આગળ છે. સ્મિથ કરતાં સદીઓ સચિન ૫૧ સદી, જેક કાલિસ ૪૫, રિકી પોન્ટિંગ ૪૧ અને કુમાર સંગાકાર ૩૮ સદી સાથે સ્મિથથી આગળ છે.

### પોન્ટિંગ કરતા આગળ

સ્મિથ એશિયામાં સૌથી વધુ ટેસ્ટ રન બનાવનાર ઓસ્ટ્રેલિયન બેટ્સમેન બન્યો છે. તેણે રિકી પોન્ટિંગની ૪૮ ઈનિંગ્સમાં ૧૮૮૯ રનના રેકોર્ડને પાછળ છોડી દીધો છે સ્મિથે ૪૨ ઈનિંગ્સમાં ૧૯૩૨ રન બનાવ્યાં છે.

### પ્રથમ ખેલાડી

સ્મિથ ૧૧ જુદા જુદા બેટ્સમેનો સાથે ૨૦૦ થી વધુ રનની ભાગીદારી કરનાર પ્રથમ ખેલાડી બન્યો છે. તેણે કેરી સાથેની ચોથી વિકેટ માટે ૨૩૯ રનની ભાગીદારી દરમિયાન આ પરાક્રમ હાંસલ કર્યું હતું. તેણે પોન્ટિંગની ૧૦ ખેલાડી સાથેની ભાગીદારીને પાછળ છોડી દીધી છે.

### કેપ્ટન સ્ટીવની ૧૭ મી સદી

કેપ્ટન તરીકેની આ તેમની ૧૭ મી સદી છે અને તે ચાર નંબર પર પહોંચી ગયો છે. કેપ્ટન રહેતાં સૌથી વધુ સદી ફટકારનાર દક્ષિણ આફ્રિકાનાં ગ્રીમ સ્મિથ (૨૫), કોહલી (૨૦) અને પોન્ટિંગ (૧૯) તેનાથી આગળ છે.

# ૨૨ ઓવરમાં ૨૧૮ રન !

## રણજી ટ્રોફીનો રોમાંચક મેચ



અત્યારના સમયમાં ટી-૨૦ મેચમાં ૨૦૦ રન બહુ આશ્ચર્ય નથી જન્માવતા. ૨૦૦ રન બને પણ છે અને આસાનીથી ચેઝ પણ થઇ જાય છે. સાવ સપાટ બેટીંગ પીચ, નાની બાઉન્ડ્રી અને કેમ્પ્રેસ્ટ વુડમાંથી બનેલા દળદાર બેટ વડે સફેદ કુકાબૂરા બોલને બેટસમેન ખુબ આસાનીથી ફટકારે છે. બેટની ધાર પર અથડાયેલો બોલ પણ બાઉન્ડ્રી કુદાવી જાય છે. મોડર્ન એ જ ક્રિકેટમાં આક્રમક અને હકારાત્મક ખેલ ભાવનાએ રમતની પરીભાષા જ બદલી નાખી છે. ૮૦-૯૦ દશક સુધી તો ૫૦ ઓવરની મેચમાં પણ ૨૦૦ રન વીનીંગ સ્કોર ગણાતો અને જયાં સુધી લાલ બોલથી વન ડે ક્રિકેટ રમાતુ ત્યાં સુધી તો છેલ્લી ઓવર્સમાં રીવર્સ સ્વીંગ થતા દડામાં ફટકા મારવા ખુબ જ કઠીન બની જતું.

૮૦-૯૦ના એ જમાનામાં ટેસ્ટ મેચ અને રણજી ટ્રોફીમાં પણ એક દિવસમાં ૨૫૦ રન માંડ બનતા. આડેધડ ફટકા મારવા, લોફટેડ શોટ મારવા ટેકનીકલી ખરાબ ગણાતુ. ટેંપરામેંટથી લાંબી ઇનિંગ રમવી એ બેટસમેનની મુખ્ય આવડત અને ફરજ ગણાતી. પણ એ સમયની એક રણજી મેચની આજે એવી વાત યાદ કરવી છે જે માન્યામાં જ આવે એવી નથી. એ દૌરમાં આવુ બન્યુ હતું એ સ્વીકારવું પણ અઘરૂ છે. એ તબકકામાં કોઇ આવી મેચ જીતી શકે એ વિચારી પણ ન શકાય એવું છે.

વાત છે રણજી ટ્રોફી ૧૯૯૧-૯૨ના વર્ષની. વિદર્ભ અને મધ્યપ્રદેશ વચ્ચેની એ મેચ નાગપુરના સીવીલ લાઇન્સમાં આવેલા સ્ટેડીયમ પર રમાઇ હતી. સંદીપ પાટીલે તેમની કારકીર્દીના અંતિમ પડાવ દરમ્યાન મુંબઇ છોડી મધ્યપ્રદેશ માટે રમવાનું નકકી કરેલું. તેમની પ્રેરણાત્મક કેપ્ટનશીપ અને હકારાત્મક વાતાવરણ સર્જી શકવાની આવડતને કારણે મધ્યપ્રદેશ ટીમમાં સકારાત્મક ફેરફાર પણ જોવા મળ્યા હતા. મુકત મન વડે આનંદપૂર્વક રમતી એમ.પી. (મધ્યપ્રદેશ)ની ટીમે એ સમયમાં ખુબ સારા પ્રદર્શન કરેલા અને તેનો મોટા ભાગનો શ્રેય સંદીપ પાટીલને જાય છે પાછા મેચની વાત પર આવીએ તો વિદર્ભએ પહેલી બેટીંગ કરીને ૧૯૦ રન કર્યા તેના જવાબમાં મધ્યપ્રદેશે ૪૭૬ રન કરી વિશાળ લીડ મેળવી મેચ આઉટ રાઇડ જીતવાની તક ઉભી કરી.



ક્રિકેટ ક્લાસિકસ
પ્રકાશ ભટ્ટ


પરંતુ બીજી ઇનિંગમાં વિદર્ભના બેટસમેનોએ ખુબ સારી બેટીંગ કરીને ૫૦૩ રન બનાવ્યા. મેચ ડ્રોમાં ખેંચી કાઢવાનું કામ વિદર્ભના બેટસમેનોએ લગભગ કરી નાખ્યુ હતું. કારણ કે હવે મેચમાં ફકત ૨૩ ઓવર જ બાકી હતી અને જો મધ્યપ્રદેશને મેચ જીતવી હોય તો આ ૨૩ ઓવરમાં ૨૧૮ રન કરવાના હતા જે ત્યારે તો અશકય ગણાતુ અને આજે પણ ખુબ જ મુશ્કેલ ગણી શકાય. મેચ તો હવે ડ્રોમાં જ જવાની છે એવું બંને ટીમના લગભગ બધા ખેલાડીઓએ માની લીધુ હતું. ઇનિંગ પુરી થઇ અને જેવા એમ.પી.ના ખેલાડીઓ ડ્રેસીંગ રૂમમાં આવ્યા કે સંદીપ પાટીલે ટીમ સીટીંગ કરીને પૂછયુ 'ડ્રોમાં લઇ જવી છે કે જીતવા માટે મરણીયો પ્રયાસ કરવો છે ?' ૧૯ વર્ષના યુવા મીડલ ઓર્ડર બેટસમેન અમય ખુરસીયાએ જવાબ આપ્યો 'કેપ્ટન જીતવું છે, કોશિશ કરવી છે'.

બેટીંગ શરૂ થઇ. ઓપનીંગ બેટસમેને ૩૬ રન ઉમેર્યા ૪ ઓવરમાં પણ બંને આઉટ થઇ ગયા. અમય ખુરસીયા ત્રણ નંબર પર ઉતર્યા અને તેની સામે એક ઓલરાઉન્ડર દેવાશીષ નિલોસે ફકત પીંચ હીટર તરીકે ઉતારવામાં આવ્યા. બંનેએ ચોમેર ફટકાબાજી ચાલુ રાખી. વિદર્ભના બોલર જોતા રહ્યા અને ખુરસીયા અને નીલોસે ચોકકા-છગ્ગા મારતા રહ્યા. ૧૩૧ રનના સ્કોર પર નીલોસે પણ આઉટ થઇ ગયા. હજુ જીતવા માટે ૮૭ રન જોઇતા હતા અને ફકત ૫ ઓવર બાકી હતી. એ સમયે સંદીપ પાટીલ આવ્યા અને પહેલી જ ઓવરમાં ૫ ચોગ્ગા મારી દીધા. વળી એના પછીની ઓવરમાં ત્રણ સીકસર મારી દીધી. બીજી તરફ ખુરસીયાનો એટેક તો ચાલુ જ હતો. ૭ ચોગ્ગા અને ૪ છગ્ગા સાથે ખુરસીયા ૯૯ રને નોન સ્ટ્રાઇક પર હતા અને ૨૨.૩ ઓવરમાં સંદીપ પાટીલે વિજય શોટ મારી મેચ જીતાડી દીધો. દસ બાર બોલમાં ૪૦ રન બનાવી સંદીપ પાટીલ પણ નોટ આઉટ રહ્યા. વિદર્ભના બોલર્સ અને આખી ટીમ તો હતપ્રભ જ થઇ ગઇ. ગળે ન ઉતરે એવી ધોલાઇ એ સમયમાં તેમની થઇ હતી. ૫૦૦ ઉપરાંત રન બનાવીને તેઓ હારી ગયા છે એ વાત વહુ લાંબા સમય સુધી વિદર્ભના ખેલાડીઓને સતાવતી રહી.

તો બીજી તરફ એમ.પી.ની ટીમ માટે આ ઉત્સવનો સમય હતો. તેમણે એવું કરી બતાવ્યું હતું જે એ ગાળામાં અસંભવ ગણાતુ હતું. અમય ખુરસીયા એ આ મેચમાં એક વિચિત્ર રેકોર્ડ બનાવ્યો હતો અને એ હતો બંને ઇનીંગમાં ૯૯ રન. પહેલી ઇનિંગમાં ૯૯ રને આઉટ અને બીજી ઇનીંગમાં ૯૯ રન પર નોટઆઉટ.

# પૂ. દાદાનો પ્રાગટ્ય દિવસ

**મહા સુદ ૧૩ ને સોમવાર, તા. ૧૦-૨-૨૫**
**સમય : સવારે ૯.૦૦ થી ૧૨.૦૦**
**વિશ્વકર્મા યાત્રાધામ - સણોસરા, (કુવાડવા-વાંકાનેર રોડ)**







:: સૌજન્ય ::
**શ્રી પૈલેશભાઈ સિદ્ધપુરા** (એડવોકેટ)
ટ્રસ્ટીશ્રી વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટ
રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ-ધી અખિલ ભારતીય વિશ્વકર્મા મહાસભા

**કાર્યક્રમ**
પૂજ્ય દાદાના પ્રાગટ્ય દિને હવન, પૂજા અર્ચન તેમજ ધ્વજારોહણ

**હવન**
સવારે ૭.૦૦ થી ૧૦.૦૦

**ધ્વજા રોહણ**
સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦

**મહાપ્રસાદ**
૧૨:૩૦ કલાકે

**વિશ્વકર્મા યાત્રા ધામ**
પાંચ પુત્રોના પિતાનું મંદિર
મનુ = લુહાર, મય = સુથાર,
ત્વષ્ટ્રા = સોની,
શિલ્પી = કડિયા (પ્રજાપતિ),
દેવજ્ઞ = કંસારા (સોમપુરા)

**કાર્યાલય : પ્રસંગ ફર્નીચર, ઢેબર રોડ, કડવીબાઈ સ્કુલની સામે, રાજકોટ-૨. ગુજરાત.**